૨૩ અદેય

પછાતવર્ગો વિશે

# બે મનનો

સંપાદક ડૉ. ઠા. ભા. નાયક
સહસંપાદક ડૉ. સિદ્ધરાજ સોલંકી

ગુજરાત વિદ્યાપીઠ
અમદાવાદ - ૩૮૦ ૦૧૪

આદિવાસી સંશોધન અને તાલીમ-કેન્દ્ર પ્રકાશનમાળા, પુ. ૧૩

## પછાતવર્ગો વિશે

# બે મનનો

સંપાદક ડૉ. ઠા. ભા. નાયક

સહસંપાદક ડૉ. સિદ્ધરાજ સુરજીભાઈ સોલંકી

મનન ૧નો સારાનુવાદ શ્રી પુરુષોત્તમ શાહ<br>
શ્રી રમેશભાઈ શ્રોફ

મનન ૨નો સારસંક્ષેપ શ્રીમતી કોકિલાબહેન શાહ

ગૂજરાત વિદ્યાપીઠ

અમદાવાદ – ૩૮૦ ૦૧૪

પ્રકાશક
રામલાલ ડાહ્યાભાઈ પરીખ
વ્યવસ્થાપક ટ્રસ્ટી
ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ – ૩૮૦ ૦૧૪

મુદ્રક
શાંતિલાલ હરજીવન શાહ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ– ૩૮૦ ૦૧૪

© સર્વ હક ગૂજરાત વિદ્યાપીઠને સ્વાધીન છે

પહેલી આવૃત્તિ, પ્રત ૧,૦૦૦

પ્રાપ્તસ્થાન
નવજીવન કાર્યાલય, અમદાવાદ–૩૮૦ ૦૧૪

કિંમત રૂ. ૨૦.૦૦ ડિસેમ્બર, ૧૯૭૯

# આવકાર

ગૂજરાત વિદ્યાપીઠના એક વખતના કુલનાયક, સંસદસભ્ય અને ગુજરાતી ભાષાના બહુશ્રુત વિદ્વાન આદરણીય શ્રી કાકાસાહેબ કાલેલકરના અધ્યક્ષપદે ભારત સરકાર દ્વારા નિમાયેલી પછાતવર્ગ સમિતિ અને તેની ભલામણોના અનુસંધાનમાં ગુજરાત સરકારે નીમેલી સમિતિની ભલામણોના સારસંચયરૂપે આ પુસ્તક પ્રસિદ્ધ કરતાં ગૂજરાત વિદ્યાપીઠને આનંદ થાય છે. ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત આદિવાસી સંશોધન અને તાલીમ-કેન્દ્ર દ્વારા આદિવાસીઓ અંગેની મહત્ત્વની નીચેની ૭ સમિતિઓના અહેવાલનો સારસંચય એકીસાથે રજૂ કરતું એક પુસ્તક 'આદિવાસીઓના પ્રશ્નો'ને નામે પ્રસિદ્ધ થયેલું છે.

(૧) સ્ટાર્ટ સમિતિ – ૧૯૩૦
(૨) સીમિંગટન સમિતિ – ૧૯૩૭
(૩) ૪૮મી અંદાજપત્ર સમિતિ – ૧૯૫૯
(૪) રેણુકા રે સમિતિ – ૧૯૫૯
(૫) એલ્વિન સમિતિ – ૧૯૬૦
(૬) ઢેબર પંચ – ૧૯૬૧

તે જ રીતે તેના અનુસંધાનમાં આ પુસ્તક દ્વારા પછાત જાતિઓ અંગેના બે અહેવાલોનું સારદોહન એકીસાથે રજૂ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. કેન્દ્રને તાજેતરમાં ગુજરાત સરકાર દ્વારા આર્થિક રીતે પછાત એવી કેટલીક જાતિઓ/જ્ઞાતિઓનો અભ્યાસ કરવાની જવાબદારી પણ સોંપાઈ છે. વળી વિદ્યાપીઠના સમાજકાર્ય અને સમાજમાનવશાસ્ત્રના પારંગતના તથા ગયા વર્ષથી શરૂ કરેલા અનુ. પારંગત(એમ. ફિલ.)ના અભ્યાસક્રમમાં પણ આ વિષય આવરવામાં આવ્યો છે. એટલે તે રીતે આ પુસ્તક વિદ્યાર્થીઓ, વહીવટકર્તાઓ, સામાજિક કાર્યકરો અને પછાતવર્ગોના અભ્યાસીઓ – સૌને ઉપયોગી નીવડે તેમ હોવાથી તેમ જ વિદ્યાપીઠ દ્વારા કરવામાં આવતા કામની સાથે સુસંગત હોવાથી આવકારું છું.

ડાહ્યાભાઈ નાયક
કુલનાયક

# પ્રસ્તાવના

આદિવાસી સંશોધન અને તાલીમ-કેન્દ્રે આદિવાસીઓના કલ્યાણ, ઉત્થાન અને વિકાસ માટે જે જે મહત્ત્વની સમિતિઓ રચાઈ હતી તેમની ભલામણોને આવરી લેતું એક પુસ્તક, 'આદિવાસીઓના પ્રશ્નો' વર્ષ ૧૯૬૪માં પ્રકાશિત કર્યું હતું. ત્યાર પછી પછાતવર્ગો કોને કહેવાય તથા તેમના આર્થિક, સામાજિક વિકાસ માટે શું કરવું જોઈએ એ વિશે ઘણું વિચારાયું. ખાસ કરીને વર્ષ ૧૯૫૩માં ભારત સરકાર દ્વારા નિમાયેલ કાલેલકર પંચ અને વર્ષ ૧૯૭૨માં ગુજરાત સરકાર દ્વારા નિમાયેલ બક્ષી પંચના અહેવાલોમાં આ વિષય ઉપર જાણવા-વિચારવા લાયક ઘણા મુદ્દાઓ છે. અમારા ઉપર જણાવેલ પુસ્તકના અનુક્રમમાં એક બીજું પુસ્તક થાય જે આ બંને પંચે કહેલી મુખ્ય મુખ્ય વાતોને આવરી લે તો એક જ વિષય ઉપર સતત વિચારણા માટે ઘણી વધુ સામગ્રી મળે એમ અમારા મનમાં હતું. તેથી જ કાલેલકર પંચના અહેવાલનો સારાનુવાદ અમે કેટલાંક વર્ષ પહેલાં કરાવ્યો હતો. હું વિદ્યાપીઠમાં ૧૯૭૮ના ઑગસ્ટમાં આવ્યો ત્યારે ઉપર નિર્દેશિત વિચારને પાકું રૂપ આપવા માટે નિર્ણય કરી બક્ષી પંચના પ્રતિવેદનનો પણ સારસંક્ષેપ કરાવ્યો. એ બંનેને ગોઠવીને આ પુસ્તક સંપાદિત કર્યું છે.

ગૂજરાત વિદ્યાપીઠે ૧૯૭૮–૭૯થી એમ. ફિલ.ના વર્ગો શરૂ કર્યા છે. એમાં સમાજમાનવવિજ્ઞાનના ઘણા વિદ્યાર્થીઓ પણ પ્રવેશ લે છે. એમનો આખો અભ્યાસક્રમ આદિવાસીઓ, હરિજનો અને પછાત વર્ગોની સમસ્યાઓને અભિમુખ રહે એવો બનાવવામાં આવ્યો છે. એના મુખ્ય પુરોધા શ્રી રામલાલ પરીખ છે. પછાત અને ગરીબ વર્ગો માટે વિદ્યા અને કાર્યનાં ક્ષેત્રો સમન્વિત થઈ જાય અને એમને માટે



યથાશક્ય બધું જ કરે; તથા સમાજવિજ્ઞાનો હવે તો વિકાસલક્ષી જ બનવાં જોઈએ એમ એમનું માનવું બહુ જ પ્રસ્તુત છે. વિદ્યાપીઠમાં આવો જ્ઞાન-કર્મ-યોગ પ્રાપ્ત કરતા વિદ્યાર્થીઓને વાંચવાવિચારવા કંઈ સારું સારું સાહિત્ય મળે એ વિચારથી પણ આ બને પંચના અહેવાલોનું આ સંપાદન અમે કર્યું છે. એમ.એ.ના સામાજિક માનવશાસ્ત્રના, સમાજકાર્યના, રાજનીતિશાસ્ત્રના તથા અન્ય વિદ્યાર્થીઓને પણ આ પુસ્તકમાંથી ઘણું જાણવાનું મળશે. સમાજશાસ્ત્રના ગુજરાતી સાહિત્યમાં પણ આ પુસ્તકથી કંઈક નવો અને સારો ઉમેરો થશે એવી આશા છે.

એટલા ખાતર જ આ કેન્દ્રની સલાહકાર સમિતિએ એની તા. ૧૯–૨–'૭૯ની બેઠકમાં નિર્ણય લીધો હતો કે આ બંને પંચોની ભલામણોને આવરી લેતું એક પુસ્તક પ્રકાશિત કરવું. ઉપરોક્ત સમિતિની સલાહનું પરિપાલન આ પુસ્તક પ્રકાશન દ્વારા અમે કરીએ છીએ.

કાલેલકર પંચના અહેવાલનો સારાનુવાદ સર્વશ્રી પુરુષોત્તમ શાહ અને રમેશ શ્રોફે કર્યો છે. બક્ષી પંચના અહેવાલનો સારસંક્ષેપ કેન્દ્રનાં સંશોધન મદદનીશ શ્રીમતી કોકિલાબહેન શાહે કર્યો છે. સંપાદનમાં ડૉ. સિદ્ધરાજ સોલંકી ઘણા મદદરૂપ થયા છે. આ સર્વનો હું ઘણો જ આભારી છું. કુલનાયક શ્રી ડાહ્યાભાઈ નાયકે અને વિદ્યાપીઠના કાર્યવાહક ટ્રસ્ટી શ્રી રામલાલ પરીખે પ્રત્યક્ષ અને પરોક્ષ રૂપે, વિચારોની આપલે તથા નીતિમૂલક માર્ગદર્શનથી મને ઘણો જ લાભ પહોંચાડ્યો છે. એમનો હું સનાતન ઋણી છું.

ગૂજરાત વિદ્યાપીઠ **ઠા. ભા. નાયક**

**અમદાવાદ**

૧–૬–૧૯૭૯

# અનુક્રમણિકા

આવકાર

પ્રસ્તાવના

૧

કાલેલકર પંચનાં મંતવ્યો

| પ્રકરણ | પૃષ્ઠ |
|---|---|
| ૧ પછાતવર્ગ પંચ અને તેની કામગીરી | ૧ |
| ૨ જ્ઞાતિ અને સમાજ | ૧૦ |
| ૩ વિશિષ્ટ કોમોના પ્રશ્નો | ૩૩ |
| ૪ પછાતપણું | ૪૭ |
| ૫ પછાતપણાની પરિસ્થિતિ અને તે નિવારવાના ઉપાય (૧) | ૬૮ |
| ૬ પછાતપણાની પરિસ્થિતિ અને તે નિવારવાના ઉપાય (૨) | ૧૨૬ |
| ૭ પછાતવર્ગોની પ્રગતિ માટે પ્રધાનની નિમણૂક | ૧૭૫ |
| ૮ અનુદાન | ૧૭૭ |
| પરિશિષ્ટ ૧ યાદીઓ | ૧૮૩ |
| ,, ૨ વિરોધની નોંધો | ૨૩૧ |

૨

| | |
|---|---|
| બક્ષીપંચની ભલામણો | ૨૫૯ |


# મનન - ૧

## કાલેલકર પંચનાં મંતવ્યો

## પ્રકરણ પહેલું

# પછાતવર્ગ પંચ અને તેની કામગીરી

### પંચની નિમણૂક

૧. દેશમાં વસતી જુદી જુદી કોમો તદ્દન જંગલીથી માંડી અત્યંત સુધરેલી એવી વિવિધ કોટિની છે, એ હકીકત ધ્યાનમાં લઈ ભારતનું રાજ્યબંધારણ ઘડનારાઓએ પછાત વર્ગોના રક્ષણ અને ઉદ્ધાર માટે પૂરતી જોગવાઈઓ કરવાનું જરૂરી માન્યું હતું. દેશમાં વહેલી તકે વર્ગવિહીન અને જ્ઞાતિવિહીન સમાજની સ્થાપના : એ બંધારણમાં ધ્યેય રાખવામાં આવ્યું છે. એના ઉપોદ્ઘાતમાં આ બહુ જ સ્પષ્ટ રીતે જણાવેલું છે અને તેની વિગતો બંધારણની કલમો ૧૫ (૪), ૧૬ (૪), ૩૮, ૩૯ (क), ૪૧, ૪૩, ૪૫, ૪૬, ૩૩૦ અને ૩૪૪માં આપેલી છે.

૨. અનુસૂચિત જ્ઞાતિઓ અને અનુસૂચિત જનજાતિઓને રાજકીય પ્રતિનિધિત્વ મળે અને તેમની સ્થિતિમાં ઝડપી સુધારો થાય તે માટે તેમને ખાસ મદદો મળે, તે અંગેની તેમની માગણીઓ માન્ય કરવામાં આવી હતી. અને બંધારણમાં તે માટે યોગ્ય જોગવાઈઓ કરવામાં આવી હતી. આ બે જૂથ ઉપરાંત, બીજી પણ જ્ઞાતિઓ હતી જે પછાત હતી. પરંતુ તેમના પછાતપણા વિશે પૂરતી માહિતી નહીં હોવાથી તેમને માટે કોઈ જોગવાઈ થઈ શકેલી નહીં. તેથી એ જ્ઞાતિઓની સ્થિતિ વિશે વિગતો એકઠી કરવાનું

જરૂરી લાગેલું. બંધારણની કલમ ૩૪૦ ખાસ 'અન્ય પછાત વર્ગો' વિશે છે અને તેની પેટા-કલમોમાં તે અંગે તપાસ કરી અહેવાલ રજૂ કરવા પંચ નીમવા રાષ્ટ્રપતિને આદેશ આપેલો છે. આ 'અન્ય પછાત વર્ગો' તે 'અનુસૂચિત જ્ઞાતિઓ' અને 'અનુસૂચિત જનજાતિઓ' કરતાં અલગ જૂથ છે. છેલ્લાં એ જૂથની સંભાળ રાખવા રાષ્ટ્રપતિએ બંધારણની કલમ ૩૩૮ અનુસાર 'ખાસ અધિકારી' નીમેલા છે.

૩. આ રીતે, બંધારણની કલમ ૩૪૦ અન્વયે રાષ્ટ્રપતિએ નીચેના ગૃહસ્થોનું બનેલું 'પછાત વર્ગ પંચ' નીમ્યું હતું :

૧. શ્રી કાકાસાહેબ કાલેલકર, લોકસભાના સભ્ય, અધ્યક્ષ.
૨. શ્રી નારાયણ સદોબા કાજરોલકર, લોકસભાના સભ્ય.
૩. શ્રી ભીખાભાઈ, લોકસભાના સભ્ય.
૪. શ્રી શિવદયાલસિંહ ચૌરાસિયા.
૫. શ્રી રાજેશ્વર પટેલ, લોકસભાના સભ્ય.
૬. શ્રી અબદુલ કય્યુમ અનસારી, વિધાનસભાના સભ્ય, (બિહાર).
૭. શ્રી ટી. મેરિયપ્પા, વિધાનસભાના સભ્ય, (મૈસૂર).
૮. લાલા જગન્નાથ.
૯. શ્રી આત્માસિંઘ નામધારી, લોકસભાના સભ્ય.
૧૦. શ્રી એન. આર. એમ. સ્વામી, લોકસભાના સભ્ય.
૧૧. શ્રી અરુણાંશુ દે, (સભ્ય મંત્રી).

(જુઓ ગૃહપ્રધાન કચેરીની જાહેરાત નં ૭૦/૫૩ - પબ્લિક, તા. ૨૯ જાન્યુઆરી, ૧૯૫૩)

૪. દુર્ભાગ્યે એક સભ્ય, શ્રી આત્માસિંઘ નામધારી, લોકસભાના સભ્ય તા ૭મી જાન્યુઆરી ૧૯૫૪ના રોજ અવસાન પામ્યા. તેમની



જગાએ ડૉ. અનુપસિંઘ, લોકસભાના સભ્યને તા. ૨૭મી ફેબ્રુઆરી, ૧૯૫૪-ને રોજ નીમવામાં આવ્યા. બીજા સભ્ય લાલા જગન્નાથે બીજા કામમાં જોડાવા આ પંચમાંથી રાજીનામું આપ્યું અને તેમની જગાએ શ્રી પો. ગો. શાહને તા. ૨૭ ઑગસ્ટ, ૧૯૫૪થી નીમવામાં આવ્યા.

## પંચના કાર્યપ્રદેશની રૂપરેખા

૫. સરકારી જાહેરાતમાં પંચના કાર્યપ્રદેશની રૂપરેખા નીચે મુજબ આપવામાં આવી હતી :

પછાત વર્ગ પંચે નીચે મુજબ કામગીરી બજાવવી :

(૧) ભારતની હદમાં દેશના લોકો પૈકી (બંધારણની કલમ ૩૪૧ અને ૩૪૨ અનુસાર પ્રકટ થયેલી જાહેરાતોમાં જણાવેલ અનુસૂચિત જ્ઞાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ ઉપરાંત) કોઈ પણ વિભાગોને સામાજિક અને શૈક્ષણિક દૃષ્ટિએ પછાત વર્ગો ગણવા માટે કયાં ધોરણો સ્વીકારવાં તે ઠરાવવું. અને તે ધોરણોને અનુસરીને એવા વર્ગોની યાદી બનાવવી. તેમાં તેમની કુલ સંખ્યાનો અંદાજ તથા તે જુદે જુદે સ્થળે કેટલી સંખ્યામાં વસે છે તેની વિગતો આપવી.

(૨) આવા તમામ પછાત વર્ગોની સ્થિતિની તથા તેઓ કેવી મુશ્કેલીઓ વેઠે છે તેની તપાસ કરવી. અને નીચેના મુદ્દાઓ ઉપર ભલામણો કરવી :

(અ) તેમની મુશ્કેલીઓ નિવારવા અથવા તેમની સ્થિતિ સુધારવા ભારત સરકારે અથવા કોઈ પણ રાજ્યે કરવાની તજવીજ બાબત;

(આ) ભારત સરકારે અથવા કોઈ પણ રાજ્યે આપવાનું અનુદાન તથા તે અંગેની શરતો બાબત.

(૩) હવે પછી રાષ્ટ્રપતિ જે બાબતો સોંપે તેની તપાસ કરવી.

(૪) તપાસને પરિણામે જે હકીકતો જડે તે તથા યોગ્ય ભલામણો સહિત રાષ્ટ્રપતિને અહેવાલ આપવો.

પંચ નીચેની પ્રવૃત્તિઓ કરી શકશે :

(૧) કેન્દ્ર સરકાર, રાજ્ય સરકારો અને પોતાને યોગ્ય લાગે તે અન્ય અધિકારીઓ, સંસ્થાઓ કે વ્યકિતઓ પાસેથી પોતાને જરૂરી લાગે તેવી માહિતી, જરૂરી સ્વરૂપમાં અને પદ્ધતિએ મેળવવી.

(૨) પંચની પોતાની અથવા તેણે નીમેલી પેટા-સમિતિઓની સભાઓ તેના અધ્યક્ષ ઠરાવે કે આદેશ આપે તે સમયે અને સ્થળે ભરવી.

(૩) ભારતમાં જરૂરી અથવા સગવડભર્યું લાગે તેવાં સ્થળોની પોતે અથવા પોતાની પેટા-સમિતિઓએ મુલાકાત લેવી.

ઉપર નિર્દેશેલી સભાઓ અને મુલાકાતોને પ્રસંગે પંચ અથવા તેની પેટા-સમિતિઓ પૈકી ગમે તે, જે તે સ્થળના પછાત વર્ગોના બે માણસોને પોતાના વધારાના સભ્યો તરીકે પસંદ કરી શકશે. તે બે પૈકી એક સ્ત્રી હોવી જોઈશે.

## પંચની મુદત

પંચે પોતાનો અહેવાલ મોડામાં મોડો તા. ૩૧મી જાન્યુઆરી, ૧૯૫૪ સુધીમાં રાષ્ટ્રપતિને સાદર કરવા પ્રયત્ન કરવો.

૬. પંચ પોતાનું કામ તા. ૧૮મી માર્ચ, ૧૯૫૩ પછી જ શરૂ કરી શક્યું હોવાથી, નિયત સમયમાં અહેવાલ તૈયાર થઈ શક્યો ન હતો. તેથી પંચની મુદત તા. ૩૧મી માર્ચ, ૧૯૫૫ સુધી લંબાવવામાં આવી હતી.

## ઉદ્ઘાટન

૭. તા. ૧૮મી માર્ચ, ૧૯૫૩ને રોજ રાષ્ટ્રપતિએ પંચનું ઉદ્ઘાટન કર્યું. આ પ્રસંગે બોલતાં રાષ્ટ્રપતિ તેમ જ વડા પ્રધાન બંનેએ એવી આશા



વ્યકત કરી કે આ પંચના કાર્યથી દેશમાં વર્ગવિહીન સમાજ સ્થાપવાનો માર્ગ રચાશે. વડા પ્રધાને 'પછાત વર્ગો' એ શબ્દો પ્રત્યે અણગમો બતાવી કહ્યું કે ખાસ કરીને દેશમાં જ્યારે ૯૦ ટકા લોકો ગરીબ અને પછાત છે ત્યારે કોઈ પણ વર્ગ પછાત હોય તોપણ તેને પછાત કહેવો એ મૂળભૂત રીતે ખોટું છે. પંચના અધ્યક્ષે કહ્યું કે પછાત લોકોને ઊંચે લાવવા માટે અને જ્ઞાતિ અને વર્ગના ભેદો નાબૂદ કરવા માટે સામાજિક ક્રાન્તિની જરૂર છે. અને જોકે અનુસૂચિત જ્ઞાતિઓ (હરિજનો) અને અનુસૂચિત જનજાતિઓ(ગિરિજનો)ની યાદીઓ બનાવેલી છે, તેમ છતાં કયા લોકો પછાત છે તે નક્કી કરવા હરિજનો, ગિરિજનો અને અન્ય પછાતવર્ગો(ઈતરજનો)નો ભેગો વિચાર કરવો પડશે. તે સમયના ગૃહપ્રધાન ડૉ. કૈલાસનાથ કાત્જુએ પંચના કાર્યની સમજૂતી આપી હતી અને પંચના સભ્યોની પસંદગીનું દષ્ટિબિંદુ સમજાવ્યું હતું.

## પંચના કાર્યની યોજના : પ્રશ્નાવલી

૮. પંચે પોતાની પહેલી બેઠક નવી દિલ્હીમાં તા. ૧૮મી માર્ચ, ૧૯૫૩ના રોજ ભરી હતી. ત્યાર પછી ઘણી બેઠકો મળી હતી. તેમાં પંચના કાર્યની યોજના ઘડી કાઢવામાં આવી હતી. નિયત સમયમર્યાદા પ્રમાણે પંચ પાસે માત્ર નવ માસનો સમય હતો. આ સમયમાં તેને ૨૭ રાજ્યોમાં ફરવાનું, મુલાકાતો આપવાની, ચર્ચાઓ કરવાની, અને બધું કામ પૂરું કરવાનું હતું. આ ટૂંકા સમયમાં 'અન્ય પછાત વર્ગો'માં આવતી વિવિધ જ્ઞાતિઓના ઇતિહાસનું વિગતવાર સંશોધન કરવાની યોજના કરવાનું શકય નહોતું. એટલે વિવિધ સ્થળેથી જે મળે તે માહિતી એકઠી કરી, નિયત સમયમાં કાર્ય પૂરું કરવા પ્રયત્નો કરવામાં આવ્યા. રાજ્ય સરકારો અને જાહેર જનતા પાસેથી જરૂરી મહિતી મેળવવા એક સર્વગ્રાહી પ્રશ્નાવલી ઘડી કાઢવામાં આવી. એના જવાબો અને અરજીઓ સ્વીકારવા માટે પણ તારીખ નક્કી કરવામાં

આવી. પરંતુ આગળ જતાં રાજ્ય સરકારો અને જાહેર જનતાની સતત માગણીઓને પરિણામે આ બાબતમાં છૂટ મૂકવામાં આવી હતી.

## પ્રચાર અને પ્રવાસ

૯. પ્રશ્નાવલીનું બને તેટલી પ્રાદેશિક ભાષાઓમાં ભાષાંતર કરવામાં આવ્યું હતું, જેથી તે બહુજનસમાજને પહોંચી શકે. વર્તમાનપત્રોમાં એકથી વધુ વખત વિજ્ઞપ્તિઓ પ્રસિદ્ધ કરવામાં આવી હતી, જેથી પછાત વર્ગોનો પ્રશ્ન લોકો સમક્ષ જાગતો રહે અને આ કાર્યમાં રાષ્ટ્રવ્યાપી રસ જાગે તથા તેના મહત્ત્વનો લોકોને ખ્યાલ આવે. સંબંધકર્તા રાજ્યો સાથે મસલત કરી પ્રવાસ ગોઠવવામાં આવ્યા હતા અને કાર્યક્રમો ઘડવામાં આવ્યા હતા. દરેક રાજ્યમાં આ કાર્યક્રમોને વિશાળ પ્રસિદ્ધિ આપવામાં આવી હતી. પછાત વર્ગોના પ્રતિનિધિઓને પણ વાકેફ રાખવામાં આવ્યા હતા, જેથી તેઓ પંચ આગળ પોતાની વાત રજૂ કરી શકે.

૧૦. પ્રવાસ દરમ્યાન પંચ પેટા-સમિતિઓમાં વહેંચાઈ જઈને વિવિધ કેન્દ્રોની મુલાકાતે જતું. ત્યાં અરજીઓ સ્વીકારાતી અથવા સાક્ષીઓ તપાસવામાં આવતા. કેળવણી અને સમાજસેવાની સંસ્થાઓ, હરિજનવાસો અને પછાત વર્ગોનાં રહેઠાણોની મુલાકાતોએ પણ તેઓ ગયા હતા.

૧૧. કેટલાંક રાજ્યોએ પછાત વર્ગો અને અનુસૂચિત જન-જાતિઓની કળા-કારીગરીનાં પ્રદર્શનો યોજ્યાં હતાં અને તેમનાં લોક-ગીતો અને નૃત્યો દેખાડવાની ગોઠવણ કરી હતી.

૧૨. પછાતવર્ગોના પ્રશ્નો વિશે રાજ્યોના પ્રધાનો અને વિવિધ ખાતાંના ઉપરીઓ સાથે પણ પંચે ચર્ચાઓ કરી હતી.

૧૩. એકઠા થયેલા પુરાવાઓનો અભ્યાસ કરવામાં પંચના કાર્યાલયના



કાર્યકરોને મદદ કરવા અને તપાસેલી જ્ઞાતિઓનું ટૂંક વર્ણન તૈયાર કરવા સંશોધન અધિકારીઓ નીમવામાં આવ્યા હતા.

૧૪. અનુસૂચિત જ્ઞાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ વિશે તેમના પ્રતિનિધિઓ પાસેથી તેમ જ સરકાર પાસેથી એકઠા થયેલા પુરાવાઓનો, એ વર્ગોની યાદીઓ સુધારવા માટે, અલગ અભ્યાસ કરવામાં આવ્યો હતો.

## કરેલા કાર્યક્ષેત્રની મર્યાદાનો પ્રશ્ન

૧૫. સરકારના આદેશ મુજબ પંચના કાર્યનો વિષય દેશના અસંખ્ય 'અન્ય પછાત વર્ગો' હતા, નહીં કે અનુસૂચિત જ્ઞાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ. આ હકીકત લોકોને વારંવાર સમજાવવામાં આવી હતી. તેમ છતાં આ બાબતમાં ગેરસમજ ચાલુ રહી હતી, તેથી ફરી સમજાવવામાં આવ્યું કે અનુસૂચિત જ્ઞાતિઓ (હરિજનો) અને અનુસૂચિત જનજાતિ-ઓ (ગિરિજનો) પછાત છે, એ સાચું છે. પરંતુ તે સિવાય બીજા પછાત વર્ગો છે જેમને સૈકાઓથી તરછોડવામાં આવેલા છે. સરકારને હરિજનો અને ગિરિજનોના પ્રશ્નોનો સારો ખ્યાલ છે અને તેમના કલ્યાણ માટે તેણે એક 'ખાસ અધિકારી' નીમેલા છે. આમ છતાં હરિજન સંસ્થાઓ અને તેમના નેતાઓ તેમના ઉદ્ધાર માટે પોતાના વિચારો, ફરિયાદો અને સૂચનાઓ લઈ પંચ પાસે આવતા હતા. બીજી બાજુ, ગિરિજનો તરફથી માત્ર થોડાં જ નિવેદનો આવ્યાં હતાં. પંચે આ બધાને સાંભળ્યા હતા. તે વર્ગો એના કાર્યક્ષેત્રની બહાર હતા, છતાં તેમણે રજૂ કરેલી હકીકતો પંચના કામમાં ઉપયોગી નીવડી હતી.

## પ્રશ્નાવલીના જવાબો

૧૬. પ્રશ્નાવલી સર્વગ્રાહી બનાવવા ખાસ તસ્દી લેવામાં આવી હતી. તેમાં ૨૪ પેટા-વિભાગો નીચે ૨૦૦ પ્રશ્નો હતા. આટલી લાંબી પ્રશ્નાવલી કાઢવાનો હેતુ એ હતો કે તેના જવાબો ઉપરાંત તે લોકોને

પછાતપણાના વિવિધ પ્રશ્નો ઉપર વિચાર કરતા કરે અને તેમનું તે તરફ ધ્યાન દોરે, જેથી એકંદરે આ વિષય ઉપર લોકમત કેળવાય અને કાર્યકરોને કાર્યની નવી દિશા સૂઝે.

૧૭. પ્રશ્નાવલીએ લોકોને વિચાર કરતા કર્યા. પરંતુ રાજ્ય સરકારો તરફથી મળેલા જવાબો એકસરખા સંતોષકારક નહોતા. થોડાંક રાજ્યો આ પ્રશ્નને પરિણામે ઉદ્ભવનાર પરિવર્તન પ્રત્યે સજાગ જણાયાં, ત્યારે કેટલાંકે આ પ્રશ્નાવલીને રોજના વહીવટી ફરફરિયા જેટલું જ મહત્ત્વ આપ્યું. વારંવાર ઉઘરાણી કરવા છતાં એમના તરફથી સંતોષકારક જવાબો ન મળ્યા.

૧૮. જે જવાબો મળ્યા તેમાં અભ્યાસનો અભાવ અને પૂરેપૂરી માહિતી આપવાની અશક્તિ દેખાયાં. મૌલિક વિચારસરણી ઓછી જોવા મળી. બધેથી એક જ વાત સંભળાતી કે અમે ઘણા પછાત છીએ અને અમને તમામ મદદ બધી બાબતમાં મળવી જોઈએ. આટલી મોટી વસ્તીનું પછાતપણું ક્યાંથી આવ્યું અને તે શી રીતે દૂર કરી શકાય તેનો કોઈએ વિચાર કર્યો નહોતો.

## લોકોની જાગૃતિ અને અધીરાઈ

૧૯. આમ છતાં આ જાગૃતિ હેઠ આમવર્ગ સુધી પહોંચી છે. હજારો વર્ષ પછી તેમણે પહેલી વાર નસીબવાદ છોડ્યો છે અને તેમને આશા બંધાઈ છે કે તેમની સ્થિતિ સુધરી શકે તેમ છે. અને તેઓ સમાજમાં યોગ્ય સ્થાન મેળવી રાષ્ટ્રની પ્રગતિની તમામ યોજનાઓમાં પોતાનો હિસ્સો મેળવી શકશે.

૨૦. આ જાગૃતિની તાત્કાલિક અસર એ જોવામાં આવી કે લોકો અધીરા અને અકળાયેલા જણાયા. તેમનામાં કડવાશ પણ દેખાય છે. આ લક્ષણોની અવગણના થઈ શકે નહીં, કારણ કે એ નવી



કાર્યશક્તિનું પ્રાકટ્ય સૂચવે છે. આ શક્તિને રચનાત્મક કાર્યમાં વાળવી જોઈએ.

## પ્રથમ ગ્રાસે મક્ષિકા : આંકડાનો અભાવ

૨૧. સરકારના આદેશ મુજબ, તમામ પછાત વર્ગોની સ્થિતિની તપાસ કરવા ઉપરાંત એ વર્ગોની યાદી બનાવવાની હતી અને તેમની વસ્તીનો કુલ અંદાજ કાઢી, પ્રદેશવાર વસ્તીના આંકડા આપવાના હતા. આ માટે આંકડાની જરૂર હતી. આ આંકડા રાજ્ય સરકારો પાસેથી મળશે એમ ધારી મૈસૂર રાજ્યથી શરૂઆત કરી. હિમાચલ પ્રદેશ અને આસામ જેવાં એકબીજાથી ઘણે દૂર આવેલાં રાજ્યોની પણ મુસાફરી કરી. એટલાથી સમજાયું કે અમારે જરૂરી આંકડા રાજ્યો પાસેથી મળી શકશે નહીં. કારણ એ દર્શાવવામાં આવ્યું કે ૧૯૫૧ની વસ્તીગણતરીમાં જ્ઞાતિવાર આંકડા એકઠા કરવામાં આવ્યા નહોતા. માત્ર અનુસૂચિત જ્ઞાતિઓ, અનુસૂચિત જનજાતિઓ અને બીજાં કેટલાંક જૂથો અંગે થોડા આંકડા મળી શકે તેમ હતું. જ્ઞાતિઓએ પોતે આપેલા આંકડા વિશ્વસનીય નહોતા. ભૂતકાળના વસ્તીગણતરીના અહેવાલોમાં જ્ઞાતિવાર આંકડા હતા, પરંતુ તે સમસ્ત ભારતને ધોરણે તૈયાર કરેલા નહોતા. તેથી તે બહુ કામના નહોતા. આમ પંચને પ્રથમ ગ્રાસે મક્ષિકા જેવું થયું.

૨૨. આ સ્થિતિમાં જે આંકડા મળ્યા તેનાથી ચલાવી લેવામાં આવ્યું. આ આંકડા જુદાં જુદાં રાજ્યોની સરકાર પાસેથી, ભૂતકાળના વસ્તીગણતરીના અહેવાલોમાંથી, સરકારી અમલદારો, લોકનેતાઓ અને સમાજસેવકો પાસેથી મેળવેલા છે. જ્ઞાતિઓની વસ્તીના અંદાજી આંકડા વસ્તીગણતરી ખાતાએ આપેલા છે. પરંતુ તેની વિશ્વસનીયતાની ખાતરી નથી. તેમ છતાં, એકઠી થયેલી સામગ્રીને આધારે અમે તારવેલા નિર્ણયો સંતોષકારક છે, એમ અમને લાગે છે.

## પ્રકરણ બીજું*

# જ્ઞાતિ અને સમાજ

### જ્ઞાતિસંસ્થાનો વિકાસક્રમ જાણવાની જરૂર

૧. પંચના કાર્યપ્રદેશની રૂપરેખાના પ્રથમ બે મુદ્દા આ પ્રમાણે છે:

"ભારત દેશના લોકો પૈકી (અનુસૂચિત જ્ઞાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ ઉપરાંત) કોઈ પણ વિભાગોને સામાજિક અને શૈક્ષણિક દૃષ્ટિએ પછાત વર્ગો ગણવા માટે કયાં ધોરણો સ્વીકારવાં તે ઠરાવવું અને એવા પછાત વર્ગોની સ્થિતિ તથા તેઓ કેવી મુશ્કેલીઓ વેઠે છે તેની તપાસ કરવી." ભારત દેશમાં પ્રવર્તતી વિશિષ્ટ સામાજિક પરિસ્થિતિના સંદર્ભમાં આ બે મુદ્દાઓનો અભ્યાસ કરવો જોઈએ. આ દેશમાં કેટલીયે પેઢીઓથી સમાજવ્યવસ્થા જ્ઞાતિસંસ્થાના પાયા ઉપર રચાયેલી છે. તેથી એ સંસ્થાનો યુગોથી થયેલો વિકાસક્રમ જાણવો જરૂરી છે.

### અભ્યાસનું દૃષ્ટિબિંદુ

૨. જ્ઞાતિસંસ્થાના ઇતિહાસ અને વિકાસ વિશે ઘણું સાહિત્ય લખાયેલું છે. વિવિધ દૃષ્ટિએ એનો અભ્યાસ થયેલો છે. એ બધામાં ઊતરવાની અહીં જરૂર નથી. આપણે તો જ્ઞાતિપ્રથાની જે બૂરી

* મૂળમાં પ્રકરણ બીજું 'વસ્તીગણતરી અને જ્ઞાતિ'નું છે. તે અત્રે આપ્યું નથી.



અસરોથી સમાજ છિન્નભિન્ન થાય છે અને પરિણામે દેશની ઘણી કોમોમાં પછાતપણું આવે છે તેની સાથે નિસ્બત છે. માત્ર જ્ઞાતિસંસ્થાની શાખા-પ્રશાખાઓને ઓળખી બેસી નહીં રહેતાં, આ પ્રશ્નનો એવી રીતે અભ્યાસ કરવો જોઈએ કે જેને પરિણામે જ્ઞાતિપ્રથાનાં અનિષ્ટો ક્રમશઃ નાબૂદ થાય અને તમામ લોકોને સુખ, પ્રગતિ અને શાંતિમય જીવન જીવવાની તકો મળી રહે.

### જ્ઞાતિનાં લક્ષણો

૩. જ્ઞાતિની વ્યાખ્યા આપવી મુશ્કેલ છે, કેમ કે તેનું સ્વરૂપ વિવિધ પ્રકારનું અને ગૂંચવાડાભર્યું છે. છતાં તેનાં લક્ષણો આવાં ગણાવી શકાય : દરેક જ્ઞાતિ પોતે એક સ્વતંત્ર સામાજિક એકમ હોય છે. જે રીતરિવાજો વડે તે જીવે છે તે સામાન્ય રીતે બીજી જ્ઞાતિઓના રીત-રિવાજો કરતાં જુદા હોય છે અને કેટલીક વાર બીજી કોઈ જ્ઞાતિના રીતરિવાજો કરતાં ઊલટા હોય છે. એક જ્ઞાતિના માણસો બીજી જ્ઞાતિના માણસો સાથે પરણતા નથી. અને એક જ્ઞાતિના માણસો-એ બીજી જ્ઞાતિના માણસો સાથે ખાવાપીવાનો વ્યવહાર કેટલો રાખવો તેની પણ મર્યાદાઓ હોય છે. ધર્માંતરથી પણ ઘણી વાર જ્ઞાતિ ભૂંસાતી નથી. દાખલા તરીકે, ઇસ્લામ અને ખ્રિસ્તી ધર્મમાં જ્ઞાતિભેદ નથી. તેમ છતાં ધર્માંતરથી થયેલા મુસલમાનો અને ખ્રિસ્તીઓ જ્ઞાતિભેદ પાળે છે.

### હિંદના લોકોનો ઇતિહાસ

૪. ઇતિહાસવિદો માને છે કે હિંદના મૂળ વતનીઓ દ્રાવિડો હતા. તેમની પાછળ દીર્ઘકાલીન સંસ્કૃતિનો વારસો હતો. તે ઉપરાંત જંગલી જાતિઓ, રખડતી જાતિઓ અને જંગલવાસીઓ પણ હતા. તે પછી આર્યોના આગમને જાતીય અને રાજકીય નવા પ્રશ્નો ઊભા કર્યા. આ જાતિઓ વચ્ચે અનિવાર્ય રીતે અથડામણ થઈ અને તેમાંથી

ધીમે ધીમે જ્ઞાતિપ્રથા ઊભી થઈ. શરૂઆતમાં આર્યોમાં અંદરોઅંદર લાંબો સંગ્રામ ચાલ્યો. તે પછી દ્રાવિડો, નાગાઓ, દસ્યુઓ અને જે તે વખતે આ દેશમાં હયાત હતી તે બીજી જાતિઓ સાથે સંગ્રામ ચાલ્યો. પાછળથી સિથિયનો, હૂણો, ગ્રીકો, ઇરાનીઓ, પઠાણો, મોગલો અને આખરે યુરોપિયનો આવ્યા. તેમાંથી યુરોપિયનો સિવાય તમામ લોકો હિંદમાં સ્થાયી થઈને રહ્યા. આ રીતે હાલના હિંદી લોકો આ બધાં તત્ત્વો ભેગાં મળવાનું પરિણામ છે. તેઓ દેશી તેમ જ પરદેશી સંખ્યાબંધ જાતિઓનું મિશ્રણ છે.

૫. પૃથ્વી ઉપર હિંદનું ભૌગોલિક સ્થાન, તેની આબોહવા, જંગલો, વિશાળ રણો અને નદીઓએ પણ આ દેશના જીવન ઉપર તેના લોકોના ચારિત્ર્ય ઉપર અને તેમની સમાજવ્યવસ્થા ઉપર મોટી અસર કરેલી છે.

૬. હિંદી લોકોના ઘડતરમાં અને તેમની સમાજવ્યવસ્થા ખીલવવામાં રાજકીય ઇતિહાસે પણ ઠેઠથી ભાગ ભજવેલો છે. પડોશી દેશોના સંસ્કારોની પણ તેના ઉપર અસર થયેલી છે. તે ઉપરાંત, આજ સુધી સંખ્યાબંધ ભાષાકીય જૂથોએ ઘણે અંશે પોતાની અલગતા સાચવી રાખેલી છે.

૭. આ વિશાળ દેશમાં એની સમાજવ્યવસ્થા ઘણાં બાહ્ય તત્ત્વોને અપનાવવા સમર્થ નીવડી છે. અને એ એક સૂચક બિના છે કે, હજી સુધી કોઈ પણ બાહ્ય આક્રમણકાર આ સમાજવ્યવસ્થાને અસરકારક રીતે બદલવામાં સફળ થયો નથી. એ પણ એટલું જ સૂચક છે કે, જ્ઞાતિપ્રથાએ પ્રમાણમાં સારી સ્થિરતા સાચવી છે અને આ બહુવિધસમાજને હાલનું સ્વરૂપ આપ્યું છે.

## જ્ઞાતિપ્રથાનું મૂળ : ત્રિવર્ણ

૮. જ્ઞાતિપ્રથાનું મૂળ ચોકસાઈપૂર્વક શોધી કાઢવાનું શક્ય નથી. તે પ્રાગૈતિહાસિક ટોળી જીવનમાંથી વિકસેલી પ્રાક્આર્ય સંસ્થા હોવાનો



સંભવ છે. આર્યો જ્યારે હિંદમાં આવ્યા ત્યારે જાતીય સંબંધો સરખા કરવા માટે તેમને જ્ઞાતિસંસ્થા સગવડભરી લાગી હશે. પ્રથમ તેમણે જ્ઞાતિનો સિદ્ધાન્ત અમલમાં મૂક્યો હશે અને પછી આર્ય કોમોના 'વર્ણ' નામથી ઓળખાતા કર્માનુસારી ત્રણ વિભાગો પાડ્યા હશે. સૌથી પ્રાચીન ઉપલબ્ધ સાહિત્ય ઋગ્વેદમાં બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય એવા પ્રથમ ત્રણ વર્ણોનો ઉલ્લેખ વારંવાર આવે છે. માત્ર પુરુષસૂક્તમાં સમાજના ચતુર્વિધ વર્ગીકરણનો ઉલ્લેખ આવે છે. આ ચાર વર્ગ એટલે બ્રાહ્મણ, રાજન્ય, વૈશ્ય અને શૂદ્ર. તે બ્રહ્માના મુખ, હાથ, જાંઘ અને પગમાંથી ઉદ્ભવેલા કહેવાય છે.

દરેક વર્ગ સાથે જોડાયેલું બ્રહ્માનું અંગ અને વર્ણનમાં આવતો તેનો ક્રમ તે સમયે તે તે વર્ગનો સામાજિક દરજ્જો સૂચવતો લાગે છે. પરંતુ પુરુષસૂક્તનો આ ભાગ પાછળથી ઉમેરેલો કહેવાય છે.

## ચતુર્વર્ણ

૯. સંભવ છે કે આર્યોએ શ્રી રામચંદ્રના સમયમાં ત્રણ વર્ણ પાડ્યા હોય અને તેને ચતુર્વર્ણ બનાવનાર પ્રથમ પુરુષ શ્રી કૃષ્ણચંદ્ર હોય. જો આ ખરું હોય તો चातुर्वर्ण्यं मया सृष्टम् એ ગીતાવાક્યમાં શ્રી કૃષ્ણનો અંગત ઉલ્લેખ છે એમ કહી શકાય. એમ પણ બન્યું હોય કે ઘોર અંગિરસના શિષ્ય, ઉપનિષદ યુગના શ્રીકૃષ્ણે શૂદ્ર વર્ણ દાખલ કરી ત્રિવાર્ણિક સમાજને ચતુર્વર્ણ બનાવ્યો હોય.

## પંચમ અથવા અંત્યજ અને વનવાસી

૧૦. કર્માનુસારી વર્ગીકરણમાંથી વિવિધ વર્ણો ઉદ્ભવ્યા અને તે મુખ્ય ચાર વર્ણમાં સંગઠિત થયા. આ ચાતુર્વર્ણ્યની બહાર જે રહ્યા તે 'પંચમ' કહેવાયા અને તેમને 'અંત્યજ' તરીકે સમાજને છેવાડે રહેવા દેવામાં આવ્યા. તે સિવાય બીજા હતા જેમણે સ્વતંત્ર રહેવાનું પસંદ

કર્યું. તેઓ અભેદ્ય વિસ્તારોમાં ભરાઈ ગયા અને તેમણે આર્ય જીવન-પદ્ધતિ સ્વીકારી નહીં. તેઓ 'વનવાસી' અથવા 'વનૌકસ' કહેવાયા.

### બીજી માન્યતા

૧૧. બીજી માન્યતા એવી છે કે, પ્રાચીન સમયમાં ઉત્તરના બ્રાહ્મણો અને ક્ષત્રિયોએ એક થઈ વૈશ્યો અને શૂદ્રોના વિશાળ સમૂહને હલકા ગણ્યા. પરંતુ બ્રાહ્મણો અને ક્ષત્રિયો કૃષિકાર હોઈ, સ્વાયત્ત સમાજ બનાવી શક્યા નહીં. વૈશ્યો ક્રમે ક્રમે ધન કમાઈ, ઠીક ઠીક સંસ્કારી બન્યા એટલે ઉપલા વર્ગમાં દાખલ થયા. આ રીતે ત્રિવાર્ણિક સંસ્કૃતિ સમાજનો ઉપલો વર્ગ બની અને શૂદ્રો માત્ર બહુજનસમાજ રહ્યા. જે શૂદ્રોએ આર્યોને ન ગમતા આચાર છોડયા નહીં તેમને અસ્પૃશ્ય બનાવી તિરસ્કારવામાં આવ્યા અને તેમને ગામબહાર રહેવાની ફરજ પાડવામાં આવી. તેમને ચતુર્વર્ણના ચુસ્ત ચોકઠાની બહાર ગણવામાં આવ્યા. બીજા જેઓ ત્રિવાર્ણિક આદર્શો અપનાવવા ખુશી નહોતા તેઓ ડુંગરોમાં ભરાયા અને અનિશ્ચિત છતાં સ્વતંત્ર જીવન ગુજારવા લાગ્યા. તેઓ આજના અનુસૂચિત જાતિઓ કે ગિરિજનો છે.

### શૂદ્રો

૧૨. શૂદ્રોમાં ઘરકામ અને હલકું કામ કરનાર નોકરોનો સમાવેશ થતો હતો. તે ઉપરાંત લુહાર, ચર્મકામ કરનાર, હજામ, વૈદ્ય, સોની, વેપારી અને રથ બનાવનાર જેવા કારીગર અને ધંધાદારી વર્ગનો ઉલ્લેખ પ્રાચીન શાસ્ત્રોમાં આવે છે. બીજી ચાર જ્ઞાતિઓ — આયોગવ, ચાંડાલ, નિષાદ અને પુલ્કસનો ઉલ્લેખ વેદસાહિત્યમાં છે.

### વર્ણવ્યવસ્થા અને જ્ઞાતિવ્યવસ્થા

૧૩. સમાજનું ચાતુર્વર્ણ્ય ખાસ સુગ્રથિત નહોતું. જ્યારે સાંસ્કારિક બળો જોરમાં હતાં ત્યારે વર્ણના ક્રમાનુસારી વિચારો અમલમાં હતા. અને જ્યારે સાંસ્કારિક અસરો નબળી પડી ત્યારે ટોળી કે જાતિ



ઉપર રચાયેલી જ્ઞાતિનું પ્રાબલ્ય વધ્યું. જ્ઞાતિનું સંગઠન વર્ણના સંગઠન કરતાં ધીમે ધીમે બળવત્તર બન્યું. તેમ છતાં જીવનનું નૈતિક ધોરણ સુધારવાની ધગશ ઠેઠ સુધી બળવાન રહી. એનું ઉત્તમ દૃષ્ટાન્ત પૌરાણિક યુગનો વિશ્વામિત્ર છે. તેને પોતાને ક્ષત્રિયોનો ઋષિ કહેવડાવવાથી સંતોષ નહોતો. એને તો બ્રહ્મર્ષિનું બિરુદ પામવાના કોડ હતા.

### સંસ્કારિતા અને આધ્યાત્મિકતાનાં ધોરણો: બ્રાહ્મણનું આધિપત્ય

૧૪. તે દિવસોમાં સમાજનું વર્ગીકરણ માત્ર કર્માનુસારી નહોતું. સંસ્કારિતા અને આધ્યાત્મિકતાના ધોરણે પણ એ વર્ગીકરણ થતું. ચારે વર્ણોમાં વ્યકિતને માટે એક સર્વસામાન્ય ધોરણ સ્વીકારવામાં આવ્યું હતું. એ ધોરણ સર્વ ઇન્દ્રિયવિકારો અને દુર્વૃત્તિઓ ઉપર વિજય મેળવી પ્રભુત્વ પ્રાપ્ત કરવાનું હતું. એ રીતે સાર્વત્રિક શુદ્ધિ એ તમામ વર્ણોનું સમાન ધ્યેય બન્યું હતું. વંશશુદ્ધિ, સ્નાન દ્વારા શરીરશુદ્ધિ, ત્યાગ દ્વારા મનશુદ્ધિ, ખાનપાનની શુદ્ધિ અને આજીવિકાની શુદ્ધિ — એમ બ્રાહ્મણો સર્વ પ્રકારે શુદ્ધિ સાચવવાની અભિલાષા રાખતા. આહાર-શુદ્ધિ અને આજીવિકાની શુદ્ધિ એ સર્વ માટેનો માપદંડ હતો. નીચલા વર્ગના માણસો શરીરશુદ્ધિ અને વિચારશુદ્ધિ કરીને ઉપલા વર્ગમાં જઈ શકતા. ઉપલી જ્ઞાતિઓની પ્રતિષ્ઠા અને તેમના વિશિષ્ટ અધિકારો નીચલી જ્ઞાતિઓને ઉપલીમાં જવા પ્રયત્ન કરવાનું પૂરતું આકર્ષણ હતા. રૂઢિચુસ્તો જેઓ સ્વભાવે જ સ્થિતિચુસ્ત અને પ્રગતિહીન હોય છે તેઓ બીજા ઉપર ચઢે તેનો વિરોધ કરતા. તેથી લોકોનો સામાજિક અને સાંસ્કારિક દરજ્જો નક્કી કરવા કોઈ સાધન ઊભું કરવાની સમાજને ફરજ પડી હતી. ધર્મ એવું સાધન હોવાથી, ધાર્મિક વડો વિવિધ જ્ઞાતિઓનો સામાજિક દરજ્જો ઠરાવી આપતો. આ રીતે ધાર્મિક જ્ઞાતિનો બ્રાહ્મણ સમાજનો ધાર્મિક વડો બન્યો. રાજા તેનો અમલ કરનાર વડો બન્યો.

## જ્ઞાતિસંસ્થાનાં મૂળ તત્ત્વો

૧૫. શરૂઆતમાં જ્ઞાતિપ્રથાએ વિવિધ ટોળીઓ, જાતિઓ અથવા સામાજિક જૂથોના શાંતિમય સહઅસ્તિત્વ માટેની એક વ્યવસ્થા હતી. સામાજિક સંગઠન અને પરસ્પર જવાબદારીની ભાવનામાંથી એનો જન્મ થયો હતો. એ સાથે રહેતાં કુટુંબોનું મંડળ હતું અને તેનો હેતુ સંપૂર્ણ સામાજિક એકમ રચવાનો હતો. આ કુટુંબો અમુક નિયમો પ્રમાણે અંદર અંદર લગ્ન કરી શકતાં અને દરેક જૂથનો મુખ્ય ધંધો ખોરાક મેળવવાનો હોઈ, ભોજનવ્યવહાર પણ જ્ઞાતિ પૂરતો મર્યાદિત કરવામાં આવ્યો હતો. ધંધાની બાબતમાં જ્ઞાતિએ શરૂઆતમાં કોઈ ચોક્કસ પ્રતિબંધ મૂક્યો નહોતો. એ તત્ત્વ પાછળથી 'વર્ણ'ના વિચારની અસરથી દાખલ કરવામાં આવ્યું હતું.

## વર્ણોમાંથી જ્ઞાતિઓ કેવી રીતે બની? :

૧૬. ચાર વર્ણો મળીને એક સમાજ બનતો. દરેક વર્ણ જીવન માટે જરૂરી કોઈ કર્તવ્યની પ્રતિનિધિ હતી. એને મુકાબલે, જ્ઞાતિ એ એક અલગ, સ્વતંત્ર અને સ્વપર્યાપ્ત સમાજ હતો. જ્ઞાતિ એટલે લોહીની સગાઈ; જ્યારે વર્ણ અમુક ધંધો અને અમુક જીવનધોરણ સૂચવતી હતી. એક વર્ણમાં ઘણી જ્ઞાતિઓ અને સગાંનાં જૂથો આવી જાય, અને એ બધાં મળી એક સાંસ્કારિક એકમ બને. વર્ણનાં ચતુર્વિધ કર્તવ્યો આગળ જતાં એક ધંધાના રૂપમાં સ્થાયી થયાં. કાળક્રમે તે ધંધાઓની જ્ઞાતિઓ બની. પૂજારી અને વિદ્વાન, યોદ્ધો અને વહીવટકર્તા, ખેડૂત, વેપારી અને શાહુકાર, વણકર, કારીગર અને નોકર — એ દરેકની અલગ જ્ઞાતિ બની. આ વિભાગીકરણની યોજનાથી પૂજારીઓ, અધ્યાપકો, ઉપદેશકો અને જ્યોતિષીઓ બ્રાહ્મણ વર્ણમાં આવ્યા. યોદ્ધો, રાજકર્તા અને વહીવટકર્તા ક્ષત્રિય બન્યા. જમીનદાર, ઢોર રાખનાર, વેપારી અને શાહુકાર વૈશ્ય બન્યા. નોકરવર્ગ શૂદ્ર



બન્યો. આગળ જતાં વૈશ્યો તેમને ફરમાવેલા ધાર્મિક ક્રિયાકાંડો ન સાચવી શકવાથી તેમને શૂદ્ર વર્ગમાં મૂકવામાં આવ્યા.

### બ્રાહ્મણ

૧૭. જ્ઞાતિવ્યવસ્થામાં સંસ્કારશુદ્ધિના ધોરણ ઉપર રચાયેલી ઉચ્ચનીચની શ્રેણી હતી. પવિત્રતાના સિદ્ધાંતો પાળનાર અને શાસ્ત્રો કંઠે કરનાર બ્રાહ્મણ સર્વોચ્ચ ગણાતો. તે આખા સમાજના સંસ્કારશિક્ષણ અને આધ્યાત્મિક પરંપરા માટે જવાબદાર ગણાતો. પાછળથી યજ્ઞો અને વિધિઓનું મહત્ત્વ વધતાં બ્રાહ્મણ જ્ઞાતિની સત્તા અને પ્રતિષ્ઠા વધી. એથી તેને ઘણા વિશિષ્ટ અધિકારો મળ્યા.

### ક્ષત્રિય અને વૈશ્ય

૧૮. આંતરિક ગેરવ્યવસ્થા અથવા બાહ્ય આક્રમણ સામે સમાજનું રક્ષણ કરવાની જવાબદારી ક્ષત્રિયની હતી. તેણે 'વર્ણાશ્રમ ધર્મ'ને પણ સાચવવાનો હતો. વૈશ્યને ભાગે વેપાર હતો. તેણે ધ્યાનમાં રાખવાનું હતું કે, તમામ દોલત હકીકતમાં સમાજની સેવા માટેનો ન્યાસ હતી.

### શૂદ્ર

૧૯. શૂદ્ર વર્ગે સંતોષથી અને નમ્રતાથી ઉપલા ત્રણ વર્ગોની સેવા કરવાની હતી. આ વર્ગ ઉપર ઘણા પ્રતિબંધો નાખવામાં આવ્યા હતા. કેટલીક જ્ઞાતિઓની હાલની પછાત દશા અંશતઃ આ પ્રતિબંધોનું પરિણામ છે.

### અસ્પૃશ્યો

૨૦. પાંચમા વર્ગ — અસ્પૃશ્યો — ની સ્થિતિ ખરેખર હીણપતભરી હતી. તેમને ઘણાં અપમાનો સહન કરવાં પડતાં અને હીન દશામાં સડવું પડતું.

## જૈન અને બૌદ્ધ ધર્મો

૨૧. સમય જતાં, કર્મકાંડમાં બ્રાહ્મણોએ આચરેલી અતિશયતા અને બાહ્ય આચારોને અપાયેલું વધુ પડતું મહત્ત્વ — એના પ્રત્યાઘાતો પ્રકટ્યા. જૈન ધર્મ અને બૌદ્ધ ધર્મ એ ક્ષત્રિયોએ ચલાવેલી યજ્ઞો અને ક્રિયાકાંડો સામેની સુધારાની ચળવળ હતી. તેઓ કર્તવ્યપાલન અને સદાચાર ઉપર ભાર મૂકતા. બૌદ્ધ ધર્મ આખા ઉત્તર હિંદમાં અને દક્ષિણ હિંદના થોડા ભાગમાં ફેલાયો. લોકોએ યજ્ઞના ક્રિયાકાંડનો ત્યાગ કર્યો અને તેને સ્થાને લૌકિક પૂજાવિધિ થયાં. બૌદ્ધ ધર્મમાં જે કંઈ સારું હતું તે હિંદુ ધર્મે ધીમે ધીમે અપનાવ્યું. સમય જતાં બૌદ્ધ ધર્મે એનું ધાર્મિક જોમ ગુમાવ્યું અને તે હીન આચરણમાં ઊતરી ગયું. શંકરાચાર્યે બૌદ્ધ ધર્મના તત્ત્વજ્ઞાનનો વિરોધ કર્યો અને હિંદુ ધર્મને લોકહૃદયમાં પુનઃ સ્થાપિત કર્યો. તેમનો અદ્વૈતનો સિદ્ધાન્ત બૌદ્ધ તત્ત્વજ્ઞાનને એટલો મળતો હતો કે, તેમના ઉપર ગુપ્તવેષે બૌદ્ધ હોવાનો આક્ષેપ થતો. આખરે હિંદુ ધર્મે બુદ્ધને વિષ્ણુના અવતાર તરીકે માન્ય રાખ્યા અને હાલનો યુગ તેમના નામથી ઓળખાયો.

## જ્ઞાતિવ્યવસ્થા જડ કેવી રીતે થઈ: મનુના કાયદા

૨૨. વેદોના સમય પછી જ્ઞાતિવ્યવસ્થા ધીમે ધીમે જડ બનતી ગઈ, ચાર વર્ણોના સામાજિક જીવન અને વ્યકિતગત આચરણના નિયમો જીવનનાં તમામ અંગોને લાગુ પાડવામાં આવ્યા. જ્ઞાતિના પાયા ઉપર રચાયેલી અસમાનતા, કરવેરા અને ગુનાની શિક્ષાની બાબત કાયદાથી લાગુ પાડવામાં આવી. શુદ્ધિની વિધિઓ, ખાનપાનના નિષેધો અને સ્પર્શ્યાસ્પર્શ્યના નિયમો — આ બધું તે સમયની કાયદાપોથીઓમાં દાખલ થયેલું છે. પોતાની જ્ઞાતિમાં લગ્ન કરવાનો આદર્શ હતો. પરંતુ જ્ઞાતિ બહારનાં કેટલાંક લગ્નો કાયદેસર ગણાતાં. પ્રથમ ત્રણ વર્ણો પોતાનાથી હલકી વર્ણમાં લગ્ન કરી શકતા, પણ પ્રતિલોમ લગ્નો સામે હલકી નજરે જોવાતું, તોપણ અનિયમિત લગ્નોના



બનાવો બનતા. જ્ઞાતિની વિવિધ શ્રેણીઓ એ વિધિપૂર્વકની શુદ્ધિ અને આભડછેટ વિશેના વિચારોનું સ્વાભાવિક પરિણામ મનાવા લાગ્યું. સામાજિક કાયદાઓના પાલન માટે કર્મ અને પુનર્જન્મના સિદ્ધાન્તોનો આધાર લેવાતો. શાસ્ત્રીએ સ્થાપેલા ધર્મનું રાજાએ રક્ષણ કરવાનું હતું. મનુરચિત કાયદા હિંદમાં આજે પણ પ્રતિષ્ઠા ભોગવે છે અને જ્ઞાતિની બાબતમાં પ્રમાણભૂત મનાય છે. મનુએ ચાર વર્ણોનાં કર્તવ્યો અને તેમના ધર્મનું વર્ણન કરેલું છે. બહુજનસમાજ ભાવિ જીવનનાં દુઃખો ટાળવા ધર્મના આદેશોનું પાલન કરતો. કર્મનો સિદ્ધાન્ત લોકોને ધર્મમાર્ગ ઉપર રાખવા સારુ ઉપજાવવામાં આવ્યો હતો. પ્રાયશ્ચિત્ત અથવા તપ અપવિત્રતા નિવારવા માટે અને નિષિદ્ધ આચારને પરિણામે થનાર શિક્ષા ટાળવા માટે હતું. મનુએ જાતિઓની યાદી આપેલી છે. તેમાંની કેટલીકનાં નામ બદલાયાં છે અને કેટલીક નાબૂદ થયેલી છે. તે યાદીમાં નીચેના પ્રકાર છે:

૧. ચાર મૂળ વર્ણો.

૨. શુદ્ધ અને મિશ્ર જ્ઞાતિઓના મિશ્રણથી ઉદ્ભવેલી મનાતી જ્ઞાતિઓ.

૩. ધાર્મિક વિધિઓ છોડી દેવાને પરિણામે જેમણે પોતાનો દરજ્જો ગુમાવ્યો હોય તેવી જ્ઞાતિઓ.

૪. બહિષ્કૃત થયેલા માણસોની બનેલી જ્ઞાતિઓ.

૫. ગુલામો અને તેમના વંશજો.

૬. ચાર વર્ણોમાંથી બહિષ્કૃત લોકો તેમ જ તેમના વંશજો. મનુએ મિશ્રજ્ઞાતિઓની લાંબી યાદી આપી છે. તેમની સંખ્યા ત્રીસ છે અને તેમના પ્રકાર ત્રણ પડે છે:

(૧) બે શુદ્ધ જ્ઞાતિઓમાંથી ઉદ્ભવેલી જ્ઞાતિઓ.

(૨) એક બાજુ શુદ્ધ જ્ઞાતિઓ અને બીજી બાજુ મિશ્ર જ્ઞાતિઓ — એ બેના મિશ્રણથી બનેલી જ્ઞાતિઓ.

(૩) બંને પક્ષે મિશ્ર માબાપોમાંથી ઉદ્‌ભવેલી જ્ઞાતિઓ.

**વ્યવહારો ગ્રંથસ્થ થયા**

૨૩. સમાજમાં વ્યવસ્થા જાળવવા ધર્મશાસ્ત્રકારોએ પ્રવર્તમાન સામાજિક વ્યવહારોની યાદીઓ બનાવી તેમને ગ્રંથસ્થ કરી. વિવિધ જ્ઞાતિઓમાં આચરણના વિગતવાર નિયમો હાલ જોવામાં આવે છે તેનો ખુલાસો આ છે. મનુનાં વિધાનો ઉપરથી એટલું સ્પષ્ટ છે કે, પ્રતિલોમ અને અનુલોમ લગ્નોથી અથવા મિશ્ર કે અનિયમિત લગ્નોથી અથવા જ્ઞાતિના આચારનો ભંગ કરવાને લીધે થતા લોકોના બહિષ્કારને પરિણામે નવી નવી જ્ઞાતિઓ સતત ઉદ્‌ભવ્યા કરતી હતી. પાછલાં વર્ષોમાં જે કડકાઈ જોવામાં આવે છે તે તે સમયમાં નહોતી. જો એ મૂળ પ્રક્રિયા પાછળના જમાનાઓમાં ચાલુ રહી હોત તો જ્ઞાતિપ્રથા – પ્રથમ તો જ્ઞાતિઓની સંખ્યા અવિરત વધવાને કારણે અને બીજું એ જ્ઞાતિઓ વચ્ચે વારંવાર થતાં લગ્નોને કારણે – નાશ પામી હોત.

પછીથી સમાજરચના કેવી રીતે અક્કડ બની અને લોકો વિકાસ-દૃષ્ટિ કેમ ખોઈ બેઠા એ પાછળના સૈકાઓના ઇતિહાસ ઉપરથી સમજાય છે.

**અફઘાનો અને મોગલોની અસર**

૨૪. અફઘાનો અને મોગલોના આગમનથી હિંદુ સમાજવ્યવસ્થા ઉપર સારી પેઠે અસર થઈ. તેમણે હિંદને પોતાનું વતન બનાવ્યું અને રાજકીય મતભેદો હોવા છતાં હિંદુઓ સાથે લગ્નસંબંધ બાંધ્યા. પરંતુ અફઘાન અને મોગલ વિજયોનું તાત્કાલિક પરિણામ એ આવ્યું કે કેટલાક



લોકો દક્ષિણ તરફ હિજરત કરી ગયા. જેઓ પાછળ રહ્યા તે વધારે ચુસ્ત બન્યા અને પરદેશી અસરોથી બચવા તેમણે બાળલગ્નો દાખલ કરી, જ્ઞાતિસંસ્થાને મજબૂત બનાવી. તેમ છતાં, સાંસ્કારિક સમન્વયની અસર થઈ અને બાંધકામ, ખોરાક અને પોષાકમાં ફેરફારો અનિવાર્ય બન્યા. આજે પ્રવર્તતી મિશ્ર સંસ્કારિતા આ બધા સંજોગોનું પરિણામ છે.

**બ્રિટિશો આવતાં પહેલાંની જ્ઞાતીવિરોધી ઝુંબેશો**

૨૫. બ્રિટિશોના આગમન પહેલાંના સૈકાઓ દરમ્યાન નવો ખળભળાટ જાગ્યો અને લોકોનાં મનમાં નવા વિચારો આકાર લેવા લાગ્યા એમાંથી નવા પ્રકારના સુધારકો ઊભા થયા. તેમણે સમજપૂર્વક જ્ઞાતિ વિરુદ્ધ ઉપદેશ આપ્યો. મહારાષ્ટ્રમાં જ્ઞાનેશ્વર અને એકનાથ, નામદેવ અને તુકારામ જેવા બ્રાહ્મણ અને શૂદ્ર જાતિના શક્તિશાળી સંતો થયા. તેમણે ધાર્મિક ચળવળ ચલાવી, નીચલી જ્ઞાતિઓના ઉદ્ધારનું કામ કર્યું. હિંદુ સંત રામાનંદ અને તેમના મુસલમાન શિષ્ય કબીર, બંગાળમાં રામાઈ અને પંજાબમાં ગુરુ નાનક એ સર્વેએ આમવર્ગના ઉદ્ધારનું કામ કર્યું.

**ઇસ્લામ અને ખ્રિસ્તી ધર્મોની અસર**

૨૬. ઇસ્લામ અને ખ્રિસ્તી ધર્મ આવવાથી પણ હિંદુ સમાજમાં કેટલુંક દૃષ્ટિપરિવર્તન થયું. હિંદુ જ્ઞાતિપ્રથાની કડકાઈ અને તેનાં અપમાનોથી બચવા નીચલા વર્ણના – અને ખાસ કરીને અસ્પૃશ્ય જ્ઞાતિઓમાંના –– ઘણા લોકોએ ધર્માન્તર કરી આ નવા ધર્મો સ્વીકાર્યા. તેમ છતાં, એ દિલગીરીની વાત છે કે, આ ધર્માન્તર પામેલા લોકો પણ પોતાની જૂની જ્ઞાતિમર્યાદાઓ સહેલાઈથી છોડી શક્યા નહીં. જ્ઞાતિ એમને વળગેલી રહી અને મુસલમાનો અને ખ્રિસ્તીઓમાં આજે પણ જ્ઞાતિની અસરો સ્પષ્ટ જોઈ શકાય છે.

## જ્ઞાતિનાં કેટલાંક લક્ષણો

૨૭. જ્ઞાતિ એટલે અંદર અંદર લગ્ન કરનાર કુટુંબોનું મંડળ. એના સભ્યોને જ્ઞાતિબહાર લગ્ન કરવાની મનાઈ હોય છે. એના પેટા-વિભાગ પડી શકે છે. એ પેટા-વિભાગો વચ્ચે કેટલીક વાર લગ્નવ્યવહાર થાય છે અને કેટલીક વાર નથી થતો. આ રીતે હિંદુ સમાજ અનેક જ્ઞાતિઓનો બનેલો છે. તેમાં ઊંચનીચના સર્વમાન્ય ભેદો પ્રવર્તે છે. દરેક જ્ઞાતિ પોતાની વિશિષ્ટ સંસ્કૃતિ હોવાનો દાવો કરે છે અને તેને ચીવટથી વળગી રહેવા મથે છે. તેથી જ્ઞાતિ જ્ઞાતિ વચ્ચેનાં લગ્ન, તેની છૂટ આપેલી હોય તો પણ, હલકાં ગણાય છે.

ઉપલી જ્ઞાતિઓના પેટા-વિભાગ ગોત્ર કહેવાય છે. પરંતુ જ્ઞાતિમાં લગ્ન થઈ શકે છે, જ્યારે ગોત્રમાં લગ્ન થઈ શકતું નથી. એક વખત વસતિગણતરીમાં લગભગ ૩૦૦૦ જ્ઞાતિઓની ગણતરી કરવામાં આવી હતી. એકલા બ્રાહ્મણોમાં ૮૦૦ જ્ઞાતિઓ અને પેટા-જ્ઞાતિઓ નોંધાઈ હતી.

જ્ઞાતિ જ્ઞાતિ વચ્ચે લગ્નનો જેમ નિષેધ હોય છે તેમ ભોજનનો પણ નિષેધ હોય છે. એટલે વિશાળ વ્યવહારની દૃષ્ટિએ જ્ઞાતિ એ અસામાજિક એકમ છે. તે જ્ઞાતિ-અભિમાન જગવે છે અને રાષ્ટ્રીય ઐક્ય અટકાવે છે. હિંદુ ધર્મ મૂળ વિવિધતામાં એકતાના સિદ્ધાન્ત ઉપર રચાયો હતો. તેણે વિવિધતાને ઉત્તેજન આપ્યું છે અને તેની એકતા નામની જ રહી છે.

૨૮. હિંદમાં અનેક કારણે જ્ઞાતિ ઉદ્ભવે છે. તેમાંનાં કેટલાંક પરસ્પર વિરોધી હોય છે. કેટલીક વખત જ્ઞાતિ એ ટોળી, જાતિ કે વંશ સૂચવતું એકમ હોય છે, તો કેટલીક વખત તે પ્રાદેશિક એકમ હોય છે. જ્ઞાતિ રચનારું બીજું કારણ ધંધો હતું. પરંતુ સૌથી અગત્યનું તત્ત્વ તો સંસ્કાર હતું. બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યે અમુક સાંસ્કારિક ધોરણો સાચવીને રહેવું પડતું, પરંતુ શૂદ્રને આચારનું એવું કોઈ બંધન ન હતું.



૨૯. એ જાણવા જેવું છે કે, જ્ઞાતિના ગમે તે દોષો હોય તો પણ એને ધન કે સત્તા સાથે કંઈ સંબંધ નહોતો. માણસના દરજ્જાનો આધાર ધન ઉપર નહીં પણ તેની જ્ઞાતિની પરંપરાગત મહત્તા ઉપર હતો. આમ વ્યક્તિઓના આર્થિક દરજ્જા વચ્ચે અત્યંત અસમાનતા હોવા છતાં જ્ઞાતિના સભ્યો વચ્ચે સામાજિક સમાનતા હતી.

## શુદ્ધિ અને અશુદ્ધિનાં ધોરણો

૩૦. પ્રાચીન, મધ્યકાલીન અને અર્વાચીન — દરેક યુગમાં વિધિયુક્ત શુદ્ધિ અને અશુદ્ધિને ઘણું જ મહત્ત્વ અપાતું. હિંદુ સમાજ-વ્યવસ્થાનું એ આગળ પડતું લક્ષણ હતું. શુદ્ધિ વિવિધ પ્રકારે પળાતી. પ્રથમ અને સૌથી આગળ પડતી શુદ્ધિ તે જાતિ કે જન્મની શુદ્ધિ. એને લીધે લોકો પોતાનાથી ઊતરતી કોટિના સાથે લોહીનો સંબંધ બાંધતાં અટકતા. 'બીજશુદ્ધિ' એ સૌથી વધુ સાચવવા જેવો નિયમ ગણાતો. પોતાનું વંશવૃક્ષ યાદ રાખવા લોકો ખાસ તસ્દી લેતા. લૂંટારા સરદારો પણ પોતાનું મૂળ મહાન ઋષિઓ અથવા પ્રાચીન રાજાઓ સુધી શોધવામાં ગૌરવ લેતા. આ શુદ્ધિના ખ્યાલને લીધે વિધવા પુનર્લગ્નનો નિષેધ થયો અને ક્રમે ક્રમે સામાજિક અભિમાન વધતું ગયું. જ્ઞાતિ જ્ઞાતિ વચ્ચેનાં લગ્ન અને ભોજન-વ્યવહારની પણ મનાઈ થઈ. હલકી જ્ઞાતિના હાથે પાણી લેવાનું પણ નિષિદ્ધ ગણાવા લાગ્યું. જે લોકો આ નિયમોનો ભંગ કરે તેમને શુદ્ધ કરવાના નિયમો ઠર્યા. ખાનપાનના નિષેધો ડુંગળી અને લસણને પણ લાગુ પાડવામાં આવ્યા. એ જ નિયમને લીધે કેટલીક જ્ઞાતિઓ અસ્પૃશ્ય ગણાઈ. દક્ષિણમાં આ અસ્પૃશ્યતાને કેટલીક વાર એટલી હદે લઈ જવામાં આવી કે કેટલીક હલકી જ્ઞાતિઓ ઉચ્ચ જ્ઞાતિનો સ્પર્શ તો ન જ કરી શકે, પરંતુ અમુક અંતર સુધી તેમની નજીક પણ ન જઈ શકે એવા નિયમો થયા. વળી કેટલીક રૂઢિઓ બીજી કરતાં ચડતી-ઊતરતી ગણાઈ. દાખલા તરીકે, જેઓ પોતાના મામાનાં દીકરા-દીકરીને ન પરણે તે

ઉચ્ચ ગણાય. શુદ્ધિનો આ વિચાર ધંધામાં પણ પ્રવેશ્યો. બળદ વડે ખેતી કરી પકવેલો ખોરાક પણ હલકો ગણાયો. ઋષિઓનો ખોરાક 'મુન્યન્નમ' કહેવાયો અને તે કોદાળી વડે ખેતી કરીને પકવવામાં આવતો. ખેતી કરવામાં જીવડાં મરતાં હોવાથી ખેતીનો ધંધો હલકો ગણાયો. એ જ રીતે પક્ષી પકડનાર, શિકાર કરનાર અને ખાટકી હલકા ગણાયા.

## જ્ઞાતિભેદ કેવી રીતે વધ્યા

૩૧. આ ફેરફારોને લીધે વિવિધ કોમોનાં નૈતિક અને સાંસ્કારિક ધોરણોમાં ફેર પડ્યો, અને વિવિધ જ્ઞાતિઓ વચ્ચે ભેદ વધવા લાગ્યો. જન્મ, લગ્ન અને મરણ પ્રસંગોએ પાળવાના વિવિધ પ્રકારના રીતરિવાજો યોજાયા. આ રીતરિવાજો પાળવા બાબતમાં દેશના જુદા જુદા ભાગોમાં કડકાઈનું પ્રમાણ ઓછુંવત્તું રહેતું. દાખલા તરીકે, ઉત્તરમાં કેટલીક શૂદ્ર જ્ઞાતિઓ પાસેથી રાંધેલો ખોરાક અને પાણી લઈ શકાતાં, ત્યારે દક્ષિણમાં એ બાબતમાં વધુ કડકાઇ રહેતી.

## ગામડાંમાં જ્ઞાતિનાં બંધનો

૩૨. જ્ઞાતિનાં બંધનો વધુ કડક બનતાં, ગામડાંમાં કેટલીક જ્ઞાતિઓને અલગ પાડવામાં આવી. એટલે આજે ગામડાંમાં આવી જ્ઞાતિઓ માટે અલગ વાસ જોવામાં આવે છે. આ પદ્ધતિ ફેલાતાં અને વધુ કડક બનતાં નીચલી જ્ઞાતિઓ ઉપર કેટલાંક બંધનો મૂકવામાં આવ્યાં. દાખલા તરીકે, તેમણે ઘોડે બેસવાનું નહીં, જ્યાં ઉચ્ચ વર્ણના લોકો રહેતા હોય ત્યાં તેઓ લગ્નના વરઘોડા કાઢી શકે નહીં. ધંધાની પસંદગીમાં ઘણું નિયંત્રણ હતું. લોકો આ રીતરિવાજોથી એવા ટેવાઈ ગયા છે કે, જે હલકો અથવા અપવિત્ર ગણાય તેવો કોઈ ધંધો કેટલીક જ્ઞાતિઓ પોતાના માણસોને કરવા દેતી નથી. ઉપલી જ્ઞાતિઓ હાથમજૂરીવાળાં કામોને હલકાં ગણતી, તેથી આજીવિકાર્થે એવાં કામો



કરનાર જ્ઞાતિઓ હલકી ગણાતી. હાલ શહેરોમાં આ બાબતમાં સ્પષ્ટ પરિવર્તન આવેલું દેખાય છે. પરંતુ ગામડાંમાં જ્ઞાતિબંધન તેનાં તમામ સ્વરૂપોમાં કાયમ છે.

## પ્રચલિત જ્ઞાતિવાદ

૩૩. જ્ઞાતિના આચારવિચાર લોકોમાં એટલા ઊંડા ઊતર્યા છે કે એમાંથી છટકવું કોઈ પણ જ્ઞાતિ માટે સહેલું નથી. ભણેલા અને પોતાને જ્ઞાતિના વિરોધી કહેનારા લોકો પણ એનાથી મુક્ત નથી. જાણ્યે-અજાણ્યે તેઓ એવી રીતે વર્તે છે કે તેથી જ્ઞાતિપ્રથાની જીવાદોરી લંબાય છે. વ્યક્તિ તેને મળેલા વારસાગત શિક્ષણને લીધે તેમ જ ટેવને લીધે પોતાની જ્ઞાતિ પ્રત્યે ઊંડી વફાદારી ધરાવે છે. આ વફાદારી એટલી ઊંડી છે કે તે હાનિકારક હોવાની બુદ્ધિથી ખાતરી થવા છતાં માણસ તેને છોડી શકતો નથી. એના મગજમાં જ્ઞાતિભેદ એવા દૃઢ થયેલા છે કે તે તેને સ્વાભાવિક માને છે.

## જ્ઞાતિભેદ ભૂંસવા ભગીરથ પુરુષાર્થની જરૂર

૩૪. આ રીતે જ્ઞાતિભેદને લીધે જામેલા પૂર્વગ્રહો નાબૂદ કરવાનું કામ નાનુંસૂનું નથી. એક જ્ઞાતિ અને બીજી જ્ઞાતિના માનવી વચ્ચેનું સામાજિક અંતર ભૂંસી નાખવાનું સહેલું નથી. આવા અટપટા અને સંગઠિત સમાજમાં કંઈ પણ પરિવર્તન લાવવા માટે ભગીરથ પુરુષાર્થની જરૂર પડે તેમ છે.

## સમાજના નેતાઓનું નિષ્ઠુર વલણ

૩૫. છેક મધ્યકાલથી સમાજના નેતાઓનું વલણ નિષ્ઠુર રહેલું છે. મનુ જેવા શાસ્ત્રકારે પણ પોતાના માનવબંધુઓ તરફના અસામાજિક વર્તાવને ટેકો આપેલો છે. તેમણે લખ્યું છે કે શૂદ્રને શાસ્ત્ર ભણવાનો અધિકાર નથી; તેણે ડાઘા વિનાનાં તદ્દન સ્વચ્છ વસ્ત્રો પહેરવાં નહીં;

તેમ ઉચ્ચ વર્ણના લોકોની સમક્ષ વાહનમાં બેસી ફરવું નહીં અને ઉચ્ચ વર્ણનો કોઈ માણસ પોતાની નજીકથી પસાર થતો દેખાય ત્યારે શૂદ્રે નીચા નમી તેને માન આપવું.

### જ્ઞાતિભેદનો વારસો

૩૬. આ સામાજિક આચારવિચારના નિયમોની પાછળ પદ્ધતિસરનું દમન રહેલું હતું. સમાજના નેતાઓએ માન્યું કે બહુજન-સમાજને અજ્ઞાન અને ગરીબ રાખવાથી જ ઉપલા વર્ગો સલામત રહી શકશે. તેમણે બહુજનસમાજને કહ્યું કે પ્રચલિત સમાજવ્યવસ્થા ઈશ્વરે બનાવેલી છે. આ વ્યવસ્થા ટકાવી રાખવા તેમણે કર્મ અને પુનર્જન્મના સિદ્ધાન્તોનો દુરુપયોગ કર્યો. તેમણે લોકોને સમજાવ્યું કે જો તમે સમાજના નિયમોનું ઉલ્લંઘન કરશો તો પરલોકમાં તમારે સહન કરવું પડશે; અને જો તમે નમ્ર, આજ્ઞાધીન અને સેવાભાવી રહેશો તો આવતે જન્મે તમને ઉચ્ચ વર્ણમાં અવતાર મળશે. સતત પ્રચારને લીધે આ વિચારો લોકમાનસમાં દૃઢ થયા. તે એટલા ઊંડા ઊતરેલા છે કે આજે પણ ગામડામાં લોકો માને છે કે બાપદાદાના વખતથી ચાલતી આવેલી સમાજની પ્રથા ઉત્તમ છે; અને તેને ધર્મ અને નીતિનો ટેકો હોવાથી તે ઈશ્વર પ્રણીત છે. ગરીબ અને અજ્ઞાન લોકો માને છે કે પ્રાચીન વર્ણવ્યવસ્થાએ લાદેલાં બંધનો, નિયંત્રણો અને અપમાનોને તાબે થવું એમાં જ સામાજિક સદ્‌ગુણ રહેલો છે. અસ્પૃશ્યોને દબાયેલા રાખવા અથવા અન્ય પછાત વર્ગોને તુચ્છકારવા એમાં કશું ખોટું નથી, એમ ઉપલા વર્ગના ઘણા લોકો પ્રામાણિકપણે માને છે. આ અસર એટલી વ્યાપક છે કે સરકારે દાખલ કરેલા સુધારા પણ કળિયુગની અસર સમજી રૂઢિચુસ્તો નાછૂટકે અપનાવે છે. પરિણામે એક બાજુ સુધારાને નીચે મોંએ પાળવામાં આવે છે, પણ બીજી બાજુ તેને પરિણામે લોકોમાં સામાજિક દૃષ્ટિપરિવર્તન થતું નથી.



### માનવ વ્યક્તિનો ઇન્કાર

૩૭. વિચિત્ર તો એ છે કે ભૂતકાળમાં સુધારકોએ કરેલા પ્રયાસો-ને પરિણામે જ્ઞાતિ ભૂંસાઈ નથી, પણ સુધારકોના અનુયાયીઓની નવી જ્ઞાતિઓ જન્મી છે. આ રીતે સુધારાઓને સમાજથી અલગ પાડી નાખવામાં આવે છે, ને તેમનો ફેલાવો થવા દેવામાં આવતો નથી. આદિકાળથી આ દેશમાં આવું બનતું આવ્યું છે. એનું કારણ એ છે કે જ્ઞાતિપ્રથાની આખી કલ્પનામાં માનવ વ્યકિતત્વને પૂરતું માન આપવામાં આવ્યું નથી અને તેને માન્ય રાખવામાં આવ્યું નથી. વળી જ્ઞાતિનો આ વિચાર હિંદુ માનસમાં એટલો ઘર કરી બેઠો છે કે જ્ઞાતિભેદની જડતા હલકી જ્ઞાતિઓમાં વધારે છે.

વિરાટ સંખ્યાના લોકોનું પછાતપણું દૂર કરવા જે પગલાં ભરવાનાં છે તેની પાર્શ્વભૂમિ આવી છે.

### બ્રિટિશ અમલની હિંદુ સમાજવ્યવસ્થા ઉપર અસર

૩૮. વખત જતાં હિંદુ સમાજવ્યવસ્થા વધારે જડ બની. તેની તાકાત અને પ્રગતિશીલતા ઘટી ગઈ. અંગ્રેજોએ આ દેશમાં પોતાનું સ્થાન જમાવ્યું ત્યાં સુધીમાં તેમાં અનેક અનિષ્ટ લક્ષણો દાખલ થયાં હતાં. આજ સુધી સંજોગો પ્રમાણે બદલાતા હિંદુશાસ્ત્રને કાયદાનું રૂપ આપી અંગ્રેજોએ હિંદુ કાયદાને સ્થિતિચુસ્ત અને પ્રગતિરહિત બનાવ્યો.

### પ્રાચીન અર્થવ્યવસ્થા અને સમાજવ્યવસ્થાનો મેળ

૩૯. ગામડાંની પ્રાચીન અર્થવ્યવસ્થાએ સમાજવ્યવસ્થાને ઘણી પુષ્ટિ આપી હતી. પરદેશીઓના હુમલા, આંતરવિગ્રહો અને રાજા-ઓના સંગ્રામો — આ સર્વની સામે આ વ્યવસ્થા ટકી રહી હતી. યુદ્ધને પરિણામે ગામડાં એક રાજાના હાથમાંથી બીજાના હાથમાં જતાં

તોપણ ગામડાંની આંતરિક અર્થવ્યવસ્થાને આંચ આવતી નહીં. ખેડૂત, વણકર, સુથાર, હજામ, ધોબી અને બીજાઓની આબાદીનો આધાર, રાજકીય ઊથલપાથલોથી અલિપ્ત રહી, પોતપોતાના રોજિંદા વ્યવસાય ચાલુ રાખવા ઉપર રહેતો. ઓગણીસમી સદીના આરંભ સુધી આ પ્રમાણે હતું. એ સમયના હિંદી ગ્રામપ્રજાસત્તાકો વિશે અંગ્રેજ રાજકર્તાઓએ વખાણ કરેલાં છે. આ અર્થવ્યવસ્થા બ્રિટિશ અમલથી તૂટી ગઈ.

## બ્રિટિશ નીતિએ એ મેળ તોડી નાખ્યો

૪૦. હિંદમાં બ્રિટિશ નીતિ મુખ્યત્વે કાયદો અને વ્યવસ્થા જાળવવા યોજવામાં આવી હતી. તેનું ધ્યેય કર ઉઘરાવવાનું અને બ્રિટિશ માલ માટે અનિયંત્રિત બજાર ટકાવવાનું હતું. તેમની કેન્દ્રિત રાજ્યવ્યવસ્થાએ દેશની પ્રાચીન અર્થવ્યવસ્થાને તદ્દન છિન્નભિન્ન કરી નાખી. એની જમીન-નીતિએ જમીનદારોનો એક નવો વર્ગ ઊભો કર્યો અને લાખો લોકોને ગણોતિયા અને ખેતમજૂરોની કોટિમાં ઉતારી દીધા. પરદેશી માલની અનિયંત્રિત હરીફાઈએ સ્થાનિક ગૃહ અને ગ્રામઉદ્યોગોને બેસાડી દીધા, અને કારીગર અને ધંધાદારી વર્ગો બેકાર બનવાથી ખેતમજૂરોની સંખ્યામાં અસાધારણ ઉમેરો થયો. ખેતીનો વિકાસ ન થવાથી ગ્રામપ્રજાની ગરીબીમાં વધારો થયો. ગરીબાઈને લીધે અજ્ઞાન અને નિરક્ષરતા વધ્યાં.

## બ્રિટિશ કેળવણીનાં પરિણામ

૪૧. અંગ્રેજોની કેળવણી-નીતિ મુખ્યત્વે થોડા નીચલી પાયરીના સરકારી નોકરો તૈયાર કરવા યોજવામાં આવી હતી. તેણે મુખ્યત્વે ઉપલી જ્ઞાતિઓનો બનેલો એક નવો મધ્યમ વર્ગ સર્જ્યો. અંગ્રેજી કેળવણીએ ઉપલા વર્ગો અને જનસમાજ વચ્ચે ખાઈ ઊભી કરી. શહેરો વધ્યાં અને ત્યાં ઉદ્યોગો સ્થપાયા. આને લીધે ગામડાંનો બુદ્ધિશાળી અને નેતાવર્ગ શહેરો તરફ તણાઈ ગયો. ભાગલા પાડીને રાજ્ય



કરવાની નીતિ, અલગ મતદારમંડળો, દક્ષિણમાં બ્રાહ્મણેતરોને અપાયેલો વિશિષ્ટ દરજ્જો — આ બધાથી હિંદમાં જે કંઈ ઐક્ય હતું તેમાં ફાટ પડી. રાજકર્તાઓએ ઇરાદાપૂર્વક લોકોમાં અવિશ્વાસ ખીલવ્યો. આ તબક્કે સમાજને તેના બદલાયેલા સંજોગો સામે જાગ્રત કરવા રાજા રામ મોહન રાય, દયાનંદ સરસ્વતી, સ્વામી વિવેકાનંદ, ન્યાયમૂર્તિ રાનડે, લાલા લજપતરાય અને બીજા બહાર આવ્યા.

## લોકોની સ્થિતિ સુધારવા સ્થપાયેલી રાજકીય સંસ્થાઓ

૪૨. હિંદ ગરીબ થતો જાય છે, અને હિંદીઓના હિત પ્રત્યે દુર્લક્ષ અપાય છે એવું ભાન થતાં, લોકોની સ્થિતિ સુધારવા દેશના આગેવાનો-એ રાજકીય સંસ્થાઓ સ્થાપવાનો વિચાર કર્યો. એ સંજોગોમાં હિંદી રાષ્ટ્રીય મહાસભા(કોંગ્રેસ)નો જન્મ થયો અને ત્યારથી એણે લોકોની પ્રગતિ માટે કામ કર્યા કર્યું છે. પરંતુ કોંગ્રેસનો કાર્યક્રમ ખરેખરો ગતિશીલ તો જ્યારે મહાત્મા ગાંધીએ એનું નેતૃત્વ લીધું ત્યારે થયો. રાજકીય સ્વાતંત્ર્ય મેળવવા માટે સામાજિક સંગઠનની જરૂર સૌથી પ્રથમ એમને સમજાઈ હતી. અસ્પૃશ્યતામાં રહેલું હીણપત, સામાજિક ભેદભાવ અને અસમાનતામાં રહેલો અન્યાય — એ બધા પ્રત્યે તેમણે જાહેર જનતાનું ધ્યાન કેન્દ્રિત કર્યું. તેમને ખ્યાલ આવ્યો કે હિંદીઓની ગરીબાઈ જૂના ગ્રામ અર્થતંત્રની શિથિલતાને લીધે અને ગૃહ-ગ્રામ-ઉદ્યોગો નાશ પામવાને લીધે છે. તેમણે અસ્પૃશ્યતાનિવારણ, હિંદુ-મુસલમાન-ઐક્ય, ખાદી અને બીજા ગ્રામોદ્યોગોનો પુનરુદ્ધાર — એ સર્વ માટે અવિરત ઝુંબેશ ચલાવી. ચાલુ કેળવણીના દોષો ધ્યાનમાં લઈ, તેમણે દેશના સંજોગોને વધારે માફક આવે એવી બુનિયાદી કેળવણીની પદ્ધતિ વિકસાવી. અંગ્રેજીને સ્થાને આખરે હિંદી ભાષા પ્રચારમાં આવે તે હેતુથી તેમણે હિંદીનો પ્રચાર કર્યો. આ રીતે તેમણે ઐક્યનું બળ પ્રકટાવ્યું; અને જ્ઞાતિ, વર્ણ કે સંપ્રદાય ગમે તે હોય તોપણ બધા એકસાથે કામ કરી શકે તેવાં કાર્યક્ષેત્રો પૂરાં પાડ્યાં. એમના પૂના કરારે લાખો

અસ્પૃશ્યોને હિંદુ કોમમાંથી છૂટા પડતા અટકાવ્યા. આ બધું કોઈ પણ સામાજિક ઘર્ષણ વિના એમણે કર્યું. એમણે દાખલ કરેલી સમાજ-સુધારાની પ્રક્રિયાથી હિંદુ સમાજવ્યવસ્થાનાં કેટલાંક દૂષણો સાફ થવા લાગ્યાં. કેટલાટ ઉચ્ચ વર્ણના લોકો હલકી વર્ણના લોકો સાથે છૂટથી ભળ્યા, એટલું જ નહીં પણ તેમણે એ વર્ણના ઉદ્ધાર માટે કામ કર્યું.

## બ્રિટિશ યુગમાં જ્ઞાતિઓ ઉપર થયેલી અસર

૪૩. બ્રિટિશ રાજ્યવહીવટનું સૌથી વધારે ધ્યાન ખેંચે એવું લક્ષણ એ છે કે બધા ઉપલી જ્ઞાતિઓના લોકો સરકારી અને તેના જેવી બીજી નોકરીઓમાં ગોઠવાયા હતા. જે જ્ઞાતિઓ વંશપરંપરાથી વેપારમાં રોકાયેલી હતી તેમને બ્રિટિશ વેપારીઓના દલાલો અને ગુમાસ્તાઓ બનવું પડ્યું હતું. આ જ્ઞાતિઓ પણ ધનવાન અને આગેવાન બની. જે પાછળ રહ્યા તે નાના ખેડૂતો, કારીગરો, ખેતમજૂરો અને અસ્પૃશ્યો હતા. તેઓ ગરીબ, અજ્ઞાન અને અભણ રહ્યા, તેથી આગળ વધવાની શક્તિ તેમનામાં રહી નહીં. એવા લોકો રાષ્ટ્રવિરોધી લક્ષણોવાળી જ્ઞાતિના જૂના વિચારને વળગી રહ્યા.

## જ્ઞાતિસંસ્થાનું પલટાતું સ્વરૂપ

૪૪. આધુનિક સગવડો વધતાં જ્ઞાતિસંસ્થાની કેટલીક જડતા ધીમે ધીમે ઘટતી જાય છે. રેલવે આવી, હોટલો અને વીશીઓ સ્થપાઈ. એનાથી જ્ઞાતિનાં બંધનો વધારે શિથિલ થતાં ગયાં છે. સમાજ, બેશક, સમય સાથે બદલાઈ રહ્યો છે. આમ જ્ઞાતિ પોતે શિથિલ થતી જાય છે, તોપણ કેવળ ટેવ અને સ્વાર્થને લીધે લોકો જ્ઞાતિ પ્રત્યેની અંધ-શ્રદ્ધાને અને તેના પ્રત્યેની વફાદારીને વળગી રહ્યા છે. ચાર વર્ણનાં કર્તવ્યો ક્યારનાંયે ભુલાઈ ગયાં છે. જ્ઞાતિઓના આદર્શો હવે જળવાતા નથી. સ્થૂળ દૃષ્ટિએ પણ હવે જ્ઞાતિની ઉપયોગિતા મટી ગઈ છે.



## જ્ઞાતિપ્રથા અને શિક્ષણનો અભાવ

૪૫. જ્ઞાતિપ્રથાનું એક ખરાબ પરિણામ એ આવ્યું છે કે લોકોના મોટા ભાગને સામાન્ય શિક્ષણ આપવામાં આવ્યું નથી. બાળકને તેનાં માબાપ પાસેથી જે કંઈ શિક્ષણ મળતું તે તેના વંશગત ધંધાનું હતું. ઉપલા વર્ગોનું એક સામાન્ય લક્ષણ છે: તે એ કે તેમને શરીર-શ્રમનું કામ કરવું ગમતું નથી અને તેઓ તેને જેમ બને તેમ ટાળવા ફરે છે. અંગ્રેજોએ દાખલ કરેલી શિક્ષણપદ્ધતિ આ વર્ગોને આબાદ ફાવી ગઈ અને તેનાથી તેઓ સરકારી નોકરીઓમાં અને ઉદ્યોગોમાં આગળ આવ્યા.

## જ્ઞાતિ વિશે જવાહરલાલજી

૪૬. જ્ઞાતિના પ્રશ્નને જવાહરલાલજીએ ટૂંકમાં, પોતાની જોરદાર ભાષામાં, આ રીતે વર્ણવ્યો છે:

મધ્યમ વર્ગમાં વ્યાપેલા જ્ઞાતિના ત્રાસને તોડવા માટે, આપણા પોતાના સમયમાં, સંખ્યાબંધ ચળવળો જાગી છે. તેનાથી ફેર પડ્યો છે, પણ આમવર્ગને સંબંધ છે ત્યાં સુધી એ ફેર માર્મિક નથી. એમની પદ્ધતિ સીધો ઘા કરવાની હતી. પછી આવ્યા ગાંધીજી. તેમણે આ પ્રશ્ન હિંદની પ્રાચીન પદ્ધતિએ, એટલે પરોક્ષ પદ્ધતિએ અજમાવ્યો. તેમણે સારી પેઠે સીધી લડતો આપી છે, પોતે આક્રમક અને આગ્રહી રહ્યા છે. પરંતુ એ બધું એમણે ચાર વર્ણના પાયામાં રહેલા 'કર્માનુસારી'-ના મૂળ સિદ્ધાંતને છંછેડ્યા વિના કર્યું છે. એમણે જ્ઞાતિના પાયાને ક્યારના હચમચાવી દીધા છે. અને આમવર્ગ ઉપર તેની જોરદાર અસર થયેલી છે. પરંતુ ગાંધીજી કરતાં પણ મોટી સત્તા કામ કરી રહી છે. તે છે આધુનિક જીવનના સંજોગો. એટલે એમ લાગે છે કે આખરે ભૂતકાળના આ વૃદ્ધ અને જિદ્દી અવશેષે મરણશરણ થવું જ પડશે.

જ્ઞાતિ કલ્પના અને તેના વ્યવહારમાં અમીરી આદર્શ વણાયેલો

છે. દેખીતી રીતે જ તે લોકશાહી આદર્શની વિરુદ્ધ છે. એમાં 'અધિકાર પાછળ જવાબદારી રહેલી છે' એવી તીવ્ર ભાવના હતી. પરંતુ તે એ શરતે કે લોકો પોતપોતાના વંશગત સ્થાનને વળગી રહે અને સ્થાપિત વ્યવસ્થાને છંછેડે નહીં. હિંદના વિજયો અને સિદ્ધિઓ એકંદરે ઉપલા વર્ગોમાં મર્યાદિત રહ્યાં હતાં. નીચલા વર્ગોને બહુ ઓછા પ્રસંગો મળતા અને તેમની તકો મર્યાદિત હતી. આ ઉપલા વર્ગો એ નાનાં, મર્યાદિત જૂથો નહોતાં, પણ તેમની સંખ્યા મોટી હતી અને સત્તા, અધિકાર અને લાગવગ પણ તેમનામાં વહેંચાયેલાં હતાં. આને લીધે તેઓ ઘણો લાંબો સમય સફળતાથી ટકી શક્યા. પરંતુ જ્ઞાતિપ્રથા અને હિંદી સમાજરચનાની આખરી નિર્બળતા અને ખામી એવી હતી કે તેણે માનવીઓના એક મોટા ભાગને હલકો પાડ્યો અને તેમાંથી શૈક્ષણિક, સાંસ્કારિક કે આર્થિક રીતે બહાર આવવાની તેને તક ન આપી. આ સ્થિતિએ અધોગતિ આણી. તેમાં ઉપલા વર્ગો પણ આવી ગયા. એમાંથી જડતા આવી, જે હિંદના અર્થતંત્ર અને સમગ્ર જીવનનું લક્ષણ બની. આ સમાજબંધારણ અને ભૂતકાળમાં અન્યત્ર થઈ ગયેલાં સમાજબંધારણ વચ્ચે ઝાઝો તફાવત ન હતો, પરંતુ છેલ્લી થોડી પેઢીઓ-માં જગતભરમાં થયેલા ફેરફારોને લીધે આ તફાવત વધારે દેખાઈ આવે છે. સમાજના આજના સંઘર્ષમાં જ્ઞાતિપ્રથા અને તેની સાથે સંબંધ ધરાવતું બીજું ઘણું, તદ્દન અસંગત, પ્રત્યાઘાતી, પ્રતિબંધક અને પ્રગતિને રોકનારું છે. એના ચોકઠામાં સમાન દરજ્જો અને સમાન તક સંભવી શકે નહીં. તે જ રીતે રાજકીય લોકશાહી સંભવે નહીં, અને આર્થિક લોકશાહી તો એથીયે ઓછી સંભવે. જ્ઞાતિ અને લોકશાહીના આદર્શો વચ્ચે ઘર્ષણ જન્મજાત છે. અને તે બેમાંથી એક જ આખરે જીવતું રહી શકે.*

---

* શ્રી જવાહરલાલ નેહરુકૃત 'ડિસ્કવરી ઑફ ઇન્ડિયા,' પ્રકરણ ૬, પૃ. ૨૩૪ (તૃતીય આવૃત્તિ)



# પ્રકરણ ત્રીજું

## વિશિષ્ટ કોમોના પ્રશ્નો

### મુસલમાનો

૧. કેટલીક મુસલમાન સંસ્થાઓના પ્રતિનિધિઓએ એવી માગણી કરી હતી કે તમામ મુસલમાનોને પછાત ગણી, તેમને શૈક્ષણિક મદદ અને સરકારી નોકરીઓમાં પૂરતું પ્રતિનિધિત્વ આપવાં જોઈએ. આ માગણી મુજબ, તમામ મુસલમાનોને પછાત ગણવા એ વાજબી કે ન્યાયી ગણાય નહીં. કોમી બંધારણની રીતે મુસલમાનો કોઈ જ્ઞાતિને માન્ય રાખતા નથી. અસ્પૃશ્યોની બાબતોમાં પણ આ દૃષ્ટિએ તેમણે બાંધછોડ કરી નથી. મસીદમાં અને જમાતોમાં ભોજન વખતે તમામ મુસલમાનોને — પછી તે ગમે તે વંશના હોય કે જ્ઞાતિના હોય તોપણ — સરખા ગણવામાં આવ્યા છે. પરંતુ ધીમે ધીમે મુસલમાન સમાજ જ્ઞાતિની અસરને વશ થયો અને તેણે તેની પુરાણી પવિત્રતા ગુમાવી. મોગલ અને પઠાણ, શેખ અને સૈયદ — એ જાતીય ભેદો અત્યાર સુધી ચાલુ રહ્યા છે, જોકે તેમાં ઊંચનીચનો ખ્યાલ નથી. આમ છતાં મુસલમાનો પણ કેટલાક ધંધાને હલકા ગણે છે. એ રીતે એમનામાં પણ ઊંચનીચના ભેદ ઊતર્યા છે અને આજે એમનામાં એવી સંખ્યાબંધ કોમો છે જે સામાજિક રીતે હલકી ગણાય છે અને તેથી શૈક્ષણિક દૃષ્ટિએ પછાત છે. મુસલમાન સમાજમાં આજે પ્રવર્તતી આ

અધોગતિને અમે માન્ય રાખી છે અને આવી પછાત કોમોનાં નામો 'અન્ય પછાત વર્ગો'ની યાદીમાં ઉમેર્યાં છે.

## ખ્રિસ્તીઓ

૨. પછાત વર્ગ પંચની નિમણૂકથી હિંદી ખ્રિસ્તીઓના નેતાઓ અસ્વસ્થ બન્યા હતા. કદાચ તેમને લાગ્યું હશે કે અન્ય પછાત વર્ગોને જે અધિકારો, સવલતો અને સગવડો મળશે તે તેમને નહીં મળે. એમણે પોતાની કોમનું પછાતપણું માન્ય રાખી, અન્ય પછાત વર્ગોના જેવી જ સરકારી મદદ તેને મળે એવી પંચ સમક્ષ માગણી કરી. એમની દલીલ એ હતી કે ધર્માંતર કરી ખ્રિસ્તી થયેલા, ખાસ કરીને અનુસૂચિત જ્ઞાતિઓમાંથી આવેલા લોકો ખ્રિસ્તી સમાજમાં પણ પોતાનું જૂનું કલંક સાથવી રહ્યા છે અને સામાજિક બંધનો ભોગવે છે.

૩. મદ્રાસ અને આંધ્ર સરકાર ધર્માંતર પામેલ માત્ર પ્રથમ પેઢીને જ શૈક્ષણિક મદદ માટે માન્ય રાખે છે. બીજી બાજુ હિંદ સરકારના કેળવણી પ્રધાનની કચેરીએ અનુસૂચિત જ્ઞાતિઓમાંથી બનેલા ખ્રિસ્તીઓને 'અન્ય પછાત વર્ગો' તરીકે માન્ય રાખ્યા છે.

૪. ખ્રિસ્તી સમાજે જ્ઞાતિને કદી માન્ય રાખી નથી. લગ્ન, ભોજન-વ્યવહાર અને વિધવા પુનર્લગ્નની બાબતના નિષેધો આ સમાજમાં પદ્ધતિપૂર્વક નકારવામાં આવ્યા છે. એમનામાં જ્ઞાતિઓને અલગ પાડવામાં આવી નથી. અને તેમ છતાં અમે જોયું કે દક્ષિણ હિંદના કેટલાક ભાગોમાં અનુસૂચિત જ્ઞાતિઓમાંથી બનેલા ખ્રિસ્તીઓને અલગ પાડવાની પદ્ધતિનો પૂરેપૂરો ત્યાગ કરવામાં આવ્યો નથી. અમને કહેવામાં આવ્યું હતું કે આ અલગ પાડવાની પ્રથા સાંસારિક બાબતોથી આગળ વધીને દેવળો સુધી પણ પહોંચી છે. પરિણામે કેટલીક વાર ઉપલા વર્ગના ખ્રિસ્તીઓ પોતાની સાથે હરિજન ખ્રિસ્તીઓને પ્રાર્થના કરવા દેતા નથી. અમને એમ કહેવામાં આવેલું કે દક્ષિણમાં કેટલેક સ્થળે આ લોકોને



અલગ કબ્રસ્તાનો રાખવાની ફરજ પાડવામાં આવે છે. આ અખ્રિસ્તી પરિસ્થિતિનો અમે ઇન્કાર કરી શકયા નથી. તેથી અમે ભલામણ કરી છે કે આવી કોમોને, ખાસ કરીને દક્ષિણમાં, પછાત તરીકે માન્ય કરવી જોઈએ અને અન્ય પછાત વર્ગોને જે સવલતો અને સગવડો આપવામાં આવે તે તેમને પણ આપવી જોઈએ. દક્ષિણની માફક અન્યત્ર પણ આવી સ્થિતિ માલૂમ પડે તો આ ધોરણ ત્યાં પણ લાગુ પાડવું જોઈએ.

૫. કોમી ધોરણે અપાતી સરકારી મદદો તેનાં પ્રત્યાઘાતી જોખમથી કદી મુકત રહેતી નથી. અમે એને સ્વીકારી છે તે યુગ જૂનાં અનિષ્ટને નાબૂદ કરવા માટે. અમે અમારું બધું બળ વાપરીને કહીએ છીએ કે કોમી ધોરણે અપાતી મદદો કાયમને માટે ન હોવી જોઈએ. આવી મદદ થોડા વખત માટે ભલે અપાય. પરંતુ પછીથી એ બંધ થવી જોઈએ. નહીં તો પછાતપણું નાબૂદ કરવા જતાં આપણે નિરાધારપણું અને બેઠાખાઉ વૃત્તિને ઉત્તેજન આપીશું.

## ભંગીઓ

૬. હરિજનો અમારા કાર્યક્ષેત્રમાં આવતા નથી, છતાં આ જાગ્રત કોમે અમને તેમની સ્થિતિ તપાસવાની ફરજ પાડી હતી. અમે તેમના વાસમાં જઈ તેમની પરિસ્થિતિનો અભ્યાસ કર્યો હતો. એમની સ્થિતિને 'માનવ નહીં પણ મડાં' એવા શબ્દોથી જ વર્ણવી શકાય. ભંગીઓ આપણાં જાજરૂ સાફ કરે છે અને આપણું આરોગ્ય જાળવવામાં કંઇક મદદ કરે છે. ભંગી ન હોય તો આખી વસ્તીને ચેપી રોગના ભોગ બનવું પડે. અને છતાં આ જ ભંગીઓને સૌથી ગંદાં સ્થળોએ રહેવાની ફરજ પાડવામાં આવે છે. કેટલેક સ્થળે તેમના માથા ઉપર મેલું લઈ જવાનું તેમને કહેવામાં આવે છે. જે સમાજ માનવજાતિના એક વર્ગ પાસે આવું અપમાનકારક અને હીણપતભર્યું કામ કરાવવાની આશા રાખે

તેણે શરમાવું જોઈએ. ભંગીઓનાં રહેઠાણ સુધારવા માટે પૈસા નથી એ દલીલ પોકળ છે. સુધરાઈના સભ્યોને પોતાના કારકુનો અને ચપરાસીઓ માટે જે લાગણીઓ દેખાય છે તે લાગણીઓ જો આ કમનસીબ ભંગીઓ માટે હોત તો તેમને સ્વચ્છ ઘરોમાં રહેવાની સગવડ કરવા નાણાં તેઓ મેળવી શક્યા હોત. એક બ્રિટિશ જેલમાં જાજરૂ સાફ કરવા પોતાના આશ્રમના એક બ્રાહ્મણ સાથીદારને પરવાનગી અપાવવા ગાંધીજીને અપવાસ કરવાની ધમકી આપવી પડી હતી. જેઓ મહાત્મા ગાંધીને રાષ્ટ્રપિતા કહેવાનો શોખ રાખે છે તેવા સુધરાઈ સભ્યોએ આપણી સંસ્કૃતિનું આ કલંક ધોવા પોતપોતાની રીતે કંઈક પ્રત્યક્ષ કાર્ય કરવું જોઈએ. ભંગીઓને ગામથી અલગ વાસોમાં તરછોડેલા રાખવા જોઈએ નહીં. તેમને ગામમાં વિવિધ સ્થળોએ વહેંચી નાખવા જોઈએ અને બીજા લત્તાઓમાં તેમને મકાન આપવાં જોઈએ.

**સ્ત્રીઓ**

૭. હિંદમાં સ્ત્રીઓની સ્થિતિ વિશિષ્ટ પ્રકારની છે. અમને હંમેશાં લાગ્યું છે કે તેઓ મોટી સામાજિક અગવડો ભોગવે છે અને તેથી તેમને એક વર્ગ તરીકે પછાત ગણવી જોઈએ. પરંતુ તેઓની અલગ જ્ઞાતિ નહીં હોવાથી એમને અમે પછાત વર્ગોની યાદીમાં મૂકી શક્યા નથી. ઉપલા અને મધ્યમ વર્ગમાં તેમની સ્થિતિ કંઈક સારી છે, છતાં એક વર્ગ તરીકે, આર્થિક રીતે તેઓને કુટુંબના પુરુષો ઉપર આધાર રાખવો પડે છે. પછાત વર્ગોમાં તો સ્ત્રીઓની સ્થિતિ એથી પણ ખરાબ છે. સમાજના પુનરુત્થાનમાં સ્ત્રીઓ અગત્યનો ભાગ ભજવી શકે તેમ છે તેથી તેમના પ્રશ્નોની નોંધ લીધા સિવાય અમે રહી શકતા નથી.

૮. પ્રાચીન હિંદમાં સ્ત્રીઓએ સમાજમાં ઉચ્ચ સ્થાનો શોભાવ્યાં હતાં. સ્ત્રીઓએ સાહિત્ય અને રાજ્ય-સંચાલનના ક્ષેત્રમાં જ નહીં, પરંતુ યુદ્ધક્ષેત્રમાં પણ અનન્ય વીરતા દાખવ્યાના દાખલાઓથી હિંદનો



ઇતિહાસ ભરપૂર છે. આવી વીરાંગનાઓને હિંદના લોકો આજે પણ ગૌરવ અને કૃતજ્ઞતાની લાગણીથી સંભારે છે. ગાંધીજીના સ્વાતંત્ર્ય-સંગ્રામમાં એમણે ભજવેલો ભાગ વીરતાભર્યો હતો. તેમને સામાજિક જુલમમાંથી મુક્ત કરવા ગાંધીજીએ લેખો લખ્યા હતા અને પ્રવૃત્તિઓ ચલાવી હતી. આઝાદ હિંદે સ્ત્રીઓને પુરુષોની સમાન રાજકીય દરજ્જો આપ્યો છે અને પ્રધાનમંડળોમાં, ધારાસભાઓમાં, એલચી કચેરીઓમાં અને અન્ય ક્ષેત્રોમાં હાલ સ્ત્રીઓ ઉચ્ચ દરજ્જા ધરાવે છે. તેમ છતાં, મોટા ભાગની સ્ત્રીઓ હજી પછાત છે.

૯. આપણા જાહેર જીવનમાં સુધરેલી જ્ઞાતિઓનું વર્ચસ્વ હોવાથી, જ્યારે આપણે સ્ત્રીઓની પ્રગતિની વાત કરીએ છીએ ત્યારે આપણા મનમાં આ વર્ગોની સ્ત્રીઓનો જ ખ્યાલ આગળ પડતો હોય છે. લાખો મજૂરો, કારીગરો અને ધંધાદારી વર્ગોની સ્ત્રીઓનો ભાગ્યે જ વિચાર કરવામાં આવે છે. આજે સ્ત્રીઓના ઉદ્ધારની પ્રવૃત્તિઓની ઘણી જરૂર છે.

૧૦. કેળવણીને પરિણામે લોકોના સામાજિક વિચારો બદલાતાં, મધ્યમ વર્ગમાં સ્ત્રીઓની સ્થિતિ સુધરતી જાય છે અને રાજકીય દૃષ્ટિએ તે પુરુષની સમાન છે. પરંતુ પછાત વર્ગોમાં સ્ત્રીઓનું સ્થાન વિલક્ષણ છે. એક રીતે, એ વર્ગોમાં, સ્ત્રી પુરુષની સમાન છે, કારણ કે તે પુરુષની સાથે કામ કરે છે, કુટુંબ સંભાળે છે, બજારમાં ખરીદી કરે છે અને ઘર ચલાવે છે. પરંતુ પરંપરાગત સામાજિક દરજ્જાની દૃષ્ટિએ જોઈએ તો એ વર્ગોમાં સ્ત્રીને ઘરવખરીથી વધારે માન અપાતું નથી. દેશના કેટલાક ભાગોમાં તેનું રીતસર ખરીદ-વેચાણ થાય છે. કેટલીક જ્ઞાતિઓમાં ફરજિયાત દિયરવટાનો રિવાજ હજી જોવામાં આવે છે. બહુપત્નીત્વ જ્યાં ચાલુ છે ત્યાં સ્ત્રીની સ્થિતિ ઘણી વિલક્ષણ બને છે. ઉત્તર હિંદમાં એકબે સ્થળે બહુપતિ કરવાનો રિવાજ હોવાથી ત્યાં તો સ્ત્રીની સ્થિતિ લગભગ અસહ્ય છે.

૧૧. સ્ત્રીઓ ઘણી સંસ્થાઓ ચલાવી શકી છે અને રાજકીય વાદવિવાદો વચ્ચે તેમણે હંમેશાં ધીરગંભીર વલણ દાખવેલું છે. એટલે રાષ્ટ્રીય પ્રવૃત્તિઓ ચલાવવામાં પુરુષથી વધારે નહીં તો તેના જેટલો ભાગ લેવા તેમને ઉત્તેજન આપવું જોઈએ. નાની ઉંમરનાં બાળકોને શિક્ષણ આપવાનું કામ કરવા માટે કેળવાયેલી સ્ત્રીઓ સૌથી વધારે લાયક હોય છે, કેમ કે તેઓ બાળકોને સારી રીતે સમજી શકે છે અને પ્રેમ ને સમભાવથી તેમનું ઘડતર કરી શકે છે. પછાત વર્ગોની સ્ત્રીઓ અજ્ઞાન, નિરક્ષર અને વહેમી હોવાથી તેમનો પ્રશ્ન ઉગ્ર બને છે.

૧૨. પછાત વર્ગોની કન્યાઓને શિક્ષણ માટે વધારે સારી સગવડો આપવી જોઈએ. તેમનામાં સમાનતા અને સ્વાશ્રયની દૃષ્ટિ આવે તે માટે તેમને તમામ કોમોનાં અલગ છાત્રાલયોમાં રહેવાનું ઉત્તેજન આપવું જોઈએ. પછાત વર્ગો માટે અમે સૂચવેલા તમામ સમાજસુધારા સ્ત્રીઓ મારફતે ઉત્તમ રીતે દાખલ કરી શકાય. પછાત વર્ગો સહિત તમામ કન્યાઓને બુનિયાદી શિક્ષણ આપવું જોઈએ. તેમને પંચકોસી ગ્રામશાળાઓનો લાભ લેવાનું અને સમતા આશ્રમોમાં રહેવાનું ઉત્તેજન આપવું જોઈએ. તમામ પ્રકારની મજૂરી કરીને આજીવિકા કમાવાનું તેમને પ્રોત્સાહન આપવું જોઈએ. કુટુંબખર્ચનું અંદાજપત્ર બનાવતાં તેમને શીખવવું જોઈએ. આધુનિક દુનિયા વિશે અને અત્યારે ખીલી રહેલી નવી સમાજરચના વિશે તેમને કંઈક ખ્યાલ આપવો જોઈએ. દેશમાં હરીફાઈ કરી રહેલી રાજકીય વિચારસરણીઓનો મર્મ તેમણે સમજવો જોઈએ. સુધરેલા વર્ગો અને પછાત વર્ગો વચ્ચે લગ્નોને ઉત્તેજન આપવું જોઈએ.

૧૩. તમામ ગ્રામસમિતિઓ, શિક્ષણ સમિતિઓ, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ અને દેશની ધારાસભાઓમાં સ્ત્રીઓને દાખલ કરવી જોઈએ. રાજકીય ક્ષેત્રોમાં ઉચ્ચ દરજ્જાની જગાઓ મેળવવા તેમને ઉત્તેજન આપવું જોઈએ અને મદદ કરવી જોઈએ.



૧૪. સ્ત્રીઓની પ્રગતિ માટે નીચે પ્રમાણે પગલાં લેવાની અમે ભલામણ કરીએ છીએ :

(૧) જેમનાં માબાપની વાર્ષિક આવક રૂ. ૩૦૦૦)થી ઓછી હોય તેવી તમામ કન્યાઓને બધી કક્ષાઓનું શિક્ષણ મફત આપવું.

(૨) પછાત વર્ગની કન્યાઓને શિષ્યવૃત્તિઓ આપવી.

(૩) કન્યાઓ માટે ગૃહશાળાઓ સ્થાપવી. તેમાં પછાત વર્ગોની કન્યાઓને અગ્રતા આપવી.

(૪) કન્યાઓ માટે સમતા આશ્રમો. તે તાલીમ પામેલાં સ્ત્રી-પુરુષો ચલાવે.

(૫) તબીબી, ગૃહવિજ્ઞાન અને સ્ત્રીઓને લાયક અન્ય વિષયો કન્યાઓને શીખવવા માટે ખાસ સગવડો ઊભી કરવી.

(૬) સ્ત્રીઓને લલિત કળાઓ અને સમાજસેવાનું શિક્ષણ આપવા વધારે સગવડો ઊભી કરવી.

## વેશ્યાઓ

૧૫. આ પતિત સ્ત્રીઓનો પ્રશ્ન સૈકાઓથી આપણી સમક્ષ પડેલો છે. મધ્યકાલીન સમયમાં વેશ્યાની સંસ્થાને એક અનિવાર્ય અનિષ્ટ ગણી માન્ય રાખવામાં આવી હતી. જગતભરનાં મંદિરોએ પણ એને માન્ય રાખી શંકાસ્પદ પવિત્રતા આપી હતી.

૧૬. વેશ્યાની સંસ્થા બેવડી રીતે તિરસ્કાર્ય છે. સ્ત્રીઓની નિરાધારતા અને હતાશાનું એ પરિણામ હોય છે, અને દરેક પ્રકારની અનીતિને પણ તે જન્મ આપે છે. તે રોગી માનસને દૃઢ કરે છે. અને ઘણી વાર નિષ્ફળ ગયેલા લગ્નમાંથી તે ઉદ્ભવે છે. તેમ છતાં વેશ્યાવૃત્તિને પોષવામાં સામાજિક અને આર્થિક કારણોએ સૌથી વધારે ભાગ ભજવ્યો છે.

૧૭. સૌથી વધુ અફસોસની વાત તો એ છે કે આ ધંધામાં જામી ગયેલ સ્ત્રીઓ એમાંથી બીજા ધંધામાં જવા ખુશી હોતી નથી. એમાં તેઓ સુખી હોય છે એમ નહીં, પણ ઘણી વાર તેમને લાયક બીજો ધંધો તેમને મળતો નહીં હોવાથી તેઓ આ હીન જીવનમાં સડયા કરે છે. એમના પ્રત્યે સહાનુભૂતિ દર્શાવે એવું કોઈ એમને સમાજમાં જડતું નથી. વેશ્યાવૃત્તિના બદલામાં તેમને સામાન્ય રીતે જે ધંધો બતાવવામાં આવે છે તે સખત મજૂરીનો હોય છે, અને તે પણ કડક સામાજિક બહિષ્કારવાળો. જુદા જુદા દેશમાં ઘણી પેઢીઓના અનુભવે સાબિત કર્યું છે કે વેશ્યાવૃત્તિને એક આવશ્યક દૂષણ તરીકે માન્ય રાખી તેનું વિવિધ રીતે નિયમન કરવાની નીતિ નિષ્ફળ ગયેલી છે.

૧૮. વિવિધ રાજ્યોમાં આવેલી ઘણી સંસ્થાઓ સરકારી અથવા સ્થાનિક મદદ વડે આ કમનસીબ સ્ત્રીઓને બચાવી તેમને સમાજમાં પુનઃ પ્રતિષ્ઠા આપવા શૈક્ષણિક પદ્ધતિઓ અજમાવે છે. પરંતુ આજ સુધી થયેલા પ્રયાસો પ્રશ્નની વિશાળતા જોતાં પૂરતા નથી. ઘણાં રાજ્યોની સરકારે આ દૂષણનો નાશ કરવા 'અનીતિનો ધંધો નાબૂદ કરનાર કાયદો' કરેલો છે. આ કાયદાનો અમલ સુધારણાને બદલે ઘણી વાર શિક્ષાનું કામ કરતો માલૂમ પડે છે. આવી સ્ત્રીઓને આશરો આપવા માટે વ્યવસ્થિત સંરક્ષણ ગૃહો નહીં હોવાથી, શિક્ષા પામેલી સ્ત્રીઓ પાછી પોતાના અસલ ધંધા તરફ વળે છે.

૧૯. સારી સ્થિતિની સ્ત્રીકાર્યકરો જ આ પ્રશ્નનો ઉકેલ શોધી શકે. પતિત સ્ત્રીઓને વેશ્યાવૃત્તિમાંથી બચાવી ઉપયોગી જીવનની તાલીમ આપવાનું વિશાળ સેવાક્ષેત્ર તેમને માટે પડેલું છે. સ્ત્રીઓ માટે સંરક્ષણ ગૃહો ખોલવાને ઘણો અવકાશ છે. અને સરકારે નાણાં તથા કાયદાથી એ પ્રવૃત્તિને મદદ કરવી જોઈએ. સંરક્ષણ ગૃહો આવી સ્ત્રીઓ માટે માત્ર આશ્રમો ન બનવાં જોઈએ. તેનું સંચાલન જવાબદાર



સમિતિઓના હાથમાં હોવું જોઈએ અને તેના ઉપર સરકારનું નિયમન હોવું જોઈએ. નહીં તો તે અનેક અનિષ્ટોનાં ધામ બનવા સંભવ છે. આદર્શ વ્યવસ્થા તો એ હોઈ શકે કે આવાં સંરક્ષણ ગૃહો સમાજસેવકોના — ખાસ કરીને સ્ત્રીઓના — સહકારથી સરકાર પોતે ચલાવે. આવી સંસ્થાઓમાં ખોરાક અને રહેવાની સગવડ ઉપરાંત સ્ત્રીઓને વિવિધ ઉપયોગી ધંધા શીખવવા જોઈએ, જેથી તેઓ કમાઈ શકે અને સમાજને ઉપયોગી નીવડી શકે. તેમના વિચારો બદલાય અને સામાન્ય પરિણીત જીવન જીવવાની તેમને વૃત્તિ થાય એવું શિક્ષણ તેમને આપવું જોઈએ. ભૂલથી વેશ્યાવૃત્તિમાં સપડાયેલી છોકરીઓને પરણવા આગળ આવી, પુરુષોએ આ સેવાકાર્યમાં મદદ કરવી જોઈએ. એમાં રહેલાં જોખમો એમણે ખેડવાં જોઈએ અને પોતાનાં ઘરો ભંગાય તે પણ સહન કરવા તૈયાર રહેવું જોઈએ. એમ કહેવાય છે કે ચીનમાં આ પ્રશ્નનો આ રીતે બે વર્ષમાં ઉકેલ લાવવામાં આવ્યો હતો.

## ગુનેગાર બાળકો

૨૦. ગુનેગાર બાળકોનો પ્રશ્ન અત્યંત ગૂંચવાડાભર્યો છે અને તેનું સ્વરૂપ શહેરોમાં તથા ગ્રામવિસ્તારોમાં જુદું જુદું છે.

૨૧. ગ્રામવિસ્તારોમાં કુટુંબજીવન ગમે તેટલું દુઃખી હશે તોપણ છિન્નભિન્ન થયેલું નથી. તેથી એ વિસ્તારોમાં ગુનેગાર બાળકોનો પ્રશ્ન બહુ વિકટ નથી. ગામડાં ગમે તેમ કરીને અનાથ બાળકોની જવાબદારી સ્વીકારી તેમને અપનાવી લે છે. અને તેઓ તેમની સાથે ગમે તેવો ગેરવર્તાવ કરતાં હશે તોપણ તેમને કાઢી મૂકતાં નથી. આટલે અંશે ગામડાંમાં સામાજિક સંગઠન છે એમ કહી શકાય.

૨૨. શહેરોમાં સ્થિતિ જુદી છે. સમાજના ઉપલા અને સાધનસંપન્ન વર્ગો પોતાની જ્ઞાતિનાં અનાથો અને ત્યજાયેલાંની ગમે તેમ

કરીને સંભાળ લે છે. પરંતુ એથી ઊતરતી કક્ષાના વર્ગોમાં આવાં બાળકોને તેમના નસીબ ઉપર છોડી દેવામાં આવે છે. સ્વાભાવિક રીતે જ એવાં બાળકો ખોટે રસ્તે ચઢે છે અને કેટલીક વાર બીજાના લોભ અને વિષયવાસનાનાં ભોગ બને છે. કેટલીક વાર અનીતિનો ધંધો કરનાર લોકો તેમને આશરો આપે છે. તેઓ તેમની પાસે ભીખ મગાવે છે, બીજી રીતે પૈસા કમાવડાવે છે અને પશુની માફક તેમનો ઉપયોગ કરે છે. આવાં બાળકો તમામ પ્રકારના દુર્ગુણો શીખે છે. અને ચોરી ને છેતરપિંડીના ગુના કરવાનું તેમને શીખવવામાં આવે છે. તેઓ નાની ઉંમરમાં શ્રદ્ધા ગુમાવે છે અને સ્નેહ શું છે તે કદી અનુભવતાં નથી, તેથી તેઓ માનવદ્રોહી બની જાય છે અને તેમને સારે માર્ગે વાળવા પ્રયત્ન કરવામાં આવે તો તેનો વિરોધ કરે છે. કમનસીબે આવા પ્રયત્નો વિરલ હોય છે. આધુનિક સમાજમાં આવાં બાળકો માટે કોર્ટો સ્થપાઈ છે એમને માટે કાયદા હોય છે. પરંતુ જેમણે આ પ્રશ્નનો ઝીણવટથી અભ્યાસ કર્યો છે તે એવા નિર્ણય ઉપર આવ્યા છે કે આવાં બાળકોની પુનઃ પ્રતિષ્ઠા સ્થાપવા માટેનાં સાધનો પૂરતાં નથી.

૨૩. આવાં બાળકોના નિર્વાહ અને શિક્ષણ માટે વધારે સારા કાયદા કરવામાં આવે કે વધારે સગવડો આપવામાં આવે તે મહત્ત્વનું નથી. સૌથી વધુ મહત્ત્વની વાત તો આ પ્રવૃત્તિઓ ચલાવનારની ભાવના અને આવડત છે. એમાં માનવતાનો સ્પર્શ જોઈએ. જેમનામાં મિશનરી ભાવના હોય અને જેઓ રખડતાં બાળકોનું માનસ બરાબર સમજતાં હોય એવા માણસોએ આ કાર્ય ઉપાડવું જોઈએ અને સરકારે તેમને, વધુ પડતી વહીવટી આંટીઘૂંટીઓમાં ગૂંચવ્યા વિના, મદદ કરવી જોઈએ.

## વિમુક્ત જાતિઓ

૨૪. સરકારી દફતરોમાં ૧૨૭ જૂથોને ભૂતપૂર્વ ગુનાહિત જાતિઓ ગણવામાં આવ્યાં છે. તેમની સંખ્યા ૧૯૪૯માં ૨૨.૬૮ લાખ અને



૧૯૫૧માં ૨૪.૬૪ લાખ હતી. તેઓ ધંધે ગુનાહિત ગણાતાં, અને પોતાનાં કુટુંબીઓને ગુનાહિત જીવન જીવતાં શીખવતાં એમ કહેવાતું. મોટાં શહેરોમાં રહેતા 'ગુંડાઓ' અને 'ટોળીઓ' કરતાં આ જુદા પ્રકારના ગુનેગારો છે. ગુંડાગીરી ભાગ્યે જ વારસાગત હોય છે, જ્યારે આ ગુનાહિત લોકોનો ધંધો પરંપરાગત ચાલ્યો આવે છે. તેઓ ગામડાંમાં રહે છે, તેમને જ્ઞાતિ પંચાયતો હોય છે, ગુનો કરવા તેમને પદ્ધતિસર તાલીમ અપાય છે, ઈજા થાય કે મરણ થાય તેની સામે રક્ષણ આપવા તેમને માટે જોગવાઈ થતી હોય છે, પરસ્પર વ્યવહારમાં તેઓ શિસ્ત પાળે છે, અને વફાદારી ને કડક નિયમપાલન જાળવે છે એ રીતે એમનું જાતીય સંગઠન હોય છે.

૨૫. આ ટોળીઓના બે વિભાગ પડી શકે: (૧) રખડતી, અને (૨) સ્થિર થયેલી. રખડતી ટોળીઓમાં જિપ્સી પ્રકારની સાન્સી અને કન્જાર વગેરે જેવી જાતિઓનો સમાવેશ થાય છે. તેમને સ્વભાવે જ રખડુ જીવન ગમે છે. સ્થિર થયેલી ગુનાહિત જાતિના લોકો ભૂતકાળમાં લશ્કરમાંથી છૂટા પડેલા અથવા રાજકીય ઊથલપાથલોને લીધે જેમનાં ઘર ઊખડી ગયાં હશે તેવા લોકોના વંશજો છે. કેટલાક અતિશય ગરીબાઈને લીધે ગુના કરતાં શીખ્યા હતા અને તેથી તેમને સમાજે તરછોડયા હતા. એમના ગુનાહિતપણાનાં બીજાં પણ કારણો છે જે ઓછાં અગત્યનાં નથી.

૨૬. આ લોકો મૂળ શિકાર કરીને, જંગલમાં પાકતી ચીજો વેચીને, રીંછ, વાંદરા અને સાપના ખેલો કરીને અને દવાની વનસ્પતિઓ તથા બીજી ચીજો વેચીને નિર્વાહ કરતા, અને ખૂટે તે માટે ભીખ માગતા. એમની કેટલીક જ્ઞાતિઓમાં સ્ત્રીઓ નાચ-ગાન કરતી અને પોતાનું શિયળ વેચતી. કેટલીક વાર ગુના કરવા માટે ઉપયોગી માહિતી મેળવવા તેમનો ઉપયોગ થતો. ગુનાના પ્રકારો અને તે માટે વપરાતી

પદ્ધતિઓમાં જાતિ અને સ્થળ પરત્વે ફેર રહેતો. બાળકોને ચોરી કરવાની ખાસ તાલીમ અપાતી. ટોળીના સભ્યોમાં પરસ્પર વફાદારી અને સહકારની ભાવના ખીલવવામાં આવતી. નામીચા ચોરો અને લૂંટારુઓનાં પરાક્રમોની ગાથાઓ યુવાનોને સંભળાવવામાં આવતી, જેથી તેમને એવાં પરાક્રમો કરવાની પ્રેરણા મળે. છોકરાઓને લગ્ન માટે કન્યા મળે તે માટે તેમણે ગુના કરવાની પોતાની હોશિયારી સાબિત કરવી પડતી. સમાજમાં તેમનો દરજ્જો હલકો ગણાતો. અને તેમની વાંધાભરી જીવનપદ્ધતિને લીધે તેઓ અસ્પૃશ્ય ગણાતા. તેમને કેળવણી આપવામાં આવી અને અલગ વસાહતોમાં વસાવવામાં આવ્યા, તેથી તેઓ પૂરેપૂરા કે અંશતઃ સુધરી ગયા છે. તેઓ જ્યાં સ્થિર થયા છે ત્યાંના લોકોની રીતભાત અને રિવાજોનું તેઓ અનુકરણ કરવા લાગ્યા છે. રાચરચીલું, સીવવાના સંચા, સાઇકલો, ગ્રામોફોન, સુંદર શેતરંજીઓ, કપડાં અને એશઆરામની ચીજો આ બધું હવે તેમને ગમે છે.

૨૭. આ જાતિઓમાંથી પુરુષો કારખાનાં કે ખેતરોમાં મજૂરો તરીકે કામ કરવા લાગ્યા છે. કેટલાક શિક્ષકો અને કારકુનો બન્યા છે. તેમની કેટલીક સ્ત્રીઓ ઘરકામ કરે છે. પહેલાં, ચોરી આણેલા પૈસા તેઓ માંસ, દારૂ અને જુગારમાં એક રાતમાં વેડફી નાખતા અને પછી દિવસો સુધી ભૂખે મરતા. એવું હવે તેઓ કરતા નથી. હવે તેઓ પૈસા બચાવે છે અને કાળજીથી વાપરે છે. તેમણે પોતાની ગ્રામ્ય બોલી છોડી દીધી છે અને હવે તેઓ પોતાની આસપાસના સુધરેલા ગણાતા લોકોની ભાષામાં વાતચીત કરે છે. જ્યાં એમની વસાહતો સફળતાથી ચાલે છે ત્યાં આ લોકો મોટે ભાગે સમાજમાં ભળી ગયા છે.

૨૮. આ ગુનાહિત જાતિઓની તપાસ કરવા ૧૯૪૯માં એક સમિતિ નીમવામાં આવી હતી. તેને પરિણામે એમને વિશેનો ૧૯૨૪નો કાયદો સમસ્ત દેશમાંથી તા. ૩૧ ઑગસ્ટ, ૧૯૫૨થી રદ કરવામાં આવ્યો



ત્યારથી આ તમામ જાતિઓ ગુનાહિત ગણાતી બંધ થઈ. તેઓ હવે ગમે ત્યાં છૂટથી ફરી શકે છે અને વસી શકે છે. માત્ર જે લોકો અમુક સમયમાં ત્રણ કે તેથી વધુ ગુના કરે તેઓને રીઢા ગુનેગાર જાહેર કરવામાં આવે છે. તેમની હિલચાલ ઉપર નિયંત્રણ રહે છે અને તેઓને અમુક સમયને અંતે હાજરી પુરાવવી પડે છે.

૨૯. અમે વિવિધ રાજ્યોમાં આ લોકોની વસાહતો જોવા ગયા હતા. ત્યાં અમે એ લોકોમાં થતા સુધારા જોયા અને સુધરવાની તમન્ના પણ તેમનામાં જોઈ. આ લોકોમાંના ઘણા જો પોતાને પૂરતું કમાવાનું મળે તો પ્રામાણિક જીવન જીવવા આતુર છે. જ્યાં તેમને પૂરતું, સતત ચાલુ રહે એવું અને કમાઉ કામ મેળવી આપવામાં આવ્યું છે ત્યાં ગુના સદંતર બંધ નથી થયા તોપણ ઘટ્યા છે ખરા. એકંદરે આ લોકો બુદ્ધિશાળી, ખડતલ અને મહેનતુ છે. જો તેમની શક્તિઓને શાંતિમય ઉત્પાદક પ્રવૃત્તિઓમાં વાળવામાં આવશે તો તેમની પાછળ ખર્ચાયેલાં નાણાંનો બદલો અનેકગણો મળી રહેશે – ઉત્પાદન વધવાથી અને પરિણામે આબાદી વધવાથી.

૩૦. આ જ્ઞાતિઓને માટે નીચેનાં પગલાં લેવા અમારી ભલામણ છે :

(૧) તેમને ટોળીઓ ન કહેવી. 'ગુનાહિત' અને 'ભૂતપૂર્વ ગુનાહિત' એવા શબ્દો પણ તેમને ન લગાડવા. તેમને માત્ર 'વિમુક્ત જાતિઓ' કહેવી.

(૨) 'વિમુક્ત જાતિઓ'ની બનાવેલી યાદીઓમાં તેમનું વર્ગીકરણ અનુસૂચિત જનજાતિઓ, અનુસૂચિત જ્ઞાતિઓ અથવા અન્ય પછાત વર્ગો એ પ્રમાણે કરવાની નીતિ અમે માન્ય રાખી છે, જેથી તેમને જે તે વર્ગના લાભો મળી શકે. કેવળ રખડતી જાતિઓને જમીન અને મકાનની અથવા કોઈ સ્થાયી ધંધામાં સ્થિર થવાની સગવડો આપવી જોઈએ.

(૩) આ લોકોનાં નાનાં નાનાં જૂથો બનાવી તેમને શહેરો અને ગામડાંમાં વહેંચી નાખવાં જોઈએ. ત્યાં તેઓ બીજા લોકોના સંપર્કમાં આવશે અને જીવનપરિવર્તન કરવાની તેમને તક મળશે. એમ આખરે તેઓ સમાજમાં ભળી જશે.

(૪) શિક્ષણ, રમતો અને અન્ય રચનાત્મક પ્રવૃત્તિઓ સાથે તેમને નીતિનું શિક્ષણ આપવું જોઈએ. આવું શિક્ષણ મળ્યાનું પ્રમાણપત્ર તેમની પાસે હશે તો સ્થાયી ધંધા અથવા નોકરી મેળવવામાં તેમને મદદ થશે.

(૫) સમાજ કલ્યાણના કાર્યકરો ઉપરાંત આધુનિક ગુનાશાસ્ત્ર અને શિક્ષાશાસ્ત્ર જાણનાર તથા તાલીમ પામેલા માનસશાસ્ત્રીઓ અને માનસ રોગ નિષ્ણાતોની સેવાઓ રીઢા ગુનેગારોને સુધારવા ઉપયોગમાં લેવી જોઈએ. વ્યક્તિગત ઘટનાઓનો અભ્યાસ કરવાની પદ્ધતિનો વધુ ને વધુ ઉપયોગ થવો જોઈએ.

(૬) એમને પ્રાથમિક, ધંધાદારી અને ઔદ્યોગિક કક્ષાએ બુનિયાદી પદ્ધતિએ શિક્ષણ આપવું જોઈએ. તે ઉપરાંત ગૃહોદ્યોગો, હસ્તઉદ્યોગો, ખેતી વગેરેનું શિક્ષણ આપવું જોઈએ.

(૭) નવા ગુના માટે જે શિક્ષા કરવામાં આવે તેમાં માત્ર શિક્ષા કરવાનો હેતુ ન રાખતાં સુધારવાનો હેતુ પણ રાખવો જોઈએ. શિક્ષાને બદલે ફરિયાદી પક્ષને વળતર આપવાની જોગવાઈ થવી જોઈએ.

(૮) વ્યક્તિના ગુનાહિતપણા કરતાં સમૂહના ગુનાહિતપણા સાથે જુદી રીતે વર્તવું જોઈએ. આવા લોકોનાં બાળકોને સાત વર્ષની ઉંમરે તેમનાં માબાપથી અલગ પાડી યોગ્ય છાત્રાલયોમાં મૂકવાં જોઈએ. એમની જ્ઞાતિપંચાયતો નાબૂદ કરવી જોઈએ. તેની જગાએ વિવિધ કાર્યકારી સહકારી મંડળીઓ સ્થાપી, તેને માટે મંત્રી, સરકારે ઉછીનો આપવો જોઈએ.



# પ્રકરણ ચોથું

## પછાતપણું

### પછાતપણાનાં કારણો

**મૂળ કારણ**

૧. આગળ જોયું તેમ પછાતપણાની સમસ્યા ખામીભરી હિંદુ સમાજરચનામાંથી ઉદ્ભવી છે. મુસલમાન અને ખ્રિસ્તી સમાજો પણ જ્ઞાતિની આ સર્વવ્યાપી અસરથી મુક્ત નથી.

**આર્થિક કારણ**

૨. અમને મળેલા કેટલાક પ્રતિનિધિઓએ, ખાસ કરીને જુવાનિયાઓએ જણાવ્યું કે મોટા ભાગના પછાત વર્ગોની વર્તમાન દુર્દશાનું કારણ આર્થિક પછાતપણું છે, અને દલીલ કરી કે સામાજિક દૂષણો દૂર કરવાનો એક માત્ર ઉપાય દલિત અને પછાત લોકોની આર્થિક સ્થિતિમાં સુધારો કરવો એ છે. પરંતુ આપણે સ્વીકારવું જોઈશે કે ભારતમાં આર્થિક અવદશા ઘણી વાર સામાજિક દૂષણોનું કારણ નહીં પણ પરિણામ હોય છે. આપણો સમાજ તત્ત્વતઃ આર્થિક પાયા પર નહીં પણ વર્ણ, જ્ઞાતિ અને સામાજિક ઉચ્ચ-નીચતાની શ્રેણીના મધ્યકાલીન વિચારોના પાયા ઉપર રચાયેલો છે. ગામડાં અને શહેરોના મોટા ભાગના લોકોના રોજબરોજના જીવનમાં આ વિચારોનું વર્ચસ્વ આજે પણ પ્રવર્તે છે.

## આચાર-વિચારનાં લક્ષણોનું કારણ

૩. ઔપચારિક શુદ્ધિના વિચાર, આંતરજ્ઞાતીય લગ્ન પર પ્રતિબંધ, ખાનપાનના નિષેધ, સામાજિક અલગતા, જ્ઞાતિ પ્રત્યે વફાદારી અને પોતાની જ્ઞાતિ ઊંચી હોવાની ભાવના — આ સર્વેએ હિંદી સમાજની મોટા ભાગની કોમોને પછાત રાખવામાં ભાગ ભજવ્યો છે. વહેમ, અપથ્ય રિવાજ અને આચાર તથા ગંદી ટેવો કેટલીક પછાત કોમોનાં લક્ષણો ગણાયાં છે. કેટલીક નાની ભટકતી કોમો ચોક્કસ રહેઠાણ અથવા રોજગારના અભાવે જંતરમંતર અજમાવે છે અને પશુપંખીનો શિકાર કરી પેટ ભરે છે. તેઓ આજે પણ મોટે ભાગે જંગલી અવસ્થામાં છે. કેટલીક કોમોના આગેવાન લોકોએ સ્થાપેલા આચારવિચાર વિરુદ્ધ વર્તવાની ધૃષ્ટતા કરવાથી, તેમને ખાસ સવલતો અને અધિકારોની મનાઈ કરવામાં આવી, અને આવી કોમો આગળ જતાં પછાત બની. બીજી કેટલીક કોમોની બાબતમાં સામાજિક કક્ષા એકસરખી ન હોવાને કારણે પરસ્પર વ્યવહાર સમજવાનું મુશ્કેલ બન્યું. સમાજના નીચલા થરની નિર્બળ કોમોને આથી ખૂબ સહન કરવું પડ્યું. બીજી કેટલીક કોમોના પછાતપણાનું કારણ એ બન્યું કે કેટલાક સામાજિક અથવા ધાર્મિક સુધારકોએ પોતાને પસંદ એવો સામાજિક આદર્શ લોકો પર લાદવા પ્રયત્ન કર્યો અને આ આદર્શ જેમણે ના સ્વીકાર્યો તેમને હલકા ગણ્યા.

## ભૌતિક અને આર્થિક કારણો

૪. આ કોમોની મોટી સંખ્યાને પછાત રાખવામાં ભૌતિક અને આર્થિક કારણોએ પણ વધતો જતો ભાગ ભજવ્યો છે. માર્ગ-વ્યવહારના અભાવે અને દુર્ગમ તથા અનારોગ્ય સ્થળોએ રહેવાને લીધે ઘણા લોકો પછાત રહ્યા છે. ગામડાનું જૂનું અર્થતંત્ર ખોરવાઈ ગયું. પરિણામે ગૃહોદ્યોગ અને ગ્રામોદ્યોગ નબળા પડ્યા. અને ગામડાંમાં



બિનરોજગારી અને કમરોજગારીનું પ્રમાણ વધ્યું. બ્રિટિશરાજ દરમ્યાન આર્થિક શોષણ થવાથી દેશ હતો તેનાથી વધુ ગરીબ થયો. ગામડાંના લોકો દિવસે દિવસે વધુ નિ:સહાય અને કંગાળ બન્યા. આથી આ લોકોની પછાતદશા વધારે ઘેરી બની. એમના ધંધારોજગારથી એમને થોડીઘણી પ્રણાલીગત તાલીમ મળતી હતી, તે પણ બંધ થઈ.

૫. શહેરો અને ઉદ્યોગો ખીલવાથી તેમ જ સરકારી નોકરીનો લાભ મળવાથી ગામડાંના બુદ્ધિશાળી અને આગેવાન લોકો શહેર તરફ આકર્ષાયા. પાછળ રહેલા લોકો યોગ્ય નેતાગીરીને અભાવે પછાતપણા તરફ ઘસડાયા.

## કેળવણીના અભાવનું કારણ

૬. સમાજના નીચલા થરના મોટી સંખ્યાના લોકોને કેળવણી લેવાની તક ના મળી, એ પણ આ અવદશાનું એક કારણ હતું. ગામડાંમાં પૂરતી સંખ્યામાં નિશાળો સ્થપાઈ નહીં અને ગરીબ વર્ગ પાસે પૈસા નહીં, એથી આ લોકોની સ્થિતિ વધારે કથળી. પરિણામે સરકારી નોકરી જેવાં માન અને અધિકારનાં સ્થાનનો લાભ આ વર્ગોને પૂરતા પ્રમાણમાં ના મળ્યો અને સુધરેલા અને પછાત લોકો વચ્ચેનું અંતર વધ્યું.

## મુખ્ય કારણો

૭. આમ આ દેશમાં મોટી સંખ્યાની કોમોની બેહદ પછાત દશા લાવવામાં નીચેના સંજોગો મોટે ભાગે કારણભૂત છે: ખામીભરી સમાજવ્યવસ્થા, પેઢીઓથી સ્વીકારેલો ખામીભર્યો સામાજિક આદર્શ, ગરીબાઈ, અજ્ઞાન, શૈક્ષણિક સગવડોનો અભાવ તેમ જ સરકારી અને બીજી લાભકર્તા નોકરીઓ મેળવવા માટેના ઉત્તેજનનો અભાવ.

# પછાતપણું નક્કી કરવાનાં ધોરણો:

## પંચનું પ્રાથમિક કાર્ય

૮. સરકારના આદેશ મુજબ, પંચનું પ્રાથમિક કાર્ય ભારતમાં કયા લોકો સામાજિક અને શૈક્ષણિક દૃષ્ટિએ પછાત છે તે શોધી કાઢવા માટેનાં ધોરણો નક્કી કરવાનું અને એવા તમામ વર્ગોની સ્થિતિની તપાસ કરવાનું છે. આ ધોરણો નક્કી કરવા માટેની સામગ્રી વર્તમાન સમાજની પરિસ્થિતિમાંથી શોધવી જોઈએ.

## પછાતપણાનાં વિવિધ કારણો

મોટા ભાગની વસ્તીના પછાતપણા પાછળનાં કારણો છેક સાદાં નથી. સામાજિક, ભૌગોલિક, આર્થિક અને રાજકીય — એવાં વિવિધ કારણોએ પછાતપણાની હાલની અતિ મુશ્કેલ સમસ્યા ઊભી કરવામાં ખુલ્લી તેમ જ સૂક્ષ્મ રીતે સદીઓથી ભાગ ભજવ્યો છે. આગલા પ્રકરણમાં જણાવ્યું છે તેમ પછાતપણાની સમસ્યા ખામીભરી સમાજ-વ્યવસ્થામાંથી ઉદ્ભવી છે. આર્થિક પછાતપણું હાલનાં ઘણાં સામાજિક દૂષણોનું કારણ નથી, પણ પરિણામ છે. આપણો સમાજ આર્થિક પાયા પર નહીં પણ વર્ણ, જ્ઞાતિ અને સામાજિક ઉચ્ચ-નીચતાની શ્રેણીના મધ્યકાલીન વિચારોના પાયા પર રચાયેલો છે. ભારતનો સમગ્ર ઇતિહાસ અમુક સાંપ્રદાયિક પંથો અને જૂથબંધીના વર્ચસ્વનો ઇતિહાસ છે. મુસલમાન અને બ્રિટિશ અમલ દરમિયાન શાસકોના ધર્મનું વર્ચસ્વ રાજકારણ પર પણ રહેતું. માત્ર સ્વરાજ સરકારે જ પહેલી વાર બિનસાંપ્રદાયિક રહેવાનું પસંદ કર્યું છે. એટલે સરકારી નોકરોમાંથી કોમી માનસ દૂર થતાં હજી થોડો સમય લાગશે.

## પંચની કામગીરીનો અર્થ

પંચને સોંપાયેલી કામગીરીમાં જ્ઞાતિસંસ્થાનો નહીં પણ સામાજિક અને શૈક્ષણિક દૃષ્ટિએ પછાત એવા લોકોના અમુક ભાગો કે વર્ગોનો



ઉલ્લેખ છે, એવા અભિપ્રાયનો અમે વિચાર કર્યો છે. એવો ભય દર્શાવવામાં આવ્યો હતો કે મૂળભૂત જ્ઞાતિપ્રથાને ધ્યાનમાં લઈશું તો રાષ્ટ્રને લાભ કરતાં હાનિ વધારે થશે. એમ સૂચવવામાં આવ્યું છે કે જે જ્ઞાતિ અથવા પેટાજ્ઞાતિ સાથે સંકળાયેલા હોય તેવાઓને નહીં પણ જે વારસાગત ધંધા કે વ્યવસાય સાથે સંકળાયેલા હોય એવા લોકોનાં જૂથોને રાહત આપવાની પંચે ભલામણ કરવી. દાખલા તરીકે અમુક કોમ અમુક ધંધો અમુક નિયત વર્ષોથી કરે છે એવું જણાય તો એ કોમને એ ધંધામાં તાલીમ મળે એ માટે ખાસ સગવડો આપવી જોઈએ. જ્ઞાતિના ધોરણે કોઈ પણ જૂથને માન્ય રાખવાનો સાફ ઇન્કાર કરવો જોઈએ.

"અમારી સમક્ષ બીજો મહત્ત્વનો વિચાર એવો પણ મૂકવામાં આવ્યો છે કે ૩૪૦મી કલમ અનુસાર લોકોના અમુક ભાગો એવા છે જે અનુસૂચિત જ્ઞાતિઓ અથવા જાતિઓ જેટલા પછાત ન હોવા છતાં, એમનો સામાજિક દરજ્જો ઊતરતો છે. આવા લોકો માટે ખાસ કોઈ પગલાં લેવાની જરૂર પડશે." આ મત પ્રમાણે જે લોકો અર્ધમલિન અથવા અર્ધ-ઉપેક્ષિત વ્યવસાયોમાં રોકાયેલા છે તેમને પછાત તરીકે ગણવા જોઈએ અને રાહત માટે એમની ભલામણ કરવી જોઈએ.

## જ્ઞાતિને ટાળવામાં રહેલી મુશ્કેલી

૧૦. આ વિચારોની ચકાસણી કરીએ તે પહેલાં અમારે સ્પષ્ટ કરવું જોઈએ કે જ્ઞાતિપ્રથાનાં અનિષ્ટો દૂર કરવાની અમારી ચિંતા કંઈ ઓછી નથી, તેમ સમગ્ર રાષ્ટ્રવાદને ઘાતક એવી આ પ્રથાને સ્થાયી બનાવવાની પણ અમારી ઇચ્છા નથી. અમે જ્ઞાતિને બાજુ પર રાખવાનો પ્રયાસ કર્યો, પણ હાલના પ્રવર્તમાન સંજોગોમાં જ્ઞાતિની અવગણના કરવાનું અમને મુશ્કેલ જણાયું. દાખલા તરીકે, આજે તો કોઈ પણ માણસ કોઈ પણ ધંધો કરી શકે છે. બ્રાહ્મણ દરજીનો ધંધો કરવા માંડે તેથી તે દરજીની જ્ઞાતિનો બનતો નથી, તેમ બ્રાહ્મણ તરીકેનો એનો

સામાજિક દરજ્જો ઘટતો નથી. એટલે માણસ અમુક ધંધો કરે છે માટે સામાજિક રીતે પછાત છે એવું આજે નથી. આમ હિંદમાં સામાજિક પછાતપણાનો વિચાર કરતી વખતે જ્ઞાતિને અળગી રાખી શકાય તેમ નથી.

## ધંધાવાર વર્ગીકરણની મુશ્કેલી

લોકોના જુદા જુદા વિભાગોનું અમુક ધંધાવાર વર્ગીકરણ કરવું સહેલું નથી. ધંધાને ધોરણે જ્ઞાતિ અને પેટાજ્ઞાતિઓ રચવામાં અસલની ચતુર્વર્ણ વ્યવસ્થાએ ભાગ ભજવ્યો છે. કેટલીક એવી કોમો છે કે જે કોઈ એક ધંધો કરતી નથી. આથી એમનું અમુક ધંધાવાર વર્ગીકરણ કરવું અઘરું છે. કેટલીક જ્ઞાતિઓની પ્રાદેશિક ધોરણે રચના થઈ છે. 'અધિકાર પાછળ જવાબદારી રહેલી છે' એ સિદ્ધાંત ઊંચી કે નીચી ગણાતી દરેક જ્ઞાતિએ સ્વીકારેલો છે. તેથી દરેક જ્ઞાતિને પોતાની વિશિષ્ટ પ્રણાલી જાળવવી પડી છે. તેનાથી દરેક જ્ઞાતિને સાંસ્કારિક પ્રતિષ્ઠા મળેલી છે. આને પરિણામે જ્ઞાતિઓની ઉચ્ચનીચતાને ધોરણે શ્રેણીઓ તૈયાર થઈ છે. કેટલીક જ્ઞાતિઓએ આ શ્રેણીઓમાં ઊંચે ચઢવા પ્રયત્ન કર્યો, પણ એમનો સાંસ્કારિક અને રાજકીય મોભો એટલા પ્રમાણમાં વધ્યો ત્યારે જ એમનો યત્ન સફળ થયો. જે જ્ઞાતિઓ એમાં સફળ ન થઈ તેમના આ નવા સ્વાંગને માન્ય રાખવાની ઉપલી જ્ઞાતિઓએ ના પાડી અને એવી જ્ઞાતિઓ એમને અસલ સ્થાને રહી.

## શૈક્ષણિક વર્ગીકરણની મર્યાદા

૧૧. સામાજિક પછાતપણાને લીધે ઘણીખરી કોમોને શૈક્ષણિક રીતે પછાત રહેવું પડયું એમ માનવું ખોટું નથી. તોપણ કેટલાક લોકો સામાજિક અને આર્થિક દૃષ્ટિએ હલકા નહોતા, છતાં એમણે અંગ્રેજી શિક્ષણ લીધું નહીં. દાખલા તરીકે, બ્રિટિશ અમલની શરૂઆતમાં મુસલમાનોને અંગ્રેજી કેળવણી લેવામાં માનહાનિ લાગેલી. અને શીખોમાં



નામધારી નામની કોમે સ્વદેશાભિમાનને કારણે અંગ્રેજી શિક્ષણ લેવાનો ઇનકાર કરેલો.

## સાંપ્રદાયિક વર્ગીકરણની મર્યાદા

૧૨. મુસલમાન રાજકર્તાઓને પણ જ્ઞાતિને એક વિશિષ્ટ સમાજ-રચના તરીકે સ્વીકારવી પડી હતી. ખ્રિસ્તીઓને પણ જ્ઞાતિની સત્તા આગળ નમતું જોખવું પડયું હતું. છેક દક્ષિણમાં આજે પણ તેઓ સવર્ણ ખ્રિસ્તીઓ અને અસ્પૃશ્ય ખ્રિસ્તીઓ વચ્ચે સામાજિક અને ધાર્મિક ભેદભાવ માન્ય રાખે છે. ખ્રિસ્તીઓમાં આંતરજ્ઞાતીય લગ્નોનું પરિણામ ઘણે ભાગે દુઃખકર આવ્યું છે, એવું મહારાષ્ટ્ર અને અન્ય સ્થળોના ખ્રિસ્તી મિશનરીઓને માલૂમ પડયું છે. ગોવાના ખ્રિસ્તીઓમાં લગ્ન ગોઠવતી વખતે જ્ઞાતિ અને ગોત્રની ઝીણવટથી તપાસ કરવાનો ચાલ હજી પણ છે.

## પછાતપણાનું ખરું કારણ

૧૩. આ બધા ઉપરથી સાબિત થાય છે કે, સામાજિક પછાતપણું મુખ્યત્વે જાતિ, જ્ઞાતિ અને જૂથબંધીના ભેદભાવ પર નિર્ભર છે.

## પંચની કામગીરીનો સાચો અર્થ

૧૪. આમ, અમે માનીએ છીએ કે, પંચની કામગીરી મુખ્યત્વે જ્ઞાતિને ધોરણે રચાયેલી સામાજિક ઉચ્ચનીચતાની શ્રેણી સાથે સંકળાયેલી છે, એવો અર્થ ઘટાવવા માટે પંચ પાસે વાજબી કારણો છે. જ્ઞાતિ સામાન્ય રીતે જન્મ ઉપર આધાર રાખે છે; તે વસ્તીસ્થાન ઉપર પણ આધાર રાખે. વળી ધર્માંતર અને જૂથભેદને કારણે ઉદ્ભવતી વાડાબંધીમાંથી પણ જ્ઞાતિ આકાર લે છે.

૧૫. અમે ફરીથી જણાવીએ છીએ કે, પંચે પોતાની કામગીરી-નો ઘટાવેલો અર્થ સાચો અને અનિવાર્ય છે, એટલું જ નહીં પણ તે સિવાય બીજો અર્થ અસંભવિત છે.

## પછાતપણાનાં ધોરણો માટે પ્રશ્નાવલિ

૧૬. અમારી તપાસના સર્વસ્પર્શી સ્વરૂપને ધ્યાનમાં લઈ અમે એક સર્વગ્રાહી પ્રશ્નાવલિ તૈયાર કરવા માંડી. શરૂઆતમાં પછાતપણાનાં કેટલાંક ધોરણો સૂચવવામાં આવ્યાં. એનો હેતુ, જવાબ મોકલનારનું સ્વાતંત્ર્ય મર્યાદિત કરવાનો નહીં, પણ પછાતપણાનાં ઉદ્ભવસ્થાનો કેવી વિવિધ રીતે શોધી શકાય તે દર્શાવવાનો હતો. આવી તપાસ દ્વારા જ નિર્ણાયક ધોરણો હાથ લાગી શકે. આ પ્રાયોગિક ધોરણોને લગતી પ્રશ્નાવલિનો આ ભાગ તરત વાંચી શકાય તે માટે નીચે ઉતાર્યો છે :

"[૧] નીચેના મુદ્દાને તમે પછાતપણાનાં ધોરણો ગણશો ? આ યાદી સર્વાંગસંપૂર્ણ છે કે તમે તેમાં સુધારાવધારા સૂચવશો ?

(૧) એમનાં નિવાસસ્થાન તદ્દન કંગાળ અથવા ઉજ્જડ હોય, સંસ્કૃતિનાં કેન્દ્રોથી ઘણે દૂર હોય, અને સારા રસ્તાઓને અભાવે તથા નજીકમાં સારાં બજારો તથા શિક્ષણસંસ્થાઓ ન હોવાને કારણે તે દુર્ગમ હોય.

(૨) જમીન, ઘર અને બીજી મિલકત પરના એમના માલિકીપણાનો ઇનકાર થતો હોય અથવા તે મેળવવાનું એમના ગજા બહારનું હોય.

(૩) એમનો ધંધો, વેપાર કે વ્યવસાય એવો હોય કે જેને લીધે ખર્ચેલી શક્તિના પ્રમાણમાં વળતર બહુ ઓછું મળે, અથવા સમાજ-વ્યવસ્થાને કારણે એમને મહેનતનો બદલો પૂરતા પ્રમાણમાં ના મળે.

(૪) એમના પોતાના જ મનમાં અથવા એમના કરતાં સારી સ્થિતિવાળાઓના મનમાં રહેલા પૂર્વગ્રહોને કારણે એમને સુધરેલી કોમો સાથે સંપર્ક સાધવાનું મુશ્કેલ લાગતું હોય.



(૫) કોઈક સામાજિક કલંક અથવા લઘુતાગ્રંથિને કારણે એ લોકોને સાંસ્કૃતિક અથવા કલાવિષયક તાલીમની અથવા ધાર્મિક અને ઐહિક શિક્ષણની સંસ્થાઓમાં પ્રવેશ મેળવતાં મુશ્કેલી પડતી હોય.

(૬) આંતર્લગ્ન, આંતરભોજન અને સહચારના એવા બીજા પ્રસંગો પરના નિષેધને કારણે, તેમને સમાજના વધારે સદ્ભાગી લોકોથી અળગા રહેવું પડતું હોય.

(૭) યુગજૂના સામાજિક રીતરિવાજોને લીધે આવી કોમો સમાજમાં અમુક સગવડો કે દરજ્જો ભોગવી શકતી ન હોય.

(૮) દેશમાં પ્રવર્તતા અક્ષરજ્ઞાનના સામાન્ય નીચા પ્રમાણ સાથે સરખાવતાં એમનું અક્ષરજ્ઞાનનું અને સામાન્ય કેળવણીનું પ્રમાણ એથીયે વધારે કંગાળ હોય.

(૯) આગેવાની લઈ શકે એટલું શિક્ષણ પામેલા એમની કોમમાં બહુ ઓછા હોય. અથવા એવા જો કોઈ મળી આવે તો તેમને પ્રોત્સાહન કે મહત્ત્વ ના અપાતું હોય.

(૧૦) કોમની મોટા ભાગની વસ્તી વેપાર, ઉદ્યોગ અથવા સરકારી નોકરીઓ માટેની તાલીમ મેળવવા માટે અશક્ત હોય અથવા એ બાબતમાં એમની ગ્રહણશક્તિ ઓછી હોય.

(૧૧) નીચેનાં લક્ષણો ઉપરથી પણ પછાતપણું નક્કી થઈ શકે : ચોખ્ખાઈનો કશો ખ્યાલ ન હોય; દેવપૂજાની પદ્ધતિ આદિમ પ્રકારની હોય; કાયદો અને વ્યવસ્થા પ્રત્યે બેદરકારી હોય; સ્થાયી જીવન જીવવાની મરજી ના હોય; તદ્દન કંગાળ અથવા જૂનીપુરાણી પદ્ધતિએ ખેતી કરે; નાણાં અને તેની લેવડદેવડનાં કાર્યો સમજવાની અશક્તિ; કેટલાક આત્મઘાતક દુર્ગુણો અને સામાજિક રીતરિવાજો હોય.

[૨] તમારા રાજ્યમાં ખ્રિસ્તીઓ, મુસલમાનો અને અન્ય બિન-હિંદુ જૂથોમાં કયા વર્ણો કે કઈ કોમો પછાત છે તે નક્કી કરવા તમે વધારાનાં, જો હોય તો, કયાં ધોરણો સ્વીકારશો ?

**નોંધ :**

આવાં લક્ષણો એક કોમમાં સર્વત્ર નજરે પડે, તેની સામે આ ધોરણો જેને લાગુ પડે એવી કમનસીબ વ્યક્તિઓ અથવા એવાં કેટલાંક કુટુંબો થોડી સંખ્યામાં હોય, એ બે વચ્ચે ભેદ પાડવાની કાળજી લેવી જોઈએ. સંખ્યા ગમે એટલી હોય તોપણ માત્ર વ્યક્તિગત રીતે અમુક જણાં પછાત છે એવું ઠોકી બેસાડવાનો કે સ્વીકારવાનો ઇરાદો નથી. માત્ર જ્યારે કોઈ જાણીતો અને અલગ તરી આવતો લોકોનો વર્ગ કે ભાગ આ ધોરણોને અનુરૂપ છે એવું જણાય ત્યારે જ તે લોકોને પછાત ગણવા જોઈએ."

## પ્રશ્નાવલિના જવાબો

૧૭. ઉપરની વિગતોનો કાળજીભર્યો અભ્યાસ કરવાથી જણાશે કે એક કોમ, જ્ઞાતિ અથવા સામાજિક જૂથનું પછાતપણું નક્કી કરવામાં કોઈ એક ધોરણ અપનાવવાનું કેટલું મુશ્કેલ છે. ખાસ કરીને આપણા દેશમાં આ પ્રશ્ન મુશ્કેલ છે, કેમ કે જુદા જુદા સામાજિક આચાર, રિવાજ અને રીતભાત, આબોહવા, જમીન, વરસાદ, વિશાળ અંતરો અને વિવિધ ભાષાઓ તથા બોલીઓ; અને કુટુંબજીવનના પિતૃમૂલક અને માતૃમૂલક એવા ભિન્ન ભિન્ન પ્રકારો — એ બધાને લીધે આખી સમસ્યા વધુ ગૂંચવણભરી બની છે. અમારી ધારણા હતી કે આ ધોરણો સહેલાઈથી નક્કી થઈ શકે તેવી પૂરતી સામગ્રી રાજ્ય સરકારો પૂરી પાડી શકશે. પરંતુ, કમનસીબે, રાજ્યોની સરકારોએ મોકલેલી સામગ્રી પૂરતી અથવા સંતોષકારક નહોતી અને ગમે તેમ એકઠી કરી હોય એવી ઘણી વાર લાગતી. અમારી પ્રશ્નાવલિમાં દર્શાવેલ નિર્દેશકો



પૂરતા પ્રમાણમાં સર્વસ્પર્શી છે એવું કહી કેટલાંક રાજ્યોની સરકારોએ સંતોષ માન્યો હતો. આથી અમારે ખાસ કરીને વસ્તીપત્રકો જેવી પ્રસિદ્ધ સામગ્રી ઉપર, અને જુદી જુદી કોમોના પ્રતિનિધિઓ અને આગેવાનોએ પૂરી પાડેલી માહિતી પર ખૂબ જ આધાર રાખવો પડ્યો હતો.

## વિવિધ દૃષ્ટિબિંદુઓ

૧૮. અનુસૂચિત જ્ઞાતિઓ બાબતમાં એક જ ધોરણ — અસ્પૃશ્યતા — નક્કી કરવાનું સહેલું હતું. અસ્પૃશ્યતા હિંદુ સમાજરચનાની ખાસિયત હોઈ એને ઓળખવી એ અઘરું નહોતું. અન્ય પછાતવર્ગોની બાબતમાં કોઈ એક ચોક્કસ નિયમ ન યોજી શકાયો કે જેને આધારે અમુક વર્ગ કે વર્ગો સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત છે એમ ઠરાવી શકાય. અમારી સમક્ષ આવેલા કેટલાક લોકોએ સૂચવ્યું કે શૂદ્ર વર્ગના હોય એવા તમામ લોકોને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગમાં ગણવા. બીજાઓએ કહ્યું કે બધા જ ગરીબ લોકોને પછાત લેખવા. વળી એથી બીજાઓએ નિર્દેશ કર્યો કે અમુક કોમમાં કેળવણીનું પ્રમાણ કેટલા ટકા છે અને સરકારી નોકરીઓમાં પ્રતિનિધિત્વ કેટલું છે એ જોઈને પછાતપણું નક્કી કરવું જોઈએ. કેટલીક કોમોમાં નીચેથી ઉપર સામાજિક શ્રેણીએ ચડવાનું આંદોલન તાજેતરમાં શરૂ થયું છે, એથી અમારું કાર્ય વળી વધારે કપરું બન્યું. કેટલાક કિસ્સાઓમાં આ કોમોએ પોતાનો સામાજિક દરજ્જો ઊંચે ચઢાવવા ઉપલી જ્ઞાતિઓનાં નામો ધારણ કર્યાં હતાં. આ આંદોલનનું કારણ, બેશક, આ કોમોએ સૈકાઓથી સહન કરેલું સામાજિક અપમાન હતું. કમનસીબે, આ નવા ઉચ્ચ જ્ઞાતિનાં નામો પરંપરાગત ઉપલી જ્ઞાતિઓએ માન્ય રાખ્યાં નહીં. તેમ છતાં રખેને પોતે રાજ્યની મદદ ગુમાવી બેસે એ બીકે એ ઊંચી ગણાવા મથતી કોમોના પ્રતિનિધિઓ પોતાની મૂળ જ્ઞાતિઓનાં

નામ અમને જણાવતાં અચકાતા નહોતા. સદીઓથી મુખ્ય જ્ઞાતિઓ પેટાજ્ઞાતિઓમાં વિભાજિત થતી આવી છે. આવી અસંખ્ય પેટાજ્ઞાતિઓની લાંબી હારમાળાથી અમારી મુશ્કેલી ઓર વધી, ખાસ કરીને એટલા માટે કે કેટલાક કિસ્સાઓમાં દરેક પેટાજ્ઞાતિ પોતે અંતર્લગ્ન જૂથ હતી. (એટલે કે અલગ જ્ઞાતિ જેવી હતી.)

**પંચનું દૃષ્ટિબિંદુ**

૧૯. બે અંતિમ છેડા ટાળીને, અમે એવો વચલો માર્ગ સ્વીકાર્યો છે કે જો અમુક ધોરણો અનુસાર એક કોમનો મોટો ભાગ પછાત માલૂમ પડે, તો તે આખી કોમને પછાત ગણવી. આ દૃષ્ટિએ સમગ્ર શૂદ્ર વર્ગને પછાત ગણવાનું સૂચન સ્વીકારી શકાય એમ નથી, કારણ કે એ વર્ગ આજે જે રીતે બનેલો છે તે જોતાં એમાં થોડીક જ્ઞાતિઓ એવી છે કે તે સંખ્યામાં ગમે તેટલી નાની હોય તોપણ તેમણે તાજેતરના દસકાઓમાં કંઈક પ્રગતિ કરી છે. અલબત્ત, એ ખરું છે કે શૂદ્રોનો મોટો વર્ગ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત છે. કેટલાકે સૂચવેલી અક્ષરજ્ઞાનની કસોટી પછાતપણાનો નિર્દેશ કરે ખરી, પણ એ હંમેશાં અચૂક માર્ગદર્શક બનતી નથી. કોઈ કોમ પછાત છે કે નહીં તે નક્કી કરવામાં અક્ષરજ્ઞાન ઉપરાંત બીજી બાબતો પણ ધ્યાનમાં લેવાની છે. દાખલા તરીકે કેટલીક કારીગર કોમો થોડુંઘણું લખી-વાંચી શકે એટલું ભણેલી છે, પણ એમનામાં સર્વતોમુખી શૈક્ષણિક પ્રગતિ થઈ નથી. એમનામાંથી મોટા ભાગે પ્રાથમિક શિક્ષણ પણ પૂરું કર્યું નથી. એ જ રીતે સામાન્ય શૈક્ષણિક પછાતપણું પણ એક માત્ર કસોટી ના બની શકે. જેમ કે પ્રણાલીગત વેપારધંધો કરતી કોમોનો મોટો ભાગ આધુનિક અર્થમાં બહુ ભણેલો નથી, છતાં તેઓ વેપાર, ઉદ્યોગ અને વાણિજ્યમાં આગળ પડતાં સ્થાન ધરાવે છે. ભૂતકાળમાં શિક્ષણ અને સંસ્કૃતિ માટે સાક્ષરતા અનિવાર્ય ગણાતી નહોતી, પુરાણા સમયના કેટલાક બ્રાહ્મણ પંડિતો વેદ અને વેદાંગોમાં પારંગત હોવા છતાં, એમને



કોઈ દસ્તાવેજ પર સહી કરતાં આવડતું નહોતું. તે જમાનામાં બ્રાહ્મણો ને સામાન્યતઃ લખતાં-વાંચતાં આવડતું, તેમ છતાં લખવાનું કામ મુખ્યત્વે 'કાયસ્થો' જ કરે એમ મનાતું. ઉત્તર પ્રદેશના પહાડી વિસ્તાર હિમાચલ પ્રદેશમાં અને પશ્ચિમ બંગાળના બાંકુરા જિલ્લામાં અમે ઘણા બ્રાહ્મણોને નિરક્ષર હોવા છતાં જ્ઞાતિની ઉચ્ચનીચતાની શ્રેણીમાં ઉચ્ચ સામાજિક સ્થાન ભોગવતા જોયા હતા.

૨૦. અમને બીજી એક એવી સૂચના કરવામાં આવી કે, જેઓ જીવનનિર્વાહ માટે એક યા બીજા પ્રકારનું શારીરિક કામ કરતા હોય તે સૌ કોઈ સામાન્ય રીતે સમાજના નીચલા સ્તરમાં હોય છે, માટે તેમને પછાત વર્ગમાં મૂકવા જોઈએ. બીજા કેટલાકે સૂચવ્યું કે, અસાધારણ કૌશલવાળા કારીગરોને પછાતવર્ગમાં નહીં પણ વચગાળાના વર્ગમાં મૂકવા જોઈએ. આ ધોરણો સર્વત્ર લાગુ પડે એ રીતે સ્વીકારી શકાય નહીં, કારણ કે શારીરિક કામ કરનારા પછાત યા આગળ વધેલા હોય એનો આધાર વિવિધ કારણો પર રહે છે. વળી કેટલાક કુશળ કારીગરો અતિશય પછાત હતા, એવું અમને, રાજ્યોના અમારા પ્રવાસ દરમિયાન અમે એમના સીધા સંપર્કમાં આવ્યા ત્યારે, જણાયું. દાખલા તરીકે, સુખડ અને હાથીદાંત પર કોતરકામ કરનારા, ધાતુકામ કરનારા અને સુંદર ગાલીચા વણનારાઓ સામાજિક અને શૈક્ષણિક બંને દૃષ્ટિએ ખૂબ જ પછાત માલૂમ પડ્યા હતા.

**પછાતપણાનો માપદંડ**

૨૧. અમારા મત પ્રમાણે પછાતપણાનો માપદંડ, હિંદુ સમાજ-રચનાની વિશિષ્ટતા સમા સુધરેલા અને પછાતવર્ગો વચ્ચેના તફાવતના મૂળમાં ઊંડા ઊતરવાથી જ હાથ લાગી શકે. આ દૃષ્ટિએ જોતાં, જેઓ બીજાં સામાજિક જૂથો પર વર્ચસ્વ અને સત્તા સાથેનો ઉચ્ચ સામાજિક દરજ્જો ભોગવતા હોય; જેમની પાસે સંપત્તિ હોય અથવા જેઓ શિક્ષણ મેળવવા જેટલા સાધનસંપન્ન હોય; જેઓ સરકારી નોકરીઓમાં અથવા

વેપાર, વાણિજ્ય અને ઉદ્યોગોમાં સત્તાસ્થાને વિરાજતા હોય; અને જેઓ પોતાના હાથ નીચે લોકોના મોટા ભાગને રોકી શકતા હોય; એવા તમામને સુધરેલા તરીકે ગણવા જોઈએ. બીજી બાજુ, નાના જમીનમાલિકો, ખેતમજૂરો અને જમીનવિહોણા કામદારો, પશુપાલન કરનારા અને ઘેટાં ઉછેરનારાઓ, નાના વેપારીઓ, વણકરો અને કારીગરો તથા બીજા અલ્પ આવકવાળા વ્યવસાયમાં રોકાયેલાઓ, હજામો, ધોબીઓ, ઘરકામ અને બીજાં હલકાં કામ કરનારાઓ, શિકાર કરી પેટ ભરનારાઓ અને નસીબ જોનારાઓને પછાતવર્ગોની કોટિમાં મૂકવા જોઈએ. આ ઉપરાંત પછાતપણું નક્કી કરવા માટે બીજી બાબતો પણ ધ્યાનમાં લેવી જોઈએ. દાખલા તરીકે — સંસ્કૃતિનાં મુખ્ય કેન્દ્રોથી દૂર ગ્રામીણ અને દુર્ગમ વિસ્તારોમાં રહેતા હોય, અને આધુનિક સગવડો વગર યાતનાઓ ભોગવતા હોય, વગેરે.

## બિનહિંદુ કોમોમાં પછાતપણાનો પ્રશ્ન

૨૨. ખ્રિસ્તી અને મુસલમાન કોમોમાં પછાતપણાનો પ્રશ્ન વિચારવાનું સરળ નહોતું. આ સંપ્રદાયો જ્ઞાતિને માનતા નથી. તેમ છતાં એમનામાં કેટલાંક જૂથો ખૂબ પછાત માલૂમ પડયાં હતાં. દક્ષિણ હિંદમાં ધર્માંતર કરી ખ્રિસ્તી થયેલા અનુસૂચિત જ્ઞાતિના લોકો સામાન્ય રીતે પછાત જણાયા હતા, અને તેમને બાકીના ખ્રિસ્તી કોમના સભ્યો સાથે મુક્ત સામાજિક વ્યવહાર નહોતો. મુસલમાનોમાં પિંજારા, મોમીન, કસાઈ, ખ્રિસ્તી, ફકીર, લેબ્બે, મોપલા અને બીજા ઘણા લોકો પછાત હોવાનું જણાયું હતું.

## સ્ત્રીઓ — એક પછાતવર્ગ

૨૩. સ્ત્રીઓના પછાતપણાના પ્રશ્ને બીજી મુશ્કેલી ઊભી કરી. એક જૂથ તરીકે વિચાર કરીએ તો સ્ત્રીઓ, ખાસ કરીને પછાતવર્ગની સ્ત્રીઓ, સામાન્ય રીતે પછાત છે. તેમ છતાં એમને એક અલગ કોમ તરીકે ગણવી એ બરાબર નથી.



## પછાતપણું નક્કી કરવાનાં માર્ગદર્શક ધોરણો

૨૪. આ રીતે હિંદી સમાજની સામાજિક પરિસ્થિતિ અને મોટા ભાગના લોકોના પછાતપણાનાં કારણોનો વિચાર કરી અને પછાતપણું નક્કી કરવા માટેનાં સામાન્ય માર્ગદર્શક ધોરણો નીચે પ્રમાણે સ્વીકાર્યાં છે :

(૧) હિંદુ સમાજની જ્ઞાતિની પરંપરાગત ઉચ્ચનીચતાની શ્રેણીમાં નીચલો સામાજિક દરજ્જો.

(૨) જ્ઞાતિ કે કોમના મોટા ભાગના લોકોમાં સામાન્ય શૈક્ષણિક પ્રગતિનો અભાવ.

(૩) સરકારી નોકરીઓમાં પ્રતિનિધિત્વ અપૂરતું અથવા સાવ નહીં.

(૪) વેપાર, વાણિજ્ય અને ઉદ્યોગનાં ક્ષેત્રોમાં અપૂરતું પ્રતિનિધિત્વ.

૨૫. શૈક્ષણિક અને સામાજિક પછાતપણાની દૃષ્ટિએ વિવિધ કોમોનું વર્ગીકરણ કરવામાં નીચેનું વર્ણન ઉપયોગી નીવડશે :

(૧) જે લોકો અસ્પૃશ્યતા અથવા લગભગ અસ્પૃશ્યતા જેવા કલંકથી પીડાતા હોય તે.

(**નોંધ :** આ લોકોનું અનુસૂચિત જ્ઞાતિઓ તરીકે વર્ગીકરણ થયેલું છે.)

(૨) જે જાતિઓનો સામાન્ય સમાજવ્યવસ્થામાં હજુ પૂરેપૂરો સમાવેશ નથી થયો તે.

(**નોંધ :** આ લોકોનું અનુસૂચિત જનજાતિઓ તરીકે વર્ગીકરણ થયેલું છે.)

(૩) જેઓ લાંબો સમય ઉપેક્ષિત રહેવાને કારણે એક કોમ તરીકે ગુનાહિત પ્રવૃત્તિ તરફ વળ્યા હોય તે.

(નોંધ : આ લોકો ગુનાહિત જાતિઓ તરીકે ઓળખાતા અને હવે ભૂતપૂર્વ ગુનાહિત જાતિઓ અથવા વિમુક્ત જાતિઓ તરીકે ઓળખાય છે.)

આ જૂથ હવે બે ભાગમાં વહેંચાઈ ગયું છે : (૧) જે અનુસૂચિત જાતિઓમાં આવે તે, (૨) જે અનુસૂચિત જનજાતિઓમાં આવે તે. જે બાકી રહ્યા તે અન્ય વર્ગોમાં ગણાશે.

(૪) એવી ભટકતી જાતિઓ કે જેમનું સમાજમાં માન નથી, જેમને ચોક્કસ સ્થળે રહેવાનું ગમતું નથી અને જેઓ બહુરૂપી, ભીખ, જાદુગરી, નાચગાન વગેરે દ્વારા પેટ ભરે છે.

(૫) એવી કોમો કે જે મોટે ભાગે ખેતમજૂરો અને જમીનવિહોણા કામદારોની બનેલી છે.

(૬) એવી કોમો કે જે મોટે ભાગે ધણિયાપા હક વગરના અને અચોક્કસ મુદ્દત માટે જમીન ધરાવનારા ગણોતિયાની બનેલી છે.

(૭) એવી કોમો કે જે મોટે ભાગે અલ્પ જમીન ધરાવનારા નાના જમીનમાલિકોની બનેલી છે.

(૮) જે કોમો પશુપાલન, ઘેટાંઉછેર અથવા નાના પાયા પર માછલાં મારવાનો ધંધો કરે છે તે.

(૯) કારીગર અને વ્યવસાયી કોમો કે જેમને રોજગારની ખાતરી નથી અને જેમના પરંપરાપત ધંધા આવક આપતા અટકી ગયા છે.

(૧૦) એવી કોમો કે જેમના મોટા ભાગના લોકોને પૂરતું શિક્ષણ મળ્યું નથી અને પરિણામે જેમણે સરકારી નોકરીઓમાં પૂરતું પ્રતિનિધિત્વ મેળવ્યું નથી.

(૧૧) મુસલમાન અને ખ્રિસ્તીઓનાં અમુક જૂથો કે જેઓ સામાજિક અને શૈક્ષણિક દૃષ્ટિએ હજુ પણ પછાત છે.



(૧૨) એવી કોમો કે જેમનું સામાજિક ઉચ્ચનીચતાની શ્રેણીમાં નીચું સ્થાન છે.

## કોમોનું વર્ગીકરણ

૨૬. 'અન્ય પછાતવર્ગો' એ શીર્ષક હેઠળ કોમોનું વર્ગીકરણ કરવું એ અમારે માટે સૌથી મુશ્કેલ બન્યું હતું. આ વર્ગીકરણ કરવામાં અમે દરેક કોમ વિશે નીચેની બાબતો ધ્યાનમાં લીધી હતી : ઉચ્ચનીચતાની શ્રેણીમાં દરજ્જો; ભણેલાની ટકાવારી અને સામાન્ય શૈક્ષણિક પ્રગતિ, સરકારી નોકરી અથવા ઔદ્યોગિક ક્ષેત્રમાં પ્રતિનિધિત્વ. આ ઉપરાંત, મળી શકતી તકોનો લાભ ઉઠાવવાની કોઈ કોમની કેટલી શક્તિ છે તે શોધી કાઢવા તે કોમની આર્થિક પછાત દશાનો અને છેલ્લા એક-બે દશકામાં રાજ્ય સરકારોએ આરંભેલી વિવિધ પ્રવૃત્તિઓથી થયેલી એમની પ્રગતિના તાજેતરના પ્રવાહોનો પણ અમારે ખ્યાલ રાખવાનો હતો. આ રીતે, જુદે જુદે ઠેકાણેથી એકઠી કરેલી માહિતીનું પૃથક્કરણ કરી, તેનું નીચે મુજબ વર્ગીકરણ કર્યું હતું :

(૧) એક અથવા વધુ કોમો ભારતભરમાં જે નામોથી ઓળખાતી હોય તે વિવિધ નામો.

(૨) એક કોમ અથવા એના જેવાં જૂથોની બનેલી કોમોનો પરંપરાગત વ્યવસાય કે ધંધો.

(૩) કોમની શિક્ષણની ટકાવારી અથવા તેણે સાધેલી સામાન્ય શૈક્ષણિક પ્રગતિ.

(૪) કોમોની અંદાજી વસ્તી — જો પ્રાપ્ય હોય તો.

(૫) વિવિધ કોમો રાજ્યભરમાં ક્યાં ક્યાં વસે છે તે અથવા તે કયા વિસ્તારોમાં કેન્દ્રિત થઈ છે તે.

## સરકારી યાદીઓ

૨૭. શૈક્ષણિક સહાયના હેતુસર ભારત સરકારના કેળવણી ખાતા તરફથી પ્રગટ થયેલી અન્ય પછાતવર્ગોની યાદીઓ અને રાજ્યોની સરકારોએ અમારી પ્રશ્નાવલિના જવાબ સાથે મોકલેલી યાદીઓ અમને કોમોનું વર્ગીકરણ કરવામાં મદદરૂપ બની હતી. હકીકતમાં, આ બે યાદીઓ અમારી માહિતીના પાયારૂપ બની હતી. અમુક કોમને અન્ય પછાત કોમની યાદીમાં ઉમેરવી કે તેમાંથી બાકાત રાખવી તે પ્રશ્ન અંગે અમને જ્યારે જ્યારે મુશ્કેલી પડી ત્યારે ત્યારે તે તે રાજ્યની સરકારનું મંતવ્ય જાણવા અમે પ્રયાસ કર્યો હતો. જુદી જુદી કોમોના પ્રતિનિધિઓ, આગેવાનો અને પછાત કોમોમાં કામ કરતા સામાજિક કાર્યકરોનાં મંતવ્યો પણ અમે ધ્યાનમાં લીધાં હતાં.

## વિવિધ દૃષ્ટિબિંદુઓ

૨૮. તપાસના એક તબક્કે અમને લાગ્યું કે કેટલીક જાણીતી સુધરેલી કોમોનું વર્ગીકરણ પહેલાં કરી લઈ, શેષને અન્ય પછાત વર્ગોની યાદીમાં મૂકીએ તો અન્ય પછાતવર્ગોની યાદીઓ બનાવવાનું કામ સહેલું થશે. તદ્દનુસાર અમે અમારી પ્રશ્નાવલિ દ્વારા વિવિધ રાજ્ય સરકારો પાસેથી માહિતી મગાવી હતી. એના જવાબમાં કેટલાંક રાજ્યોએ જણાવ્યું હતું કે અનુસૂચિત જ્ઞાતિઓ, અનુસૂચિત જનજાતિઓ અને અન્ય પછાતવર્ગો સિવાયના તમામ વર્ગોને સુધરેલા વર્ગોમાં ગણવા. પરંતુ બીજી કેટલીક સરકારોએ સુધરેલી કોમોની યાદીઓ પોતાનાં આગવાં ધોરણો પ્રમાણે મોકલી હતી.

૨૯. અમને મળેલા પ્રતિનિધિઓમાંથી કેટલાકે સૂચવ્યું કે તમામ દ્વિજવર્ગોને સુધરેલા ગણવા અને બાકીની કોમોને અન્ય પછાત વર્ગોમાં ગણવી. પરંતુ દ્વિજ સિવાયની અન્ય કોમોએ પણ તાજેતરનાં વર્ષોમાં ગણનાપાત્ર પ્રગતિ સાધી છે. એ જોતાં આ કાર્ય દેખાય છે



તેવું સાદું નહોતું. વળી ૧૯૫૧ની વસતી-ગણતરીના અધિકારીઓએ વસતી-ગણતરીના આંકડા એકઠા કરવા માટે અમુક કોમોને પછાત અને અમુકને બિનપછાત ગણવા માટે અખત્યાર કરેલી કાર્યપદ્ધતિને લીધે ગૂંચવાડો વધ્યો. આખરે તમામ કોમોની પરિસ્થિતિની બહુ ઝીણવટ અને કાળજીભરી ચકાસણી કરવાથી માલૂમ પડયું કે વસતી-ગણતરીમાં બિનપછાત ગણાવેલા લોકો સાચે જ પછાત હતા.

૩૦. કેટલાક માણસોએ સૂચવ્યું હતું કે સારા પ્રમાણમાં જમીન ધરાવનાર જમીનમાલિકોની કોમોનો સામાજિક મોભો વધે છે, માટે એમને સુધરેલા ગણવા. આ દલીલ નાના જમીનમાલિકો અને ગણોતદારોને લાગુ પડતી નથી. અને એમનામાંના ઘણા સામાજિક અને શૈક્ષણિક દૃષ્ટિએ પણ પછાત છે. વધારામાં, રાજ્યોની સરકારો તમામ જમીનમાલિકોની કોમોને અન્ય પછાત વર્ગોની યાદીમાંથી બાકાત રાખવા ખુશી નહોતી.

## અન્ય પછાત વર્ગોની યાદીઓ

૩૧. જેમને પછાતપણાનાં નિયત ધોરણો લાગુ પડે છે અને જેમની બાબતમાં પુરાવા પૂરતા છે તેવી બને એટલી જ્ઞાતિઓને અન્ય પછાત વર્ગોની યાદીમાં મૂકવા અમે બધો જ પ્રયાસ કર્યો છે. તેમ છતાં અમે જાણીએ છીએ કે હાલ દેશમાં પ્રવર્તતા સંજોગોમાં કેટલીક બહુ જાણીતી ન હોય એવી કોમોનો સંપર્ક સાધવાનું અમારે માટે અશક્ય હતું, અને કેટલીક અત્યંત પછાત કોમોને માટે અમને મળવાનું અશક્ય હતું. એટલે યાદીઓમાં ઘણાં નામો રહી ગયાં હશે જ. આવી રહી ગયેલી કોમોને પાછળથી યાદીમાં ઉમેરી લેવામાં કોઈ વાંધો ન આવવો જોઈએ એમ અમે ઇચ્છીએ છીએ અને એમ કરવામાં એવી કોમોનું પછાતપણું સ્વતઃસિદ્ધ માની લેવું જોઈએ. જેમને વિશે નામ સિવાય અમને બીજી કશી વધારે માહિતી નહોતી એવી કોમોને પણ શંકાનો લાભ આપી અમે યાદીમાં ઉમેરી લીધી છે.

## ધ્યાનમાં લીધેલી વિવિધ બાબતો

૩૨. સામાજિક પછાતદશાનો અર્થ ઘટાવવામાં અમારે સામાજિક પાર્શ્વભૂમિકા અને છેલ્લાં સો વર્ષો દરમિયાન થયેલી આ સમસ્યાની ઐતિહાસિક પ્રગતિ ધ્યાનમાં લેવી પડી છે.

૩૩. સામાજિક પછાતપણું નક્કી કરવાનાં ધોરણો ઠરાવતાં પહેલાં દેશમાં ફરીને એ વિશેનો લોકમત જાણવા અમે પ્રયત્ન કર્યો છે.

૩૪. જુદાં જુદાં રાજ્યોની સરકારોની મદદથી કેન્દ્ર સરકારના શિક્ષણખાતાએ તૈયાર કરેલી (અનુસૂચિત જ્ઞાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ સિવાયના) પછાત વર્ગોની યાદીઓએ અમને સંતોષકારક કામ આપ્યું છે. આ યાદીઓ માન્ય રાખી તેમને વિસ્તારવી, પણ એમાં કોઈ પણ કારણે ઘટાડો ન કરવો એવી અરજ અમને જુદી જુદી કોમોના પ્રતિનિધિઓએ કરી હતી.

૩૫ આમ કેન્દ્રના શિક્ષણખાતાની યાદીઓ અને રાજ્યોની સરકારોએ અમારી પ્રશ્નાવલિના જવાબમાં મોકલેલી યાદીઓના આધારે કામ કરવાનો વ્યવહારુ માર્ગ અમે લીધો હતો. અને અમે નક્કી કરેલાં ધોરણો જેમને લાગુ પડતાં હતાં તેવી કોમોનો દાવો મંજૂર રાખવાની સામાન્ય રીત અમારે સ્વીકારવી પડી હતી.

૩૬. અન્ય પછાતવર્ગોની યાદીમાં જણાવેલી તમામ કોમોની વસ્તીના સાચા આંકડા અમે મેળવી શક્યા નથી.

૩૭. આ પ્રમાણે અમે અન્ય પછાતવર્ગોની યાદીઓ બનાવી છે. અને અનુસૂચિત જ્ઞાતિઓ તથા અનુસૂચિત જનજાતિઓની યાદીઓ સુધારી છે. પણ અનુસૂચિત જ્ઞાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ સહિત તમામ પછાત વર્ગોની એકંદર વસતીના ચોક્કસ આંકડા મળતા નથી.



૩૮. અમે નોંધેલી જ્ઞાતિઓનાં નામો હિંદુ છે કે મુસલમાન તે અમે સ્વીકાર્યું નથી. એટલે એ નામો હંમેશાં બેઉને લાગુ પડે છે એમ સમજવું. આ રીતે તેલી અથવા જુલાહામાં હિંદુ અને મુસલમાન તેલી અથવા જુલાહાનો સમાવેશ થાય છે.

## પછાતવર્ગો માટે સમિતિ

૩૯. તમામ પછાત વર્ગોના ઉત્કર્ષ માટેની નીતિનો અમલ કરવા માટે એક સમિતિ નિયુક્ત કરવાનું અમે સૂચન કરીએ છીએ. આગળ જતાં પછાત વર્ગોની યાદીમાં સામેલ થવા ઇચ્છતી હોય એવી કોમોની પરિસ્થિતિની તપાસ કરવા આ સમિતિને સત્તા આપવી જોઈએ.

## પ્રકરણ પાંચમું

## પછાતપણાની પરિસ્થિતિ અને તે નિવારવાના ઉપાય (૧)

### પ્રાસ્તાવિક

૧. આ પંચને મુખ્યત્વે 'અન્ય પછાત વર્ગોની' સામાજિક અને શૈક્ષણિક પછાતદશાના પ્રશ્નો સાથે નિસ્બત છે. છતાં તમામ પ્રકારના પછાતપણાનાં કારણોની તપાસ કરી તમામ પછાત વર્ગોની સ્થિતિમાં સર્વતોમુખી સુધારો થાય એવાં પગલાં એકી સાથે લેવાવાં જોઈએ. તે માટે પછાતપણું લાવનારાં કારણો દૂર કરી આવશ્યક વાતાવરણ ફરી જમાવવું જોઈએ, જેથી કરીને પછાત વર્ગોની પ્રગતિને રુકાવટ તો ન જ થાય, પણ તે વધારે ઝડપથી આગળ વધે. આ પ્રશ્નોની નીચે જણાવેલાં શીર્ષક હેઠળ છણાવટ કરીશું :

(૧) રાજકીય પ્રશ્નો

(૨) આર્થિક અને ઔદ્યોગિક પ્રશ્નો

(૩) વાહનવ્યવહારના પ્રશ્નો

(૪) જાહેર આરોગ્ય અને ગામડાંમાં પાણીનો પુરવઠો

(૫) ગ્રામ્ય વસવાટ

(૬) સામાજિક પ્રશ્નો



(૭) શિક્ષણના પ્રશ્નો

(૮) સરકારી નોકરીઓમાં પ્રતિનિધિત્વ

## (૧) રાજકીય પ્રશ્નો

### ધારાસભાઓમાં પ્રતિનિધિત્વ

૨. પછાત વર્ગોના ઘણા પ્રતિનિધિઓ અને લોકોના થોડા આગેવાનોએ પંચને જણાવ્યું કે હાલના રાજકીય માળખામાં પણ પછાત વર્ગોની શોચનીય ઉપેક્ષા થઈ છે. તેઓએ નિર્દેશ કર્યો કે અનુસૂચિત જ્ઞાતિઓ અને અનુસૂચિત જનજાતિઓની હાલની પ્રગતિ ગમે તેટલી ધીમી હોય તોપણ તે તેમને દેશની ધારાસભાઓમાં મળેલા અસરકારક પ્રતિનિધિત્વને મોટે ભાગે આભારી છે. એમણે દલીલ કરી કે અન્ય પછાતવર્ગોને ધારાસભા અને લોકસભામાં આવું પ્રતિનિધિત્વ મળશે તો તેથી એમને દેશના કારભારમાં અવાજ મળશે અને એમની સ્થિતિની સુધારણાનો વેગ વધારવામાં મદદ થશે. માટે અન્ય પછાત વર્ગોને લોકસભામાં અને રાજ્ય ધારાસભાઓમાં પૂરતું પ્રતિનિધિત્વ મળવું જોઈએ. આ દલીલો આમ તો ગળે ઊતરે એવી છે, પણ તે તત્ત્વતઃ સંગીન નથી.

### અનુસૂચિત જ્ઞાતિઓ અને જનજાતિઓનું દૃષ્ટાંત

૩. અનુસૂચિત જ્ઞાતિઓ અને અનુસૂચિત જનજાતિઓને ધારાસભામાં ખાસ અથવા વધારાનું પ્રતિનિધિત્વ મળ્યું, તે પાછળ ઐતિહાસિક કારણોએ તેમ જ તત્કાલીન વિશિષ્ટ સામાજિક પરિસ્થિતિએ ભાગ ભજવ્યો હતો. અનુસૂચિત જ્ઞાતિઓએ અસ્પૃશ્યતાના અને સામાજિક અલગતાના કલંકને કારણે યુગો થયા યાતનાઓ સહન કરી હતી. બીજી બાજુ, અનુસૂચિત જનજાતિઓની રહેણીકરણી વિશિષ્ટ પ્રકારની હતી. આ સંજોગોમાં આ વર્ગો માટે ખાસ જોગવાઈઓ કરવાની જરૂર પડી,

અને એથી બંધારણમાં થોડા સમય માટે એવી સુવિધા થઈ પણ ખરી. એમ કરવામાં એમની અલગતા કાયમ રાખવાનો ઇરાદો નહોતો.

### અલગ પ્રતિનિધિત્વમાં રહેલાં ભયસ્થાનો

૪. મુસલમાનો માટે અલગ મતદારમંડળો અને ધારાસભામાં અનામત બેઠકો રાખવાની નીતિનાં કેવાં વિનાશકારી પરિણામો આવ્યાં છે તે આ પ્રસંગે યાદ રાખવું જોઈએ. વળી અનુસૂચિત જ્ઞાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ માટેની અનામત બેઠકોની હાલના બંધારણમાં કરાયેલી જોગવાઈ પણ માત્ર દશ વર્ષ પૂરતી જ છે. આ સિદ્ધાંત કોઈ પણ રીતે જો અન્ય પછાત વર્ગોને લાગુ પાડવામાં આવશે તો એના દૂરગામી પ્રત્યાઘાતો પડશે. તે પ્રજાના જુદા જુદા ભાગોને એકસમાન રાષ્ટ્રીયતામાં ગૂંથી લેવાને બદલે વિચ્છેદ અને કુસંપને જન્મ આપશે.

### પુખ્તવય મતાધિકારમાં બધું આવી જાય છે

૫. ભારતના બંધારણના ઘડવૈયાઓએ દેશમાં ચાલતી ઐતિહાસિક પ્રક્રિયાઓનો અને પ્રજાના વિવિધ વર્ગોના વિષમ વિકાસનો ખ્યાલ કર્યો હતો. તેમણે પ્રવર્તમાન સમાજવ્યવસ્થા અને જ્ઞાતિજન્ય ઉચ્ચનીચતાનાં અનિષ્ટ તત્ત્વો પણ ધ્યાનમાં લીધાં હતાં. એટલે તેમણે અન્ય પછાત વર્ગોના પણ રક્ષણ અને ઉદ્ધાર માટે પૂરતી જોગવાઈ કરી છે. જે જરૂરનું હતું તે બધું જ આપ્યા પછી અને પાકું કર્યા પછી, પ્રજાના કોઈ પણ વધુ વર્ગોને રાજકીય ખાસ હક્કો આપવાની તેમણે મનાઈ કરી. સાર્વત્રિક પુખ્તવય મતાધિકાર આપવાનું દૂરગામી અને ક્રાંતિકારી પગલું મુખ્યત્વે આમપ્રજાના હિતને ધ્યાનમાં રાખીને જ કલ્પવામાં આવ્યું હતું એ એક રાજકીય શ્રદ્ધાનો વિષય હતો. અને તે અમલમાં મૂકવા માટે રાષ્ટ્ર ગાંધીજીનું ઋણી છે. આ અધિકારથી આમપ્રજાને પોતાનું ભાવિ ઘડવાનું સૌથી વધારે સમર્થ સાધન મળ્યું છે. આમજનતામાં મૂકેલા આ વિશ્વાસને ૧૯૫૦ની સાર્વત્રિક ચૂંટણીઓનાં પરિણામોએ



વાજબી ઠરાવ્યો છે. પુખ્તવય મતાધિકારથી બધી જ સત્તા ખરું જોતાં વસ્તીના મોટા ભાગ સમી આમપ્રજાના હાથમાં જ ગઈ છે. આજે તેઓ આ પ્રચંડ સત્તાનો ઉપયોગ કરવા માટે સાવ નિર્બળ અને બિનકેળવાયેલા હોય તો શિક્ષણ અને પ્રચાર દ્વારા એમના હાથ મજબૂત કરવા જોઈએ અને નહીં કે એમના અશક્ત હાથમાં બીજું શસ્ત્ર આપવું જોઈએ. જો પુખ્તવય મતાધિકારનો યથોચિત ઉપયોગ થશે તો આમપ્રજાની વધતી જતી જાગૃતિથી રાજકીય સત્તામાં ધાર્યો ફેરફાર લાવી શકાશે.

### વધારાનુ કોમી પ્રતિનિધિત્વ સર્વથા નિષિદ્ધ

૬. પ્રશ્નની તમામ બાજુઓનો વિચાર કર્યા પછી અમે એવા નિર્ણય પર આવ્યા છીએ કે કોઈ કોમ યા કોમોને વધારાનું અથવા ખાસ રાજકીય પ્રતિનિધિત્વ આપવું એ આત્મઘાતક નીવડશે.

### કુસંપ ટાળવા સુસ્પષ્ટ સામાજિક અને આર્થિક કાર્યક્રમની જરૂર

૭. હાલના વાતાવરણનો લાભ લઈ, કુસંપનાં બળો પોતાનો ભાગ ભજવી રહ્યાં છે એ અમારા ધ્યાન બહાર નથી. રાષ્ટ્રીય સંગઠનની ખાતર આવાં બળોને ઊગતાં જ ડામી દેવાં જોઈએ. તેથી અમે સૂચવીએ છીએ કે રાષ્ટ્રદેહમાં દેખાતાં આ અનિષ્ટ લક્ષણો ધ્યાનમાં લઈ રાજકીય પક્ષોએ તમામ લોકોને એક સુસ્પષ્ટ આર્થિક અને સામાજિક કાર્યક્રમ નીચે એકઠા કરવા જોઈએ, જેથી કોઈ જાતની કડવાશ કે નિરાશાને અવકાશ ન રહે અને સમાજના અમુક વર્ગોના હિતની ઉપેક્ષા કરવામાં આવે છે એવી લાગણીને સ્થાન ન રહે.

## (૨) આર્થિક અને ઔદ્યોગિક પ્રશ્નો

### પછાત વર્ગોની ગરીબીનાં કારણો

૮. પછાત વર્ગોની સમસ્યા એ ખરું જોતાં ગ્રામીણ ભારતની સમસ્યા છે. આમજનતાની પછાતદશા અને કારમી ગરીબી મહદંશે બે

સદીઓના વિદેશી અમલને આભારી છે. ગામડાંના સૈકા જૂના અર્થતંત્ર પર કારમો હલ્લો થવાથી ગ્રામજીવન ઝડપથી ખોરવાઈ ગયું. અંગ્રેજોએ અખત્યાર કરેલી શૈક્ષણિક અને ઔદ્યોગિક નીતિને પરિણામે મોટે ભાગે ઉપલા વર્ગોના તમામ શક્તિશાળી માણસો શહેરી વિસ્તારો અને સરકારી નોકરી તરફ ખેંચાયા. એક વખત પુરબહારમાં ચાલતા ગ્રામોદ્યોગો અને હુન્નરો મિલો અને કારખાનાંની તથા આયાત થયેલી વિદેશી ચીજોની બેફામ હરીફાઈઓથી, વેરવિખેર થઈ ગયા. પરિણામે કારીગરોએ તેમનો કમાઉ વ્યવસાય ગુમાવ્યો, એટલું જ નહીં પણ વારસાગત તાલીમ, કૌશલ્ય અને સંસ્કાર પણ ગુમાવ્યાં, અને તેઓ પછાતપણા અને નિરાશામાં ધકેલાયા. ખેતીસુધારણા માટે, જળસિંચનની સગવડો વધારવા માટે અથવા યોગ્ય ધોરણે વિદ્યુતશક્તિ વધારવા માટે કોઈ અસરકારક પગલાં લેવાયાં નહીં. ખનિજ સાધનોનો પૂરતો લાભ લેવાયો નહીં. વાહનવ્યવહારનાં સાધનો પૂરતા પ્રમાણમાં વિકસાવવામાં આવ્યાં નહીં. છેલ્લા ચાર-પાંચ દશકાઓમાં કંઈક ઔદ્યોગિક વિકાસ થયો છે. અને તે સાથે શહેરીકરણ અને વેપારવિસ્તાર થયા છે. ગામડાંની સ્થાનિક પ્રતિભા અને નેતાગીરીના ભોગે મોટાં શહેરો અને નગરો ખીલ્યાં છે. પરંતુ ગામડાંને ફરીથી ચેતના અને પ્રવૃત્તિનાં કેન્દ્રો બનાવવાં હશે તો શહેરી વિસ્તારો તરફ થતા સ્થળાંતરનો પ્રવાહ હવે પલટાવવો પડશે.

## પછાત લોકોની વસ્તી અને તેમના ધંધા

૯. પછાત વર્ગોનો મોટો ભાગ ગામડાંમાં રહે છે. ૧૯૫૧ની વસ્તીગણતરી પ્રમાણે હિંદની કુલ ૩૫.૭ કરોડની વસ્તીમાંથી ૨૯.૫ કરોડ અથવા ૮૩ ટકા લોકો ૫,૫૮,૦૦૦ જેટલાં ગામડાંમાં રહે છે, જ્યારે બાકીના ૬.૨ કરોડ અથવા લગભગ ૧૭ ટકા લોકો ૩૦૧૮ કસબાઓ અને શહેરોમાં વસે છે. ગામડાંની વસ્તી શહેર કરતાં લગભગ પાંચગણી છે, એટલે કે ૬માંથી ૫ હિંદીઓ ગ્રામવિસ્તારોમાં



રહે છે. એ જ વસ્તીગણતરી અનુસાર ૧૦.૪૪ કરોડ અથવા આશરે ૨૯ ટકા સ્વાશ્રયી છે અને બાકીના એમના પર એક યા બીજી રીતે નભે છે. કેટલાક કમાતા આશ્રિતો છે, તો કેટલાક નહીં કમાતા છે. ૧૦.૪૪ કરોડ જેટલા સ્વાશ્રયીમાંથી ૮.૫૭ કરોડ અથવા ૮૨ ટકા ગ્રામવિસ્તારમાં રહે છે. ૩.૭૯ કરોડ જેટલા કમાતા આશ્રિતોમાંથી ૩.૫૧ કરોડ અથવા ૯૩ ટકા, અને ૨૧.૪૩ કરોડ જેટલા નહીં કમાતા આશ્રિતોમાંથી ૧૭.૩૯ કરોડ અથવા ૮૧ ટકા ગ્રામવિસ્તારમાં રહે છે. આમ ગામડાંની વસ્તીમાં ૨૯ ટકા સ્વાશ્રયી છે; ૧૨ ટકા કમાતા આશ્રિતો છે અને બાકીના ૫૯ ટકા નહીં કમાતા આશ્રિતો છે. સ્વાશ્રયી ખેડૂતોની સંખ્યા ગ્રામવિસ્તારમાં ૬.૮ કરોડ, એટલે કે એ વિસ્તારના કુલ સ્વાશ્રયી લોકોમાંથી લગભગ ૮૦ ટકા જેટલી છે. ઉપરાંત શહેરી વિસ્તારોમાં રહેતા કુલ સ્વાશ્રયી લોકોમાંથી ૧૨ ટકા ખેતી પર નિર્ભર છે.

## આજીવિકાનાં સાધનો

૧૦. નીચેનો કોઠો એકંદર લોકોનાં આજીવિકાનાં સાધનોનો ખ્યાલ આપે છે (૧૯૫૧ની વસ્તીગણતરી મુજબ):

| આજીવિકાનાં સાધનનો પ્રકાર | સ્વાશ્રયી માણસો સંખ્યા (કરોડમાં) | સ્વાશ્રયી માણસો કુલના ટકા | આશ્રિતો સહિત બધા સંખ્યા (કરોડમાં) | આશ્રિતો સહિત બધા કુલના ટકા |
|---|---|---|---|---|
| (અ) ખેતી — | | | | |
| (૧) માલિક ખેડૂત | ૪.૫૭ | ૪૩.૮ | ૧૬.૭૩ | ૪૬.૯ |
| (૨) ગણોતિયા | ૦.૮૮ | ૮.૪ | ૩.૧૬ | ૮.૮ |
| (૩) ખેતમજૂર | ૧.૪૯ | ૧૪.૩ | ૪.૪૮ | ૧૨.૬ |
| (૪) બીજા | ૦.૧૬ | ૧.૫ | ૦.૫૩ | ૧.૫ |
| કુલ | ૭.૧૦ | ૬૮.૦ | ૨૪.૯૦ | ૬૯.૮ |

| | | | | |
|---|---|---|---|---|
| (આ) બિનખેતી | | | | |
| (૫) ઉદ્યોગ | ૧.૨૨ | ૧૧.૭ | ૩.૭૭ | ૧૦.૫ |
| (૬) વેપાર | ૦.૫૯ | ૫.૭ | ૨.૧૩ | ૬.૦ |
| (૭) વાહન | ૦.૧૭ | ૧.૬ | ૦.૫૬ | ૧.૬ |
| (૮) બીજા | ૧.૩૬ | ૧૩.૦ | ૪.૩૦ | ૧૨.૧ |
| કુલ | ૩.૩૪ | ૩૨.૦ | ૧૦.૭૬ | ૩૦.૨ |
| એકંદર સરવાળો | ૧૦.૪૪ | ૧૦૦.૦ | ૩૫.૬૬ | ૧૦૦.૦ |

આ કોઠો ગામડાંના બિનખેડૂત લોકોનાં આજીવિકાનાં સાધનોનો ખ્યાલ આપે છે:

| આજીવિકાનાં સાધનો | સંખ્યા (કરોડમાં) | કુલના ટકા |
|---|---|---|
| ૧. વેપાર | ૦.૨૪ | ૧૪.૬ |
| ૨. વાહન, વખાર વગેરે | ૦.૦૬ | ૩.૬ |
| ૩. ઉત્પાદનની પ્રક્રિયા અને ઉત્પાદન | | |
| (અ) ખાદ્યચીજો, ચામડું, સૂતર અને તેનો માલ | ૦.૨૮ | ૧૭.૦ |
| (આ) ધાતુઓ અને રસાયણો | ૦.૦૫ | ૩.૦ |
| (ઈ) અન્યત્ર નહીં વર્ગીકૃત | ૦.૧૫ | ૯.૧ |
| ૪. આરોગ્ય, કેળવણી અને જાહેર વહીવટ | ૦.૧૨ | ૭.૩ |
| ૫. ખાણ ઉદ્યોગ | ૦.૦૫ | ૩.૦ |
| ૬. બાંધકામ | ૦.૦૮ | ૪.૮ |
| ૭. અન્યત્ર નહીં વર્ગીકૃત એવા પ્રાથમિક ઉદ્યોગો | ૦.૨૧ | ૧૨.૭ |
| ૮. અન્યત્ર નહીં વર્ગીકૃત એવી સેવાઓ | ૦.૪૧ | ૨૪.૯ |
| કુલ | ૧.૬૫ | ૧૦૦.૦ |



આ આંકડા ઉપરથી ખ્યાલ આવશે કે ગામડાંના બિનખેડૂત વર્ગોમાંથી ૨૯ ટકા લોકો ખાદ્ય પદાર્થો બનાવવા, કાપડ વણવું, ચામડાકામ અને ધાતુકામ વગેરેમાં તેમ જ બીજા ગૃહ અને નાના પાયા પરના ઉદ્યોગોમાં રોકાયેલા છે. આ ઉપરાંત, ૧૩ ટકા જેટલા લોકો પશુ-પાલન, જંગલકામ અને મત્સ્યઉદ્યોગ વગેરે જેવા પ્રાથમિક ઉદ્યોગોમાં રોકાયેલા છે. આમ બેઉ ભેગા મળી કુલ વસ્તીના ૪૨ ટકા થાય છે.

## વસ્તીવધારો અને જમીન

૧૧. વસ્તીમાં થયેલો વધારો અને તેને નભાવનાર ખેડાયેલી જમીનનું ક્ષેત્રફળ ધ્યાનમાં લીધા વિના ગ્રામજીવનનુ ચિત્ર પૂરું નહીં થાય.

નીચેનો કોઠો વસ્તીવધારાનો ખ્યાલ આપે છે:

| ગણતરીનું વર્ષ | સંખ્યા (લાખમાં) | ગયા દશકામાં વધારો (+) ઘટાડો (—) (લાખમાં) |
|---|---|---|
| ૧૮૯૧ | ૨,૩૫૯ | — |
| ૧૯૦૧ | ૨,૩૫૫ | ૪ (–) |
| ૧૯૧૧ | ૨,૪૯૦ | ૧૩૫ (+) |
| ૧૯૨૧ | ૨,૪૮૧ | ૯ (–) |
| ૧૯૩૧ | ૨,૭૫૫ | ૨૭૪ (+) |
| ૧૯૪૧ | ૩,૧૨૮ | ૩૭૩ (+) |
| ૧૯૫૧ | ૩,૫૬૯ | ૪૪૧ (+) |

આ ઉપરથી જોઈ શકાશે કે ૧૯૨૧ પછીનાં ૩૦ વર્ષમાં વસ્તી-ની સંખ્યા આશરે ૨૫ કરોડથી વધીને ૩૫ કરોડ થઈ છે.

નીચેનો કોઠો દર દશકે માથાદીઠ ખેડાયેલી જમીનનો ખ્યાલ આપે છે:

| ગણતરીનું વર્ષ | માથાદીઠ ખેડાયેલી જમીનનું ક્ષેત્રફળ (સેંટમાં) |
|---|---|
| ૧૮૯૧ | ૧૦૯ |
| ૧૯૦૧ | ૧૦૩ |
| ૧૯૧૧ | ૧૦૯ |
| ૧૯૨૧ | ૧૧૧ |
| ૧૯૩૧ | ૧૦૪ |
| ૧૯૪૧ | ૯૪ |
| ૧૯૫૧ | ૮૪ |

આ ઉપરથી સમજાય છે કે, માથાદીઠ ખેડાયેલી જમીનમાં ૧૯૨૧ની સપાટીથી લગભગ ૨૫ ટકા ઘટાડો થયો છે.

વસ્તીગણતરી કમિશનરના કહેવા મુજબ ગામડામાં વસ્તીવધારો ખેતીની પ્રગતિને આંબી ગયો છે. જમીન પર વસ્તીનું ભારણ વધતું જાય છે અને પરિણામે ખેડૂતની જમીન પર નિર્વાહ કરવાની શક્તિ ઘટતી જાય છે.

## ખેતમજૂર

૧૨. 'અખિલ હિંદ ખેતમજૂર તપાસ'ના રિપોર્ટ ઉપરથી સમજાય છે કે, ખેતમજૂરોની વસ્તીમાં ધ્યાન ખેંચે એવો વધારો થયેલો છે એ રિપોર્ટમાં નિર્દેશ છે કે, 'બ્રિટિશ અમલ પહેલાં ગ્રામવિસ્તારોમાં ખેતમજૂર જેવો કોઈ વર્ગ હતો જ નહીં.' જમીન-ભોગવટાની પ્રચલિત પ્રથા ખેતમજૂરોની સંખ્યામાં વધારો થવામાં મહત્ત્વનું કારણ હોય એમ લાગે છે. સદરહુ અહેવાલમાં આપેલો નીચેનો કોઠો દર્શાવે છે કે, વસ્તી-ગણતરીના જુદા જુદા પ્રદેશવિભાગોમાં ખેતીને લગતી ધંધાની શ્રેણી પરત્વે વ્યાવસાયિક પરિસ્થિતિમાં ઠીક ઠીક વિવિધતા હતી.



### ખેડૂત-કુટુંબોની પ્રકારવાર ટકાવારી

| | ખેતી કરનાર જમીનમાલિકો | ખેતી કરનાર ગણોતિયા | ખેત મજૂરો જમીન વાળા | ખેત મજૂરો જમીન વિહોણા | ખેત મજૂરો કુલ | બિનખેડૂતો |
|---|---|---|---|---|---|---|
| ઉત્તર હિંદ | ૭.૭ | ૫૬.૧ | ૫.૭ | ૮.૬ | ૧૪.૩ | ૨૧.૯ |
| પૂર્વ હિંદ | ૧૬.૩ | ૨૯.૯ | ૧૯.૦ | ૧૩.૭ | ૩૨.૭ | ૨૧.૧ |
| દક્ષિણ હિંદ | ૨૩.૦ | ૬.૧ | ૨૭.૩ | ૨૨.૮ | ૫૦.૧ | ૨૦.૮ |
| પશ્ચિમ હિંદ | ૪૪.૮ | ૧૮.૪ | ૮.૮ | ૧૧.૬ | ૨૦.૪ | ૧૬.૪ |
| મધ્ય હિંદ | ૨૫.૦ | ૨૨.૦ | ૧૪.૬ | ૨૨.૧ | ૩૬.૭ | ૧૬.૩ |
| ઉત્તર-પશ્ચિમ હિંદ | ૪૯.૨ | ૨૫.૦ | ૨.૭ | ૭.૧ | ૯.૮ | ૨૩.૦ |
| અખિલ હિંદ | ૨૨.૨ | ૨૭.૨ | ૧૫.૨ | ૧૫.૨ | ૩૦.૪ | ૨૦.૨ |

અહેવાલ આગળ ઉમરે છે કે, ખેતમજૂર કુટુંબોની કુલ ૩૦.૪ ટકા સંખ્યામાંથી ૨૫.૮ ટકા છૂટક કામ કરે છે અને ૪.૬ ટકા બાંધેલું કામ કરે છે. ખેડૂત કુટુંબોનું કદ (૫.૫૦) બિનખેડૂતના કુટુંબોના કદ (૪.૫૪) કરતાં વધારે હતું. ખેડૂત કુટુંબોમાં, જમીનમાલિક (૫.૪૫) અને ગણોતદારો(૫.૩૯)ના કુટુંબદીઠ માણસોની સરેરાશ સંખ્યા ખેતમજૂરોનાં કુટુંબો(૪.૭૦)ની સંખ્યા કરતાં ઘણી વધારે હતી. આમ જમીનમાલિક વર્ગોમાં કુટુંબદીઠ માણસોની સંખ્યા જમીનવિહોણા વર્ગો કરતાં ઘણી વધારે હતી. વળી એક માણસ પાસે સરેરાશ જમીનનું પ્રમાણ ૭.૫ એકર છે. આ સરેરાશ સ્થળ પરત્વે ઓછીવત્તી છે. પૂર્વ અને દક્ષિણ હિંદમાં તે ૪.૫ એકર છે, અને ઉત્તર–પશ્ચિમ હિંદમાં ૧૨.૬ એકર છે. સરેરાશ જમીન ધારણ ૭.૫ એકરનું હોવા છતાં, લગભગ ૭૦ ટકા જમીનધારણો આથી ઓછા પ્રમાણનાં હતાં. એક એકરથી ઓછાનું પ્રમાણ ૧૭ ટકા, ૧થી ૨·૫ એકરની વચ્ચેનું પ્રમાણ ૨૧ ટકા, ૨.૫થી ૫ એકરની વચ્ચેનું પ્રમાણ ૨૧ ટકા હતું. કુલ

જમીનમાંથી ૫૨.૪ ટકા જમીનમાલિકો પાસે, ૩૫.૭ ટકા ગણોતદારો પાસે, ૭.૮ ટકા ખેતમજૂરો પાસે અને ૪.૧ ટકા બિનખેડૂતો પાસે હતી, આમ ગ્રામવિસ્તારોમાં ખેતી બહુ જ નાના પાયા પર થાય છે.

### ઢોર અને હળ

૧૩. ખેડૂતની માલિકીનાં કામ કરનારાં ઢોરો અને હળની સંખ્યા જમીનધારણની સંખ્યા અને કરને અનુસરે છે. સામાન્ય કુટુંબ તપાસ અનુસાર, જમીનમાલિક ખેડૂતોનાં કુટુંબો પાસે ૪૪.૮ ટકા હળ હતાં, જ્યારે ગણોતદારો, ખેતમજૂરો અને બિનખેડૂતો પાસે અનુક્રમે ૩૮.૨, ૧૧.૭ અને ૫.૩ ટકા હળ હતાં. કુટુંબદીઠ સરેરાશ ૦.૭ ટકા હળ હતાં. જમીનમાલિક અને ગણોતદારના કુટુંબદીઠ ઢોરની સરેરાશ સંખ્યા ૩-થી ૪ની વચ્ચે હતી અને ખેતમજૂરોના કુટુંબદીઠ ઢોરની સરેરાશ લગભગ ૧ની હતી. કુટુંબદીઠ ઘેટાંબકરાંની સરેરાશ સંખ્યા ૨.૩ અને મરઘાંની સરેરાશ સંખ્યા ૦.૯ હતી.

### વસવાટ

૧૪. એ જ તપાસ પ્રમાણે ગ્રામવિસ્તારોમાં વસવાટની પરિસ્થિતિ નિરાશાજનક ચિત્ર રજૂ કરે છે. થોડાક મોટા જમીનદારો, વેપારીઓ અને શાહુકારોનાં ઘરો પાકાં હતાં, પરંતુ મજૂર વર્ગોનાં, કારીગરોનાં અને ગરીબ ખેડૂતોનાં ઘરો, કાચી દીવાલો અને છાયેલાં છાપરાંવાળાં કાચાં હતાં. એકંદરે ૮૪ ટકા ઘરો કાચાં હતાં. આ પ્રમાણ પૂર્વ હિંદમાં ૯૮.૫ ટકા જેટલું ઊંચું હતું. એક ઓરડાવાળાં ઘરો ૩૮ ટકા, બે ઓરડાવાળાં ૨૮ ટકા અને ત્રણ કે તેથી વધારે ઓરડાવાળાં ઘરો ૩૪ ટકા હતાં.

### ખેતમજૂરો વધવાનું કારણ

૧૫. ખેતમજૂરોની સંખ્યામાં મોટા પ્રમાણમાં થયેલા વધારા માટે બે વસ્તુ કારણભૂત મનાય છે — જમીન-ભોગવટાની પ્રથા અને



માણસ — જમીનના પરિમાણમાં થયેલો વધારો. ગ્રામોદ્યોગોનો નાશ પણ ખેતમજૂરો વધારવાનું એક કારણ મનાય છે.

### જમીનમાલિકોને સુધરેલા ગણાય?

૧૬. ઘણી વાર એવી દલીલ કરવામાં આવે છે કે, જમીનમાલિકો અને માલિક ખેડૂતોને સુધરેલા ગણવા જોઈએ. પણ આ છાપ ખોટી છે, કેમ કે, આમાંથી મોટા ભાગના લોકો પાસે તો જમીનના નાના ટુકડાઓ જ છે, અને તેમની પાસે જળસીંચનની કોઈ સગવડો નથી. એટલે તેમને જમીનમાંથી પૂરતી આવક થતી નથી. અનિયમિત વરસાદ અને વારંવાર આવતું રેલ અને દુષ્કાળ સંકટ ખેતી પર આધાર રાખનાર વર્ગોની યાતનામાં વધારો કરે છે. શિક્ષણનો અભાવ, ગામડાંમાં જોઈતું નાણાંધિરાણ નહીં, બજારની સગવડો ન મળે, અને વચગાળાના માણસો દ્વારા થતું શોષણ — આ બધી બાબતોને લઈ મોટા ભાગના લોકોને જૂની ઢબે ખેતી કરવી પડે છે.

### ખેડૂતોની ગરીબી

૧૭. ઉપર જોયું તેમ, ૭૦ ટકા જેટલી વસ્તી આજીવિકા માટે ખેતી પર આધાર રાખે છે. રાષ્ટ્રીય આવક સમિતિના અંદાજ પ્રમાણે ૧૯૫૦–૫૧માં ભારતનું કુલ ચોખ્ખું રાષ્ટ્રીય ઉત્પન્ન રૂ. ૯,૫૫૦ કરોડ જેટલું થયું હતું. એનો અર્ધો હિસ્સો (રૂ. ૪૭૮૦ કરોડ જેટલો) ખેતી, પશુપાલન અને તે સાથે સંકળાયેલી પ્રવૃત્તિઓમાંથી મળ્યો હતો. આ રીતે મુખ્યત્વે ખેતી પર આધાર રાખનાર પછાત વર્ગોની ગરીબી સ્વતઃસિદ્ધ છે.

### સહાયક વ્યવસાયની જરૂર

૧૮. કેન્દ્રીય આંકડાશાસ્ત્ર સંસ્થાના નિયામક ડો. રામમૂર્તિની તપાસ દર્શાવે છે કે, કેટલાંક રાજ્યોમાં ખેતમજૂરોની આવક ગણોતિયા ખેડૂત અથવા ક્યારેક માલિકખેડૂત કરતાં પણ વધારે હોય છે.

ખેતમજૂરો મરજી ફાવે ત્યારે ખાનગી મજૂરી કરી શકે છે એટલે વરસ દરમિયાન વધારે કમાઈ શકે છે. આ હકીકત ખેતીમાં રોકાયેલા તમામ લોકોને સહાયક વ્યવસાય આપવાની જરૂર પર ભાર મૂકે છે. આથી અમે પછાત વર્ગોને, તેઓ ખેતીમાં રોકાયેલા હોય તોપણ, તેમના આર્થિક ઉદ્ધાર માટે ગ્રામોદ્યોગ અને ગૃહોદ્યોગ દ્વારા બને એટલી મદદ આપવાની ભારપૂર્વક ભલામણ કરીએ છીએ.

## તાત્કાલિક કામ શરૂ કરવાની જરૂર

૧૯. પ્રજાની જરૂરિયાતની ચીજોના ઉત્પાદનમાં માનવસાધનો તથા કારીગર અને ધંધાદારી વર્ગોના કૌશલ અને અનુભવનો પૂરેપૂરો ઉપયોગ કરવામાં ઢીલ ના કરવી જોઈએ. આપણી વસ્તીનો મોટો ભાગ પોતાના પ્રણાલીગત વ્યવસાયોમાં તાલીમ પામેલો છે. તેથી લુપ્ત થયેલા ગૃહોદ્યોગ અને ગ્રામોદ્યોગ ખીલવવાની પરિસ્થિતિ ફરીથી સર્જવામાં આવે તો ઘણા આગળ આવી શકાશે. હાલના સંજોગોમાં ગૃહોદ્યોગ અને ગ્રામોદ્યોગનું ઉત્પાદન સારું અને વધારે કરવા આધુનિક સાધનસામગ્રીની જરૂર છે, એ અમારા ધ્યાન બહાર નથી. પરંતુ આ બધું થાય તે પહેલાં પ્રણાલીગત કોમોના ઉત્પાદન અને રોજીનાં પ્રવર્તમાન સાધનોનો પૂરેપૂરો ઉપયોગ કરવાનું અનિશ્ચિત સમય સુધી મોકૂફ ન રખાવું જોઈએ. એક વાર શરૂઆત થયા પછી, સુધરેલી સાધનસામગ્રી કે ઓજારો અને ઉત્પાદનની આધુનિક પદ્ધતિઓની તાલીમ આપોઆપ આવી મળશે.

## પછાત વર્ગોના ઝડપી ઉત્કર્ષનો ઉકેલ

૨૦. આથી ગ્રામવિસ્તારના પછાત વર્ગોના ઝડપી ઉત્કર્ષનો મુખ્ય ઉકેલ રોજીની નવી શકયતાઓ ઊભી કરવા સુધી રાહ જોવામાં નથી, પણ નષ્ટપ્રાય થયેલા અથવા નબળા પડવા માંડેલા વ્યવસાયોને પુનર્જીવિત કરવા માટે સાનુકૂળ પરિસ્થિતિ પૂરી પાડવામાં છે. આ



કોમોને ગૃહોદ્યોગ અને ગ્રામોદ્યોગ જેવા તેમના પ્રણાલીગત વ્યવસાયોમાં મોટા પાયા પર રોકવાથી જ જમીન પરનું હાલનું ભારણ ઓછું થશે. તદુપરાંત આર્થિક ઉન્નતિ માટેનું સાનુકૂળ સામાજિક વાતાવરણ સર્જવામાં પણ તે સહાયભૂત બનશે. એ પછી જ આપણને સમગ્ર ગ્રામજીવનનું સ્પષ્ટ ચિત્ર મળશે, જે સંગીન અને તર્કશુદ્ધ પાયા પર ખેતીની નવરચના કરવામાં મદદ કરશે.

## પહેલી પંચવર્ષીય યોજના માટે ઉત્સાહનો અભાવ

૨૧. પહેલી પંચવર્ષીય યોજનામાં અનાજ તથા વ્યાપારી પાકોના ખેતીના ઉત્પાદનમાં સારો એવો વધારો કરવાની ઉમેદ સેવવામાં આવી છે. આ ધ્યેયને સિદ્ધ કરવા વિકાસનાં ઘણાં કામોનો યોજનામાં સમાવેશ થયો છે. પરંતુ યોજના પ્રત્યે આમજનતામાં — ખુદ કોંગ્રેસ કાર્યકર્તાઓમાં પણ — વ્યાપક ઉત્સાહ પેદા નથી થયો. જો ખુદ સત્તાધારી પક્ષના નેતાઓ પણ જરૂરી ઉત્સાહ ના પેદા કરી શકે તો સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત એવા લોકો પાસેથી તો એની શી રીતે અપેક્ષા રાખી શકાય!

## વહીવટી તંત્ર સુધારવાની જરૂર

૨૨. ભારતે કલ્યાણરાજ્ય બનવાનું પસંદ કર્યું હોવા છતાં, આયોજન હેઠળનાં કલ્યાણકારી પગલાંનો અમલ કરવા માટેનું વહીવટી તંત્ર, જે અગાઉ મુખ્યત્વે કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે રચવામાં આવ્યું હતું તે, એવું ને એવું જ રહ્યું છે. આથી વહીવટી તંત્રમાં ધરમૂળથી ફેરફાર કરવાની જરૂર છે. પછાત વર્ગોના પ્રતિનિધિઓની ચોતરફથી માગણી હતી કે, જનતા સાથે સામાજિક સંપર્ક સાધવા સારુ એમના વર્ગોના ઘણા માણસોને વહીવટમાં લેવા જોઈએ.

## ગામડાંને આધુનિક સગવડો પૂરી પાડો

૨૩. ગામડાંની શાંતિનો ભંગ કરનારાં કારણો વિવિધ પ્રકારનાં છે. દાખલા તરીકે પક્ષાપક્ષી, સમાજદ્રોહી તત્ત્વો અને કોરટબાજી. ગ્રામ-વિકાસ નિશ્ચિત બને તે માટે આ કારણો દૂર કરવાં જરૂરી છે. ગામડાંમાં તંદુરસ્ત આધુનિક સગવડો પૂરી પાડીને લોકોને ગામ બહાર ઘસડી જનાર શહેરો અને નગરો પ્રત્યેનું આકર્ષણ દૂર કરવું જોઈએ. પ્રારંભમાં બધાં ગામડાંને આ સગવડો આપવાનું શક્ય ન હોય. છતાં આયોજિત ધોરણે ૧૦-૧૫ ગામનાં બનેલાં સઘન ક્ષેત્રનાં મધ્યસ્થ ગામોએથી શરૂઆત થઈ શકે. આ હેતુસર ગ્રામવિસ્તારોને પંચકોશીઓમાં વહેંચી શકાય. (પંચકોશી એટલે અમુક સંખ્યાનાં ગામોનું સઘન જૂથ કે જેમાં આસપાસનાં ગામો મધ્યસ્થ ગામથી પાંચ માઈલની અંદર આવેલાં હોય.) આવા દરેક સઘન ક્ષેત્રના મધ્યસ્થ ગામેથી તમામ વિકાસપ્રવૃત્તિઓ પ્રસરવી જોઈએ. આ પ્રારંભિક પગલામાંથી પછાતવર્ગોમાં ભારતની પુનર્રચના માટેનો ઉત્સાહ પેદા કરી શકાશે. બુનિયાદી તાલીમ અને ગ્રામવિકાસની પ્રવૃત્તિઓ સહિત પંચકોશી એકમો સ્વાશ્રય, પરસ્પર સહાય અને સર્વોદયની ફિલસૂફી ફેલાવવામાં અગ્રેસર બની રહેશે.

## જમીન અંગે યોગ્ય નીતિની જરૂર

૨૪. પછાતવર્ગોના ઉત્કર્ષ માટે જમીન અંગેની યોગ્ય નીતિ હોવી આવશ્યક છે. જમીનના સુધારા અને જમીનની વહેંચણીનો પ્રશ્ન પ્રથમ પંચવર્ષીય યોજનામાં વિચારાયો છે. તેમ છતાં પછાતવર્ગોના હિતની દૃષ્ટિએ અમે કેટલાંક સૂચનો અત્રે કરીશું. પ્રથમ તો એ કે, જમીન અંગેની રાષ્ટ્રીય નીતિનો અમલ કરવામાં ભયરૂપ હોય એવી તમામ પ્રકારની જમીનદારી અને જાગીરદારી જેવી ભોગવટાની પ્રથાઓ નાબૂદ કરવા તાકીદે પગલાં લેવાં જોઈએ.



અમારા જાણવામાં આવ્યું છે કે સમર્થ જમીનદારો લાંબા સમયથી ખેડતા જૂના ગણોતદારો અથવા ભાગીદારોને ખસેડી, તેમની જગાએ પોતાના માણસોને રાખે છે. જમીનદારી વિસ્તારોમાં હકપત્રકો બરાબર નહીં રહેતાં હોય એ કારણે કદાચ આમ બનતું હશે. આવી વચગાળાના ભોગવટાની પ્રથાઓ નાબૂદ થવાને લીધે સહન કરનાર બીજી કોમોમાં કુંભાર, માછીમાર અને શિંગોડાં ઉછેરનારા હતા. આ કોમોની ફરિયાદોની તપાસ કરી સત્તાવાળાઓએ તેમના પરંપરાગત હકોનું રક્ષણ કરવું જોઈએ.

## કાયદા સરળ જોઈએ

૨૫. જમીનસુધારણાના કાયદા સરળ અને પછાતવર્ગોને સહેલાઈથી સમજાય એવા હોવા જોઈએ, નહીં તો તેનાથી પાર વિનાની તકરારો અને શોષણ વધશે. ગ્રામવિસ્તારોમાં સામાજિક સંઘર્ષ વધે એવી છટકબારીઓ કાયદામાં હોવી જોઈએ નહીં. કાયદામાં ઘણા અને વારંવાર ફેરફારો કરવાથી પણ મુશ્કેલી અને ગૂંચવાડો થાય છે.

## જમીનો અંગેના શેષ પ્રશ્નો

૨૬. જૂની જમીનદારી પ્રથાના શેષ વારસારૂપ ઘણી મુશ્કેલીઓ હજી ઊભી જ છે. તેમ છતાં જમીનદારી અને બીજી વચગાળાની ભોગ-વટાની પ્રથાઓ નાબૂદ થવાથી ખેડૂત હવે સરકારના સીધા સંપર્કમાં આવ્યો છે. હવે જે પ્રશ્નો ધ્યાન માગે છે તે મોટા જમીનમાલિકો, નાના અને વચગાળાના જમીનમાલિકો, સ્વૈચ્છિક ગણોતિયા અને જમીનવિહોણા મજૂરો અંગેના છે.

## જમીનધારણની ટોચમર્યાદા

૨૭. 'વસ્તીવધારો થવાથી અને વારંવાર પેટાભાગ પડવાથી જમીનવહેંચણીની એવી પ્રથા સર્જાઈ છે કે, જેને લઈ જમીનના વિશાળ

લાટ જોવાયે મળતા નથી અને મોટા ભાગની ધારણ જમીનનું કદ સરખામણીમાં નાનું થયું છે.' આના ઉપાય માટે અમારો મત એવો છે કે વધારે ખેડ જમીન ધરાવવા પર ટોચમર્યાદા મૂકવાનો સુધારો ઇચ્છનીય છે, છતાં આ પગલાં લીધા પછી તરત જ રાષ્ટ્રના અર્થતંત્રનાં અન્ય ક્ષેત્રોમાંથી થતી આવક પર ટોચમર્યાદા મૂકવી જોઈએ. બીજું, ગામડાંમાં ખેડૂતની ધારણ જમીન બાબતમાં જે અસમાનતા પ્રવર્તે છે તે દૂર કરવા સામાજિક સિદ્ધાંત તરીકે, ધારણ જમીન પર ટોચમર્યાદા મૂકવી જરૂરી છે. પરંતુ આ સિદ્ધાંત લાગુ પાડતી વખતે જુદા જુદા પ્રકારની જમીન માટે જુદી જુદી ટોચમર્યાદા રાખવાની કાળજી લેવી પડશે. દાખલા તરીકે, અનાજ ઉગાડવા વપરાતી જમીન ઉપર જે ટોચમર્યાદા મૂકવી યોગ્ય હોય તે ટોચમર્યાદા વિશાળ અને વૈજ્ઞાનિક ધોરણે વાવેતર માટે વપરાતી જમીન બાબતમાં લગીરે અનુકૂળ ના હોય. માટે ટોચ-મર્યાદાઓનો નિર્ણય કરતી વખતે જમીનની જાત, એ વિસ્તારમાં થતો વરસાદ, પાકના પ્રકાર, વસ્તીનું ભારણ વગેરે બાબતો ધ્યાનમાં લેવી જોઈએ.

## જમીનની વહેંચણી

૨૮. જમીનધારણની ટોચમર્યાદા નક્કી કર્યા પછી વધારાની જમીનની વહેંચણી કરવાનું કામ સહેલું નથી. આવી જમીન માટે જમીનવિહોણા ખેતમજૂરો અને અનુત્પાદક જમીન ધારણ કરનારા ખેડૂતો બેઉ સરખો જ દાવો કરે છે. ખેડૂત પાસે જમીનનો નાનો ટુકડો હોય તોપણ તેને તે માટે ઊંડી આસક્તિ હોય છે. જમીન ધરાવવાથી ગામમાં એને હંમેશાં ગૌરવભર્યો દરજ્જો મળેલો છે. આથી, પહેલે તબક્કે, પ્રાપ્ત હોય એટલી તમામ જમીન વહેંચવામાં જમીન-વિહોણાને પ્રથમ પસંદગી આપવી એ જરૂરી છે. આ કામ સરળતાથી થઈ શકે તે માટે સરકારી જમીનનો નિકાલ કરવા બાબતના હાલના જમીનમહેસૂલના નિયમો એવી રીતે સુધારવા જોઈએ કે જેથી ગામની



જમીન પહેલાં તો તમામ જમીનવિહોણાને વહેંચાય અને વધારાની, જો હોય તો, અનુત્પાદક જમીન ધરાવનારાઓને વહેંચી અપાય. આ નિયમોનું ઉલ્લંઘન કરનારા સામે રાજ્યના સત્તાવાળાઓએ કડક હાથે કામ લેવું જોઈએ. બધાં ગામોમાં પૂરતા પ્રમાણમાં જમીન નથી મળતી અને જ્યાં મળે છે ત્યાં જવા જમીનવિહોણા રાજી નથી હોતા. આથી રાજ્ય સરકારે આવા વિસ્તારોમાં જવા લોકોને ઉત્તેજન આપવું જોઈએ અને એ વિસ્તારોમાં એમના રહેઠાણ માટે પગલાં લેવાં જોઈએ.

ઉત્તર પ્રદેશમાંથી અરજ કરવામાં આવી હતી કે ત્યાં જમીનદારી નાબૂદ થયા બાદ જમીન ગ્રામપંચાયત હસ્તક ગઈ અને પંચાયત વર્ચસ્વશાળી કોમોના હાથમાં હોવાથી આ જમીન અત્યંત ગરીબ કોમોને ના મળી. અમારી ભલામણ છે કે આ બાબતમાં તપાસ થવી જોઈએ અને જમીનદારી નાબૂદી પછીની જમીન રાજ્ય હસ્તક રહેવી જોઈએ. એની વહેંચણી કરવાનું કામ સરકારી અમલદારોને સોંપવું જોઈએ અને જમીનવિહોણા ખેડૂતોને સર્વ પ્રથમ સહાય કરવાની સરકારી નીતિને અનુસરવા અમલદારોને આદેશ આપવો જોઈએ.

## નાના અને વચગાળાના જમીનમાલિકો

૨૯. પછાતવર્ગોની ઘણી કોમો નાના અને વચગાળાના જમીન-માલિકોની બનેલી છે. એમાંના ઘણા પાસેની જમીન અનુત્પાદક અને તે પણ નાના ટુકડાઓમાં વહેંચાયેલી છે. આ ટુકડા પણ છૂટાછવાયા હોઈ ખેડવા મુશ્કેલ છે. આ ટુકડાઓને એકત્રિત કરવા જોઈએ. પંજાબ, મધ્ય પ્રદેશ અને મુંબઈના આ બાબતના અનુભવે એકીકરણના પગલાનું નાના અને વચગાળાના માલિકો માટે શું મૂલ્ય છે તે પુરવાર કર્યું છે. તેથી અમુક હદ બહારનું જમીનનું વિભાગીકરણ કાયદાથી અટકાવવું જોઈએ.

## ગણોતહકનું નિયમન

૩૦. બહુ જમીન ધરાવનારાઓ જાતે ના ખેડતા હોય પણ તેમણે જમીન ગણવતે આપી દીધી હોય, એવા કિસ્સામાં ગણોતદારોને મન ફાવે ત્યારે ખાલી કરાવવામાં આવે અને તેમની પાસેથી ગેરવાજબી સાંથ માગવામાં આવે તે સામે તેમનું રક્ષણ થવું જોઈએ. જ્યાં જમીનધારણની ટોચમર્યાદા ન કરેલી હોય તેવા તમામ કિસ્સાઓમાં જમીનમાલિક જાતે ખેડવા કેટલી જમીન માગી શકે તે નક્કી કરવું જરૂરી છે. નહીં તો ખાલી કરાયેલા બેકાર ગણોતદારોનો પ્રશ્ન જાગશે. જ્યાં ટોચમર્યાદા નક્કી થઈ હોય તેવા કિસ્સાઓમાં ગણોતદારોને વધારાની જમીન યોગ્ય ભાવે ખરીદવાની અને માફકસર હપ્તાથી તેની કિંમત ચૂકવવાની છૂટ આપવી જોઈએ. આની વિગતો સ્થાનિક પરિસ્થિતિ ધ્યાનમાં લઈ કરાવવી જોઈએ. આ સંબંધમાં કાયદા–કાનૂનથી સ્થાનિક પરિસ્થિતિ નાહકની ડહોળાવી ના જોઈએ અથવા બિનજરૂરી કડવાશ અને ટંટા પેદા ના થવા જોઈએ.

૩૧. એવા ઘણા કિસ્સા છે જેમાં નાના અને વચગાળાના જમીનમાલિકોએ પણ પોતાની જમીન આખી અથવા થોડી સાંથે આપી દીધી હોય છે. આવા કિસ્સાઓને ગેરહાજર જમીનદારોના જેવા ન ગણવા જોઈએ. આવા કિસ્સાઓમાં કૌટુંબિક કારણો અથવા માલિકોની થોડા સમય માટે ગામમાંથી ગેરહાજરી — એ કારણોને લીધે જમીન સાંથે આપવાનું અનિવાર્ય બનેલું હોય છે. આવા લોકોના ખેડાણહકને કાયમ રાખવામાં આવશે તો પાછળથી જે જાતે ખેડવા માગતા હશે એમની મુશ્કેલી ખૂબ વધી જશે. આવી બાબતોમાં ગણવતહક ૫થી ૧૦ વર્ષ પૂરતા જ હોવા જોઈએ, અને મુદત પૂરી થયે કશી મુશ્કેલી વગર ધણી જાતે ખેડી શકે એવી સવલત હોવી જોઈએ. આવા ધણી અને ગણોતદારો વચ્ચેના સંબંધનું નિયમન સાદા કાયદાથી થવું જોઈએ.



## હકપત્રકો

૩૨. હજુ કેટલાંક વર્ષો સુધી જમીનનું સમાજીકરણ કરવું શક્ય નથી. જમીનધારણ ગમે તેટલું નાનું હોય તોપણ જે ધારણ કરે તે — ખેડૂત — માલિક એવી સ્થિતિ ગામડાંમાં હજી વર્ષો સુધી ચાલતી રહેશે. દરમિયાનમાં જમીનને લગતા તમામ પ્રકારના હકોની સાચી નોંધણી અને જાળવણી થવી જોઈએ. આનાથી અભણ ખેડૂતો બિનજરૂરી તકરાર અને શોષણમાંથી ઊગરી જશે.

## ગામડાંમાં નાણાંધિરાણ અને બજારોની સગવડ

૩૩. ખેતીની પ્રગતિ માટે ગામડાંમાં નાણાંધિરાણની અને બજારોની સગવડો તાત્કાલિક ઊભી કરવા પર અમે ખાસ ભાર મૂકીએ છીએ. 'અખિલ હિંદ ગ્રામધિરાણની તપાસ' અંગે એક સમિતિ નિમાઈ હતી. તેના તાજેતરમાં પ્રગટ થયેલા રિપોર્ટમાં આ પ્રશ્નોની વિગતવાર છણાવટ છે. સમિતિનો અંદાજ છે કે ખેડૂતોને કરવામાં આવેલા કુલ ધિરાણમાંથી સરકાર અને સહકારી મંડળીઓનો ભેગો હિસ્સો આશરે ૬ ટકા છે, જ્યારે વ્યાપારી બેંકોનો ૧ ટકા જેટલો છે. આમ ખાનગી નાણાંધિરાણનું વર્ચસ્વ વર્તાય છે. કુલ નાણાંધિરાણમાં ધંધાદારી શાહુકારનો આશરે ૪૫ ટકા અને ખેડૂત શાહુકારનો લગભગ ૨૫ ટકા ફાળો છે.

આથી સમિતિએ ગ્રામ-નાણાંધિરાણ અંગે સરકારની ભાગીદારી સહિતની એક સુગ્રથિત યોજનાની ભલામણ કરી છે. આ યોજનાનાં મુખ્ય અંગો ત્રણ છે : સહકારી ધોરણે – (૧) નાણાંધિરાણ, (૨) આર્થિક-પ્રવૃત્તિ (મુખ્યત્વે માલ બનાવવો અને વેચવો) અને (૩) તાલીમબદ્ધ માણસો. આમાં રિઝર્વ બેંકનો મહત્ત્વનો ફાળો રહેવાનો. પણ તમામ ચાવીરૂપ પ્રવૃત્તિઓમાં રાજ્યે ઘણી બાબતમાં ભાગીદાર બનવું પડશે. દાખલા તરીકે, (૧) ધિરાણ (૨) આર્થિક પ્રવૃત્તિ (૩) વખારો (૪) વેપારી બેંકો. ખેડૂતોની આબાદી માટે ગામડાંના અર્થતંત્રને મજબૂત બનાવવા આ ભલામણોનો વહેલી તકે અમલ કરવો જરૂરી છે.

## ગામડાંમાં દેવું

૩૪. ખેડૂત કોમને દેવું કરવાની ટેવ હોય છે. ખાસ કરીને પ્રતિકૂળ મોસમની પરિસ્થિતિમાં તે દેવું કરી બેસે છે. યુદ્ધનાં વર્ષો દરમ્યાન ખેડૂતોમાં આબાદી આવી એવું મનાય છે, પણ એમાંના મોટા ભાગના લોકોની આર્થિક સ્થિતિમાં વાસ્તવિક ફેર પડયો નથી. થોડાક જમીન-માલિકો, અને ખાસ કરીને ન ખેડતા હોય એવા માલિકો, ભાવ ઊંચા જવાથી ખાટી ગયા હશે. પણ જીવનનિર્વાહની ચીજોના અને ખેતીલાયક વસ્તુઓના ભાવ ઊંચા જવાથી વધારાની આવક જણાઈ નહીં. આથી જમીનવિકાસ ધિરાણ સહકારી મંડળીઓ અથવા સ્ટેટ બેંક દ્વારા લાંબી મુદતની શાખ આપી ખેડૂતોને નિષ્ઠુર શાહુકારની પકડમાંથી છોડાવવા જોઈએ. બેફામ લેવાતા વ્યાજના દરમાં પણ રાહત આપવી જરૂરી છે. ધનહીન ખેડૂતોનું દેવું ઓછું કરવાનું પણ ઇચ્છવાજોગ છે.

## બજારોની સગવડો

૩૫. ખેડૂતોને તેમનો માલ બજારમાં વેચવામાં નાણાં ધીરનાર શરાફ અથવા મંડીનો વેપારી બનાવી જાય છે. તેથી સહકારી ખરીદ-વેચાણ મંડળીઓ અને વખાર તથા બેંકિંગની સગવડો સહિતનાં નિયંત્રિત બજારો સ્થાપીને આ સગવડો દૂર કરવી જરૂરી છે. 'અખિલ હિંદ ગ્રામધિરાણની તપાસ'ના અહેવાલમાં આ અંગે કીમતી સૂચનો કરેલાં છે.

## ભાવોનું રક્ષણ

૩૬. ખેડૂતોને તેમની ખેતીની પેદાશના વાજબી ભાવો મળવા જોઈએ. આમ નહીં થતું હોવાથી મંદીના સમયમાં તેમની સ્થિતિ વિકટ બની જાય છે અને તેઓ દેવું કરી બેસે છે. આના ઉપાય તરીકે અમારી ભલામણ છે કે ખેડૂતોને ઓછામાં ઓછા વાજબી ભાવ મળે એની ખાતરી આપવી જોઈએ, જેથી ખેતીનું ઉત્પાદન જળવાઈ રહે અને ખેડૂતવર્ગની આબાદી થાય.



## જળસિંચન

૩૭. નિયોજન પંચે જણાવ્યું છે તેમ ભારતમાં ખેડાણલાયક જમીનનો $\frac{૪}{૫}$ ભાગ વરસાદ પર આધાર રાખે છે. આ વરસાદ દેશભરમાં જવલ્લે જ પૂરતા પ્રમાણમાં અને સમયસર પડે છે. આથી પાકનું ઉત્પાદન વધારવા જળસિંચન દ્વારા પાણીનો પુરવઠો મેળવવા ઉપાય યોજવા જોઈએ અને જ્યારે જરૂર પડે ત્યારે પાણી મળી રહે એવી સ્થિતિ સર્જવી જોઈએ. આ પ્રશ્નની તાકીદ જોતાં અમારી ભલામણ છે કે, નાની અને મધ્યમ નહેર સિંચાઈનાં કામ જલદીથી પૂરાં કરવા પર અને બંધો શક્ય ના હોય ત્યાં કૂવામાંથી તથા નદીઓમાંથી પાણી પૂરું પાડવા પર વિશેષ ધ્યાન આપવું જોઈએ.

## જમીનમહેસૂલની નીતિ

૩૮. કરવેરા અથવા જમીનમહેસૂલની નીતિ બધાં રાજ્યોમાં એક-સરખી નથી. તેથી અમારી ભલામણ છે કે ખેડૂત તેના ગજા પ્રમાણે વેરો ભરી શકે તે દૃષ્ટિએ જમીનમહેસૂલના આખા પ્રશ્નની તલસ્પર્શી તપાસ થવી જોઈએ અને કરવેરાની ન્યાયી પદ્ધતિ યોજવી જોઈએ.

## ગામડાંમાં નાણાંબચત

૩૯. ખેતીનું ઉત્પાદન વધવાથી, માલ વેચવા માટે બજારોની સગવડો થવાથી તથા ખેતીના માલના વાજબી ભાવો મળવાથી ગ્રામ-વિસ્તારોમાં નાણાં બચાવવાનો અવકાશ થશે. પરંતુ તંગીના દિવસો માટે થોડીક બચત બાજુએ મૂકવાનું ખેડૂતવર્ગને જો નહીં શીખવવામાં આવે તો વધારાની કમાણી વેડફાઈ જવાનો સંભવ છે. ખેડૂતોની આવી નાની બચતો એકઠી કરવા માટે આજે કોઈ વ્યવસ્થા નથી. તેથી ગ્રામલોકોમાં કરકસર અને બચતનો ગુણ ખીલવવા ગ્રામકક્ષાએ બચત યોજનાઓ કરવાની જરૂર છે.

## પછાતવર્ગોની વિશિષ્ટ ખેડૂત કોમોનો પ્રશ્ન

૪૦. ખેડૂત કોમોમાં કેટલાક એવા છે કે જેઓ માત્ર શાકભાજી, ફળફૂલ, અને તંબોળ – પાન ઉગાડનારા છે. આવી કોમો આખા દેશમાં મળી આવે છે. સમગ્ર ખેડૂતવર્ગની સરખામણીમાં આવી કોમોની વસ્તીની સંખ્યા નાની છે. એવો અંદાજ છે કે ૩૦ લાખ એકર જમીન ફળ ઉગાડવા અને ૧૦ લાખ એકર જમીન શાકભાજી ઉગાડવા માટે ઉપયોગ-માં લેવાય છે. એટલે કે, કુલ પાકવાળી જમીનના એક ટકા જેટલી જમીન આ માટેના ઉપયોગમાં છે. ફળ ઉગાડવાનો ઇજારો આજ સુધી શાકભાજી ઉગાડનાર કોમનો હતો. તે કામ હવે બીજા ખેડૂતોએ ઉપાડી લીધું છે, અને શાકભાજી હજી તેમના હાથમાં છે. તંબોળ – પાન ઉગાડવાનું હજુ એક જ કોમને હસ્તક છે.

## શાકભાજી અને ફૂલ ઉગાડનાર

૪૧. શાકભાજી અને ફૂલ ઉગાડનારી કોમોના પ્રતિનિધિઓએ અરજ કરી હતી કે અમારી પાસે પૂરતી જમીન નથી; ભાડૂત તરીકે બહુ જ ઊંચાં ભાડાં આપવાં પડે છે; અમારો માલ બજારમાં વેચવામાં વચગાળાના માણસો બહુ જ શોષણ કરે છે; અને જ્યાં ગટરનું પાણી મળી શકે છે એવા મ્યુનિસિપાલિટીના વિસ્તારોમાં શાકભાજી અને ફૂલ ઉગાડવા દેવાની પૂરતી સગવડો અમને મળતી નથી. દરેક કુટુંબ પાસે ખેડાણ હેઠળની જમીન ઘણી થોડી છે અને એમાંથી પૂરતું પોષણ મળી શકે એમ નથી. ભણતરનું પ્રમાણ પણ ઓછું છે. આથી જે સ્થળોએ આવી કોમો હોય તે સૌને માટે અમે નીચેના ઉપાયોની ભલામણ કરીએ છીએ :

(૧) શાકભાજી અને ફળફૂલ ઉગાડવા માટે પૂરતી જમીન મળી રહે એમ કરવું જોઈએ. આ કોમોની સહકારી મંડળીઓ બનાવી, તે મારફતે મોટાં શહેરોની આસપાસ પરાંનો વિસ્તાર ફળ અને શાકભાજી ઉગાડવા માટે વિકસાવવો જોઈએ, અને ખાસ કરીને સુધરેલાં બી



પૂરાં પાડવાની તથા તેમનો માલ બજારમાં લઈ જઈ વેચવા માટેની સગવડો કરી આપવી જોઈએ.

(૨) બીજા ભાડૂતોની માફક આ લોકોમાં પણ ભાડાંના આસમાની દર નીચા લાવવા જોઈએ.

(૩) આ કોમોના જુવાન માણસોને ફળ અને શાકભાજી ઉગાડવાની સુધરેલી પદ્ધતિઓ વિશે શિક્ષણ આપવું જોઈએ.

(૪) લાયક વિદ્યાર્થીઓને સામાન્ય બાગવિજ્ઞાનની તાલીમ આપવા માટે શિષ્યવૃત્તિઓ આપવી જોઈએ.

(૫) આધુનિક ધોરણે ફળ અને શાકભાજી જાળવી રાખવા અને વેચવા સારુ ડબ્બામાં ભરવા માટેની કળા આ કોમોને શીખવવી જોઈએ.

## તંબોળ – પાનની ખેતી

૪૨. પાન ખાવાનું આ દેશમાં બહુ પ્રચલિત છે. એ પાનનો અનેક શુભ અને ધાર્મિક પ્રસંગોએ વ્યાપક વપરાશ છે. કહે છે કે ગામડાંના લોકોના ખોરાકમાં 'સી' પ્રજીવક મોટે ભાગે પાન ખાવાથી મળી રહે છે.

૪૩. દેશના તમામ ભાગોમાં આ પાન મુખ્યત્વે એક જ્ઞાતિ ઉગાડે છે. તે જુદા જુદા ભાગોમાં બરાઈ, બારુજુળી, તંબોળી અથવા ચેલેતીગાલીરુના નામથી ઓળખાય છે. 'તંબોળી' શબ્દ 'તંબૂલ' એટલે નાગરવેલનું પાન, એ પરથી આવ્યો છે. આ પાન જમીનના નાના નાના ટુકડાઓ પર ઉગાડવામાં આવે છે. તે જમીનનું ભાડું ઘણું વધારે આપવું પડે છે. ખેડૂતોની ફરિયાદ છે કે સરકાર તરફથી જમીન આપવા બાબતમાં અથવા પાનનો નાશ કરતા રોગો દૂર કરવા બાબતમાં કોઈ સહાય અપાતી નથી. આ વિષયમાં કોઈ સંશોધન પણ થતું નથી.

૪૪. સૌથી મોટી મુશ્કેલી પાનને બજારમાં લઈ જઈ વેચવાની છે. આ ગરીબ અને અભણ લોકોને પોતાના ગામથી દૂર બજારમાં પાન વેચવા લઈ જવાનાં હોય છે; અને ત્યાં બજારમાં વચગાળાના માણસો તેમને અચૂક ચૂસે છે. પહેલાં પાકિસ્તાન, સિલોન, બ્રહ્મદેશ અને નેપાળમાં પાનની નિકાસ થતી. પણ હવે એ વેપાર સાવ બંધ થયો છે. આથી પોતાના માલનો વાજબી ભાવ ઊપજે એવી વેચાણની સગવડો માટે આ લોકોની માગણી છે. આ દૃષ્ટિએ અમે નીચેની ભલામણો કરીએ છીએ:

(૧) પાન ઉગાડવા માટે પૂરતી અને યોગ્ય જમીન આપવી, અને ભારે બોજારૂપ ભાડામાં ઘટાડો કરવો.

(૨) ખેતીનાં સાધનો, ખાતર અને બજારમાં પાન લઈ જવા માટે મધ્યમ મુદ્દતનું કરજ ધીરી શકાય તે માટે સહકારી મંડળીઓ સ્થાપવી.

(૩) વિદેશી બજારોમાં પાનની નિકાસ માટે રાજ્યે પ્રયાસ કરવો.

(૪) રોગ અને ચેપ નિવારવા, પાનની જાત સુધારવા તથા પાનની પૌષ્ટિકતા તથા ઔષધીય ઉપયોગિતા બાબતમાં સંશોધન કરવું.

## ગ્રામઅર્થતંત્રની પુનર્રચના

૪૫. પહેલી પંચવર્ષીય યોજનામાં ગામડાંના અર્થતંત્રની પુનર્રચના માટે સહકારી ખેતીનો અનુરોધ કરવામાં આવ્યો હતો. એમાં ખાસ કરીને નાના અને વચગાળાના ખેડૂતોને સહકારી મંડળીમાં જોડાવા પ્રોત્સાહન અને સહાય આપવાનું સૂચન કર્યું હતું અને અંતિમ ધ્યેય તરીકે સહકારી ગ્રામવ્યવસ્થાની હિમાયત કરી હતી. ગ્રામવ્યવસ્થામાં સહકારનો સિદ્ધાંત દાખલ કરવા વર્તમાન ગ્રામજીવનનું સામાજિક-આર્થિક માળખું ધ્યાનમાં રાખવું જોઈએ. 'અખિલ હિંદ ગ્રામધિરાણની



તપાસ'માં હિંદનાં ગામડાંનાં મુખ્ય લક્ષણો આ પ્રમાણે દર્શાવ્યાં છે:

(૧) ગામડાની અંદર જ્ઞાતિના ધોરણે રચાયેલું સામાજિક-આર્થિક માળખું. (૨) એ માળખાનો ઉપરનો ભાગ નાણાં-વ્યવહાર અને શહેરમાં કેન્દ્રિત થયેલા વહીવટી તંત્ર સાથે સંકળાયેલો છે. (૩) આ સંકલન વિદેશી અમલ અને વહીવટ, ખેતીનું વ્યાપારીકરણ અને ઉદ્યોગનું શહેરીકરણ — એ ત્રણ ઐતિહાસિક પ્રક્રિયાઓમાંથી ઉદ્ભવ્યું છે. આ લક્ષણો સહકારના સિદ્ધાંતનો અમલ કરવામાં અંતરાયરૂપ છે.

૪૬. એટલે સહકારના સિદ્ધાંત અનુસાર ખેતીની પુનર્રચના કરવી હોય તો એ પહેલાં સહકારની ભાવનાના વિકાસની આડે આવતાં પાયાનાં કારણો દૂર કરવાં જોઈએ. આ પુનર્રચનાનો માર્ગ સરળ કરી આપવા કેટલાંક અગત્યનાં પગલાં લેવાં જરૂરી છે તે નીચે પ્રમાણે:

(૧) જાતે ખેડૂત ના હોય અથવા જે ગામમાં જમીન હોય તે ગામમાં અથવા તેના ખેતરમાં રહેતા ન હોય એવા લોકોને આવકના સાધન તરીકે જમીન પર મૂડીરોકાણ કરવા પર પ્રતિબંધ મૂકવો.

(૨) ગામમાં પોતાની જમીન હોય પણ પોતે ખેડૂત ના હોય અને ગામમાં રહેતા ના હોય તેવા માણસો પાસેથી જમીન કબજે લેવી.

(૩) બિનખેડૂતોના લાભમાં જમીનનું વેચાણ થતું અટકાવવું.

(૪) ચરાના હેતુસર અને ગામવાવેતર માટે જરૂર પૂરતી જમીન અનામત રાખવી.

(૫) બાકીની જમીનની તાત્કાલિક પુનઃ વહેંચણી, પહેલાં જમીન-વિહોણા ખેડૂતોમાં અને બાદમાં અનુત્પાદક જમીન ધારણ કરનાર ખેડૂતો વચ્ચે કરવી.

(૬) જમીનના ટુકડાઓનું એકીકરણ કરવું.

૪૪. સૌથી મોટી મુશ્કેલી પાનને બજારમાં લઈ જઈ વેચવાની છે. આ ગરીબ અને અભણ લોકોને પોતાના ગામથી દૂર બજારમાં પાન વેચવા લઈ જવાનાં હોય છે; અને ત્યાં બજારમાં વચગાળાના માણસો તેમને અચૂક ચૂસે છે. પહેલાં પાકિસ્તાન, સિલોન, બ્રહ્મદેશ અને નેપાળમાં પાનની નિકાસ થતી. પણ હવે એ વેપાર સાવ બંધ થયો છે. આથી પોતાના માલનો વાજબી ભાવ ઊપજે એવી વેચાણની સગવડો માટે આ લોકોની માગણી છે. આ દૃષ્ટિએ અમે નીચેની ભલામણો કરીએ છીએ :

(૧) પાન ઉગાડવા માટે પૂરતી અને યોગ્ય જમીન આપવી, અને ભારે બોજારૂપ ભાડામાં ઘટાડો કરવો.

(૨) ખેતીનાં સાધનો, ખાતર અને બજારમાં પાન લઈ જવા માટે મધ્યમ મુદતનું કરજ ધીરી શકાય તે માટે સહકારી મંડળીઓ સ્થાપવી.

(૩) વિદેશી બજારોમાં પાનની નિકાસ માટે રાજ્યે પ્રયાસ કરવો.

(૪) રોગ અને ચેપ નિવારવા, પાનની જાત સુધારવા તથા પાનની પૌષ્ટિકતા તથા ઔષધીય ઉપયોગિતા બાબતમાં સંશોધન કરવું.

## ગ્રામઅર્થતંત્રની પુનર્રચના

૪૫. પહેલી પંચવર્ષીય યોજનામાં ગામડાંના અર્થતંત્રની પુનર્રચના માટે સહકારી ખેતીનો અનુરોધ કરવામાં આવ્યો હતો. એમાં ખાસ કરીને નાના અને વચગાળાના ખેડૂતોને સહકારી મંડળીમાં જોડાવા પ્રોત્સાહન અને સહાય આપવાનું સૂચન કર્યું હતું અને અંતિમ ધ્યેય તરીકે સહકારી ગ્રામવ્યવસ્થાની હિમાયત કરી હતી. ગ્રામવ્યવસ્થામાં સહકારનો સિદ્ધાંત દાખલ કરવા વર્તમાન ગ્રામજીવનનું સામાજિક-આર્થિક માળખું ધ્યાનમાં રાખવું જોઈએ. 'અખિલ હિંદ ગ્રામધિરાણની



તપાસ'માં હિંદનાં ગામડાંનાં મુખ્ય લક્ષણો આ પ્રમાણે દર્શાવ્યાં છે :

(૧) ગામડાની અંદર જ્ઞાતિના ધોરણે રચાયેલું સામાજિક-આર્થિક માળખું. (૨) એ માળખાનો ઉપરનો ભાગ નાણાં-વ્યવહાર અને શહેરમાં કેન્દ્રિત થયેલા વહીવટી તંત્ર સાથે સંકળાયેલો છે. (૩) આ સંકલન વિદેશી અમલ અને વહીવટ, ખેતીનું બ્યાપારીકરણ અને ઉદ્યોગનું શહેરીકરણ — એ ત્રણ ઐતિહાસિક પ્રક્રિયાઓમાંથી ઉદ્ભવ્યું છે. આ લક્ષણો સહકારના સિદ્ધાંતનો અમલ કરવામાં અંતરાયરૂપ છે.

૪૬. એટલે સહકારના સિદ્ધાંત અનુસાર ખેતીની પુનર્રચના કરવી હોય તો એ પહેલાં સહકારની ભાવનાના વિકાસની આડે આવતાં પાયાનાં કારણો દૂર કરવાં જોઈએ. આ પુનર્રચનાનો માર્ગ સરળ કરી આપવા કેટલાંક અગત્યનાં પગલાં લેવાં જરૂરી છે તે નીચે પ્રમાણે :

(૧) જાતે ખેડૂત ના હોય અથવા જે ગામમાં જમીન હોય તે ગામમાં અથવા તેના ખેતરમાં રહેતા ન હોય એવા લોકોને આવકના સાધન તરીકે જમીન પર મૂડીરોકાણ કરવા પર પ્રતિબંધ મૂકવો.

(૨) ગામમાં પોતાની જમીન હોય પણ પોતે ખેડૂત ના હોય અને ગામમાં રહેતા ના હોય તેવા માણસો પાસેથી જમીન કબજે લેવી.

(૩) બિનખેડૂતોના લાભમાં જમીનનું વેચાણ થતું અટકાવવું.

(૪) ચરાના હેતુસર અને ગામવાવેતર માટે જરૂર પૂરતી જમીન અનામત રાખવી.

(૫) બાકીની જમીનની તાત્કાલિક પુનઃ વહેંચણી, પહેલાં જમીનવિહોણા ખેડૂતોમાં અને બાદમાં અનુત્પાદક જમીન ધારણ કરનાર ખેડૂતો વચ્ચે કરવી.

(૬) જમીનના ટુકડાઓનું એકીકરણ કરવું.

(૭) ખેતીના કામમાં ખેડૂતો પરસ્પરને મદદ કરે તેવી પ્રથાઓ ખીલવવી.

(૮) સારી ખેતી, બી વહેંચવાં, ખાતર, ખેતીનાં સાધનો, બજારો અને નાણાં ધીરવાં વગેરે બાબતો માટે વિવિધલક્ષી સહકારી મંડળીઓ સ્થાપવી.

## ભૂદાન-આંદોલન

૪૭. આચાર્ય વિનોબા ભાવેએ ભૂદાન-આંદોલન દ્વારા મહાન ભૂમિક્રાંતિ આરંભી છે. લોકો પાસેથી જમીન મેળવી તે જમીન-વિહોણાને વહેંચી આપવા તેઓ અહિંસાના સિદ્ધાંતનો સફળ ઉપયોગ કરી રહ્યા છે. સ્વૈચ્છિક અહિંસક માર્ગે જમીનની સામાજિક માલિકી સ્થાપવા માટે જરૂરી માનસિક આબોહવા એમનું આંદોલન સર્જી રહ્યું છે. તે ધનિક લોકોની પૈસો, સત્તા અને પ્રતિષ્ઠા વિશેની મનોવૃત્તિ બદલવા મથે છે. પછાત લોકોને એક વિરાટ કુટુંબના સભ્યો સમજી તેમના પ્રત્યેની પોતાની ફરજ સ્વીકારવા તે ધનિકોને સમજાવે છે અને એ રીતે તેમનામાં સામાજિક એકતાની લાગણી જગાવવાનો પ્રયત્ન કરે છે. તે નિર્ધન લોકોનું પછાતપણું જ દૂર કરે છે એમ નથી, પરંતુ એમનામાં રહેલી કડવાશ પણ દૂર કરવાનો એ આંદોલનનો પ્રયાસ છે. પરિણામે લગભગ હજાર વર્ષો બાદ ગરીબ અને તિરસ્કૃત લોકોને લાગવા માંડયું છે કે માનવકુટુંબમાં પોતાનો કંઈક દરજ્જો છે અને સમગ્ર સમાજની શુભેચ્છા પર પોતે વિશ્વાસ રાખી શકે છે.

ભૂદાન-આંદોલન સાથે સંપત્તિદાન, શ્રમદાન અને જીવનદાન એટલાં જ જરૂરી છે. સંપત્તિદાનથી જમીનવિહોણાને ખેતી માટે જરૂરી મૂડી મળશે. શ્રમદાન સક્રિય મૂડી છે, અને એનાથી દરેક પ્રવૃત્તિ ઝડપથી આગળ વધશે. જીવનદાનથી યોગ્ય સામાજિક સેવકો મોટી સંખ્યામાં બહાર પડશે. આ દૃષ્ટિએ આચાર્ય વિનોબા ભાવેની આ પ્રવૃત્તિ સાથે



સરખાવી શકાય એવી એક પણ પ્રવૃત્તિ આ દેશમાં નથી. અને સમાજની ભાવિ સુખાકારીનો એકંદર આધાર આ પ્રવૃત્તિની સફળતા ઉપર છે.

આથી સરકારને તેમ જ રાષ્ટ્રને ભૂદાન-આંદોલનનું કામ ઉપાડી લેવા અને તેનો દેશને ખૂણે ખૂણે પ્રચાર કરવા અમે ભલામણ કરીએ છીએ. આ માટે વિનોબાજીને પગે ચાલીને દેશના તમામ ભાગોમાં જવાની જરૂર ન રહેવી જોઈએ. પરંતુ પછાત લોકોના ભાવિમાં રસ ધરાવતા સૌ કોઈએ આ મહાન આંદોલનમાં પોતાની સેવાઓ અર્પવી જોઈએ.

## પશુધનનો વિકાસ

૪૮. ખેતી અને ખેતીને લગતા વ્યવસાયોમાં રોકાયેલી તમામ કોમો પશુપાલન પણ કરે છે. વસ્તીવધારાને કારણે અને દશકે દશકે જમીન પર દબાણ વધવાને લીધે ચરાની જમીન ખેડાણમાં લેવાઈ છે. પરિણામે જે કોમો માત્ર ઢોર, ઘેટાં અને બકરાંના ઉછેરમાં રોકાયેલી હતી તે હવે મિશ્ર ખેતી કરવા લાગી છે. સામાન્ય રીતે, હિમાચળ પ્રદેશના ગુજ્જરો, રાજસ્થાનના આહીરો, સૌરાષ્ટ્રના આહીરો, ભરવાડો અને રબારીઓ મોટી સંખ્યામાં ઢોર અને ભેંસોના માલિક અને પાલક છે. હિમાચળ પ્રદેશના ગદ્દીઓ, ઉત્તર પ્રદેશના ઉત્તર ભાગના તથા રાજસ્થાનના ગડેરિયા, અને મુંબઈ તથા હૈદરાબાદના ધાંગરો મુખ્યત્વે ઘેટાંઉછેરમાં રોકાયેલા છે. આ પશુપાલકોની સ્થિતિ જરા પણ સંતોષકારક નથી. એમને ઘણી મુશ્કેલીઓ વેઠવી પડે છે. અને ઢોર, દૂધની બનાવટો તેમ જ બીજી ચીજોના વેચાણમાં ભારે શોષણ અને લાચારીના ભોગ બનવું પડે છે. હિમાચલ પ્રદેશના ગુજ્જરો ઢોરનાં ટોળેટોળાંને શિયાળામાં પહાડી પ્રદેશમાંથી નીચે મેદાનમાં ચારવા લઈ જાય છે અને ત્યાં રસ્તામાં તેમને ચરાની જમીનની અને રહેવાની ઘણી મુશ્કેલીઓ વેઠવી પડે છે. સૌરાષ્ટ્રના માલધારીઓ

લગભગ આખું વર્ષ ઢોરને જંગલવિસ્તારમાં ચારવા લઈ જાય છે. સૌરાષ્ટ્રમાંથી દર વર્ષે લગભગ રૂ. ૩ કરોડનું ઘી નિકાસ થાય છે. પણ માલધારીઓને દૂધ-ઘી-માખણના યોગ્ય ભાવ ઊપજતા નથી, અને આડતિયા તેમને નિચોવી નાખે છે. ચરાની યોગ્ય જમીન મેળવવામાં તથા જુદાં જુદાં દરદો અને ચેપી રોગચાળામાંથી ઢોરને બચાવવા માટે વૈદકીય મદદ મેળવવામાં પડતી મુશ્કેલીઓ વિશે પણ તેમણે ફરિયાદ કરી હતી.

૪૯. પશુધનના વિકાસ પર ખેતીનો વિકાસ અવલંબે છે. કારણ કે ખેતીમાં સર્વત્ર બળદનો ઉપયોગ થાય છે. ૧૯૫૧ની ઢોરની વસ્તી-ગણતરી અનુસાર દેશમાં ૧૫૦૦ લાખ ઢોર (ગાય-બળદ) અને ૪૩૦ લાખ ભેંસ-પાડા હતાં. પશુધનનો રાષ્ટ્રીય આવકમાં ફાળો દર વર્ષે રૂ. ૧૦૦૦ કરોડ હોવાનો અંદાજ છે. આમ પછાતવર્ગના હિતને અનુલક્ષી દેશનું પશુધન સુધારવાનું અગત્યનું છે. પરંતુ ભારતમાં બિનઉપયોગી અને અનુત્પાદક ઢોરનું પ્રમાણ વધારે છે. ઢોર-વિનિયોગ સમિતિના અંદાજ મુજબ ઢોરની વસ્તીના ૧૦ ટકા એટલે કે ૧૧૪ લાખ પુખ્ત વયનાં ઢોર બિનઉપયોગી અને અનુત્પાદક હતાં. એવો પણ અંદાજ નીકળ્યો હતો કે હાલના ઘાસ અને દાણચારામાંથી આશરે ૨/૩ ભાગની જ ઢોરની વસ્તીનું કંઈક સારી રીતે પોષણ થઈ શકે એમ છે. આપણા દેશમાં મોટા પ્રમાણમાં ઢોરનો નાશ કરવાનું વિચારી શકાય એમ નથી. માટે નકામાં અને ઘરડાં ઢોરને અલગ પાડી તેમની માવજત માટે ગોસદન (પાંજરાપોળ) સ્થાપવા સુયોજિત કાર્યક્રમ ઘડવાની જરૂર છે. આવાં ઢોરનાં ભરણપોષણનો ખર્ચ નિઃશંક ભારે રહેવાનો, છતાં તે ભોગવ્યે જ છૂટકો.

૫૦. ઢોરની ઓલાદ સુધારવા ઉપરાંત ગાયની દૂધ આપવાની શક્તિનું પ્રમાણ વધારવાની પણ ખાસ જરૂર છે. જાણીતી ઓલાદો માટે ઢોરઉછેરનાં કેન્દ્રો સ્થાપવા ઉપરાંત સ્થાનિક પશુપાલકોને તેમના



ઢોરની ઓલાદ સુધારવાના કામમાં તમામ પ્રકારનું ઉત્તેજન આપવું જોઈએ. ઢોરોના ઉત્કર્ષ માટે હાલના ચરા જાળવી રાખવાનું પણ એટલું જ જરૂરી છે. ઢોરની ઓલાદ સુધારવા અને રોગચાળો અટકાવવા માટે તાજેતરની કેન્દ્રસ્થ ગામમાં પશુચિકિત્સાલય ખોલવાની યોજના લાભકર્તા જણાઈ છે. ઢોરની ઓલાદ બગડતી અટકાવવા નકામાં અને જીર્ણ થયેલાં ઢોરોનું મોટા પાયા પર ખસીકરણ કરવાની ગોઠવણ પણ થવી જોઈએ.

## દુગ્ધાલયો

૫૧. ગામડામાં નાના પાયા પર દૂધ વેચવાનો ધંધો કરવાથી ખેડૂતોને વધારાની આવક થાય છે. ભારતમાં ઢોરની વસ્તી વિશાળ હોવા છતાં માથાદીઠ દૂધનો વપરાશ ૫½ ઔંસ છે, જે દુનિયામાં સૌથી ઓછો છે. ભારતમાં દર ગાય દીઠ દૂધનું ઉત્પાદન દર વર્ષે સરેરાશ ૪૧૩ રતલ છે. જૂજ કિસ્સા સિવાય મોટા પાયા પર દૂધના ઉત્પાદકો છે જ નહીં. નાના ઉત્પાદકોને દૂધ અને દૂધની બનાવટો વેચવામાં વચગાળાના માણસો ફોલી ખાય છે.

૫૨. ઉત્પાદકોને દૂધનો વાજબી ભાવ ઊપજે અને તેઓ વાજબી ભાવે જરૂરી ચીજો ખરીદી શકે તે માટે ઘણાં રાજ્યોમાં દૂધ-મહાજનો સ્થાપવા પ્રયાસ થઈ રહ્યા છે. ઢોર-ઉછેર અને દૂધ-ઉત્પાદનમાં રોકાયેલી કોમોની સ્થિતિ સુધારવા આ દિશામાં સત્વરે પગલાં ભરવાની જરૂર છે.

## ઢોરનો વીમો

૫૩. રોગચાળાના સમયમાં ખેડૂતકોમ મોટી સંખ્યામાં ઢોર ગુમાવી બેસે છે અને ઘણી વાર લગભગ અકિંચન બની જઈ નિઃસહાય દશામાં આવી જાય છે. એમને માટે આજીવિકાનું બીજું સાધન હોતું નથી. આથી ઢોરનો વીમો ઉતારવાની યોજનાઓ રાજ્ય સરકારોએ વહેલી તકે કરવી જોઈએ.

## ઘેટાં અને ઊન

૫૪. દેશમાં જુદાં જુદાં નામે ઓળખાતી ઘેટાં ઉછેરનારી ભરવાડ કોમની સ્થિતિ જરાય સંતોષકારક નથી. એમનામાંના ઘણા ઘેટાંને એક સ્થળેથી બીજે સ્થળે ચરાવવા લઈ જઈ રખડુ જીવન ગાળે છે. દેશ માટે ઊન અને માંસ મેળવવા ઘેટાં મહત્ત્વનું સાધન છે. એવો અંદાજ છે કે ભારત સંઘમાં ઘેટાંની વસ્તી ૩૯૦ લાખ છે. દર વર્ષે આશરે ૫૫૦ લાખ રતલ ઊનનો ઉતાર છે; અને આશરે રૂ. ૪૩ કરોડની કિંમતનું લગભગ ૩૧૬ લાખ રતલ જેટલું ઊન પરદેશ નિકાસ થાય છે. એકલું રાજસ્થાન કુલ ઉતારનો લગભગ ત્રીજો ભાગ આપે છે, છતાં ત્યાં ઘેટાં-ઉછેરકોની સ્થિતિ કફોડી છે.

૫૫. ઘેટાંની પસંદ કરેલી ઓલાદો અને મિશ્ર ઓલાદો ઉછેરી ઊનની જાત સુધારવા પ્રાદેશિક કેન્દ્રો સ્થાપવાં જોઈએ. તે ઉપરાંત, વિવિધ રાજ્યોમાં ઘેટાંવાળાને ઘેટાં ચરાવવા પૂરતા પ્રમાણમાં જમીન મેળવી આપવી જોઈએ. એમની આર્થિક સ્થિતિ સુધારવા માટે જે ખાસ કરવા જેવું છે તે તો ઘેટાંની ઓલાદ સુધારવા માટે તથા ઘેટાંને રોગચાળામાંથી બચાવવા માટે સંગઠિત મદદ કરવી એ છે.

## મરઘાં અને મધમાખનો ઉછેર

૫૬. મરઘાં અને મધમાખ-ઉછેર ગામડાંમાં ગરીબ વર્ગો માટે વધારાની આવક પેદા કરનાર અગત્યનો ઉદ્યમ બની રહે એમ છે. મરઘાંની સંખ્યા દેશમાં અંદાજે ૧૭૦ લાખ જેટલી છે. પરંતુ ગામડામાં સાધારણ મરઘી નાના કદની હોય છે અને દર વર્ષે નાના કદનાં ૫૦ જ ઈંડાં મૂકે છે. ગામડાંની પછાત કોમોની આવકમાં વધારો કરવા સારી પરદેશી જાતનાં મરઘાં ઊછેરવાની ખાસ જરૂર છે. ગામડાંની પ્રજાને મધમાખ-ઉછેરની કળા પણ શીખવવી જોઈએ અને ગામડાંમાં મધમાખ-ઉછેરનો ઉદ્યમ ફેલાવવા માટે રાજ્યે મદદ કરવી જોઈએ.



## ડુક્કરપાલન

૫૭. ડુક્કર ઉછેરતી કોમો હલકી જ્ઞાતિની ગણાય છે. એમાંના ઘણાને રહેવાનું ચોક્કસ સ્થળ હોતું નથી. તેઓ પોતાનાં ડુક્કરો સાથે એક સ્થળેથી બીજે સ્થળે ભટકે છે. એને લીધે એમનાં બાળકો શિક્ષણથી લગભગ વંચિત રહે છે. ગામડાંના લોકોમાં ડુક્કર પાલન ઉપયોગી વ્યવસાય બને તે પહેલાં ડુક્કર ઊછેરવામાં રહેલું લાંછન ભૂંસી નાખવું જરૂરી છે. આ વ્યવસાય કરતી કોમોને રાજ્ય સરકારોએ વધારે સવલતો આપવી જોઈએ. અને વધારે સ્થાયી જીવન જીવવા તેમને લલચાવવી જોઈએ.

## મત્સ્ય-ઉદ્યોગ

૫૮. સંખ્યાબંધ કોમો તળાવ-સરોવરમાં અને દરિયામાં માછલાં પકડવાનો ધંધો કરે છે. એમાંની કેટલીક કોમો અસ્પૃશ્ય ગણાય છે. કેટલાક તો માછલાં પકડવા ઉપરાંત કાંઠાગાળા પર નદી પાર કરાવવા હોડકાં ચલાવવાનું અથવા દરિયાકાંઠે માલવાહક મછવા ચલાવવાનું કામ કરે છે. આ માછીમાર કોમો ગરીબ અને અભણ હોઈ તેમની સ્થિતિ કંગાળ છે; અને તેઓ વચગાળાના માણસના શોષણનો ભોગ બને છે. તેઓ મહેનતુ અને ઉદ્યમી જીવન ગાળે છે.

ખેડૂત, ગોવાળ કે ભરવાડની જેમ માછીમાર રાષ્ટ્રને ખોરાક પૂરો પાડવાની દૃષ્ટિએ મહત્ત્વનો છે. જનતાને પૂરતો ખોરાક આપવા માટે મત્સ્ય–ઉદ્યોગ વિકસાવવો જ પડશે. આપણી પાસે માછલાં પૂરાં પાડવા લાંબો દરિયાકાંઠો છે અને અસંખ્ય નદીઓ છે, તથા માછલાં પકડવામાં અને હોડી હંકારવામાં પાવરધી એવી અસંખ્ય માછીમાર કોમો પણ છે. આવી કોમનું સંગઠન કરી તેમને વિવિધલક્ષી સહકારી મંડળીઓ રચવા મદદ કરવી જોઈએ. આજે મૂડીના અભાવે એ લોકો મજબૂત હોડીઓ કે માછલાં પકડવા મોટી જાળ તૈયાર કરી શકતા નથી. આ

માછીમાર કોમ સ્ટીમલોંચ બાંધી શકે કે ભાડે રાખી શકે એવું કરવું જોઈએ; જેથી એમનો માલ તેઓ વિના વિલંબે મોટાં શહેરોમાં લઈ જઈ શકે. એમને ઝડપી અને સસ્તાં વાહનો પૂરાં પાડવા ઉપરાંત માર્ગમાં માછલાં જાળવી રાખવાની સગવડો આપવી જોઈએ. માછીમાર સહકારી મંડળીઓને કાંઠાગાળા પર માલની હેરફેરનો વેપાર ચલાવવા પણ ઉત્તેજન આપવું જોઈએ.

૫૯. ખલાસી કોમોને હિંદી નૌકાદળમાં ભરતી થવા પ્રોત્સાહન આપવું જોઈએ. ઉમેદવારોની ખલાસી થવા માટેની સુષુપ્ત કાબેલિયત ધ્યાનમાં લઈ પસંદગી થવી જોઈએ અને પસંદગી પછી એમને હિંદી અને અંગ્રેજી શીખવવું જોઈએ. ભરતીના નિયમમાં આટલો થોડોક ફેરફાર કરવાથી આ પછાત કોમ આપણા દેશના લાંબા કાંઠાના સંરક્ષણમાં પૂરેપૂરો ફાળો આપી શકશે. અક્ષમ્ય ઉપેક્ષાને કારણે આપણા માછીમારો હિંદી સાગરજળમાં માછલાં પકડી જતા સિલોનના માછીમારો સામે ટકી શકતા નથી. માટે મીઠાં તેમ જ ખારાં પાણીમાં માછલાં પકડવાનો વ્યવસાય પુરજોશમાં વિકસાવવો જોઈએ અને કાંઠા ઉપરની તમામ માછીમાર કોમોનું સંગઠન કરવું જોઈએ.

## ખેતમજૂર

૬૦. ડૉ. રાધાકુમુદ મુખરજીના કહેવા મુજબ બ્રિટિશ અમલ પહેલાં આ દેશમાં ગ્રામવિસ્તારોમાં ખેતમજૂર જેવો વર્ગ જ નહોતો. જમીન ભોગવટાની પદ્ધતિએ ખેતમજૂર જેવો વર્ગ ઊભો કરવામાં અગત્યનો ભાગ ભજવ્યો હોય એમ લાગે છે. ગ્રામોદ્યોગ અને ગૃહોદ્યોગની પડતી-એ પણ આમાં ફાળો આપ્યો છે. ભારત સરકારે તાજેતરમાં ચલાવેલી ખેતમજૂર તપાસ પ્રમાણે ગામડાંનાં કુટુંબોની કુલ સંખ્યાના ૩૦.૪ ટકા કુટુંબો ખેતમજૂરનાં છે, જેમાં ૨૫.૮ ટકા છૂટક અને ૪.૬ ટકા બાંધેલા



છે. ખેતમજૂરોનું પ્રમાણ રાજ્યે રાજ્યે જુદું છે, પરંતુ દક્ષિણ હિંદમાં તે ૫૦.૧ ટકા જેટલું ઊંચું છે.

૬૧. ખેતમજૂરોની કુલ સંખ્યામાંથી ૮૯ ટકા તો છૂટક કામ કરનાર છે. ખેતમજૂરો માટે બિનરોજગારીનો ગાળો ૩થી ૬ મહિનાનો હોય છે. પહેલી પંચવર્ષીય યોજનામાં જણાવ્યા પ્રમાણે ખેતમજૂરોનો બીજો એક વર્ગ એવાઓનો બનેલો છે કે જેઓ સમૂહમાં ગામ છોડી જઈ લાંબી મુદતની રોજીની શોધમાં રહે છે. એમનામાંથી મોટી સંખ્યા મોટાં શહેરોમાં કોઈ જાતના ઘરબાર વગર પડી રહે છે. ગ્રામોદ્યોગ નબળા પડવાથી ઘણા કારીગરો અર્ધા રોજની મજૂરી કરે છે. જમીન-ધારણના ટુકડા અને તેની વહેંચણી વધવાને કારણે પણ ઘણા ખેડૂતો છૂટક મજૂરીએ જતા થયા છે. ગણોતધારાને લીધે વિશાળ ખેતરોમાં ઘટાડો થવાથી વધુ સારી રોજગારીનું પ્રમાણ ઘટ્યું છે. બહુ થોડા ખેતમજૂરો એકલી ખેતમજૂરી પર જ આધાર રાખતા હોય છે. સામાન્ય રીતે તેઓ તેમના છૂટક કામ સાથે ખેતમજૂરી કરતા હોય છે. આમ જોઈએ તો, ખેતરમાં મજૂરી કરનારાઓને લણણી, વાવણી કે કપાસ વીણવાની ટૂંકી મોસમમાં સતત રોજગારી મળતી હોય છે. ખેડૂતની સરખામણીમાં ખેતમજૂરોનો પ્રશ્ન મહદંશે કમરોજગારી કરતાં બિન-રોજગારીનો વધારે હોય છે, પણ બિનરોજગારીના પ્રમાણનો આધાર સ્થાનિક ખેતીના પ્રકાર પર અને શહેરી કેન્દ્રોથી રહેલા અંતર પર રહે છે.

૬૨. ખેતમજૂરો પછાત વર્ગોની કોમોના બનેલા હોય છે, અને તેમાં અનુસૂચિત જ્ઞાતિઓ અને અનુસૂચિત જાતિઓનું પ્રમાણ સારું હોય છે. તેમની સ્થિતિ જરા પણ સારી નથી. તેઓ સહેલાઈથી બીજાના જુલમના ભોગ બને છે. ફરજિયાત વેઠની પ્રથા કાયદાથી નાબૂદ કરવામાં આવી છે, છતાં એવા દાખલા છે કે જેમાં ખેતમજૂર કુટુંબો કાયમને માટે ખેતર સાથે જોડાયેલાં હોય છે. અને જૂનું દેવું ચૂકવવા

અથવા અગાઉથી લીધેલા પૈસા વાળવા કમવેતને લાંબા ગાળા માટે મજૂરી કરતા હોય છે.

૬૩. આ પ્રશ્ન સરકારનું ધ્યાન માગે છે. ગૃહોદ્યોગ અને ગ્રામોદ્યોગના પુનરુત્થાનથી કારીગર વર્ગના ઘણા મજૂરોને રોજી મળશે અને ખેતીની પુનર્રચનાથી આવી કોમોની રોજીનું ક્ષેત્ર વિસ્તરશે. જમીન-વિહોણાને જમીન વહેંચવાથી આ વર્ગોની આર્થિક સ્થિતિ વધુ સુધરશે. ઉદ્યોગો શરૂ કરવાથી પણ આ કોમોના ઘણાને રોજી મળશે. આ બધું થતાં સમય જશે; માટે દરમ્યાનમાં આ નિઃસહાય વર્ગોનું નિર્દય રીતે થતું શોષણ અટકાવવા પગલાં લેવાં જોઈએ.

**ન્યૂનતમ વેતન**

૬૪. ગામડામાં કામ કર્યાના બદલામાં અનાજ આપવાની પ્રથા બહુ ફાયદાકારક નથી નીવડી. કલ્યાણ રાજ્યે ન્યૂનતમ વેતનનું ધોરણ નક્કી કરવાની અને વખતોવખત એમાં ફેરફાર કરવાની જવાબદારી સ્વીકારવી જોઈએ, અને આ ધોરણ માત્ર ઔદ્યોગિક મજૂરોને જ નહીં પરંતુ ખેતમજૂરોને પણ લાગુ પાડવું જોઈએ. આ રીતે નાણામાં મજૂરી ચૂકવવાનું સ્વીકાર્યા પછી બીજું પગલું કામની શરતો અને વેતનનો દર નક્કી કરવાનું રહેશે. આજે કેન્દ્રમાં અને ઘણાં રાજ્યોમાં કેન્દ્રનો ન્યૂનતમ વેતનધારો અમલમાં આવ્યો છે. પરિણામે રેલવે, સંરક્ષણનાં કારખાનાં અને બંદરો જેવાં ખાતાંઓના રસ્તા બાંધવાના, મકાન બાંધવાના અને પથ્થર તોડવાના કે દળવાના કામમાં રોકાયેલા તમામ મજૂરો માટે કેન્દ્ર સરકારે ન્યૂનતમ વેતન નક્કી કર્યું છે. ચામડું કમાવવાનાં અને ચામડાની બનાવટો તૈયાર કરવાનાં કારખાનાંઓમાં કામ કરતા મજૂરો માટે ન્યૂનતમ વેતન નક્કી થયેલું છે.

૬૫. પછાત વિસ્તારોમાં અનુસૂચિત જાતિઓનું, ખાસ કરીને જંગલોમાં, શોષણ અટકાવવા જંગલ કામદારો માટે વેતન નક્કી



કરવાની પહેલ મુંબઈ સરકારે કરી. બીજાં રાજ્યો તેને અનુસર્યાં છે. આજ સુધીમાં ન્યૂનતમ વેતનધારો મોટે ભાગે ઔદ્યોગિક કામદારોને લાગુ પાડવામાં આવ્યો છે. ગામડાંના અસંગઠિત મજૂરોને આ ધારો લાગુ પાડવાનું મુશ્કેલ ગણવામાં આવે છે. પણ આ મુશ્કેલી એ જ જલદી પગલું ભરવા માટેનું પૂરતું કારણ છે એવું અમને લાગે છે.

૬૬. કાયદો કર્યા પછી એનું કડક પાલન થવું જોઈએ. ભાવ નીચા જતા હોય તે વખતે પગાર વધારવાનું માલિકોને મુશ્કેલ લાગે અને બેકારીને કારણે મજૂરો પોતે ન્યૂનતમ પગાર કરતાં ઓછો પગાર લેવા તૈયાર થાય એવું બને. તોપણ અમને લાગે છે કે કેટલાક અપવાદ બાદ કરતાં, ન્યૂનતમ વેતન નક્કી કરવાનું એકંદરે ઇચ્છવા-જોગ છે.

૬૭. કામદાર સંઘોના દબાણથી ઘડાયેલા કાયદાથી તાજેતરનાં વર્ષોમાં કારખાનાંના કામદારોની કામની શરતોમાં સારો સુધારો થયો છે. ડૉ. રામમૂર્તિની ખેતમજૂરોની તપાસમાં જણાયું હતું કે ઔદ્યોગિક કામદારોને મુકાબલે ખેતમજૂરોને અર્ધા કરતાં ઓછી આવક થાય છે. બીજું ઔદ્યોગિક કામદારોને 'આંતરરાષ્ટ્રીય મજૂર સંઘે' ઠરાવેલી વિવિધ સગવડો મળે છે તે જાતની સગવડો ખેતમજૂરોને મળતી નથી.

૬૮. દેશની હાલની નાણાકીય અને આર્થિક પરિસ્થિતિ ધ્યાનમાં લેતાં આ સગવડો ખેતરના કામમાં અને ગામડાંના ઉદ્યોગમાં રોકાયેલાં મજૂરોને પૂરી પાડવાનું મુશ્કેલ જણાય. હાલના તબક્કે એ બધી સગવડો માટે અમે આગ્રહ ન કરીએ, છતાં (૧) ન્યૂનતમ પગાર (૨) ઓછામાં ઓછા વસવાટો (૩) પીવાના પાણીનો પુરવઠો (૪) શિક્ષણ અને (૫) આરોગ્યની સગવડો જેવી જરૂરિયાતો પછાતવર્ગોને પૂરી પાડવાનો સમય હવે પાકી ગયો છે. અમે એમ પણ આશા રાખીએ છીએ કે પછાતવર્ગના ઉત્કર્ષ માટેના પ્રધાનનું ખાતું આ સગવડોનો લાભ

ખેતમજૂર અને ગામડાંના કારીગરવર્ગને આપવા માટે મજૂર પ્રધાનના ખાતાનો સહકાર સાધશે.

## ઉદ્યોગોની ખીલવણી

૬૯. દેશનું અર્થતંત્ર મજબૂત કરવા ભારે ઉદ્યોગો સ્થાપવાનું આવશ્યક છે. પણ ભારે ઉદ્યોગો અને ગૃહોદ્યોગ તથા ગ્રામોદ્યોગ વચ્ચેનો સંઘર્ષ ટાળવો જોઈએ. એવું કહેવાય છે કે ઉદ્યોગીકરણથી રોજગારી વધશે અને તેમાં વધારાના કામદારોને સમાવી શકાશે. માટે દેશનું ઉદ્યોગીકરણ જેમ બને તેમ જલદી કરવું જોઈએ. પરંતુ મોટા પાયા ઉપર ઉદ્યોગો સ્થાપવા માટે બહુ જ નાણાં ભંડોળ જોઈએ અને તેમ છતાં દેશના તમામ બિનરોજગાર અને કમરોજગાર માણસોને રોજી આપવાનું શકય નથી. વળી ઉદ્યોગો સ્થાપતી વખતે ઔદ્યોગિક જીવનનાં વિકૃત લક્ષણો ટાળવાનું જરૂરી છે. આપણા અર્થકારણના અલ્પવિકસિત સ્વરૂપને ધ્યાનમાં લઈએ તો, પૂરતા પ્રમાણમાં મૂડી અને તાલીમબદ્ધ માણસોનો અભાવ હોવાને કારણે, દેશનું પૂરેપૂરું ઉદ્યોગીકરણ કરતાં વર્ષો લાગશે. અને એ દરમ્યાનમાં પ્રજાના મોટાભાગને ઔદ્યોગિક જીવનનાં ભાવિ ફળ ચાખવાની આશા રાખી તંગી અને હાડમારી સહેવી પડશે. ભારત ગામડાંનો બનેલો દેશ છે અને ઘણા લાંબા સમય સુધી તે આ સ્થિતિમાં રહેશે. આથી પંચને અનાયોજિત ઉદ્યોગીકરણથી ગૃહોદ્યોગ, ગ્રામોદ્યોગ તથા અન્ય હુન્નરમાં રોકાયેલી કોમોના જીવન પર પડતી અસર વિશે ફિકર થાય છે. મિલો અને કારખાનાંની અમર્યાદ હરીફાઈએ આ વ્યવસાયોનું સત્યાનાશ વાળ્યું છે, અને સંખ્યાબંધ કોમોનું જીવન પાયમાલ કર્યું છે. આથી દરેક પ્રકારના ઉદ્યોગના ઉત્પાદનનું ચોક્કસ કાર્યક્ષેત્ર નક્કી નહીં કરવામાં આવે તો વધુ ઉદ્યોગો સ્થાપવાનું આવી પછાત કોમોના હિતમાં નહીં નીવડે. બીજું, શહેરી વિસ્તારોની આસપાસ વસ્તી કેન્દ્રિત થતી અટકાવવા



ઉદ્યોગોને દેશભરમાં વહેંચી નાખવાનું જરૂરી છે. વધુ વિદ્યુત શક્તિ ઉત્પન્ન થવાથી આમ કરવું વધુ શકય બનશે.

૭૦. હાલમાં પછાત કોમોને આ ઉદ્યોગોમાં આવડત વગરના મજૂરો તરીકે લેવામાં આવે છે. દેખરેખ અને વહીવટની જગ્યાઓ પર સુધરેલી કોમોના માણસો હોય છે. તેથી આ કોમોના પ્રતિનિધિઓની માગણી હતી કે જેમ વિદેશી દ્વારા સંચાલિત ઉદ્યોગોમાં હિંદીઓને રોકવાનો સિદ્ધાંત સ્વીકારાયો છે. તેમ ઉદ્યોગોની ઊંચી પાયરીની જગ્યાઓમાં પછાત કોમોના માણસોને રોકવાનો સિદ્ધાંત સ્વીકારવો જોઈએ. ખાસ કરીને સરકારનિયંત્રિત ઉદ્યોગોમાં ઊંચી પાયરીની જગ્યાઓ માટે પછાત કોમોના લાયક માણસોને ભરતી કરવાનો અને તાલીમ આપવાનો સિદ્ધાંત માન્ય રાખવો જોઈએ. આવા ઉદ્યોગોમાં તાલીમ માટે ટૂંકા ગાળાની તાલીમના અભ્યાસક્રમની સવડ ન હોવાથી ઊંચી પાયરીએ પહોંચવાની કામદારોને કોઈ તક નથી મળતી એવી ઘણા મજૂરનેતાઓની ફરિયાદ હતી. ઔદ્યોગિક સંસ્થાઓમાં આવા તાલીમના અભ્યાસક્રમ દાખલ કરવાથી કામદારોને સારા કારીગર બનવાની તક મળશે અને એથી આ સંસ્થાઓની કાર્યક્ષમતા પણ વધશે.

## ગૃહોદ્યોગ અને ગ્રામોદ્યોગ

૭૧. ગૃહોદ્યોગ, ગ્રામોદ્યોગ અને અન્ય હુન્નરોમાં રોકાયેલી કોમોની સ્થિતિ હૃદયવિદારક છે. આ લોકો ધંધા સાવ ખોઈ બેઠા છે અથવા તો એમાંથી થોડી રોજી મેળવી શકે છે. ઘણા ખેતી તરફ વળ્યા છે. અથવા છૂટક મજૂરીએ જાય છે. કેટલાક રોજીની શોધમાં ગામ છોડી શહેરમાં ગયા છે અને ભારે તંગી અને હાડમારી વેઠી રહ્યા છે. કેટલાકે પોતાને વંશપરંપરાથી વારસામાં મળેલી આવડત ગુમાવી છે અથવા ગુમાવી રહ્યા છે. બેકારીના સમયમાં આ લોકોને સરકારી મદદ ઉપર આધાર રાખવો પડે છે, નહીં તો ભીખનો આશરો લેવો પડે છે.

દક્ષિણના કેટલાક ભાગોમાં હાથશાળ ઉદ્યોગની કટોકટી વેળા આવી જ દુર્દશા જોવા મળી હતી. મિલો અને કારખાનાંઓની નિર્દય અને અઘટિત હરીફાઈથી રક્ષણ મેળવવાની માગણી સર્વત્ર સંભળાતી હતી. મિલો અને કારખાનાં બંધ કરવાનું કહેવાની હિંમત તો તેઓ કરી શક્યા નહોતા, પણ હરીફાઈ ટાળવા અમુક ચીજોનું ઉત્પાદન ગૃહોદ્યોગ અને ગ્રામોદ્યોગ પૂરતું મર્યાદિત રાખવા તેમણે જણાવ્યું હતું.

૭૨. અમે જોયું કે ગૃહોદ્યોગ અને ગ્રામોદ્યોગને સજીવન કરવાના પ્રશ્ન પર સરકારની નીતિ ઘડનારાઓ અને તેનો અમલ કરનારાઓ વચ્ચે મતભેદનો સંઘર્ષ ચાલે છે. કેટલાંક રાજ્યોની સરકારના ઉદ્યોગખાતામાં કેટલાક કાયમી અધિકારીઓને આ ઉદ્યોગોની હરીફાઈ સામે ટકી રહેવાની શક્તિમાં બહુ શ્રદ્ધા નથી. આથી ગૃહોદ્યોગમાં રોકાયેલી પછાતકોમોને સર્વ પ્રકારની મદદ કરવામાં આ અધિકારીઓ તરફથી સતત પ્રયાસો થાય એમ લાગતું નથી. આ અધિકારીઓની હાલની ઉપેક્ષાવૃત્તિનું બીજું કારણ એ છે કે ઉદ્યોગખાતામાં નોકરી કરતા, દેખરેખ, વહીવટ અને અને ટેકનિકલ વિભાગના નોકરો, જેમને હુન્નરી અને વ્યવસાયી કોમો સાથે સીધી રીતે કશી નિસ્બત નથી, એવા વર્ગોમાંથી આવે છે.

૭૩. આવા ઉદ્યોગોને ટકાવી રાખવા નાણાકીય સહાય આપવાની નીતિ રાહતરૂપ છે, પણ એથી ઉદ્યોગોનો સ્વાભાવિક વિકાસ થતો નથી. સાચો રસ્તો એ છે કે આ ઉદ્યોગોના સ્વાભાવિક વિકાસની આડે આવતાં તમામ કારણો દૂર કરવાં જોઈએ અને એવી પરિસ્થિતિ પેદા કરવી જોઈએ કે જેથી તે આપોઆપ ફૂલેફાલે. સરકારની ઓથ અને મદદથી આ ઉદ્યોગોના ઉત્પાદનની પદ્ધતિ સુધારવાનું, આધુનિક ધોરણે તેમને સંગઠિત કરવાનું તથા ધાર્યા સુધારા અમલી બનાવવાનું કાર્ય સરળ થઈ પડશે.

૭૪. ભિન્ન ભિન્ન પ્રકારના પરંપરાગત અને ઘરગથ્થુ ઉદ્યોગો તથા



હુન્નરો આજે પછાત ગણાતી ઘણી કોમોના આધારસ્તંભ સમાન હતા. તેમના આ પ્રણાલીગત આધાર ખૂંચવી લેવાય એવું કશું ના કરવું જોઈએ. રાષ્ટ્રના હિત માટે વધુ ધન પેદા કરવું જરૂરી છે, પણ રોજી ચાલુ રાખવી એ પણ રાષ્ટ્રનું પહેલું કર્તવ્ય હોવું જોઈએ અને આ કર્તવ્ય જે વારસાગત વ્યવસાયોએ કરોડો લોકોને આજ સુધી જીવાડયા છે તેમને મદદ કરવાથી જ પાર પડી શકશે.

૭૫. ગામડાંના અને શહેરના નાના નાના ઉદ્યોગોની પણ ઉપેક્ષા ન થઈ શકે. ખોરાક, વસ્ત્ર અને રહેઠાણને લગતી સાર્વત્રિક જરૂરિયાતો પૂરી પાડતા ઉદ્યોગો જ સૌથી વધુ રોજી પૂરી પાડી શકે, અને તેથી આવા ઉદ્યોગોમાં પરંપરાગત અને ગ્રામીણ વ્યવસાયોને અગ્રતા આપવી જોઈએ. માલ બનાવવાની પ્રક્રિયામાં, સંગઠનમાં, વેચાણ અને વહેંચણીમાં જરૂરી ફેરફારો સૂચવાય તે વાજબી અને સલાહભર્યું છે. પણ યંત્રીકરણ અને મોટા ઉદ્યોગોની સ્થાપના દ્વારા વધારે મોટા નફાના લોભે નાના ગ્રામોદ્યોગોનો નાશ થવા દેવો જોઈએ નહિ. આ ઘરેળુ અને ગ્રામીણ ઉદ્યોગો તથા હુન્નરોનો મોટો લાભ એ છે કે એથી ગામડાંની કુટુંબવ્યવસ્થા જળવાઈ રહે છે અને ગ્રામજનોને ગામ છોડી શહેરમાં જતાં રોકે છે.

૭૬. ઘરમાં ચાલતા આ હુન્નરોથી જે કૌશલ વિકસે છે તેના પર પ્રજાના મોટા ભાગના સાંસ્કારિક વિકાસનો આધાર રહે છે. આ હુન્નરોથી મળતી કેળવણી અને તાલીમ આજની કેળવણી પૂરી પાડી ના શકે. ગૃહઉદ્યોગમાં રોકાયેલા લોકો ગળાકાપ હરીફાઈ, લૂંટબાજી અને ચડસાચડસીને બદલે શાંત જીવનની ભાવના કેળવે છે, અને ધનલોભ છોડી સંતોષ અને સદાચારનું જીવન જીવે છે.

૭૭. ગૃહોદ્યોગ અને ગ્રામોદ્યોગને સજીવન કરવાની કારમી જરૂર તરફ ગાંધીજીએ રાષ્ટ્રનું ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. જે ચીજો દેશમાં

સહેલાઈથી પેદા થઈ શકે તેની પરદેશથી આયાત કરવાથી દેશનું ધન પરદેશમાં ખેંચાઈ જાય તે ભય એમણે પારખ્યો હતો. આથી જ ગૃહોદ્યોગના પુનરુત્થાનને એમણે એમના રચનાત્મક કાર્યક્રમમાં મુખ્ય ફલક બનાવ્યું હતું. નિયોજન પંચે પણ એના ઉપર એટલો જ ભાર દીધો છે.

૭૮. આપણી લોકસભાએ હિંદને માટે સમાજવાદી સમાજ રચનાનો આદર્શ સ્વીકાર્યો છે. અમને લાગે છે કે સમાજવાદી અર્થકારણ આખરે વિકેન્દ્રિત અર્થકારણનું જ સ્વરૂપ લેશે. આથી અમારે ફરીથી કહેવું જોઈએ કે, ગૃહોદ્યોગ અને ગ્રામોદ્યોગને સજીવન કરવાની કોઈ પણ યોજનામાં મુખ્ય શરત હાલના મોટા પાયા પરના અને નાના પાયા પરના ઉદ્યોગો વચ્ચે ચાલતી હાનિકારક હરીફાઈ દૂર કરવાની હોવી જોઈએ.

૭૯. અમે કબૂલ કરીએ છીએ કે હાલના સંજોગોમાં બધા જ પ્રકારના ગૃહોદ્યોગ અને ગ્રામોદ્યોગ સજીવન કરવાનું શક્ય ના હોઈ શકે. છતાં આમાંના ઘણા ઉદ્યોગોમાં હરીફાઈ સામે ટકી શકવાની શક્તિ અને સાંસ્કારિક મૂલ્ય રહેલાં છે. માટે તેમને રક્ષણ આપી સુધારવા જ જોઈએ. જેઓ પછાત છે અને વારસાગત ધંધો ખોઈ બેસવાને લીધે મરી મરીને જીવે છે એવા કારીગર અને વ્યવસાયી વર્ગોને રોજી આપવા પર હવેથી ભાર મૂકવો જોઈએ.

## ખાદી ઉદ્યોગ

૮૦. હાથ-કાંતણ અને હાથવણાટનો ઉદ્યોગ હિંદમાં ૨૦૦૦ વર્ષોથી હસ્તી ધરાવે છે. આ દેશના સૂતરનો આંક અને કાપડની જાત એક વખત દુનિયામાં એક અજાયબીરૂપ હતાં. ગાંધીજીએ ચરખો અને ખાદી ફરીને સજીવન કર્યાં અને ગામડાંના આર્થિક પુનરુત્થાન માટે એમની રચનાત્મક પ્રવૃત્તિઓમાં બેઉને મધ્યવર્તી સ્થાન આપ્યું. કોંગ્રેસની



ચળવળના ભાગ રૂપે ખાદીનો પ્રચાર શરૂ થયો, અને રાષ્ટ્રવાદનો જુવાળ વધવા સાથે તેનું મહત્ત્વ પણ વધ્યું. દેશમાં ખાદીના વિકાસ અને પ્રચાર માટે 'અખિલ હિંદ કાંતણુ સંઘ'ની સ્થાપના થઈ. કહેવાય છે કે ૧૯૪૧-૪૨ના વર્ષમાં ખાદી ઉદ્યોગમાં અડધા સમયના કાંતનાર ૩,૨૫,૦૦૦, વણકરો ૨૫૦૦૦ અને બીજા કારીગરો ૫૦૦૦ જેટલા રોકાયેલા હતા. ૧૯૪૩ના વર્ષમાં ખાદીનું કુલ ઉત્પાદન રૂ. ૧,૩૫,૯૭૦૦૦-ની કિંમતનું હતું.

૮૧. આ ઉદ્યોગની રોજી આપવાની શક્તિ ખરેખર મહાન છે, છતાં ખાદીની આર્થિક ઉપયોગિતા વિશે ઘણા લોકોને ભારે શંકા છે. પરંતુ આ ઉદ્યોગથી લાખો ગ્રામવાસીઓને અને ખાસ કરીને પછાત કોમના ગરીબ વર્ગને અડધા સમયની અને પૂરા સમયની રોજી મળે છે, એ આવા લોકોની શંકાનો અસરકારક જવાબ છે. ભારત સરકારે ખાદી ઉદ્યોગમાં રસ દાખવી ૧૯૫૩માં એના ઉત્પાદન અને વિકાસની યોજનાઓ ઘડવા માટે 'અખિલ હિંદ ગ્રામોદ્યોગ બોર્ડ'ની સ્થાપના કરી છે. આ ઉપરાંત ખાદી ઉદ્યોગને રાજ્યના રક્ષણ અને ઉત્તેજનની ઘણી જરૂર છે. તે વિના તે પગભર થઈ શકશે નહિ.

ખાસ કરીને દેશના કપાસ પકવતા વિસ્તારોમાં અને જ્યાં મિલો નથી ત્યાં ખાદીઉદ્યોગના વિકાસ માટે ઘણો અવકાશ છે. સૂતરના કાંતણ અને વણાટની પદ્ધતિમાં સુધારો કરવાની જરૂર સ્વીકારાઈ છે. ઉત્પાદનનો ખર્ચ ઘટાડવા અને ઉત્પાદન વધારવા સુધારેલા ચરખા અને સાળો દાખલ કરવામાં આવ્યાં છે. એનાથી કાંતનાર અને વણનારની આવક વધશે અને ઘણા ગ્રામજનોને વધતીઓછી રોજી મળશે, એમ માનવામાં આવે છે.

## હાથસાળ ઉદ્યોગ

૮૨. ખાદી પછીનો સૌથી વધુ અગત્યનો ગૃહોદ્યોગ હાથસાળ

છે, તે હજી પણ ઘણા લોકોને રોજી આપે છે. ઢાકાનું મલમલ, વડોદરાનાં પટોળાં અને આસામ, મણિપુર, ઓરિસા તથા દક્ષિણ-હિંદના હાથવણાટનાં વિવિધ કાપડ યુગોથી પ્રખ્યાત છે.

૮૩. હાથસાળના વણકરોની પ્રણાલિકા, અનુભવ અને દક્ષતા લાંબા સમયથી જાણીતાં છે. આજે પણ અતિ સુંદર અને ઉત્તમ કારીગરીના નમૂના રૂપ વિશિષ્ટ ભાતવાળું ઘણા પ્રકારનું હાથસાળ કાપડ દેશમાં તૈયાર થાય છે. એમાં વપરાતા સૂતરનો આંક ખરબચડાથી માંડી ૧૨૦ સુધી પહોંચે છે.

૮૪. આસામ અને મણિપુરમાં ગૃહવણાટની પ્રબળ પ્રણાલિકા છે, અને ઘણી સ્ત્રીઓ અતિસુંદર કાપડ વણવામાં પાવરધી છે. કહે છે કે પોતાના લગ્નનો પોષાક જાતે ના વણે તો આસામની કન્યાને વર મેળવવાનું મુશ્કેલ બને છે. આસામના દરેક ઘરમાં એકાદ-બે સાળ હોય છે અને ત્યાંની સ્ત્રીઓ પોતાની જરૂરિયાતનું કંઈ નહીં તો થોડું પણ કાપડ જાતે વણી લે છે. મણિપુરમાં પણ મોટે ભાગે આવું છે.

૮૫. હિંદમાં તમામ પ્રકારની સાળો છે. તેની કિંમત આસામમાં રૂ. ૫થી માંડી દેશના બીજા ભાગોમાં ખસતા કાંઠલાવાળી સાળની કિંમત આશરે રૂ. ૫૦ જેટલી થાય છે. આ સાળો માટે અલ્પ મૂડીની જરૂર પડે છે અને તે વધારે માણસોને રોજી આપી શકે છે, એ એના લાભ છે.

૮૬. મિલ-ઉદ્યોગ વિકસવાથી હાથસાળ વણકરોની કમનસીબી બેઠી છે. છતાં, આજે પણ, સૌથી મોટા ગૃહોદ્યોગ તરીકે દેશના સામાન્ય અર્થતંત્રમાં હાથસાળ-ઉદ્યોગનું સ્થાન આગળ પડતું છે. દેશમાં કાપડનું એકંદર વાર્ષિક ઉત્પન્ન ૬૨,૦૦૦ લાખ વાર છે. તેમાં હાથ-સાળના કાપડનો ફાળો ૧૨૦૦૦ લાખ વાર જેટલો છે. અનેક ચડતી-



પડતી અને આર્થિક વિટંબણા સામે આ ઉદ્યોગ હજી પણ ટકી રહ્યો છે, અને લાખો લોકોને રોજી આપે છે.

૮૭. આ ઉદ્યોગના પ્રતિનિધિઓએ રજૂ કરેલી અને અન્યત્ર વિચારાયેલી તમામ હકીકતો ધ્યાનમાં લઈ આ ઉદ્યોગની પુનર્યોજના માટે હાલ તુરત અમે નીચેની ભલામણો કરીએ છીએ :

(૧) સાડી, ધોતી અને લુંગી જેવી ખાસ કાપડની જાતોનું ઉત્પાદન હાથસાળ–ઉદ્યોગ માટે અનામત રાખવું, અને તેનું કાર્યક્ષેત્ર (મિલોની અપેક્ષાએ) તાત્કાલિક સ્પષ્ટ નક્કી કરવું.

(૨) હાથસાળ વણકરોને જોઈતા આંકનું અને રંગનું સૂતર નિયમિત અને પૂરતા પ્રમાણમાં વાજબી ભાવે પૂરું પાડવું.

(૩) વચગાળાના અને ઉપલા વણકરોના શોષણમાંથી ઉગારવા માટે, બધા જ વણકરોને બનતી ત્વરાએ સહકારી છત્ર હેઠળ એકત્રિત કરવા.

(૪) દેશભરમાં હાથસાળનો માલ વેચનાર સંસ્થાઓની હારમાળા સ્થાપવી અને હાથસાળના કાપડ માટે વિદેશી બજારો ઊભાં કરવાં.

(૫) મધ્યસ્થ અને રાજ્ય સરકારોએ પોતાની જરૂરિયાત માટે ખાદી પછી હાથશાળના કાપડનો ઉપયોગ કરવો.

(૬) સાળમાં સુધારા-વધારા કરવા અને ઉત્પાદન વધારવા રાજ્યે નાણાકીય સહાય કરવી.

(૭) વણકરોની વસવાટની પરિસ્થિતિ સુધારવાનું અને વણકર વસાહતો સ્થાપવાનું કામ સરકારે વિના વિલંબે ઉપાડી લેવું જોઈએ.

(૮) હાથસાળ ઉદ્યોગની કાર્યપદ્ધતિમાં સુધારો થતાં અને તેના માલનું ઉત્પાદન વધતાં કાપડની મિલો પોતાનું ઉત્પાદન માત્ર પરદેશ

તરફ નિકાસ થતી તથા મોજશોખની જુદી જુદી જાતોમાં મર્યાદિત કરે એમ કરવું જોઈએ.

## આસામ અને મણિપુરમાં વણાટ ઉદ્યોગના વિશિષ્ટ પ્રશ્નો

૮૮. આસામ અને મણિપુરમાં ગૃહવણાટ વિષે ઉલ્લેખ ઉપર આવી ગયો છે. ત્યાં સૂતર નિયમિત નહીં મળતું હોવાની ફરિયાદ છે.

આ સ્થિતિનો ઝડપી ઉકેલ થવો જોઈએ. વાજબી ભાવે સાદું કે રંગીન સૂતર નિયમિત મળી રહે તેવી વ્યવસ્થા થવી જોઈએ.

૮૯. આસામ અને મણિપુર કાપડની બાબતમાં સ્વાશ્રયી બની રહે એવી ઘણી શકયતા છે. ત્યાં ચાલી આવેલી વણાટકળાની પરંપરા, એ બાબતમાં સ્ત્રીઓની ખાસ આવડત અને રાજ્યની ભૌગોલિક પરિસ્થિતિ આ શકયતાને અનુકૂળ છે. આને માટે પ્રથમ તો એ રાજ્યોમાં મિલનું કાપડ આવતું બંધ કરવું જોઈએ અને કારીગરોને નાણાંની મદદ આપી તથા નિયમિત સૂતર પૂરું પાડી સ્થાનિક ઉત્પાદનને પ્રોત્સાહન આપવું જોઈએ. આ હેતુથી રાજ્ય સરકારો કાંતનાર અને ખાદી વણનારને ખાસ મદદ આપી શકે અને જરૂર જેટલી ચાકવાળી કાંતણ મિલ ઊભી કરી શકે. એમ પણ કહેવાય છે કે આસામના કેટલાક ભાગોમાં કપાસ પકવવાની ઘણી શકયતા છે. જો સુવ્યવસ્થિત પ્રયત્નો કરવામાં આવે તો આ બાબતમાં પણ સફળતા મળવાનો સંભવ છે. જો એમ થાય તો પછાતવર્ગોના ઘણા લોકોને એનાથી રોજી મળી રહે.

## રેશમ વણવાનો ઉદ્યોગ

૯૦. રેશમ વણવાનું કામ એક વખત અમુક કોમો જ કરતી. હવે બીજા વર્ગો પણ એ કામ કરવા લાગ્યા છે. આ વણકરોએ કલાત્મક રેશમી કાપડ ઉત્પન્ન કરવાની આવડત સિદ્ધ કરી છે. તેમને આજે



મિલોની હરીફાઈ નડે છે. કેટલીક વાર રેશમના ભાવમાં ઓચિંતા ફેરફાર થવાથી એમને બેકાર બનવું પડે છે. એમને વાજબી ભાવે રેશમ મળે એમ કરવાની જરૂર છે. અખિલ હિંદ હાથસાળ મંડળે આ વણકરોની સ્થિતિ સુધારવા અને તેમનો માલ વેચવા યોજનાઓ કરવી જોઈએ.

## રેશમના કીડા ઉછેરવાનો ઉદ્યોગ

૯૧. આ એક ગૃહોદ્યોગ છે. તે ખેડૂતવર્ગને નવરાશના વખતનું કામ આપે છે. મૈસૂરમાં આશરે ૬૦,૦૦૦ કુટુંબો શેતૂર વાવે છે અને રેશમના કોશેટા ઉછેરે છે. એમાં ૧ લાખ એકર જમીન રોકાય છે. પશ્ચિમ બંગાળમાં ૧૫,૦૦૦ એકર જમીન આ કામે રોકાયેલી છે અને ૧,૧૫,૦૦૦ માણસો આખો વખત તથા ૧,૭૫,૦૦૦ માણસો અર્ધો વખત એમાં કામ કરે છે. ઓરિસા, બિહાર અને મધ્ય પ્રદેશમાં આ ઉદ્યોગ નાના પાયા ઉપર છે. કાચા રેશમનું વાર્ષિક ઉત્પાદન મૈસૂરમાં ૧૬ લાખ રતલ, પશ્ચિમ બંગાળમાં ૪ લાખ રતલ, મધ્ય પ્રદેશમાં ૩ લાખ રતલ, મદ્રાસમાં ૩ લાખ રતલ અને બિહારમાં ૧ લાખ રતલ હોવાનો અંદાજ છે. આશરે ૧,૩૭,૦૦૦ હાથસાળો રેશમી કાપડ બનાવવામાં રોકાયેલી છે. રેશમી સૂતરના ભાવોમાં ઓચિંતી વધઘટ થતી હોવાથી આ ઉદ્યોગમાં વારંવાર કટોકટી આવે છે. તેનું કારણ એ છે કે દેશમાં થતું રેશમ દેશની જરૂરિયાત માટે પૂરતું નથી અને પરદેશથી આયાત થતા રેશમ ઉપર કશું નિયંત્રણ નથી. મધ્યસ્થ રેશમ મંડળે આ પ્રશ્ન હાથમાં લીધો છે. તેથી આ ઉદ્યોગને સંગીન પાયા ઉપર મૂકવા બધા પ્રયત્નો થશે એમ આશા રહે છે.

## ઊન કાંતવાનો તથા વણવાનો ઉદ્યોગ

૯૨. હિંદમાં ઊન મોટા પાયા પર ઉત્પન્ન થાય છે. એમાંનું ઘણું પરદેશ જાય છે, અને મિલોને ઉપયોગી સુંવાળું ઊન પરદેશથી અત્રે આવે છે.

૯૩. ઊન કાંતવાનો અને વણવાનો ધંધો મુખ્યત્વે ભરવાડ લોકો કરે છે. આ ઉદ્યોગ હજી પ્રાથમિક દશામાં છે. ઊન કાંતવાની કે વણવાની પદ્ધતિમાં નહીં જેવો સુધારો થયેલો છે. મિલોની સખત હરીફાઈને લીધે આ ઉદ્યોગ પડી ભાંગ્યો છે. તેથી એના કારીગરોની પડતી થયેલી છે. આ સ્થિતિ સુધારવા ખાસ પગલાં લેવાની જરૂર છે.

૯૪. ઊન વણનારને બારે માસ ઊન મળતું નથી. મિલોના દલાલો અને નિકાસકારો વણનારને વાજબી ભાવે ઊન ખરીદવા દેતા નથી. તેથી બને તો સહકારી ધોરણે ઊનના ખરીદ-વેચાણ માટે યોગ્ય સ્થળે સસ્થાઓ ખોલવી જોઈએ. તે ઉપરાંત ઊનના ધાબળા વેચવાની ખાસ વ્યવસ્થા થવી ઘટે, જેથી વણનારને તેના માલના યોગ્ય ભાવ મળે. ઊનને સુંવાળું બનાવવા અને તેનું સૂતર તથા વણાટકામ લોકોને રુચે એવું બનાવવા કારીગરોની કાર્યપદ્ધતિ સુધારવાની જરૂર છે. લશ્કરમાં અને ઇસ્પિતાલોમાં વપરાતા ઊનના કાપડને સ્ટેન્ડર્ડાઇઝ કરવાની જરૂર છે.

## તેલઘાણીનો ઉદ્યોગ

૯૫. ગામડાંમાં તેલ પીલવાનો ધંધો હિંદભરમાં ચાલે છે. એ ધંધો કરનાર તેલીઓ કેટલેક સ્થળે અસ્પૃશ્ય ગણાય છે. ૧૯૨૧માં તેલીઓની સંખ્યા ૫ લાખ હતી, તે ઘટીને ૧૯૫૧માં ૨ લાખ થઈ હતી. એમાંનો મોટો ભાગ કાં તો બેકાર છે અથવા ખેતમજૂરોમાં ભળી ગયો છે.

૯૬. હિંદમાં તેલીબિયાંનું ઉત્પાદન મોટા પ્રમાણમાં થતું હોવા છતાં, તેલની મિલોની હરીફાઈને લીધે હિંદના તેલીઓને પોતાનો ધંધો ટકાવી રાખવાનું મુશ્કેલ બન્યું છે. એવો અંદાજ છે કે દેશમાં આશરે એક હજાર નોંધાયેલી તેલ-મિલો છે. તે સિવાય નહીં નોંધાયેલી પણ ઘણી



છે. આ ઉદ્યોગ શહેરોમાં ઘસડાતો ગયો હોવાથી, ગામડાંના તેલીઓ બેકાર બન્યા છે. મિલોની હરીફાઈને લીધે આ તેલીઓને પોતાના ધંધા માટે તેલીબિયાં વાજબી ભાવે મળતાં નથી અને તેમનો માલ વેચવાની પણ મુશ્કેલી છે. એક તેલ-ઘાણી ૧૧.૫ લાખ ટન તેલ પીલી શકે છે, જ્યારે એક તેલ-મિલ ૨૨.૧૨ લાખ ટન તેલ પીલી શકે છે. ગામડાની ઘાણી ૩૫ ટકા તેલ આપે છે, જ્યારે મિલ-ઘાણી ૪૦ ટકા આપે છે. તાજું ઘાણીનું તેલ મિલના તેલ કરતાં ખાવામાં વધારે સારું છે. આ બધું જોતાં આ ઉદ્યોગ સજીવન થઈ શકે.

૯૭. તે માટે પ્રથમ તો તેલીબિયાં પીલવાનું કામ ગામડાંની ઘાણીઓને જ મળે એમ કરી મિલોની હરીફાઈ દૂર કરવી જોઈએ. તે પછી સુધારેલી ઘાણીઓ આપવી જોઈએ અને તેલીબિયાં ખરીદવાની તથા તેલ વેચવાની વ્યવસ્થા થવી જોઈએ. આ બાબતમાં અખિલ હિંદ ખાદી અને ગ્રામોદ્યોગ મંડળે યોજેલા કાર્યક્રમને અમારું અનુમોદન છે. એમાં અમે એટલું ઉમેરીશું કે તેલ પીલવા માટે યંત્રોનો ઉપયોગ બંધ થાય તે માટે તાત્કાલિક પગલાં લેવાં જોઈએ.

## કુંભારકામ

૯૮. ગામડાંના કુંભારોએ માટીનાં કલાત્મક અને ઘાટીલાં વાસણો બનાવવાની જ નહીં પણ ગરીબ અને પછાત વર્ગોના રોજિંદા વપરાશનાં વાસણો બનાવવાની પરંપરાગત કળા જાળવી રાખી છે. આ લોકો ગરીબ, નિરક્ષર અને ઘણા પછાત છે. એમના ધંધાના દરેક તબક્કે એમને હેરાન કરવામાં આવે છે અને એમની પાસેથી વેરા લેવામાં આવે છે. આધુનિક માટીનાં વાસણોના ઉત્પાદનમાં આ લોકોને કોઈ સ્થાન નથી. એમને તાલીમ અને સુધારેલાં સાધનો આપી એમની કાર્ય-પદ્ધતિ સુધારી શકાય.

## વાંસ અને નેતરકામ

૯૯. અમુક કોમો વાંસ અને નેતરની ચીજો બનાવવાના પ્રણાલીગત ધંધામાં રોકાયેલી છે. જુદાં જુદાં રાજ્યોમાં જુદાં જુદાં નામે ઓળખાતી આ કોમોમાંની કેટલીક કેટલાંક રાજ્યોમાં અસ્પૃશ્ય ગણાય છે. તેઓ ગરીબ અને પછાત હોઈ, ગામથી દૂર અથવા જંગલ નજીક અત્યંત ગંદા વસવાટોમાં રહે છે અને વારંવાર સ્થળાંતર કરે છે. એમની મુખ્ય મુશ્કેલી વાજબી ભાવે કાચો માલ મેળવવાની અને વેચાણની સગવડ અંગેની છે. વચગાળાના માણસો જંગલોમાંથી વાંસ અને નેતર કાપવાનો ઇજારો રાખી તેમનું શોષણ કરે છે. આપણા દેશમાં વાંસ અને નેતરની ઘણી જાત થાય છે, એટલે હાલની રુચિને ધ્યાનમાં રાખી વાંસ અને નેતરની ચીજો બનાવવાની કામગીરીમાં સુધારો કરવાને ઘણો અવકાશ છે. આ અત્યંત પછાત લોકોને યોગ્ય વસવાટ અને કેળવણી આપવાની જરૂર છે.

## ડાંગર છડવાનો ઉદ્યોગ

૧૦૦. હાથે ડાંગર છડવાનો ઉદ્યોગ મહત્ત્વનો ગ્રામોદ્યોગ છે. હજુ પણ કુલે ૬૫ ટકા ડાંગર સ્થાનિક લોકો હાથે ખાંડે છે અને છડે છે. ખેતમજૂરોને આ કામથી રોજી મળે છે. કહેવાય છે કે હાથછડના ચોખા સંચે છડેલા ચોખા કરતાં વધારે પૌષ્ટિક હોય છે. ડાંગર છડવાની વધુ મિલો થવાથી ગરીબ ગ્રામજનોની રોજી ઘટવાનો ભય છે. માટે ગ્રામવિસ્તારોમાંથી આવી મિલો તદ્દન કાઢી નાખવી જોઈએ.

## કાથીનો ઉદ્યોગ

૧૦૧. કાથીનો ઉદ્યોગ ત્રાવણકોર-કોચીનમાં હજુ પણ ઘણા લોકોને રોજી આપે છે. પરંતુ આ ધંધામાં અવારનવાર મંદી આવે છે. તાજેતરમાં સ્થપાયેલું કાથી બોર્ડ આ ઉદ્યોગને મદદ કરશે એવી ધારણા છે.



## નાના ઉદ્યોગો

૧૦૨. ઘણી કોમો પતરાળાં બનાવવાનો, જંગલમાંથી લાખ એકઠી કરવાનો વગેરે ધંધા કરતી આવી છે. રાજ્ય સરકારોએ આ ગરીબ અને પછાત કોમોને મદદ કરવી જોઈએ.

## ગામડાંના હસ્તઉદ્યોગો

૧૦૩. ગામડાંના કારીગરોએ બનાવેલી ઉપયોગી ચીજોની હંમેશાં ઘણી માગ રહી છે. લોકો અને સરકાર તરફથી એમને ઉત્તેજન અને મદદની જરૂર છે. પરંતુ આ બાબતમાં ઉપયોગી ચીજો બનાવનાર અને સુંદર કલાત્મક ચીજો બનાવનારની વચ્ચે ભેદ પાડવો જોઈએ. કેટલીક કોમો મુખ્યત્વે સુખડ, હાથીદાંત અને કાંસામાંથી ઘણી કલાત્મક ચીજો બનાવે છે. પણ એનું વિશાળ ધોરણે ઉત્પાદન ના થઈ શકે. આ કારીગરોને માત્ર ઉચ્ચ અને શ્રીમંત વર્ગ જ ઉત્તેજન આપી શકે. અગાઉ રાજાઓ, મહારાજાઓ, નવાબો, જમીનદારો વગેરે એમને ઉત્તેજન આપતા. મંદિરો તરફથી પણ એમને આશ્રય મળતો. એ બધું હવે રહ્યું નથી. એટલે હવે આ કારીગરોને મદદ અને ઉત્તેજન આપવા કળાનાં સંગ્રહસ્થાનો અને બજારો સ્થાપવાં જોઈએ. દેશની એલચી કચેરીઓ, લોકસભા અને ધારાસભાઓ એનાથી સુશોભિત થવી જોઈએ. અને એને માટે વિદેશી બજારો સારા પ્રમાણમાં ઊભાં કરવાં જોઈએ.

## બીડી ઉદ્યોગ

૧૦૪. સમાજની દૃષ્ટિએ બીડી ઉદ્યોગ ઉપયોગી ના ગણાય. છતાં આમાંથી ઘણા લોકોને રોજી મળવાની શક્યતા છે તે ધ્યાનમાં રાખવું જોઈએ. સરકારે યંત્રથી બીડી બનાવવાની મનાઈ કરી તે સારું કર્યું, નહીં તો મોટી સંખ્યામાં પછાત લોકો બેકાર બન્યા હોત. બીડી વાળનારાઓનું સહકારી ધોરણે સંગઠન થવું જોઈએ.

## ખાનગી ચાકરી કરતી કોમો

### ધોબી

૧૦૫. ઉત્તર અને ઈશાનનાં કેટલાંક રાજ્યોમાં ધોબી અસ્પૃશ્ય મનાય છે. ગામડાંના ધોબીને ચાકરીના બદલામાં અનાજ આપવામાં આવે છે. અનાજના ભાવ ઊંચા જાય ત્યારે એમની સ્થિતિ કફોડી બની જાય છે. ઘણી વાર ઉચ્ચ જ્ઞાતિઓ એમને રંજાડે છે. શહેરોમાં લૉન્ડ્રીઓ ખૂલવાથી ઘણા ધોબીઓ બેરોજગાર બન્યા છે.

### હજામ

૧૦૬. હજામની દશા ધોબી જેવી જ છે. હજામને પણ ચાકરીના બદલામાં દાણા આપવામાં આવે છે. શહેરોમાં એમનું જીવનધોરણ સહેજ ઊંચું જવાથી એમની દશા પ્રમાણમાં સુધરી છે. એમણે મંડળો સ્થાપી સંગઠન સાધ્યું છે અને આધુનિક રુચિને સંતોષવા સલૂનો ખોલ્યાં છે. છતાં એમનામાંથી ઘણા હજુ પણ ઘરે ઘરે ફરીને ઘરાકો શોધે છે. દક્ષિણ કરતાં ઉત્તરમાં એમનો દરજ્જો કંઈક સારો છે. આ લોકો સાવ અભણ છે. આ કોમના કેટલાક પ્રતિનિધિઓએ પંચને ફરિયાદ કરી હતી કે ઉત્તર હિંદના કેટલાક પ્રદેશોમાં એમને મડદાના વાળ ઉતારવા પડે છે, અને નાત જમ્યા પછી પતરાળાં ઊંચકવાં પડે છે. આ કોમમાં કેટલાક સારા ગાયકો અને વાજિંત્રો વગાડનારા છે. એમની આ પરંપરાગત કળાને ઉત્તેજન આપવાની એમણે અરજ ગુજારી હતી.

### પાણી ભરનાર અને બીજાં ઘરકામ કરતા ચાકરો

૧૦૭. ઘરકામ કરતી ચાકર કોમો ઘણી છે. એમને પગાર નજીવો મળે છે, એટલું જ નહીં પણ કોઈ કારણ કે નોટિસ આપ્યા વગર કાઢી મૂકવામાં આવે છે. ઘણા કિસ્સામાં બાપ પછી છોકરાને



ચાકરીનો વારસો મળે છે અને બે કુટુંબો વચ્ચે લગ્ન થતાં એ વારસો બીજા કુટુંબમાં જાય છે. રાજસ્થાનમાં એવા કિસ્સા બન્યા છે કે કન્યા પરણીને સાસરે જતાં એની જોડે ઘરના ચાકરની છોકરીને પણ મોકલવામાં આવી હતી. આ કોમ અભણ છે.

### રખડુ કોમો

૧૦૮. ઘણી નાની કોમો ગામડામાં રખડીને પેટ ભરે છે. તેઓ ઘાસની કે કંતાનની ટટ્ટીઓમાં રહે છે. ખોરાક ખાવા માટે ડુક્કર અને મરઘાં ઉછેરે છે અથવા રાની પશુઓનો શિકાર કરે છે અને નિર્વાહ માટે જંગલનો પાક વીણે છે. આ લોકો જાદુ અને જંતર-મંતરમાં માને છે અને ગુનાહિત પ્રવૃત્તિઓ કરે છે. એમને સ્થાયી કરવાની સરકારની ખાસ જવાબદારી ગણાવી જોઈએ.

### ભિક્ષુકો

૧૦૯. આ દેશની સંસ્કૃતિ પ્રમાણે પ્રજાના ઉત્તમ આદર્શધારી સેવકો સમાજ જે આપે તેના પર નિર્વાહ ચલાવે અને નિર્વાહ માટે કોઈ પણ ધંધો ન કરે એવું સદીઓથી મનાય છે. એટલે ભીખનો પ્રશ્ન છણવો મુશ્કેલ છે. બ્રાહ્મણ પંડિત શ્રેષ્ઠ ભિક્ષુક ગણાય છે. સંસાર ત્યાગ કરનાર સંન્યાસી પણ સમાજ જે સીધું આપે તેનાથી જીવન ચલાવે. પંડ્યો અને વૈદ્ય પરંપરાથી ભિક્ષુક ગણાતા. એવી રીતે બૌદ્ધ અને જૈન સાધુઓ પણ જીવતા.

૧૧૦. આ પ્રાચીન પરંપરાએ ભિક્ષુક જીવનનું ગૌરવ સ્થાપ્યું છે. પ્રાચીન આદર્શ એમ કહે છે કે માત્ર જે લોકોએ નિઃસ્વાર્થ સેવાને ધર્મકાર્ય માન્યું હોય તેઓ જ ભિક્ષાદાન પર જીવી શકે. પણ એ સિવાયના જે ભીખ માગીને જીવે તે નરકે જાય. લૌકિક માન્યતા એવી છે કે ધર્મસેવી કે સમાજસેવક સિવાય જે ઇતરજન ભીખ માગી

જીવશે તે બીજે જન્મે જનાવર થશે, અને આ જન્મે જેનું અનાજ ખાધું હશે તેની ચાકરી કરશે.

૧૧૧. આ પ્રાચીન ઉત્કૃષ્ટ પ્રણાલિકાએ વિકૃત સ્વરૂપ ધારણ કર્યું. જે લોકોને રોટલો રળવા કામ કરવું નહોતું તેમણે ધર્મનાં ટીલાં-ટપકાં કરી ભીખ માગવા માંડી. દુષ્કાળ અને આક્રમણને પરિણામે બેકાર બનવાથી ઘણી વાર લોકો ભિખારી બની જતા. ગરીબને ભોજન આપવું એવો હિંદુ તેમ જ મુસલમાન ધર્મમાં આદેશ છે. એટલે આજ સુધી ભિખારીઓની જમાતો આ દેશમાં પોષાતી આવી છે. પરંતુ હવે તો નિઃસ્પૃહી સેવાના વ્રતધારી સંન્યાસીઓ અને આળસુ ગઠિયાઓ વચ્ચે ભેદ પાડવાનું મુશ્કેલ બન્યું છે.

૧૧૨. ભિખારીઓની આટલી મોટી સંખ્યા માટે જ્ઞાતિપ્રથા પણ જવાબદાર છે. કેટલીક કોમો એવો દાવો કરે છે કે ભીખ માગવી એ અમારો પરંપરાથી ચાલતો આવતો ધંધો છે અને નોકરીધંધો કે અન્ય ઉદ્યમ કરીએ તો જ્ઞાતિના નિયમોનો ભંગ કર્યો કહેવાય. આમ સમગ્ર પરિસ્થિતિનો તાગ કાઢ્યા વગર આ પ્રશ્ન હલ કરવા જતાં કાયદો નાકામયાબ નીવડશે.

૧૧૩. ભીખના ધંધામાં પૂરતી આવક ન મળવાને કારણે કેટલીક ભિક્ષુક કોમોએ મનોરંજનનો, ગાવાનો, તરગાળાનો કે જોષ જોવાનો ધંધો અપનાવ્યો. આ બધા ધંધાઓને લોકરંજન વર્ગમાં મૂકી ગૌરવશાળી બનાવી શકાય. પરંતુ સંગઠન અને સામાજિક ગૌરવને અભાવે આ લોકો લગભગ ભિખારી જેવી દુર્દશામાં જીવે છે. ભિક્ષાદાન આપનાર અને લેનાર માટે સર્વત્ર અમુક સર્વસ્વીકૃત ધોરણો માટે આગ્રહ રાખી સમાજે આ પ્રશ્નનો વિચાર કરી તેનો ઉકેલ લાવવો જોઈએ.

૧૧૪. એક વખત એવી દલીલ કરવામાં આવતી હતી કે અશક્ત માણસોને કામ ના આપી શકાય તો તેમને ભીખ આપવા



તૈયાર થવું જોઈએ, નહીં તો એ લોકો ગુના કરવાનો ધંધો કરશે. આથી ભીખ એટલે ગુના સામે વીમો એમ મનાતું.

૧૧૫. ખરી જરૂર તો લોકોના દિમાગમાં સ્વમાન અને શ્રમના ગૌરવનો ખ્યાલ દાખલ કરવાની છે. આ કરવા માટે દયાદાન વિશેના આપણા વિચારોને બદલ્યા વગર છૂટકો નથી. આપણે સમજવું જોઈએ કે તિરસ્કાર અને કંટાળાથી કરેલું દાન એ કોઈ પણ અર્થમાં ધર્મકાર્ય નથી. એવું દાન આપનાર અને લેનાર બન્નેનો વિનિપાત થાય છે. ગમે એટલા કાયદાથી આ પ્રશ્ન હલ નહીં થાય. માત્ર સામાજિક આદર્શોનું સીધેસીધું સિંચન કરવાથી જ ભીખ ભૂંસી શકાશે, અને દેશની માનવશક્તિનો પૂરેપૂરો ઉપયોગ થઈ શકશે.

## પછાતવર્ગોનું શોષણ અટકાવવાનાં પગલાં

૧૧૬. પછાતવર્ગના મોટા ભાગના લોકો ભોળા, અભણ અને ગરીબ છે. અન્ય વર્ગના લોકો એમનું સહેલાઈથી શોષણ કરી શકે છે. એમને વૈતરું કરાવી ચૂસવામાં આવે છે, એટલું જ નહીં પણ એ લોકો જે પેદા કરે છે તેના બદલા જેટલી કિંમત પણ એમને નથી ઉપજતી. દેશનો વેપાર-ધંધો મોટે ભાગે સુધરેલા વર્ગોના હાથમાં છે. એમનામાંથી કેટલાક તો અભણ ખેડૂત કે ગરીબ કારીગર પોતાનો માલ લઈ બજારમાં આવે છે ત્યારે તેને ફોલી ખાય છે. શાહુકાર અને ગામના સરકારી માણસો પણ આ લોકોનું શોષણ કરે છે.

૧૧૭. પછાતવર્ગોને આ શોષણમાંથી ઉગારવાનાં પગલાં લેવાં એ એમની આર્થિક સ્થિતિ સુધારવા માટે ખૂબ જ આવશ્યક છે. નજીવી બાબતમાં પણ કોરટે ચઢવાની વૃત્તિ ગામડાંના સમાજમાં છેલ્લાં પચીસ વર્ષથી ઘર ઘાલી બેઠી છે. કોરટ-દાવા પાછળ ધૂમ ખર્ચ કરવાથી ઘણી કોમો બરબાદ થઈ છે. આ દૂષણ એટલું બધું વ્યાપી ગયું છે કે લગભગ દરેક કામમાં એક પક્ષ સામા પક્ષ તરફ ઘૂરકતો હોય છે. આ દૂષણો દૂર કરવા સત્વરે પગલાં ભરવાની જરૂર છે.

૧૧૮. સંપત્તિની વહેંચણી માટે સહકારી સંસ્થાઓ અથવા સરકારી ભંડારો ખોલવાની જરૂર છે. લોકોને તેમના લાભાર્થે ખોલાયેલી સંસ્થાઓ ચલાવવાની તાલીમ મળવી જોઈએ. કેટલાંક રાજ્યોમાં સહકારી મંડળીઓમાં શોષક લોકો ઘૂસી જઈ આવી મંડળીઓ તોડી પાડવા મથી રહ્યા છે, પછાતવર્ગના હિત ખાતર આવા પ્રયાસો ખાળવા જોઈએ.

૧૧૯. તમામ ઉત્પાદન અને વહેંચણી સમાજવાદી ધોરણે થાય અને લોકોને આ પરિવર્તન માટેનો આવશ્યક નૈતિક પાયો નાખવા ઉત્તેજન તથા તાલીમ અપાય તેમાં જ પછાતપણાનો આખરી ઉકેલ જણાય છે.

## (૩) માર્ગવ્યવહાર

૧૨૦. ભારત એકબીજાથી ઘણે દૂર આવેલા પ્રદેશોનો બનેલો દેશ છે. તેથી જ્યાં સુધી તમામ પ્રકારના માર્ગવ્યવહાર વિકસાવવામાં નહીં આવે ત્યાં સુધી શહેરોથી દૂર આવેલા વિસ્તારોનું કે તેમાં વસતા લોકોનું પછાતપણું દૂર કરવાનું શક્ય નથી.

૧૨૧. કેટલાક વિસ્તારો ખૂબ જ દુર્ગમ છે. ત્યાં ચોમાસામાં પગરસ્તા પણ ચાલવા યોગ્ય નથી રહેતા. ક્યાંક નાળાં કે વહેળા ઓળંગવાનું વિકટ હોય છે. ઘણાં સ્થળોએ નદી કે વહેળા ઓળંગવા હજી પણ જૂની બાંધણીનું હોડકું કે કોટિયું વપરાય છે.

૧૨૨. માર્ગવ્યવહારને અભાવે ઘણી વાર કાયદો અને વ્યવસ્થા જાળવવાનું પણ મુશ્કેલ બને છે.

૧૨૩. ઉત્તરી ઉત્તર પ્રદેશ, હિમાચલ પ્રદેશ, બિહાર, બંગાળ અને મધ્ય પ્રદેશના ડુંગરાળ વિસ્તારો માર્ગવ્યવહારના અભાવે ખીલવી શકાય તેમ નથી. રાજસ્થાન, ઓરિસા, વિંધ્ય પ્રદેશ, બંગાળ, મધ્ય પ્રદેશ,



સૌરાષ્ટ્ર અને આંધ્ર પૂરતા માર્ગવ્યવહારને અભાવે પછાત રહ્યા છે. આથી પેટા રસ્તાઓ, ગામની અંદરના રસ્તાઓ અને રાષ્ટ્રીય ધોરી માર્ગો વિકસાવવાની સત્વરે જરૂર છે.

૧૨૪. રસ્તાઓ, પુલો અને નાળાંના રસ્તા બાંધવા માટે પંચવર્ષીય યોજનામાં થયેલી જોગવાઈ તદ્દન અપૂરતી છે. ગામડાંને એકબીજા સાથે જોડનાર તથા શહેરો અને નગરો અથવા બજારો સાથે જોડનાર રસ્તા બાંધવાની ખૂબ જ જરૂર છે.

૧૨૫. ભારતમાં જળમાર્ગ અને આધુનિક જળવ્યવહારનાં સાધનો પ્રત્યે દુર્લક્ષ સેવવામાં આવ્યું છે. ઉતારુઓ તથા માલને લઈ જવા માટે હોડીઓ હંકારતી કોમો બારેક જેટલી છે. રસ્તા અને રેલવે થવાથી આ કોમોની સ્થિતિ બગડી છે. એમને બીજો કોઈ ધંધો મળે તેવી તજવીજ થવાની જરૂર છે.

## (૪) ગામડામાં જાહેર આરોગ્ય અને પાણીનો પુરવઠો

૧૨૬. પછાતવર્ગના લોકો બહુ જ અસ્વચ્છ અને હવાઉજાસ વગરનાં ઘરોમાં રહે છે. એમનાં રહેવાસનાં સ્થળો ઘણી વાર અલાયદાં હોય છે. જાહેર આરોગ્ય અને સુખાકારી વિશે તેમના વિચારો હજી પ્રાથમિક દશામાં છે. બીમારી કે રોગચાળા દરમ્યાન એમનામાંના ઘણા વૈજ્ઞાનિક ઉપાયોને બદલે ધંતર-મંતરનો આશરો લે છે. એટલે ઊંટવૈદો એમનો ગેરલાભ ઉઠાવે એમાં નવાઈ નથી.

૧૨૭. મરડો, મલેરિયા, આંકડી, વાળો, ક્ષય અને બીજા મોસમી રોગચાળા હજી પણ પછાતકોમના લોકોનો મોટો ભોગ લે છે.

૧૨૮. દેશનું આરોગ્ય સુધારવા ઘણા પ્રયાસો થઈ રહ્યા છે. પરંતુ દેશની વિશાળતા જોતાં હાલના પ્રયાસો ગ્રામવિસ્તારો માટે પૂરતા નથી. લોકોનું આરોગ્ય સુધારવા રોગો થતા અટકે એવા વિશાળ

પાયા પર પગલાં લેવાની અને ગામડાંની પ્રજાને સ્વચ્છતાની કેળવણી આપવાની ખાસ જરૂર છે.

૧૨૯. કેટલાક વિસ્તારોમાં લોકો જે પાણી પીએ છે તે પીવા જેવું સલામત હોતું નથી. "ગામડાના લોકોને પીવા માટે ચોખ્ખું અને પૂરતું પાણી પૂરું પાડી શકું અને બીજું કશું ના કરી શકું તોપણ મને સંતોષ થશે," એવા શબ્દો બુઝર્ગ નેતા શ્રી રાજગોપાલાચારીએ એક વાર હતાશ બની ઉચ્ચાર્યા હતા. એનાથી સૂચવાતી પરિસ્થિતિની ગંભીરતાએ દરેકને વિચાર કરતા કરી મૂકવા જોઈએ.

૧૩૦. રાજસ્થાન અને રાયલસીમા જેવા અછતગ્રસ્ત વિસ્તારોમાં પરિસ્થિતિ અત્યંત દુઃખજનક છે. કુદરતની આ ક્રૂરતા પૂરતી ના હોય તેમ માણસે અસ્પૃશ્યતા શોધી કાઢી છે, અને આ અસ્પૃશ્યતા કેટલાક લોકોને પાણી ભરવાના સ્થળ નજીક જતાં પણ રોકે છે. અને બિચારા અસ્પૃશ્યોને ઘણી વાર તરસ છીપાવવા લોટા જેટલા પાણી માટે કલાકો સુધી આજીજીઓ કરવી પડે છે.

૧૩૧. આના ઉપાય માટે હરિજનવાસની નજીક જાહેર કૂવા અને જળાશયો એવી રીતે બાંધવાં જોઈએ કે ત્યાં વસતા તમામ લોકો એનો ઉપયોગ કરી શકે. આ સ્થળોની સ્વચ્છતા જાળવવા ગામમાં હરિજનને પ્રમુખપદે એક જળસમિતિ નીમવી જોઈએ.

## (૫) ગામડાંમાં ઘર અને વસવાટ

૧૩૨. અન્ય પછાતવર્ગોની ઘણી કોમો હવા-ઉજાસ વિનાનાં, માટીનાં અને ઘાસ-છાપરીવાળાં ઝૂંપડાંમાં રહે છે. આ રહેઠાણોની આસપાસ પણ ભારે ગંદવાડ હોય છે. ત્યાં પડતો કચરો, ગંદકી અને કહોવાટ નિયમિત ખસેડાતાં નથી. ચાલી આવેલી લાપરવાઈ અને નિરક્ષરતા પણ આ માટે જવાબદાર છે.



૧૩૩. આવા વિસ્તારોની મુલાકાત વેળા વસવાટની કારમી પરિસ્થિતિ જોઈ પંચ દ્રવી ઊઠ્યું હતું. ઘરમાં ખીચોખીચ વસ્તી હતી. મોટા ભાગના લોકોએ ફરિયાદ કરી હતી કે અમને ઘર બાંધવા યોગ્ય જગા કે નાણાકીય મદદ મળતી નથી.

૧૩૪. ગામડાંમાં ઘરો બાંધવા માટે સુયોજિત કાર્યક્રમ ઘડી કાઢવો જોઈએ. તેમાં યોગ્ય વાતાવરણમાં વસવાટ થાય એવી રચના હોવી જોઈએ. લોકોને જગા મફત અથવા નજીવા દરે આપવી જોઈએ. સસ્તાં ઘરો બાંધવા સહાય અથવા લોનના રૂપમાં નાણાકીય મદદ કરવી જોઈએ. સૌથી સહેલો રસ્તો એ છે કે આ કોમો માટે ઘરો બાંધનારી સહકારી મંડળીઓ સ્થાપવી જોઈએ અને તે દ્વારા રાજ્યે મદદ મળે તેમ કરવું જોઈએ.

## પ્રકરણ છઠ્ઠું

# પછાતપણાની પરિસ્થિતિ અને તે નિવારવાના ઉપાય (૨)

## (૬) સામાજિક પછાતપણું અને તે નિવારવાનાં પગલાં

### જ્ઞાતિવાદને નિર્મૂળ કરવાની જરૂર

૧૩૫. આધુનિક પરિસ્થિતિને કારણે જ્ઞાતિભેદ વિશેના કેટલાક કડક વિચારો ક્રમશઃ મોળા પડવા માંડયા છે, છતાં જ્ઞાતિની ભાવના સમાજના મોટા ભાગના વર્ગોમાં હજુ પણ પ્રવર્તે છે. નીચલા થરના લોકોએ જ્ઞાતિની વિષમતાને લીધે ખૂબ સહન કર્યું હોવા છતાં, હજુ પણ તેઓ જ્ઞાતિપ્રથાને વળગી રહ્યા છે, એ ખરેખર નિરાશાજનક હકીકત છે. ભૂતકાળના સમાજસુધારકોના પ્રયાસો અને વર્તમાન સમયમાં ગાંધીજીના વીરતાભર્યા પુરુષાર્થની અસર સારી થઈ છે, તોપણ આ અસર સમગ્ર સમાજના કલેવરમાં ઊંડી ઊતરી નથી. સમાજના આગેવાનોએ પંચને જણાવ્યું હતું કે હિંદુ સમાજનાં અનિષ્ટ તત્ત્વો દૂર થવાં જ જોઈએ અને જ્ઞાતિવાદને જેમ બને તેમ જલદી નિર્મૂળ કરવા અવિરત પ્રયાસો કરવા જોઈએ, જેથી કરી જુદી જુદી જ્ઞાતિઓનો સમન્વય સધાઈ એક રૂપ સમાજ રચાય.

### ગામડાંમાં જ્ઞાતિપ્રથા

૧૩૬. પંચે જોયું હતું કે ગામડાંમાં જ્ઞાતિપ્રથા અને અસ્પૃશ્યતાનું



વધારે કડક પાલન થાય છે. આને લીધે પોતાની ફરિયાદોના નિકાલ માટે તથા રાજકીય અને અન્ય ક્ષેત્રોમાં પોતાને સ્થાન મળે એ માટે લોકોએ જ્ઞાતિમંડળો રચ્યાં છે. આ પ્રવાહ નુકસાનકારક હોવા છતાં, જ્ઞાતિગ્રંથિના પ્રવર્તમાન સંજોગોમાં અનિવાર્ય છે, એવી પછાત વર્ગોના કેટલાક આગેવાનોએ દલીલ કરી હતી અને સમર્થનમાં દરેક તબક્કે એમને કેવો ગેરવર્તાવ અને પક્ષપાત સહન કરવો પડે છે એના અનેક દાખલા આપ્યા હતા.

### વહીવટી તંત્રમાંથી જ્ઞાતિવાદ નાબૂદ કરવાની જરૂર

૧૩૭. પછાત વર્ગોના પ્રતિનિધિઓને લાગે છે કે સામાજિક વિષમતાઓ દૂર નહીં થાય ત્યાં સુધી એમના પ્રત્યે સુધરેલા વર્ગો કયારે પણ સારો વર્તાવ નહીં રાખે. ભારતે બિનસાંપ્રદાયિક બંધારણ સ્વીકાર્યું હોવાથી, જ્ઞાતિવાદને એના કામકાજમાં કોઈ પણ સ્થાન ન હોઈ શકે. માટે મધ્યસ્થ તેમ જ રાજ્યોની સરકારોના વહીવટી તંત્રમાંથી જ્ઞાતિવાદ અને એનાં અનિષ્ટ તત્ત્વોને સાવ સાફ કરી નાખવાં જોઈએ, કારણ કે આ તંત્ર દ્વારા જ સરકારી નીતિઓનો અમલ થતો હોય છે. એવું થશે ત્યારે જ પછાત વર્ગોમાં વિશ્વાસ પ્રેરી શકાશે. આ પ્રશ્ન તાત્કાલિક હલ કરવામાં ઢીલ કરવાથી મૂંઝવી નાખે એવાં જ્ઞાતિનાં મંડળો કે જૂથો રચાશે અને દરેક જૂથ રાષ્ટ્રીય ઐકયને ભોગે સત્તા અને સ્થાન મેળવવા એકબીજા સામે લડશે. શ્રી જવાહરલાલ નેહરુ જ્ઞાતિવાદ નાબૂદ કરવા સતત અનુરોધ કર્યા કરતા હતા, છતાં કમનસીબે ઘણા રાજદ્વારી નેતાઓ અને સત્તાસ્થાને બેઠેલા બીજા માણસો આ બાબતમાં એવી ધગશ ધરાવતા નથી.

### જ્ઞાતિપ્રથાની નાબૂદી એટલે હિંદુ ધર્મની શુદ્ધિ

૧૩૮. જ્ઞાતિપ્રથાનાં વિષમ તત્ત્વોને વખોડવા પાછળનો હેતુ હિંદુ

ધર્મને ફડચામાં લઈ જવાનો નથી. હિંદુ ધર્મમાં સદીઓથી જે મેલ ભેગો થતો આવ્યો છે તે ધોઈ શકાય તેમ છે. અને તેમ થશે ત્યારે હિંદુ ધર્મ જગતના સર્વોત્કૃષ્ટ ધર્મ તરીકે શુદ્ધ થઈ બહાર આવશે.

## સામાજિક ન્યાય

૧૩૯. મધ્યયુગમાં જગતનો ઉદ્દેશ, સત્તાનું પ્રાબલ્ય વધારીને અને વિવિધ સામાજિક બળો વચ્ચે કામ પૂરતી સમતુલા જાળવીને, કાર્યક્ષમતા સિદ્ધ કરવાનો હતો. એ યુગમાં માણસના વ્યક્તિત્વ પ્રત્યે આદર રાખવાની વાત નહોતી. સામાજિક ન્યાયનો કોઈ કાનૂન નહોતો. સબળા, લુચ્ચા, સંગઠિત અને ખંધા માણસોના વિશિષ્ટ હકો ઉપર રચાયેલી સમાજવ્યવસ્થા કાયમ થાય તે સામે વાંધોયે નહોતો. મુઠ્ઠીભર કોમોએ સત્તા અને બુદ્ધિના જોરે સમાજની નેતાગીરી ધારણ કરી હતી અને આમપ્રજાએ બાહ્યાંતર સલામતીના બદલામાં પોતાની સેવા વફાદારીપૂર્વક આપવામાં કેવળ સંતોષ માન્યો હતો. લઘુમતી બહુમતી પર અમલ ચલાવતી અને પોતાને નૈતિક રીતે શ્રેષ્ઠ માનતી. રાજ્યકર્તા લઘુમતીના દાવાઓના સમર્થનમાં ધર્મ અને પુરાણોનો ઉપયોગ થતો. એવું બન્યું હશે કે થોડા વખત માટે લઘુમતીએ સદાચાર અને ઉમદા-પણાનાં ઉચ્ચ ધોરણો જાળવ્યાં હશે અને સમાજના ભલા માટે અસાધારણ કર્તવ્યભાવના દાખવી હશે. પરંતુ વંશપરંપરાથી ઊતરી આવેલા ઉપલા વર્ગોએ તેમનું અસલનું નૈતિક આધિક્ય અને સંગઠન-શક્તિ હવે ગુમાવ્યાં છે. માનવસમાજ આગળ વધ્યો છે અને હાલના સંજોગોમાં સામાન્ય મનુષ્ય આગળ આવી રહ્યો છે. એણે ઉપલા વર્ગો પ્રત્યેનું તમામ માન ગુમાવ્યું છે. એ જ રીતે ઉપલા વર્ગો તેમના વિશિષ્ટ સદ્દગુણો છોડી શોષણમાં ખૂંપ્યા છે અને એક વખત જે ઉચ્ચ આદર્શો તેમની પાસે હતા તે છોડી તેઓ તુમાખી અને દંભ આચરતા થઈ ગયા છે.





૧૪૦. છેલ્લાં પચાસ વર્ષોમાં થયેલાં સુધારાનાં આંદોલનો—સ્વાતંત્ર્ય-સંગ્રામ, સામાજિક વિષમતાઓ દૂર કરવાના વીરતાભર્યા પુરુષાર્થ, દેશના કેટલાક ભાગોમાં પછાત વર્ગોએ ચલાવેલી વિભાગીય ચળવળો, પૂનાકરાર, હિંદના ભાગલા અને એની પછીની અસરો — એ બધાએ હિંદમાં કામ કરી રહેલાં પ્રત્યાઘાતી બળોને ભારે આંચકો આપ્યો છે. રાજકીય એકીકરણ નિઃશંક સિદ્ધ થયું છે. પણ એ એકતા તમામ પ્રકારની ભાગલાની વૃત્તિઓ નાબૂદ કરવાથી જ ટકાવી શકાશે.

## શોષણ પોતે જવું જોઈએ

૧૪૧. દેશનું રાજ્યબંધારણ જોતાં, પછાત વર્ગોને હવે લાંબા સમય સુધી સામાજિક ન્યાયથી વંચિત રાખવાનું શક્ય નથી. તૂટી રહેલી જૂની વ્યવસ્થાને તાબે થવા હવે તેઓ જરા પણ તૈયાર નથી. પછાત વર્ગોની પાછલી હરોળમાં સળવળાટ શરૂ થયો છે. એમનામાંના કેટલાક રૂઢ નેતાઓ સામે ક્યારના લડત આદરી રહ્યા છે. દક્ષિણમાં જેઓ એક વખત પછાત હતા તેઓ હવે નવા રાજકીય ચોકઠા હેઠળ સત્તાસ્થાને આવ્યા છે. પછાત કોમોને તેમના સંખ્યાબળનો વધારાનો લાભ હોવાથી તેઓ પુખ્તવયમતાધિકારની પ્રથા હેઠળ તેમનું આ નવું વધારે સહેલાઈથી અને અસરકારક રીતે સાચવી રાખી શકે એમ છે. આ પરિસ્થિતિને સંભાળપૂર્વક હલ કરવી જોઈએ અને નવાં પરિબળોનો સૌના ભલા માટે ઉપયોગ થવો જોઈએ. તેથી પછાત વર્ગોની અમુક જ કોમોનો નહીં, પણ તમામ કોમોનો ઉત્કર્ષ સાધવાની જરૂર છે. દેશને જે જરૂરત છે તે શોષણ કરવાની સત્તા એક હાથમાંથી બીજા હાથમાં જાય એમ નહિ, પણ શોષણ પોતે સમૂળગું જવું જોઈએ.

## ભેદભાવ નાબૂદ કરવા સંયુક્ત પ્રયાસની જરૂર

૧૪૨. આપણે હવે સ્વતંત્ર થયા હોવાથી આપણે બતાવી આપવું જોઈએ કે હિંદુ સમાજરચનામાં જે કંઈ અશુદ્ધ, ક્ષુદ્ર, પ્રત્યાઘાતી, પુરાણું અને પ્રગતિવિરોધી છે, તે બધું ખંખેરી નાખવાની દીર્ઘદૃષ્ટિ આપણામાં છે. એ પણ એટલું જ આવશ્યક છે કે આ આદર્શની સિદ્ધિ માટે માત્ર હિંદુઓ જ નહીં પણ બીજા ધર્મોના અનુયાયીઓ સહિત તમામ વિભાગોના હિંદીઓ એકઠા મળે અને કામ કરે. ધર્મ એ વ્યક્તિનો અંગત પ્રશ્ન છે, એ સત્ય સ્પષ્ટપણે સ્વીકારવું જોઈએ, સમજાવું જોઈએ અને આચરણમાં મુકાવું જોઈએ. રૂઢિચુસ્તતા અને કોમવાદ સમન્વયની ભાવનાની આડે ન આવવાં જોઈએ. વિશિષ્ટ અધિકાર ભોગવતા વર્ગોએ પોતાના વિશિષ્ટ અધિકારો અને સામાજિક મોટાઈ પોતાની મેળે છોડી દઈ, સામાજિક અનિષ્ટો દૂર કરવા સહૃદયતાથી મંડી પડવું જોઈએ. તમામ મનુષ્યોની સમાનતા માન્ય કરવી જોઈએ. તમામ પછાત વર્ગોને સામાજિક ન્યાય આપવા માટે લોકોની સામાજિક દૃષ્ટિમાં ધરમૂળ ફેરફાર કરવાની જરૂર છે. જ્ઞાતીય ઉપેક્ષા માટે એક કોમ યા વર્ગને શિરે દોષનો ટોપલો નાખવાની હવે જરૂર નથી. હવે તો તમામ પછાત વર્ગો અને ખાસ કરીને એમાંના નબળા વિભાગોને પૂરતી મદદ આપવી જોઈએ જેથી તેઓ વહેલી તકે બીજાની કક્ષાએ પહોંચી શકે.

## મક્કમ નિર્ધારની જરૂર

૧૪૩. સમાનતા સ્થાપવાની પ્રક્રિયામાં ઘણાં જોખમો રહેલાં છે. રાજકીય તેમ જ સામાજિક — વિવિધ કારણોને લીધે લોકોનું દર્શન સંકુચિત અને કોમી દૃષ્ટિથી ઝાંખું પડી ગયું છે. વળી ગરીબાઈ, અજ્ઞાન અને નિરક્ષરતાને લીધે કામ વધારે મુશ્કેલ બને છે. તેથી સમાજનાં વિવિધ તત્ત્વોને એકરસ બનાવવા માટે સમસ્ત દેશના મક્કમ નિર્ધાર અને દૃષ્ટિપરિવર્તનની પ્રથમ જરૂર છે.



## સામાજિક અનિષ્ટો દૂર કરવાનાં પગલાં

૧૪૪. અત્રે અમે તો સામાજિક અનિષ્ટો દૂર કરવા માટેનાં માત્ર પગલાં જ સૂચવીશું. સમન્વયની ભાવનાને બે રીતે વેગ આપી શકાય : એક તો સામાજિક અને ધાર્મિક સુધારાને વરેલા નિઃસ્પૃહી સમાજસેવકો દ્વારા, અને બીજું, કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારો દ્વારા.

## સમાજસેવકોની કાર્યપદ્ધતિ

૧૪૫. નેતાઓ અને સમાજસેવકોનાં કામોમાં જો સમભાવ અને સમજદારીની ભાવના હોય તો તેમની મારફતે સમાજસુધારો વધારે સારી રીતે સાધી શકાય છે. આ કામ તેમણે નમ્રતાથી કરવું જોઈએ. એમાં ઉપરીપણાની ભાવના ન દાખવવી જોઈએ. યુગજૂના વિચારો બદલવા સહેલું નથી. એટલે આ કામ માટે સમાજસેવાને વરેલા વિવિધ કોમોના માણસોની બનેલી સંસ્થાઓ આખા દેશમાં સ્થાપવી જોઈએ. આવી સંસ્થાઓના સભ્યો પોતે સમાનતાના આદર્શને માનતા હોવા જોઈએ, અને તેમણે તે પોતાના જીવનમાં ઉતારવો જોઈએ. પોતાના અંગત આચરણથી તેમ જ પોતાનાં કાર્યોથી જ્ઞાતિભેદ દૂર કરવાની અગત્ય તેમણે લોકોને ઠસાવવી જોઈએ. એમણે વારંવાર સભાઓ ભરીને આ વિષયનું સાહિત્ય લોકોને વહેંચવું જોઈએ. આ ધ્યેયથી યોજાતી સાંસ્કારિક પ્રવૃત્તિઓને તેમણે ઉત્તેજન આપવું જોઈએ. આ આદર્શના પ્રચાર માટે વર્તમાનપત્રો, સભામંચ અને રેડિયોનો તેમણે અસરકારક ઉપયોગ કરવો જોઈએ. તેમણે આંતરજ્ઞાતીય ભોજનો અને આંતરજ્ઞાતીય લગ્નોને ઉત્તેજન આપવું જોઈએ અને અવારનવાર સામાજિક પરિષદો ભરવી જોઈએ. આ પ્રવૃત્તિઓમાંથી રાજકારણને બાકાત રાખવું જોઈએ, અને પછાતવર્ગોમાં શંકા ઉપજાવે તથા ભાગલા પાડે એવું કશું ન બને તેની કાળજી લેવી જોઈએ. લોકોમાં ઉત્સાહ પ્રેરે અને સામાજિક

દૂષણો દૂર કરવાનો દૃઢ નિર્ધાર થાય એવું વાતાવરણ પ્રકટાવવું જોઈએ. સામાજિક ન્યાય આપવો એ આપણી પ્રાથમિક ફરજ છે એમ સમજાવી, લોકોના મનમાં રાષ્ટ્રીય ઐક્યની જરૂર ઠસાવવી જોઈએ. અંગત જીવનમાં કોઈ પણ ધર્મનું આચરણ એ સમાન સામાજિક જીવનનું વિરોધી નથી, એ હકીકત લોકોને ભાર દઈને સમજાવવી જોઈએ.

સમાજમાં સર્વોદય અને સરકારમાં સમાજવાદના આદર્શો સિદ્ધ કરવા માટે નીચેનાં પગલાં જરૂરી છે :

(૧) કેળવણીની પ્રથામાં યોગ્ય ફેરફારો.

(૨) જીવનનાં તમામ ક્ષેત્રોમાં સામાજિક ન્યાયની નવી ભાવના પ્રકટાવવી.

(૩) ખાનગી મિલકતના ખ્યાલમાં યોગ્ય ફેરફારો.

(૪) લગ્ન અને વારસાના કાયદામાં યોગ્ય ફેરફારો.

## સમાજસેવાની સંસ્થાઓ

૧૪૬. રાજ્યોના પ્રવાસ દરમ્યાન પંચે સમાજસેવાની ઘણી સંસ્થાઓની મુલાકાત લીધી હતી. તેમાંની કેટલીક તો સારું કામ કરે છે. કેટલીક સંસ્થાઓની પ્રવૃત્તિઓ અમુક કોમના સભ્યો પૂરતી જ મર્યાદિત છે. કેટલાંક છાત્રાલયો કોમી ધોરણે ચાલે છે. મોટી ધર્માદા સંસ્થાઓ પણ અમુક કોમોના હિત માટે જ સ્થાપવામાં આવી છે. મોટા ભાગની સમાજસેવાની સંસ્થાઓ શહેરોમાં જ કેન્દ્રિત થઈ છે, અને જૂજ જ ગામડાંમાં આવેલી છે. આવી સંસ્થાઓ મુખ્યત્વે આર્થિક પ્રવૃત્તિઓ જ ચલાવે છે. એમાંની થોડીક સંસ્થાઓ અભાગી સ્ત્રીઓ માટે મહિલાશ્રમનું કામ કરે છે, અને ઘરડાં તથા અશક્ત માણસોને આશ્રય આપે છે.



કસ્તૂરબા સ્મારક હેઠળ સ્થપાયેલાં કલ્યાણકેન્દ્રો ગ્રામવિસ્તારમાં તમામ કોમનાં સ્ત્રી અને બાળકોના કલ્યાણ માટે મૂંગું સેવાકાર્ય કરી રહ્યાં છે. માત્ર સામાજિક અસમાનતાઓ દૂર કરવા અથવા આંતરકોમી સુમેળ કે આંતરલગ્ન વધારવા માટે જ કામ કરતી હોય એવી સંસ્થાઓ કોઈ છે નહીં.

## સરકારી પગલાંની જરૂર

૧૪૭. સામાજિક આદર્શ વહેલો સિદ્ધ કરવા માટે સરકારી પગલાંની પણ એટલી જ જરૂર છે. જે સામાજિક સંસ્થાઓ આ આદર્શને વરેલી હોય તેમને સરકારે મદદ કરવી જોઈએ. રાજ્યના અધિકારીઓ આ આદર્શને આગળ ધપાવે એ માટે તેમને નવેસરથી તાલીમ આપવી જોઈએ. તાજેતરમાં ભારત સરકારે અખિલ હિંદને ધોરણે સ્થાપેલાં સમાજ કલ્યાણ બોર્ડોને પોતાના કાર્યક્ષેત્રમાં આ સામાજિક આદર્શ દાખલ કરવાની સલાહ આપવી જોઈએ.

## સરકારે લેવા જેવાં પગલાં

૧૪૮. સામાજિક દૂષણો દૂર કરવા કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારોએ લેવા જેવાં પગલાં નીચે સૂચવ્યાં છે :

(૧) સામાજિક ઐક્ય અને રાષ્ટ્રીય પ્રગતિ માટે સ્પષ્ટ નીતિ ઘડી એનો અસરકારક અમલ કરવો.

(૨) લગ્ન અને વારસા માટે જરૂરી કાયદો ઘડવો.

(૩) સામાજિક પ્રતિબંધોનો કાયદાથી નિષેધ કરવો.

(૪) સામાજિક સમસ્યાઓ વિશે સાહિત્ય તૈયાર કરી એનો પ્રચાર કરવાની વ્યવસ્થા કરવી.

(૫) સામાજિક અનિષ્ટો દૂર કરવા અખબારો, ચલચિત્રો, જાહેરસભાઓ અને આકાશવાણીનો છૂટથી ઉપયોગ કરવો.

(૬) સરકારી પ્રવૃત્તિઓમાં જ્ઞાતિની લાગણીઓને ઉત્તેજન મળે તેવી રીતરસમો ઉપર પ્રતિબંધ મૂકવો.

(૭) શરીરશ્રમના ગૌરવ પર ખાસ ભાર મુકાય એ રીતે કેળવણીની પુનર્ઘટના કરવી.

(૮) પછાત વર્ગોમાં બને એટલી ઝડપથી કેળવણીનો ફેલાવો કરવા બધી જ મદદ કરવી.

(૯) જેમને આજ સુધી તક નથી મળી એવા લોકોને સરકારી નોકરીઓમાં અને સરકાર નિયંત્રિત ઔદ્યોગિક સંસ્થાઓમાં પૂરતું પ્રતિનિધિત્વ આપવું.

(૧૦) આ સામાજિક આદર્શને ઉત્તેજન આપવાના હેતુથી કળા, સાહિત્ય, ખાસ સંસ્કાર મંડળો અને સાંસ્કારિક પ્રવૃત્તિઓને મદદ અને ઉત્તેજન આપવાં.

૧૪૯. ઉપરનાં (૭), (૮) અને (૯) સૂચનો અગત્યનાં હોઈ તેની જુદી ચર્ચા કરીશું.

હિંદુ સમાજના પુનરુત્થાન માટે અને સામાજિક અન્યાય દૂર કરવા માટે સંસદે ગમે એવા પ્રત્યાઘાતી વિરોધ સામે પણ પ્રગતિશીલ કાયદા કરવા જોઈએ.

## (૭) શૈક્ષણિક પછાતપણું અને તે નિવારવાનાં પગલાં

### શૈક્ષણિક પછાતપણાનાં કારણો

૧૫૦. અન્ય પછાતવર્ગોના શૈક્ષણિક પછાતપણાનાં કારણોની તપાસ કરવી અને તેના અસરકારક નિવારણ માટેનાં પગલાં નક્કી



કરવાં એ અમારી તપાસનો અગત્યનો ભાગ છે. આથી આ બાબત પર અમે ખૂબ ધ્યાન આપ્યું અને બને એટલી માહિતી એકઠી કરવા પ્રયાસ કર્યો. પરિણામે, વિવિધ સાધનો દ્વારા શૈક્ષણિક પછાતપણાનાં કારણો જાણીને, તેની ચકાસણી કર્યા પછી, અમે એને સારરૂપે નીચે મુજબ રજૂ કરીએ છીએ :

(૧) સામાજિક અને કુદરતી પરિસ્થિતિને કારણે અથવા વ્યવસાયિક મુશ્કેલીઓને લીધે શિક્ષણ પ્રત્યે પરંપરાગત લાપરવાઈ.

(૨) ગરીબી અને બાળકોને ભણાવવા માટે સાધનોનો અભાવ.

(૩) ગ્રામવિસ્તારોમાં શિક્ષણસંસ્થાઓનો અભાવ.

(૪) દુર્ગમ વિસ્તારોમાં વસવાટ અને વાહનવ્યવહારનો અભાવ.

(૫) ફીમાં માફી, શિષ્યવૃત્તિ અને પુસ્તકો તથા કપડાં ખરીદવા પૈસાની મદદના રૂપમાં પૂરતી શૈક્ષણિક સહાયનો અભાવ.

(૬) શૈક્ષણિક સંસ્થાઓ જ્યાં આવી હોય તે સ્થળોએ સ્થાનિક છાત્રાલયોનો અભાવ.

(૭) ભણેલાઓની બેકારી જોઈ કેટલીક કોમોમાં પોતાનાં બાળકોને ભણાવવાની ઇચ્છા મંદ પડી જવી.

(૮) વિદ્યાર્થીઓને યોગ્ય વ્યવસાય કે ધંધા માટે તાલીમ ન આપી શકે એવી ખામીભરી શિક્ષણપદ્ધતિ.

### હાલના શિક્ષણના આંકડા

૧૫૧. પછાતવર્ગમાં શિક્ષણની પ્રગતિ નહીં જેવી જ થઈ છે. ઘણાંખરાં રાજ્યોમાં કેળવણીનો પ્રશ્ન મુખ્યત્વે પછાતવર્ગોનો જ પ્રશ્ન

છે, કેમ કે કેળવણીમાં સૌથી પછાત તેઓ જ છે. આઝાદી મળી તે પહેલાં ૬–૧૧ વર્ષની વયનાં બાળકોમાંથી ભાગ્યે જ ૩૦% જેટલાં બાળકો એક યા બીજા પ્રકારની શાળામાં જતાં હતાં. ૧૯૫૩માં પ્રાથમિક શાળાઓની સંખ્યા હિંદભરમાં ૨,૨૧,૦૮૨ હતી અને એમાં વિદ્યાર્થીઓની સંખ્યા ૧,૯૨,૯૬,૮૪૦ જેટલી હતી. રાજ્ય સરકારો તરફથી મળેલા કામચલાઉ આંકડા અનુસાર ૧૯૫૨–૫૩માં અનુસૂચિત જ્ઞાતિઓ અને અન્ય પછાત વર્ગોના વિદ્યાર્થીઓની કુલ સંખ્યા ૫૭,૧૯,૦૦૯ જેટલી હતી. આ બે જૂથમાંથી મિડલ સ્કૂલોમાં વિદ્યાર્થીઓની સંખ્યા ૪,૨૭,૯૮૧, હાઈસ્કૂલોમાં ૫,૬૯,૦૯૯ અને આર્ટ્સ તથા સાયન્સ કૉલેજોમાં ૨૫,૯૫૩ હતી. આ આંકડા કેટલા સાચા છે તે અમે નક્કી કરી શક્યા નથી. છતાં આપણે શિક્ષણના ક્ષેત્રે કેટલી લાંબી મજલ કાપવાની છે તેનો નિર્દેશ મળે એ હેતુથી અહીં તે આપ્યા છે.

## ગરીબી — શિક્ષણમાં અંતરાય

૧૫૨. અમે જોયું કે જ્યાં જ્યાં અન્ય પછાત વર્ગોનાં બાળકો માટે ફીમાં માફી, શિષ્યવૃત્તિઓ અને છાત્રાલયો જેવી શૈક્ષણિક સગવડો પૂરી પાડવામાં આવતી હતી ત્યાં ત્યાં એ વર્ગોનાં સંખ્યાબંધ બાળકો શિક્ષણ લઈ શક્યાં હતાં. અપાતી મદદ પૂરતી નહોતી અને વધારે મદદની માગણી થતી હતી. આ વર્ગોમાં ઘણી કોમો મફત શિક્ષણની સગવડોનો લાભ પણ ઉઠાવી શકે એમ નથી. કારણ કે ગરીબીને કારણે માબાપ ચોપડીઓ અને કપડાં તથા ખાધાખર્ચ ઉઠાવી શકતાં નથી.

## મફત અને ફરજિયાત શિક્ષણની જરૂર

૧૫૩. દેશના તમામ ભાગોમાં પ્રાથમિક શિક્ષણ જે અનિવાર્ય ગણાય છે તે હજી પણ મફત અને ફરજિયાત નથી થયું. આ રીતે,



ભારતના રાજ્યબંધારણની કલમ ૪૬માં આપેલા રાજ્યનીતિના આદેશોનો અમલ હજી સુધી — બંધારણ અમલમાં આવ્યે ચાર વર્ષ થવા છતાં — થયો નથી. આમાં હજી પણ ઢીલ થશે તો પછાત વર્ગોની પ્રગતિ અટકશે. માટે આવતાં ૭ વર્ષમાં સમસ્ત દેશમાં મફત અને ફરજિયાત પ્રાથમિક શિક્ષણ દાખલ કરવાની યોજના કરવી જોઈએ. આ ભલામણનો અર્થ એવો નથી કે ૬–૧૪ વયજૂથનાં બાળકો માટે હાલની રૂઢિચુસ્ત શિક્ષણપ્રણાલી વિસ્તારવી. અમે બુનિયાદી કેળવણીની હિમાયત કરીએ છીએ અને હાલની પ્રાથમિક શાળાઓનું બુનિયાદી શાળાઓમાં તાત્કાલિક રૂપાંતર થાય તથા જ્યાં શાળાઓ નથી ત્યાં કેવળ બુનિયાદી શાળાઓ ખોલવામાં આવે એવી ભલામણ કરીએ છીએ.

## બુનિયાદી કેળવણી :

### રામબાણ ઇલાજ

૧૫૪. તમામ પ્રકારની પછાતદશાને નાબૂદ કરવાનો રામબાણ ઇલાજ અસરકારક શિક્ષણ છે. સામાજિક સમાનતા અને ન્યાયના તંદુરસ્ત આદર્શો રાષ્ટ્રને શીખવવાના છે. લોકોને લાગવું જોઈએ કે આપણે એક જ માનવકુટુંબના છીએ અને ખાસ કરીને આપણામાંના સૌથી નીચા વર્ગોની સર્વતોમુખી ઉન્નતિ માટે આપણે એકબીજાને જવાબદાર છીએ, અને જ્ઞાતિ, ધર્મ, ભાષા કે સંપત્તિના કોઈ પણ ભેદ આપણને છૂટા પાડી શકે એમ નથી.

### અભિનવ સાહિત્ય

૧૫૫. જે ઉત્તમ શિક્ષણ આપવા ઉપરાંત સમાજજીવનની પુનર્રચના પણ કરે એવી નવી ઢબની કેળવણી જ લોકોનો ઉદ્ધાર કરી શકશે. આથી ઊંચનીચના ભેદો ટાળી, સમાનતાના સાચા આદર્શો

પ્રતિપાદિત કરે, વ્યક્તિના વ્યક્તિત્વને આદર આપતાં શીખવે એવું અભિનવ સાહિત્ય આપણે સર્જવું પડશે.

## અંગ્રેજોની શિક્ષણપદ્ધતિ

૧૫૬. અંગ્રેજોએ હિંદમાં દાખલ કરેલી શિક્ષણપદ્ધતિ આવા કોઈ સામાજિક ગુણો ખીલવવા સમર્થ નહોતી. એ શિક્ષણનો હેતુ અમુક પ્રકારની કારકિર્દી માટે માણસો તૈયાર કરવાનો હતો. એને પરિણામે પરીક્ષામાં વિશિષ્ટતા મેળવવા, નોકરીઓ મેળવવા, બઢતીઓ મેળવવા પડાપડી થતી — અંતિમ ધ્યેય સારુ નિવૃત્તિવેતન મળે અને સ્વતંત્રતા મળે એ રહેતું — સ્વતંત્રતા એટલે વ્યક્તિની સ્વતંત્રતા, દેશની નહીં. વધારે કેળવણી મેળવવી અને પોતાનાં સગાં તથા જ્ઞાતિના લોકોને વધારે સગવડો મેળવી આપવી. એમાં બધા સામાજિક સદ્‌ગુણો આવી જતા. આવી વ્યક્તિપ્રધાન, કારકિર્દીલક્ષી કેળવણીપ્રથાને જોરે આપણે રાષ્ટ્રનું સર્જન ન કરી શકીએ, કેમ કે આ પ્રકારની કેળવણીની મુખ્ય વૃત્તિ સમાજના નબળા વિભાગોનું શોષણ કરી પોતે એશઆરામી જીવન પ્રાપ્ત કરવાની હોય છે.

## બુનિયાદી શિક્ષણ

૧૫૭. સમાજમાં ક્રાંતિ લાવવા માટે નવી કેળવણી એવી હોવી જોઈએ કે તેમાં સમાજને ઉપયોગી ચીજો હાથ વડે પેદા કરવાનું તત્ત્વ અનિવાર્ય અને કેન્દ્રસ્થાને હોય. ત્રણ આંગળીએ કલમ દોડાવવા-ની કેળવણીને બદલે દશ આંગળીએ શ્રમ કરવાની કેળવણી આપવી જોઈએ. તેમાં કાંતણ, સુથારકામ, લુહારકામ અને વિવિધ પ્રકારનાં ખેતીકામમાં હાથ વાપરવા જોઈએ. આ પ્રકારના બુનિયાદી શિક્ષણ-નો વિચાર આપનાર મહાત્મા ગાંધી હતા. એમાં જ્ઞાન, કાર્યક્ષમતા અને સંસ્કારનાં તમામ તત્ત્વોનો રાષ્ટ્રોપયોગી હસ્તઉદ્યોગ સાથે અનુબંધ



કરવામાં આવે છે. ઘણા લોકો બુનિયાદી કેળવણીને માત્ર એક ઔદ્યોગિક શિક્ષણ માનવાની ભૂલ કરે છે. ગાંધીજી એ સમજાવતાં થાકતા નહોતા કે બુનિયાદી કેળવણીથી હસ્તઉદ્યોગનું કૌશલ કેળવાવું જોઈએ. અને આખરે વૈજ્ઞાનિક સંપૂર્ણતાવાળી લોકોપયોગી ચીજો બનાવવાની શક્તિ સિદ્ધ થવી જોઈએ, એ ખરું છે, તેમ છતાં એ કેળવણી કેવળ ઔદ્યોગિક કેળવણી ન બની જવી જોઈએ. એની સાથે મુક્ત શિક્ષણનાં તમામ સાંસ્કારિક તત્ત્વો જોડાવાં જોઈએ. આ રીતે રાષ્ટ્રોપયોગી હસ્ત-ઉદ્યોગો એ ખરું જોતાં બુનિયાદી કેળવણીનું માધ્યમ હતું. આ પ્રકારની રચનાત્મક પ્રવૃત્તિ નૈતિક અને સામાજિક સદ્‌ગુણો ખીલવવા માટે ઉત્તમ સાધન છે એમ સામાજિક ન્યાય અને બંધુતાને ધોરણે નવો સમાજ રચવા ઇચ્છતા કેળવણીકારો એકમતે માને છે.

## એક વાંધો અને તેનું નિવારણ

૧૫૮. હસ્તઉદ્યોગ સામે એક વાંધો એવો ઉઠાવવામાં આવે છે કે હસ્તઉદ્યોગને ઉત્તેજન આપવાથી વારસાગત ઉદ્યોગધંધાને વળગી રહેનારી જ્ઞાતિપ્રથા સજીવન થવાનો સંભવ છે. આના જવાબમાં એટલું જ કે જ્યાં સુધી તમામ ઉદ્યોગ-ધંધા બધા જ લોકો માટે, જ્ઞાતિ કે વર્ગની ગણના સિવાય, ખુલ્લા રાખવામાં આવશે ત્યાં લગી જ્ઞાતિ કાયમી બનવાનો કોઈ જ ભય નથી. આ દૃષ્ટિએ પાયાની કેળવણી અપનાવવા અંગેનો માર્ગ કંઈક આવો હોઈ શકે :

(૧) ગૃહહસ્તઉદ્યોગ અને રાષ્ટ્રીય મહત્ત્વના અન્ય હુન્નરો જેવા કે ખેતી, કાંતણ, પીંજણ, વણાટ, સુથારીકામ, લુહારીકામ, મકાન બાંધવા, રસ્તા બાંધવા, પુલ બાંધવા, પશુપાલન, દૂધનો ધંધો, મરઘાંઉછેર વગેરે માટે એક પરીક્ષા રાખવી. આ પરીક્ષા દરેક માટે ખુલ્લી રાખવી. જેમનામાં આવા ધંધા અને હસ્તઉદ્યોગ માટે વારસાગત શક્તિ હશે

તેઓ વધારે લાયક પુરવાર થશે અને લઘુતાગ્રંથિ ખંખેરી નાખી આત્મ-વિશ્વાસ કેળવશે.

(૨) આ પરીક્ષા પસાર કરનારને ત્રણ વર્ષ માટે સામાન્ય જ્ઞાન અને સંસ્કારનો પાકો અભ્યાસક્રમ આપવો. આ અભ્યાસક્રમ પૂરો કર્યા પછી પરીક્ષા લેવી. એવી ધારણા છે કે આવી પરીક્ષામાં પછાત-વર્ગના વિદ્યાર્થીઓ સારો દેખાવ કરી શકશે. આ બીજી પરીક્ષા પછી વિદ્યાર્થીઓને શિક્ષકની તાલીમનો અભ્યાસ કરાવવો. એમાં બાળ-મનોવિજ્ઞાન, વર્ગસંચાલન, શિક્ષણપદ્ધતિઓ, કેળવણીના આદર્શો વગેરે જેવા ચાલુ વિષયો ઉપરાંત, પાયાની કેળવણી માટે આવશ્યક વિષયો સાથે હુન્નરનો અનુબંધ કરવાનો વધારાનો વિષય પણ હોવો જોઈએ. સામાન્ય જ્ઞાનના અભ્યાસક્રમ દરમ્યાન વિદ્યાર્થીઓને નીચેના વ્યવહારુ વિષયોના પાઠ આપવા જોઈએ: ડ્રોઇંગ, સર્વે અને લેવલિંગ, ફોટો-ગ્રાફી, મોટર ડ્રાઇવિંગ, રાંધણકળા, પ્રાથમિક સારવાર વગેરે.

## હસ્તઉદ્યોગની અનિવાર્યતા

૧૫૯. જ્યાં ગામડાંની વસ્તી વધારે છે એવા વિશાળ દેશમાં ગૃહહસ્તઉદ્યોગ હંમેશાં રહેશે અને એ જ ગામડાંની પ્રજાનો આધારસ્તંભ બનશે. આથી સમસ્ત રાષ્ટ્રને એક યા બીજા ગૃહહસ્તઉદ્યોગની તાલીમ આપવી જ જોઈએ.

## હસ્તઉદ્યોગનું શૈક્ષણિક મૂલ્ય

૧૬૦. ગૃહહસ્તઉદ્યોગની તાલીમનું ધંધાકીય મૂલ્ય તો છે જ પરંતુ તે ઉપરાંત એનું શૈક્ષણિક મૂલ્ય પણ ઘણું છે. એ તાલીમ મોટા ઉદ્યોગોની તાલીમનું પ્રવેશદ્વાર પણ સહેલાઈથી બની શકે એમ છે. ઉદ્યોગનું મેળવેલું જ્ઞાન કદી એળે જતું નથી. રચનાત્મક વિચાર અને



કાર્ય માટેનું એ એક આદર્શ સાધન છે. એનાથી આંગળી અને મન બેઉને તાલીમ મળે છે, જે જીવનના દરેક ક્ષેત્રમાં ઉપયોગી છે. જેમને હસ્તઉદ્યોગની ધંધા તરીકે વારસાગત તાલીમ મળી હશે એ લોકોને તેનાથી ઘણો વધારે ફાયદો થશે, છતાં તેમની મરજી હશે તો તેઓ એને છોડી પણ શકશે. આવી વ્યવસ્થાથી જ્ઞાતિપ્રથા ઉત્તેજન પામે છે અથવા દૃઢમૂળ બને છે એવું નથી, પણ કારીગર કુટુંબમાં જન્મેલાને એનાથી સ્વાભાવિક રીતે ખાસ લાભ રહેવાનો. જ્ઞાતિ ખરાબ છે કારણ કે માણસને તે વારસાગત ધંધા સાથે બાંધી દેતી હતી. પણ એ બંધન દૂર કરી પૂરી સ્વતંત્રતા આપવામાં આવશે તો જ્ઞાતિભેદ અને તેની અનિષ્ટ અસરો અદૃશ્ય થશે.

## બુનિયાદી શાળાના શિક્ષકો

૧૬૧. બુનિયાદી શાળાના શિક્ષકો ગામડાંની કારીગર અને વ્યવસાયી કોમોમાંથી પસંદ કરવા જોઈએ. એમની પરંપરાગત આવડત આ નવી કેળવણીમાં ખૂબ જ ઉપયોગી નીવડશે. ગાંધીજીની પાયાની કેળવણી આજ સુધી બહુ સફળ ના નીવડી, એનું કારણ એ હતું કે પ્રારંભમાં ભદ્રવર્ગના શિક્ષકો લેવામાં ભૂલ થઈ હતી. આ લોકો બોલવા, ચર્ચા કરવા અને વ્યાખ્યાન આપવા તૈયાર હતા, પણ હાથ વડે કામ કરવા તૈયાર નહોતા. આથી કારીગર અને વ્યવસાયી કોમોમાંથી પસંદ કરાયેલા માણસોને બુનિયાદી શિક્ષકોની અધ્યાપન સંસ્થાઓમાં તાલીમ આપવી એ બહુ જ અગત્યનું છે. આ લોકોને પ્રથમ તો ત્રણ વર્ષ માટે સામાન્ય જ્ઞાનનો અભ્યાસ કરાવવો જોઈએ. એ પછી બે વર્ષ સુધી આધુનિક શિક્ષણશાસ્ત્રની તાલીમ આપવી જોઈએ, બુનિ-યાદી કેળવણીનું મહત્ત્વ સમજાવવું જોઈએ અને તેઓ જેમાં પ્રવીણ હોય એવા રાષ્ટ્રોપયોગી હસ્તઉદ્યોગો દ્વારા તમામ પ્રકારના જ્ઞાનનો અનુબંધ સાધવાની કળા શીખવવી જોઈએ.

તમામ જીવન એક હોવાથી, માણસજાતે જે કંઈ જ્ઞાન મેળવ્યું છે તેને ઉત્પાદનનાં સાધનો સાથે અનિવાર્ય સંબંધ છે. ખોરાક, કપડાં, રહેઠાણ અને જરૂરી ઓજારો — એ ચાર માનવજીવનની મુખ્ય જરૂરિયાતો છે. આ ચાર જરૂરિયાતોમાંથી જે કંઈ હસ્તઉદ્યોગો ઉદ્ભવે તેનો માનવજાતિએ શોધેલાં તમામ વિજ્ઞાનો અને કળાઓ સાથે અનુબંધ સાધી શકાય. શિક્ષકોને તમામ પ્રકારનાં સામાજિક વિજ્ઞાનોનો સારો પરિચય કરાવવો જોઈએ. ગામડાંની બુનિયાદી શાળાઓના તમામ શિક્ષકોના સામાન્ય જ્ઞાનમાં મહિને મહિને વધારો થાય તે માટે ખાસ સામયિકો પ્રકટ કરવાં જોઈએ. આ શિક્ષકોએ ગ્રામજનોને ઉપયોગી વિષયો ઉપર દરરોજ સાંજે વાર્તાલાપ યોજવા જોઈશે. રામાયણ અને મહાભારતમાંથી પૌરાણિક વાર્તાઓ વાંચી સંભળાવવાની પ્રથા સજીવન કરવી જોઈશે. પણ એમાં વિષયો આધુનિક સંજોગોને બંધ બેસે એવા પસંદ કરવા જોઈશે. એમણે લોકોને આધુનિક દુનિયા વિશે કંઈક કહેવું જોઈશે અને દેશને આબાદ કરવા જરૂરી સામાજિક ગુણો શીખવવા પડશે.

૧૬૨. ધર્મઝનૂન અથવા પ્રાંતવાદ કે સંકુચિત દેશપ્રેમ દાખલ ના થાય એની કાળજી લેવી જોઈએ. ગામલોકોને જ્ઞાતિનાં અનિષ્ટોની અને પરંપરાગત ઉચ્ચનીચતાના સિદ્ધાંતોની સમજણ આપવી જોઈએ. એ લોકોને પરાવલંબી અને આળસુ જીવન છોડી દેતાં શીખવવું જોઈએ.

## પંચકોશી શાળાઓની યોજના

૧૬૩. બુનિયાદી પ્રકારનું ગ્રામશિક્ષણ ભારતભરમાં સર્વત્ર દાખલ કરવાની અમે ભલામણ કરીએ છીએ. આ કામ યોજનાપૂર્વક થવું જોઈએ. તે માટે અમારું સૂચન છે કે ઉચ્ચ બુનિયાદી શાળાઓ સ્થાપવા માટે મધ્યસ્થ ગામો એવી રીતે પસંદ કરવાં જોઈએ કે ત્યાંથી પાંચ માઈલના વિસ્તારમાં આવેલાં ગામોને તે સેવા આપી



શકે. આપણા લોકોએ આ પાંચ માઈલના અંતરને એક સ્વાભાવિક એકમ માનેલું છે. પ્રાચીન કાળમાં એને પંચકોશી કહેતા.

પંચકોશીનાં પૂરક ગામડાંમાં પ્રાથમિક બુનિયાદી શાળાનો અભ્યાસ-ક્રમ ચારથી પાંચ વર્ષનો અને સંપૂર્ણ પંચકોશી ગ્રામશાળાનો અભ્યાસ-ક્રમ બીજાં ત્રણ કે તેથી વધારે વર્ષનો રહેશે. પંચકોશી બુનિયાદી શાળામાં ઉપર વર્ણવ્યા છે તેવા તાલીમ પામેલા કારીગર શિક્ષકો પૂરતી સંખ્યામાં રાખવા જોઈએ. દરેક શાળાને જોડીને એક જમીનનો ટુકડો હોવો જોઈએ અને હસ્તઉદ્યોગો ચલાવવા માટે એક મોટો ખંડ અથવા માંડવો હોવો જોઈએ. શિક્ષણ ઊંડાણથી આપવું જોઈએ. પંચકોશી ગ્રામશાળામાં બુનિયાદી અભ્યાસક્રમ પૂરો કરનાર વિદ્યાર્થીમાં હાલના ઇન્ટર સુધીના વિદ્યાર્થી જેટલું જ્ઞાન હોવું જોઈએ. માત્ર એમાં અંગ્રેજી ભણવાનું ફરજિયાત નહીં હોય. વિદ્યાર્થીને પ્રાદેશિક ભાષા અને હિંદી શીખવીને આપણે સંતોષ માનીશું. જેમની માતૃભાષા હિંદી હોય તેઓ એક વધુ ભાષા — બનતાં સુધી દક્ષિણની — શીખે તો સારું. ગણિતશાસ્ત્રનો સંગીન પરિચય આપવા ઉપર ખાસ ધ્યાન આપવું જોઈશે, કેમ કે ગણિત એ વૈજ્ઞાનિક અભ્યાસ, સંશોધન, વ્યવહારુ અર્થશાસ્ત્ર તેમ જ સમાજ-શાસ્ત્રનો પાયો છે. અલબત્ત, વિવિધ વિજ્ઞાનો પણ શિખવાશે જ.

૧૬૪. ગ્રામવિસ્તારોમાં આ રીતે મફત અને ફરજિયાત કેળવણી દાખલ થશે, એટલે આ શાળાઓમાં તમામ કોમોના વિદ્યાર્થીઓ ભણતા થશે. કોઈ કોમના વિદ્યાર્થીને આ શિક્ષણથી લાભ થતો નથી એમ માલૂમ પડે તો રાજ્યે તે માટે જરૂરી પ્રબંધ કરી મુશ્કેલી નિવારવી જોઈએ.

૧૬૫. પંચકોશી વિસ્તારનો કોઈ પણ બાળક બુનિયાદી કેળવણી વગર રહી જાય નહીં એ જોવા દરેક પંચકોશી વિસ્તારમાં એક સમિતિ હોવી જોઈએ.

## છાત્રાલયો

૧૬૬. કેળવણીના નવસંસ્કરણ સાથે ગાઢ સબંધ ધરાવતો પ્રશ્ન છાત્રાલયમાં રહેતા વિદ્યાર્થીઓનું જીવન છે. વિદ્યાર્થીઓને છાત્રાલયમાં રહેવાની સગવડ કરી આપવામાં આવે તો જ બુનિયાદી કેળવણીની સંગીન તાલીમ આપવાનું શકય છે. જે સામાજિક ક્રાન્તિની આપણે કલ્પના કરીએ છીએ તે છાત્રાલયોમાં સામાજિક અથવા સાંઘિક જીવન પદ્ધતિસર વિકસાવવાથી જલદીથી લાવી શકાશે. માટે ભારતભરમાં એક છેડેથી બીજે છેડે છાત્રાલયો સ્થાપવાની અને તેમાં વધારેમાં વધારે વિદ્યાર્થીઓને રહેવા પ્રોત્સાહિત કરવાની આવશ્યકતા છે. પછાત વર્ગોના ગરીબ વિદ્યાર્થીઓનો રહેવાનો તથા જમવાનો ખર્ચ સરકારે ભોગવવો જોઈએ. તમામ કોમો અને સમ્પ્રદાયોના વિદ્યાર્થીઓને ભેગા રહેવા અને સમાન જીવન જીવવા ઉત્તેજન આપવું જોઈએ. એમ થશે એટલે સ્વાભાવિક રીતે તેઓ એકબીજાના જીવનમાં ભાગ લેશે અને સાથે મળીને ભવિષ્યની યોજનાઓ વિચારશે. દરેક વિદ્યાર્થીને — પછી તેનો સામાજિક દરજ્જો ગમે તે હોય — જાજરૂ સાફ કરવામાં અને બધાને માટે ભોજન રાંધવામાં પોતાનો ફાળો આપવાની ફરજ પાડવી જોઈએ. શાળા અને છાત્રાલય સાથે જોડાયેલી જમીનમાં એક ખેતર તથા શાકભાજી અને ફળની વાડી નિભાવવામાં છાત્રાલયે શાળાને સહકાર આપવો જોઈએ. નિરામિષાહાર અને માંસાહાર વચ્ચેનો મુખ્ય ભેદ ચાલુ રહે, અને રસોડાં જુદાં ભલે હોય, પરંતુ ભોજનખંડ બધાને માટે એક જ હોવો જોઈએ. આ રીતનું સમૂહજીવન જ સામાજિક ભેદભાવ, કોમી વૈમનસ્ય અને ઊંચનીચના ખ્યાલો ભૂંસી શકશે. એમ થશે એટલે સ્વાભાવિક રીતે વિદ્યાર્થીઓ જ્ઞાતિનિષ્ઠા ખંખેરી નાખી સામાજિક ઐકય અને માનવતાની દષ્ટિ કેળવશે.

## શિક્ષણનું ખર્ચ

૧૬૭. ખેતરનું અને હસ્તઉદ્યોગનું કામ સમૂહમાં કરતાં શાળાનું



ખર્ચ — કંઈ નહીં તો થોડું — નીકળે એટલા પૈસા શિક્ષકો અને વિદ્યાર્થીઓ કમાઈ શકવા જોઈએ. ગાંધીજી આ મુદ્દા ઉપર ખાસ ભાર મૂકતા, કારણ કે તે કહેતા કે હિંદ દેશ એટલો બધો ગરીબ છે કે સરકારી તિજોરીમાંથી આવાં ખર્ચ પૂરાં પાડવાની જવાબદારી લઈ શકાય નહીં.

## છાત્રાલયો માટે પરવાના પદ્ધતિ

૧૬૮. અમે જ્યાં મુલાકાતે ગયેલા ત્યાં ઘણાં સ્થળોએ સંખ્યાબંધ ખાનગી અથવા કોમી છાત્રાલયો હતાં. તેમાંનાં મોટા ભાગનાં અમુક કોમોના સભ્યોના ફાળાથી બંધાયાં હતાં અને સરકારે કેટલાંકને અનુદાન આપ્યાં હતાં. જે કોમોએ મકાન માટે ફાળો આપેલો તેમના વિદ્યાર્થીઓ માટે જ મૂળ આ છાત્રાલયો ચલાવાતાં. માત્ર તાજેતરમાં જ એમાંનાં ઘણાં તમામ કોમોના વિદ્યાર્થીઓ માટે ખુલ્લાં મૂકવામાં આવ્યાં છે. કોમી છાત્રાલયો અલગતાવાદને ઉત્તેજન આપતાં હોઈ, આપણે વિચારેલી સામાજિક ક્રાન્તિ લાવવામાં મદદ કરે તેમ નથી. તેથી અમારી ભલામણ છે કે હવે પછી તમામ છાત્રાલયોને પરવાના આપવા અને તેમાં સ્વચ્છતા અને દેખરેખ માટે પૂરતો પ્રબંધ રહે તથા વિવિધ કોમોના — અને ખાસ કરીને પછાત કોમોના અમુક ટકા — વિદ્યાર્થીઓને દાખલ કરવા જોઈએ, એવી શરતો રાખવી. પછાત વર્ગોના વિદ્યાર્થીના ટકા ૨૦થી ઓછા કદી ન હોવા જોઈએ; તે ૫૦ સુધી જઈ શકે અને પછાત વર્ગોના આ વિદ્યાર્થીઓની પસંદગી છાત્રાલયોના સંચાલકો નહીં પણ જે તે પ્રદેશની તમામ કોમોના પ્રતિનિધિઓનું મંડળ કરે એમ હોવું જોઈએ. એમાં સામાજિક ભેદભાવને સ્થાન હોવું જોઈએ નહીં. એવો નિયમ કરવો જોઈએ કે અન્ય ધર્મોના વિદ્યાર્થીઓને પણ આ છાત્રાલયોમાં દાખલ કરવા જોઈશે. આજે જેમ સરકારી કોલેજોનાં છાત્રાલયોમાં છે તેમ હિંદુઓ, ખ્રિસ્તીઓ, મુસલમાનો, પારસીઓ અને યહૂદીઓ બધાએ સાથે રહેતાં શીખવું જોઈશે.

## સમતા આશ્રમોની યોજના

૧૬૯. અમારી એવી પણ ભલામણ છે કે જ્યાં શિક્ષકો પોતાના કુટુંબ સાથે વિદ્યાર્થીઓ ભેગા રહે, સમાન જીવન જીવે, અને સામૂહિક જીવનના હિંમતભર્યા અખતરા કરે એવી વિશિષ્ટ પ્રકારની આશ્રમશાળાઓ હિંદના વિવિધ ભાગોમાં સ્થાપવી. વધારામાં ભારતના ૩૦૦ અને તેથી વધારે જિલ્લાઓ પૈકી દરેકમાં ઓછામાં ઓછી આવી એક આશ્રમ-શાળા અથવા સમતા આશ્રમ સ્થાપવો જોઈએ. આ આશ્રમો એવા ખાસ તાલીમ પામેલા શિક્ષકો ચલાવે કે જેમનામાં સર્વધર્મસમભાવ હોય અને જેઓ તમામ કોમોને એક માનવકુટુંબની ગણતા હોય. જે ધાર્મિક વિધિઓ અને આચારો માણસ માણસને જુદા પાડે અને તમામ લોકો અને ધર્મોની કૌટુંબિક એકતાનો ઇનકાર કરે તેને આ આશ્રમોમાં માન આપવું જોઈએ નહીં. એવી ધારણા છે કે આ સમતા આશ્રમો નવીન હિંદી સંસ્કૃતિનાં કેન્દ્રો બનશે અને બીજા દેશોને અનુકરણીય બનશે. શાળાની આસપાસના લોકોની સેવા કરવી એ શાળાના અભ્યાસક્રમનું એક અંગ હશે. દાખલા તરીકે, શાળા એક બેકરી ચલાવે અને આખા સમાજને પાંઉરોટી પૂરી પાડે; અથવા તમામ ધર્મો અને 'વાદો'ના આદર્શોને અનુરૂપ નવા ઉત્સવો યોજે.

## શાળા સાથે છાત્રાલયો જોડેલાં જોઈએ

૧૭૦. તમામ મનુષ્યોને સરખો દરજ્જો મળે એવી સામાજિક ક્રાન્તિ આપણે લાવવા માગીએ છીએ, તેથી શાળાઓ સાથે છાત્રાલયો જોડેલાં હોવાં જોઈએ એવી અમારી ભલામણ છે. દરેક ગ્રામ-શાળાને છાત્રાલય હોય એવી અપેક્ષા નથી. પરંતુ પંચકોશી શાળાઓને છાત્રાલયો હોવાં જોઈએ. તે બને ત્યાં સુધી સમતા આશ્રમ જેવાં હોવાં જોઈએ. આ સમતા આશ્રમો તમામ પંચકોશી શાળાઓમાં પ્રાણ પૂરશે.



## ગ્રામ વિદ્યાપીઠો

૧૭૧. પંચકોશી શાળાઓ તેમ જ સમતા આશ્રમો, સ્વાભાવિક રીતે બુનિયાદી પ્રકારની ગ્રામવિદ્યાપીઠોમાં પરિણમશે. અહીં પણ અભ્યાસક્રમો કોઈ માની લીધેલા આદર્શો ઉપર નહીં પણ સમાજની તાત્કાલિક અને દૂરગામી જરૂરિયાતો ઉપર રચાશે. આપણે એવાં સ્વાશ્રયી સ્ત્રી-પુરુષો તૈયાર કરવા માગીએ છીએ કે જે દેશની મૂડી બની રહે. દેશની દોલત ઉત્પન્ન કરવામાં અને સહકારથી પોતાનો કારભાર ચલાવી શકે તેવો લોકશાહી સમાજ ખીલવવામાં દરેક જણ પોતાનો ફાળો આપશે. હરીફાઈની ભાવના શોષણ જન્માવે છે, અને શોષણથી ભય, અદેખાઈ, અવિશ્વાસ અને નિરાશા જન્મે છે. નવીન કેળવણીનો એકમાત્ર હેતુ હરીફાઈ, શોષણ અને તેમાંથી પરિણમતો અવિશ્વાસ નાબૂદ કરવાનો છે.

## નવી કેળવણી પ્રત્યે પછાત વર્ગોનો અવિશ્વાસ

૧૭૨. દેશભરમાં પાયાની કેળવણી દાખલ કરવાની યોજના ઘડતી વખતે એક મનોવૃત્તિ ધ્યાનમાં લેવી પડશે. પછાત વર્ગો ઉજળિયાત વર્ગો પ્રત્યે શંકાની દૃષ્ટિએ જુએ છે અને તેમને ઉજળિયાતોની સન્નિષ્ઠામાં વિશ્વાસ નથી. આથી બીજા કોઈ પ્રકારના શિક્ષણની સલાહ આપવામાં આવે તો એ લોકો માત્ર એટલું જ કહે છે: "તમારાં બાળકોને જે શિક્ષણ આપો છો તે જ અમને આપો ને! અમે તો એટલું સમજીએ છીએ કે તમારે માટે પસંદ કરેલા શિક્ષણને જોરે તમે અને તમારાં સંતાનો સમાજમાં સૌથી ઉત્તમ સ્થાનો ભોગવો છો. અમે જાણીએ છીએ કે સરકાર હાલની રૂઢિચુસ્ત કેળવણીની ઉપાધિઓને માન્ય રાખે છે અને દેશની અને પરદેશની એ ઉપાધિઓને બળે જેઓ સરકારમાં ઊંચી પાયરીએ ચઢી બેઠા છે તેમના પ્રત્યે સમાજ ઉચ્ચ આદરભાવ રાખે છે એ લોકો જ સત્તા ભોગવે છે.

અમારે બીજું કોઈ શિક્ષણ જોઈતું નથી, પછી ભલેને એ શિક્ષણ ગમે એટલું આદર્શ હોય!" પછાતવર્ગોની આ માન્યતા સાચી છે.

## સરકારી નોકરીમાં બુનિયાદી કેળવણીને પહેલી પસંદગી આપો

૧૭૩. આથી પાયાની કેળવણીને આમપ્રજામાં લોકપ્રિય બનાવવા અને તેમનામાં એ અંગે વિશ્વાસ પેદા કરવા સરકારે અસંદિગ્ધપણે જાહેર કરવું જોઈએ કે સરકારી નોકરીમાં, ખાસ કરીને ઉચ્ચ પાયરી માટે, ઉમેદવારો પસંદ કરતી વખતે પાયાની કેળવણી પામેલા વિદ્યાર્થીઓને નિશ્ચિત રીતે પહેલી પસંદગી આપવામાં આવશે. આ એક જ જાહેરાત આમવર્ગની તેમ જ કેળવાયેલા વર્ગની મનોદશા બદલી નાખશે. અને આ રીતે નીતિમાં ફેરફાર કરવાથી સરકારને કંઈ ગુમાવવાનું નથી. કેમ કે બુનિયાદી કેળવણી મેળવી બહાર પડેલા માણસો જૂની કેળવણી લેનાર કરતાં વધારે સારો વહેવાર કરી શકે છે અને લોકો પ્રત્યે વધારે સહાનુભૂતિ રાખે છે, એ હકીકત તટસ્થ ટીકાકારો હવે માન્ય રાખે છે.

## પૂર્વબુનિયાદી અથવા પૂર્વપ્રાથમિક શિક્ષણ

૧૭૪. પછાતવર્ગોની સામાજિક અને ભૌગોલિક પરિસ્થિતિ શૈક્ષણિક પ્રગતિને મદદ કરે એવી નથી. અત્યંત ગરીબી અને અજ્ઞાનને કારણે પરિસ્થિતિ વણસી છે. તેથી આ પ્રારંભિક અંતરાયો દૂર કરવા પૂર્વબુનિયાદી અથવા પૂર્વપ્રાથમિક શિક્ષણ ઘણું જરૂરી છે. આ ૭ વર્ષની ઉંમર સુધીના ગાળામાં બાળકોને કેળવવાથી આગળ ઉપર બુનિયાદી શાળામાં બીજી કોમનાં બાળકો સાથે ભળતાં તેમને વાંધો નહીં આવે. તેથી ગ્રામ્ય અને ઔદ્યોગિક વિસ્તારોમાં પૂર્વબુનિયાદી શાળાઓ સ્થાપવાની અમે કેન્દ્ર સરકાર તેમ જ રાજ્ય સરકારોને ભલામણ કરીએ છીએ.



## માધ્યમિક શિક્ષણ

૧૭૫. પાયાની કેળવણી દેશભરમાં દાખલ કરતાં હજુ વાર લાગશે, એનો અમને ખ્યાલ છે. ત્યાં સુધી હાલની રૂઢિગત શિક્ષણપ્રથા ચાલુ રાખવી પડશે.

૧૭૬. પછાતવર્ગોના શિક્ષણવિકાસની દૃષ્ટિએ માધ્યમિક શિક્ષણનો તબક્કો ઘણો અગત્યનો છે, કારણ કે આ વર્ગોના ઘણા મોટા ભાગના વિદ્યાર્થીઓને આ તબક્કો પૂરો કરી તરત જ નોકરીધંધો શોધવો પડશે, અને જે લાયક હશે તે યુનિવર્સિટીમાં જશે. આથી વિદ્યાર્થીઓ આખરે જે વ્યવસાયમાં જોડાવા માગતા હોય તે વિષયની તાલીમ એમને મળવી જોઈએ. વળી સામાજિક જીવન અને સારા નાગરિકત્વ-ની કપરી ફરજો બજાવવા માટે પણ તેમણે પૂરેપૂરા તૈયાર થવું જોઈએ. તાજેતરમાં આ પ્રશ્ન ઉપર વધારે ધ્યાન અપાવા લાગ્યું છે અને ભારત સરકારે દેશભરમાં દરેક જિલ્લાની માધ્યમિક શાળામાં વિવિધલક્ષી અભ્યાસક્રમો દાખલ કરવાની જાહેરાત કરી છે, એ સંતોષની વાત છે.

૧૭૭. ગ્રામવિસ્તારોમાં માધ્યમિક શાળાઓની અછતથી પછાતવર્ગના વિદ્યાર્થીઓને ભારે મુશ્કેલી પડે છે. ઘરથી બહુ દૂર આવેલી શાળાઓમાં જઈ આગળ ભણવાનું તેમને ખૂબ જ અઘરું પડે છે. એવાં દૂરનાં સ્થળોએ જઈ રહેવા તથા જમવાનો ખર્ચ વેઠવા જેવી એમની સ્થિતિ હોતી નથી. તેમ તેમને માટે રહેવા-જમવાની સગવડો પણ હોતી નથી. આથી પછાતવર્ગોના લાભાર્થે ગ્રામવિસ્તારોમાં છાત્રાલય સહિતની ઉચ્ચ બુનિયાદી અથવા માધ્યમિક શાળાઓ વધારે પ્રમાણમાં ખોલવાની જરૂર છે. તેનો લાભ લેનાર ગરીબ વિદ્યાર્થીઓને રહેવા-જમવા માટે વધારે શિષ્યવૃત્તિઓ આપવી જોઈએ અને પુસ્તકો તથા કપડાં માટે પણ નાણાંની મદદ કરવી જોઈએ.

## યુનિવર્સિટી શિક્ષણ

૧૭૮. યુનિવર્સિટીઓ ઉપર વિદ્યાર્થીઓનો હાલનો ધસારો અટકાવવો જોઈએ એમ મનાય છે. આ કરવું હોય તો માધ્યમિક શિક્ષણના તબક્કામાં વિવિધ ઉદ્યોગ-ધંધાઓની તાલીમ આપવી જોઈએ. પણ જ્યાં સુધી નોકરી માટે યુનિવર્સિટીની ઉપાધિ આવશ્યક મનાય છે ત્યાં સુધી આ ધસારો અટકાવી શકાશે નહીં. પછાતવર્ગોના વિદ્યાર્થીઓનાં મા-બાપોને જ્યારે ખાતરી થશે કે હવે યુનિવર્સિટીની ઉપાધિ એ સરકારી નોકરી માટેનો પરવાનો નથી ત્યારે જ તેઓ પોતાનાં છોકરાં–છોકરીઓને યુનિવર્સિટીમાં મોકલવાનું ઓછું કરશે. ભારતસંઘના કેળવણી પ્રધાને આ બાબતમાં તાજેતરમાં સરકારી નીતિની જાહેરાત કરી છે તે યોગ્ય દિશાનું પગલું છે. એનો અમલ કરવાની જરૂર છે.

૧૭૯. બુનિયાદી ગ્રામ વિદ્યાપીઠોની ક્રમશઃ સ્થાપના થયા પછી હાલની યુનિવર્સિટીઓ ઔદ્યોગિક શિક્ષણ અને સંશોધન પૂરતી મર્યાદિત રહેવી જોઈએ.

૧૮૦. પછાતવર્ગોના ઘણા પ્રતિનિધિઓની ફરિયાદ હતી કે તેમના વિદ્યાર્થીઓને યુનિવર્સિટી કૉલેજોમાં — ખાસ કરીને વિજ્ઞાન, ઇજનેરી, દાક્તરી, ખેતીવાડી, પશુરોગચિકિત્સા અને બીજી ઔદ્યોગિક શિક્ષણની સંસ્થાઓમાં — દાખલ કરી શકાતા નથી. આવી સંસ્થાઓમાં જગાઓની તંગી હોય છે એ ખરું. પરંતુ એમની ફરિયાદ એ હતી કે વિદ્યાર્થીઓને દાખલ કરવામાં કેટલીક કોમો પ્રત્યે ભેદભાવ દાખવવામાં આવે છે. તેથી આવી સંસ્થાઓમાં પછાત વર્ગના વિદ્યાર્થીઓ માટે જ અમુક ટકા જગાઓ અનામત રાખવાની તેમની માગણી છે. બધા જ વિદ્યાર્થીઓ યુનિવર્સિટીમાં જોડાય એવો અમારો મત નથી. છતાં ઉપરની માગણીને અમારો ટેકો છે. વધારામાં એમાંના લાયક અને ગરીબ વિદ્યાર્થીઓને ઉદારતાથી શિષ્યવૃત્તિઓ આપવાની અમારી ભલામણ છે.



## દેશમાં તથા પરદેશમાં અનુસ્નાતક અને સંશોધનનો અભ્યાસ

૧૮૧. અર્વાચીન યુગમાં ટેકનોલૉજીનાં સર્વોચ્ચ શિખરો સર કર્યા વિના કોઈ પણ રાષ્ટ્ર ટકી નહીં શકે. આ દૃષ્ટિએ આપણા દેશને વિજ્ઞાનની શાખા-પ્રશાખાઓમાં સારામાં સારા નિષ્ણાતો જોઈશે. દેશમાં વિજ્ઞાનના વિકાસ માટે રાષ્ટ્રીય પ્રયોગશાળાઓ અને શિક્ષણ-સંસ્થાઓ ચલાવવામાં આવશે. આને અનુલક્ષીને આપણા વિદ્યાર્થીઓને દેશ-પરદેશનાં સંશોધન-કેન્દ્રોમાં અનુસ્નાતક અભ્યાસક્રમોની તાલીમ આપવી પડશે. આધુનિક વિજ્ઞાન અને ટેકનોલૉજીની તાલીમ માટે આપણે આપણા ઉત્તમ વિદ્યાર્થીઓને મોટી સંખ્યામાં પરદેશ મોકલવાનું ચાલુ રાખવું પડશે. ઉજળિયાત કોમોના વિદ્યાર્થીઓ આ માટે લાયક પુરવાર થયા છે, અને તક આપવામાં આવશે તો પછાત કોમોના વિદ્યાર્થીઓ પણ એવી જ લાયકાત દાખવશે. માટે પછાત કોમોના વિદ્યાર્થીઓ માટે ખાસ શિષ્યવૃત્તિઓની અમે ભલામણ કરીએ છીએ. ઉજળિયાત અને પછાત કોમોના વિદ્યાર્થીઓ વચ્ચે સ્પર્ધા થોડા સમય માટે પણ ટાળવી જરૂરી છે.

૧૮૨. હાલમાં કોઈ પણ રાજ્યમાં પછાતવર્ગોના લાયક વિદ્યાર્થીઓ માટે આવી તદ્દન અલગ શિષ્યવૃત્તિઓ નથી. જોકે કેટલાંક રાજ્યોએ ખાસ અભ્યાસક્રમો માટે પછાત કોમોના વિદ્યાર્થીઓને પસંદ કર્યા છે.

૧૮૩. ભારત સરકારે પછાતવર્ગોના વિદ્યાર્થીઓને પરદેશમાં અભ્યાસ કરવા માટે ૧૯૫૩-'૫૪માં છ અને ૧૯૫૪-'૫૫માં બાર શિષ્યવૃત્તિઓ કાઢી હતી.

૧૮૪. અમે ભલામણ કરીએ છીએ કે તમામ પછાતવર્ગોના વિદ્યાર્થીઓને દેશ-પરદેશમાં અનુસ્નાતક અને સંશોધનના અભ્યાસક્રમોની તાલીમ આપવા રાજ્યો તથા કેન્દ્રની સરકારોએ પૂરતી જોગવાઈ કરવી જોઈએ.

## પ્રૌઢશિક્ષણ

૧૮૫. જ્યાં લગભગ ૮૦ ટકા વસ્તી નિરક્ષર છે એવા આપણા દેશમાં પ્રૌઢશિક્ષણ ઉપર જેટલો ભાર ના દઈએ તેટલો ઓછો. જ્યાં સુધી દેશની નિરક્ષર પ્રૌઢ જનતાને પ્રૌઢશિક્ષણના ક્રમિક અભ્યાસક્રમ દ્વારા જ્ઞાન આપવામાં નહીં આવે ત્યાં સુધી આ દેશમાં લોકશાહીનાં મૂળ ઊંડાં જશે નહીં. પ્રૌઢશિક્ષણનો હાલનો અભ્યાસક્રમ માત્ર અક્ષર-જ્ઞાન ઉપર ભાર મૂકે છે. એમાં મનોરંજન અને સંસ્કાર પ્રવૃત્તિઓનું મહત્ત્વ હમણાં હમણાં જ સ્વીકારાયું છે. સમાજશિક્ષણની આ યોજના પછાતવર્ગોના લાભાર્થે આખા દેશમાં વિસ્તારવી જોઈએ.

## ગામડાંમાં વાચનાલયો અને પુસ્તકાલયો

૧૮૬. ગામડાંમાં વાચનાલયો અને પુસ્તકાલયો સ્થાપવાની જરૂર છે. હાલની સગવડો ઘણી અલ્પ હોય છે. તેથી પ્રૌઢશિક્ષણે તૈયાર કરેલા નવશિક્ષિતો આગળના અભ્યાસક્રમ અને પ્રૌઢ સાહિત્યને અભાવે ફરી પાછા નિરક્ષરતામાં સરી જાય છે. ગ્રામ પુસ્તકાલયોમાં રાખવાનાં પુસ્તકો વિવેકપૂર્વક પસંદ કરવાં જોઈએ. દેશમાં બનતી નવાજૂનીથી લોકોને વાકેફ રાખવા અગત્યનાં સામયિકો ગામડાંનાં વાંચનાલયોમાં વાંચી સંભળાવવાં જોઈએ.

## ઉચ્ચ શિક્ષણની અખિલ ભારતીય સંસ્થાઓ

૧૮૭. વિદ્યાર્થીઓમાં અખિલ ભારતીય જીવનદૃષ્ટિ ખીલવવા વિવિધ રાજ્યોમાં યુનિવર્સિટી કક્ષાની, છાત્રાલયવાળી, ખાસ પ્રકારની શિક્ષણ સંસ્થાઓ ખોલવી એવી અમારી ભલામણ છે. આવી સંસ્થાઓમાં વિદ્વત્તા અને દેશપ્રેમ માટે પ્રખ્યાત હોય એવા પ્રાધ્યાપકો અને ઉપા-ધ્યાપકો રોકવા જોઈએ. વિદ્યાર્થીઓ કોમી, પ્રાદેશિક અને ભાષાકીય પક્ષપાતથી પર થાય એવા અભ્યાસક્રમો એમાં યોજવા જોઈએ.



શિક્ષણનું માધ્યમ — રાષ્ટ્રભાષા અને રાજભાષા — હિંદી રાખવું જોઈએ અને એક-બે પ્રાદેશિક ભાષાઓ પણ શીખવવી જોઈએ. એમાં દેશના તમામ ભાગોમાંથી અને તમામ કોમોમાંથી આવેલા વિદ્યાર્થીઓ અને પ્રાધ્યાપકોએ ભેગા રહી ભણવું અને કામ કરવું જોઈએ. વધુ વિગતો નક્કી કરવા એક ખાસ સમિતિ નીમવી જોઈએ.

## સાર્વત્રિક કેળવણીનો અંદાજ

૧૮૮. પછાતવર્ગોની ઝડપી શૈક્ષણિક પ્રગતિ માટે અનુરોધ કરવામાં અમારો ઇરાદો તેમને આગળ વધેલી કોમોની સપાટીએ લાવવાનો જ માત્ર નથી, પરંતુ પ્રગતિની પ્રક્રિયા દરમ્યાન જ સામાજિક અસમાનતા દૂર કરવા મથવાનો છે.

૧૮૯. આ ધ્યેય લક્ષમાં રાખી અમે તમામ ગ્રામવિસ્તારોમાં આયોજિત ધોરણે બુનિયાદી શાળાઓ સ્થાપવાની ભલામણ કરી છે. કાચો અંદાજ છે કે ગામડાંમાં લગભગ પાંચ લાખ શાળાઓ અને કેન્દ્રસ્થ ગામોમાં લગભગ પચાસ હજાર પંચકોશી શાળાઓ ખોલવી પડશે. એવી ધારણા છે કે જ્યારે આ શાળાઓમાં પૂરતાં સાધનો અને શિક્ષકો થશે ત્યારે તે વિદ્યાર્થીઓને એવી રીતે તૈયાર કરશે કે તેમને હાઈસ્કૂલોમાં જવાની જરૂર રહેશે નહીં. ઉચ્ચતર શિક્ષણ સંસ્થાઓ શહેરોમાં અને કસબાઓમાં ખોલવાની હાલની નીતિ બંધ કરવી જોઈએ. પંચકોશી શાળાઓ હાલની હાઈસ્કૂલો જેવી કાર્યક્ષમ બની શકશે. સમય જતાં આ શાળાઓ બુનિયાદી પ્રકારની સેંકડો ગ્રામવિદ્યાપીઠો-ને વિદ્યાર્થીઓ પૂરા પાડશે. કલ્પના એવી છે કે સમય જતાં બુનિયાદી પ્રકારની સેંકડો ગ્રામવિદ્યાપીઠો સ્થાપવી. તેમ થશે ત્યારે જ કેળવણી દ્વારા સામાજિક ક્રાંતિ સિદ્ધ થશે.

૧૯૦. અમે સૂચવેલા સમતા આશ્રમો માત્ર શાળાઓ જ નહીં બની રહે. તે તો જ્ઞાતિવિહીન અને વર્ગવિહીન સમાજ સ્થાપવા

માટેનાં તાલીમ-કેન્દ્રો બનશે. એમ ધારવામાં આવે છે કે આ આશ્રમોમાં તૈયાર થયેલા માણસો આખરે પંચકોશી શાળાઓ ચલાવશે અને તેના સંચાલકો ગ્રામવિદ્યાપીઠોને દોરવણી આપશે. આ બધું ધ્યાનમાં લઈ, અમે ભલામણ કરીએ છીએ કે સરકાર બુનિયાદી શિક્ષણ પાછળ શકય એટલો ખર્ચ કરવાનું ઠરાવે. માત્ર જ્યાં બુનિયાદી શાળાઓ ન સ્થાપી શકાય ત્યાં જ રૂઢિગત શિક્ષણ પાછળ ખર્ચ કરવું જોઈએ.

## પછાતવર્ગો માટે ભારત સરકારની શૈક્ષણિક સહાય

૧૯૧. અનુસૂચિત જ્ઞાતિઓના વિદ્યાર્થીઓ મૅટ્રિક પછી વૈજ્ઞાનિક અને ઔદ્યોગિક વિષયોનો અભ્યાસ કરી શકે તે માટે તેમને શિષ્યવૃત્તિઓ આપવાની યોજના દાખલ કરવાનું હિંદી સરકારે ૧૯૪૪માં ઠરાવ્યું હતું. સ્વતંત્રતા મળ્યા પછી એ યોજનામાં અનુસૂચિત જનજાતિઓનો સમાવેશ કરવામાં આવ્યો અને ૧૯૪૮-'૪૯માં શિષ્યવૃત્તિઓ માટે રૂ. ૫૦,૦૦૦નું અનુદાન મંજૂર કરવામાં આવ્યું. ૧૯૪૮-'૪૯માં આ યોજના ફરી તપાસવામાં અને સુધારવામાં આવી. તેમાં શૈક્ષણિક દૃષ્ટિએ પછાત એવા અન્ય વર્ગોને શિષ્યવૃત્તિઓ આપવાનું ઉમેરવામાં આવ્યું. ૧૯૪૯-'૫૦માં આ માટેના અનુદાનની રકમ વધારીને રૂ. ૧૦ લાખ કરવામાં આવી. અને શિષ્યવૃત્તિઓ આપવામાં દાક્તરી, ઇજનેરી, ઔદ્યોગિક ખેતી અને વિજ્ઞાનમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પ્રથમ પસંદગી આપવાનું ધોરણ ઠરાવવામાં આવ્યું.

૧૯૨. તા. ૨૬મી જાન્યુઆરી, ૧૯૫૦ને રોજ બંધારણ અમલમાં આવ્યા પછી શૈક્ષણિક દૃષ્ટિએ પછાત વર્ગોનો પ્રશ્ન આગળ આવ્યો. શિક્ષણની દરેક કક્ષાએ આ વર્ગોને રાહત આપવા બધાં રાજ્યોએ પોતપોતાની યોજનાઓ તૈયાર કરી. મોટા ભાગનાં રાજ્યોમાં આ વિષયનું ખર્ચ મોટે ભાગે અનુસૂચિત જ્ઞાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ માટે હતું. અન્ય પછાતવર્ગોને આપવાની મદદ



અતિ અલ્પ હતી. મૅટ્રિક પછીના અભ્યાસ માટેની શિષ્યવૃત્તિઓની મધ્યસ્થ સરકારની યોજના વિસ્તારવાની માગણી વધવાથી ભારત સરકારે એ યોજના ૧૯૫૦થી બીજાં પાંચ વર્ષ લંબાવી અને પ્રથમ રૂ. ૧૨ લાખનું અનુદાન આપ્યું. ૧૯૫૧-'૫૨માં આ રકમ વધારીને રૂ. ૧૫ લાખ કરવામાં આવી. ૧૯૫૨-'૫૩માં આ રકમ એકંદર રૂ. ૩૦ લાખ થઈ અને વહેંચાયેલી શિષ્યવૃત્તિઓની કુલ સંખ્યા ૬,૦૧૮ થઈ. ૧૯૫૩-'૫૪માં રૂ. ૬૨ લાખ અને ૧૯૫૪-'૫૫માં રૂ. ૧૦૭ લાખની જોગવાઈ થઈ હતી. અરજદારોની સંખ્યા વર્ષોવર્ષ વધતી ચાલી. ૧૯૫૩-'૫૪માં અરજદારોની સંખ્યા અને વહેંચાયેલી શિષ્યવૃત્તિઓની સંખ્યા નીચેના કોઠામાં આપી છે:

| | આવેલી અરજીઓની સંખ્યા | વહેંચેલી શિષ્યવૃત્તિઓની સંખ્યા |
|---|---|---|
| (૧) અનુસૂચિત જ્ઞાતિઓ | ૬,૫૬૦ | ૫,૯૫૪ |
| (૨) અનુસૂચિત જનજાતિઓ | ૧,૭૭૯ | ૧,૫૮૭ |
| (૩) અન્ય પછાતવર્ગો | ૧૦,૬૬૬ | ૪,૩૯૩ |

આ ઉપરથી જણાશે કે અનુસૂચિત જ્ઞાતિઓ અને અનુસૂચિત જનજાતિઓના જૂથમાંથી અરજી કરનાર લગભગ દરેકને શિષ્યવૃત્તિ મળી હતી, ત્યારે અન્ય પછાતવર્ગોના ૫૫ ટકા ઉમેદવારોને તે વિના રહેવું પડ્યું હતું.

## પરદેશમાં ઉચ્ચ અભ્યાસની સગવડો

૧૯૩. પરદેશમાં અભ્યાસ માટે ભારત સરકારે શિષ્યવૃત્તિઓ સ્થાપી છે. આ યોજનાથી ૧૯૪૭-'૪૮થી ૧૯૫૦-'૫૩નાં વર્ષોમાં બે અનુસૂચિત જ્ઞાતિઓના અને એક અન્ય પછાત વર્ગોના ઉમેદવારોને

પરદેશ અભ્યાસાર્થે શિષ્યવૃત્તિઓ આપવામાં આવી હતી. આ વર્ગો માટે વધારે શિષ્યવૃત્તિઓની માગણી થતાં, અનુસૂચિત જ્ઞાતિઓ, અનુસૂચિત જનજાતિઓ અને અન્ય પછાતવર્ગો એમ ત્રણેય જૂથોમાં દરેકને માટે બે શિષ્યવૃત્તિઓ વધારવામાં આવી હતી. ઉમેદવારો પસંદ કરવાનું કામ કેન્દ્રિય જાહેર સેવા પંચને સોંપાયું હતું. ૧૯૫૪-'૫૫માં શિષ્યવૃત્તિઓની સંખ્યા ૧૨ કરવામાં આવી હતી. આ કાર્યનું મહત્ત્વ જોતાં પરદેશ માટેની શિષ્યવૃત્તિઓ માટે ભારત સરકારે નાણાંની પૂરતી જોગવાઈ કરવી જોઈએ.

## રાજ્યોમાં શિષ્યવૃત્તિઓની યોજના

૧૯૪. અન્ય પછાતવર્ગોના વધારે ગરીબ લોકોને ફી-માફી અને શિષ્યવૃત્તિઓ આપવાની યોજનાઓ કેટલાંક વર્ષથી દક્ષિણ હિંદનાં રાજ્યોમાં અમલમાં છે. પરંતુ નાણાં ઓછાં પડતાં હોવાથી પૂરતા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિઓ આપી શકાતી નથી. આવી યોજનાઓ બીજાં રાજ્યોમાં આજ સુધી નહોતી. માત્ર તાજેતરમાં જ અન્ય પછાત વર્ગોને થોડીક શિષ્યવૃત્તિઓ આપવાના પ્રયત્નો થયા છે. પછાતવર્ગોના પ્રતિનિધિઓએ પંચને બતાવ્યું હતું કે અનુસૂચિત જ્ઞાતિઓને નાણાંની મદદ મળતી હોવાથી તેમના ઉમેદવારોની સંખ્યા વધતી જાય છે, એટલે અન્ય પછાત વર્ગોને જ્યાં સુધી આવી મદદ નહીં આપવામાં આવે ત્યાં સુધી એ વર્ગોમાં શૈક્ષણિક પ્રગતિ થવાની આશા નથી. આથી અમે ભલામણ કરીએ છીએ કે અન્ય પછાતવર્ગોના વિદ્યાર્થીઓના લાભાર્થે પણ તમામ રાજ્યોમાં ફી-માફી અને શિષ્યવૃત્તિઓ દાખલ કરવી જોઈએ. આ માટે રાજ્ય સરકારોએ પોતાનાં અંદાજપત્રોમાં પૂરતી જોગવાઈ કરવી જોઈએ.

૧૯૫. જે રાજ્યોમાં શિષ્યવૃત્તિઓની યોજનાઓ અમલમાં છે ત્યાં એમ આગ્રહ કરવામાં આવ્યો હતો કે શિષ્યવૃત્તિઓ વહેંચવામાં



તમામ કોમોની માગણીઓ ધ્યાનમાં લેવાવી જોઈએ. આ બાબતમાં રજૂ થયેલાં વિવિધ દૃષ્ટિબિંદુઓ ધ્યાનમાં લઈ અમે ભલામણ કરીએ છીએ કે શિષ્યવૃત્તિઓ એમને મળવી જોઈએ કે જેમને તેની અત્યંત જરૂર હોય. તમામ કોમોની માગણીઓ ધ્યાનમાં લેવાવી જોઈએ અને પ્રાથમિક વહેંચણી રાજ્યમાં આવેલી વિવિધ કોમોની વસ્તીને ધોરણે થવી જોઈએ. તેમાં સૌથી પછાતકોમોને હંમેશાં સૌથી પહેલી પસંદગી આપવી જોઈએ. બીજું, આ કામમાં સરકારને મદદ કરવા દરેક રાજ્યમાં જુદી જુદી કોટિની શિષ્યવૃત્તિઓ માટે વિવિધ કોમોના પ્રતિનિધિઓની નાની નાની સમિતિઓ નીમવી જોઈએ. એનાથી તમામ કોમોના વિદ્યાર્થીઓને ન્યાયપુરઃસર શિષ્યવૃત્તિઓ વહેંચવાની ખાતરી રહેશે.

અમને એમ પણ કહેવામાં આવ્યું હતું કે હાલના સંજોગોમાં પછાતવર્ગોમાંથી જે બોલકણા હશે તે શિષ્યવૃત્તિઓ મેળવશે અને કમનસીબ માણસો રહી જશે. આના નિવારણાર્થે એમ સૂચવવામાં આવ્યું હતું કે માબાપની આવકને ધોરણે શિષ્યવૃત્તિઓ વહેંચાવી જોઈએ. આ બાબતમાં અમારી ભલામણ છે કે માધ્યમિક કક્ષા સુધી શિષ્યવૃત્તિ મેળવવાને પાત્ર થવા માટે અરજદાર વિદ્યાર્થીનાં માબાપની વાર્ષિક આવક, સામાન્ય રીતે, રૂ. ૧૮૦૦થી વધારે હોવી જોઈએ નહીં. ઉચ્ચ અભ્યાસ માટે માબાપની વાર્ષિક આવકની મર્યાદા રૂ. ૩૬૦૦થી વધારે ન હોવી જોઈએ.

## વિજ્ઞાન, દાક્તરી, ઇજનેરી, ખેતીવાડી, પશુરોગચિકિત્સા અને ઉચ્ચશિક્ષણની અન્ય ઔદ્યોગિક શિક્ષણસંસ્થાઓમાં જગાઓ અનામત રાખવા બાબત

૧૯૬. ઉચ્ચકક્ષાની ઔદ્યોગિક અને વૈજ્ઞાનિક શિક્ષણ સંસ્થાઓમાં જગાઓ થોડી હોવાથી, તેમાં પછાતવર્ગો માટે અનામત જગાઓની જોગવાઈ કરવાની આવશ્યકતા છે. આ અનામત જગાઓ

કેટલી અને કયે ધોરણે રાખવી એ બાબતમાં રજૂ થયેલાં વિવિધ દૃષ્ટિબિંદુઓ ધ્યાનમાં લઈ અમે ભલામણ કરીએ છીએ કે વિજ્ઞાન, ઇજનેરી, દાક્તરી, ખેતીવાડી, પશુરોગચિકિત્સા અને તમામ અન્ય ઔદ્યોગિક શિક્ષણ સંસ્થાઓમાં, જ્યાં સુધી તમામ લાયક વિદ્યાર્થીઓને દાખલ કરી ન શકાય ત્યાં સુધી, ૭૦ ટકા જગાઓ પછાત-વર્ગોના લાયક વિદ્યાર્થીઓ માટે અનામત રાખવી. આ અનામત જગાઓ માટે પસંદગી કરવામાં અત્યંત પછાત વર્ગોના લાયક વિદ્યાર્થીઓનો પ્રથમ વિચાર કરવો. બાકીની ૩૦ ટકા જગાઓ — તેમ જ જે જગાઓનો લાભ પછાત વર્ગોએ ન લીધો હોય તે — બાકીના વિદ્યાર્થીઓને આપવી. ઉપર પ્રમાણે અનામત જગાઓમાંથી પ્રથમ અત્યંત ગરીબ વર્ગને વહેંચ્યા પછી જે બાકી રહે તે પછાતવર્ગોની વિવિધ કોમોને કેવી રીતે વહેંચવી, એ બાબતમાં કંઈક ચોક્કસ પદ્ધતિ નક્કી થવી જોઈએ એમ સૂચવવામાં આવ્યું હતું. આ બાબતમાં અમારી ભલામણ છે કે બે ઉમેદવારમાંથી જે વધારે નીચલી કોમનો હોય તેને બનતા સુધી પહેલી પસંદગી મળે એ ધોરણે અનામત બેઠકોની વહેંચણી થવી જોઈએ. આ બાબતમાં સરકારને મદદ કરવા તમામ કોમોમાંથી પસંદ કરેલા પ્રતિનિધિઓની બનેલી પસંદગી સમિતિ નીમવી જોઈએ.

## (૮) સરકારી નોકરીઓમાં અન્ય પછાતવર્ગોનું પ્રતિનિધિત્વ

### અત્યંત આગ્રહભરી માગણી

૧૯૭. અન્ય પછાતવર્ગોની, શૈક્ષણિક સગવડો પછીની, અત્યંત આગ્રહભરી માગણી, એમનામાંથી લાયક ઉમેદવારોને સરકારનાં જુદાં જુદાં ખાતામાં પૂરતું પ્રતિનિધિત્વ આપવા અંગેની હતી. એમની દલીલ હતી કે સરકારી નોકરીથી પ્રતિષ્ઠા, સત્તા અને લાગવગ પ્રાપ્ત થાય છે, માટે પછાતવર્ગોનો પણ એમાં વાજબી હિસ્સો હોવો જોઈએ. બીજું, વિવિધ ખાતામાં ભરતી કરનાર નિમણૂક અધિકારીઓ તરફથી



પછાત વર્ગોના ઉમેદવારોને યોગ્ય ન્યાય મળતો નથી, એમ એમનું કહેવું હતું. માટે એમની વિનંતી હતી કે હાલની જ્ઞાતિપ્રધાન પરિસ્થિતિ-માં પછાતવર્ગો માટે અમુક ચોક્કસ ટકા જેટલી જગાઓ અનામત રાખવી જોઈએ અને આ નીતિનો ચીવટથી અમલ થવો જોઈએ.

### પંચે કરેલી તપાસ

૧૯૮. આ પ્રશ્ન સમજવા માટે, પંચે ભરતી અંગેના નિયમો વિશે અને કેન્દ્ર તથા રાજ્યોની નોકરીઓનાં જુદાં જુદાં ખાતાંમાં પછાતવર્ગોના કેટલા માણસ છે તેની સંખ્યા તથા ટકાવારી વિશે પૂરેપૂરી માહિતી મેળવવા ઝીણવટથી પ્રયાસ કર્યો હતો.

### સરકારી નોકરીનું આકર્ષણ

૧૯૯. બીજાં ક્ષેત્રોમાં નોકરીનો અવકાશ ન મળતો હોવાથી, અને સરકારી નોકરીઓને મહત્ત્વ અપાતું હોવાથી, સમાજના બધા વર્ગો સરકારી નોકરી માટે અભિલાષા સેવે છે. એ માટે પછાત વર્ગો વધારે ઝંખે છે, કેમ કે સૈકાઓથી એમને એનો લાભ મળેલો નથી.

### સરકારી નોકરીઓનો ઇતિહાસ

૨૦૦. મધ્યકાલીન હિંદમાં જ્યારે વર્ણવ્યવસ્થા ચાલુ હતી ત્યારે દરેક વર્ણને અમુક પ્રકારની સેવા કરવા માટે તાલીમ અપાતી. જગત-માં દરેક સ્થળે મધ્યકાલીન યુગમાં ઐતિહાસિક ઉત્ક્રાંતિને લીધે શાસકવર્ગો પેદા થયા હતા. આ ચિત્ર આધુનિક સંજોગોએ સંપૂર્ણ રીતે બદલી નાખ્યું છે. એટલે હવે આપણે એવી પદ્ધતિ યોજવી જોઈએ કે જે સૌ કોઈને સમાન તક આપે એટલું જ નહીં પ્રજાના દરેક ભાગને સંપૂર્ણ સામાજિક ન્યાય પૂરો પાડે.

### ટોયન્બીનું ઇતિહાસદર્શન

૨૦૧. મહાન ઇતિહાસવેત્તા ટોયન્બીએ તેના 'ઇતિહાસદર્શન' નામના પુસ્તકમાં જણાવ્યું છે કે ઇતિહાસમાં જે વીસ સંસ્કૃતિઓ

જમીનદોસ્ત થઈ હતી એમાંની પંદર તો પ્રજાના જુદા જુદા વર્ગો વચ્ચેની હિતસ્પર્ધા ટાળીને તેમનો હિતમેળ ન સાધી શકવાથી નિષ્ફળ નીવડી હતી. જગતભરમાં નૂતન ગતિશીલ સમાજરચનાનાં પ્રગતિવાદી બળો સામે પરંપરાગત ધનપ્રધાન શાસનપ્રણાલીઓ તૂટી ગઈ, તેનું કારણ એ હતું કે સામાન્ય માણસ મૂર્ખ, પછાત અને બુદ્ધિ વગરનો હોઈ સ્વશાસન માટે અશક્ત છે એવી ભૂલભરેલી માન્યતા એમાં હતી. આથી ખાસ કરીને રાજ્યશાસન કળાની દૃષ્ટિએ હવે મનાય છે કે પ્રજાના તમામ સ્તરોને દેશના કારભારમાં વાજબી હિસ્સો આપ્યા વિના દેશની આંતરિક સ્થિરતા જાળવી શકાશે નહીં.

### ઇતિહાસનો બોધપાઠ

૨૦૨. ઇતિહાસના આ પાઠોમાંથી મુસલમાન અમલ દરમ્યાન ધડો લેવાયો હતો. યશસ્વી મુસલમાન રાજાઓએ હિંદુઓને વહીવટમાં, ઉપલી કક્ષાએ પણ લઈને શાસન ચલાવ્યું હતું. અંગ્રેજોને પણ આ હકીકત સ્વીકારવી પડી હતી – જોકે તેમણે તે ધીમે ધીમે અને કચવાતે મને સ્વીકારી હતી. કંઈક અંશે રાજનીતિના પગલા તરીકે અને કંઈક અંશે રાજકારભારમાં વધારે હિસ્સો મેળવવાની લોકોની માગણીને પરિણામે અંગ્રેજ રાજ્યકર્તાઓએ ઉચ્ચકક્ષાની નોકરીઓ માટે હિંદીઓની ભરતી બહુ જ ધીરે ધીરે કરવાનું કબૂલ રાખ્યું હતું. આ દિશામાં હિંદી ઉમેદવારોને વધારે તક મળે એટલા માટે અગાઉ લંડનમાં જ લેવાતી હિંદી સનદી નોકરીઓની પરીક્ષાઓ પછીથી હિંદમાં પણ લેવાવા માંડી હતી. દેશનાં ખુશ્કી, તરી અને હવાઈ દળોની તમામ શાખાઓનાં હિંદીકરણનો ઇતિહાસ બહુ જ તાજો હોવાથી એની વિગતોમાં ઊતરવાની જરૂર નથી.

### લઘુમતી કોમોને સરકારી નોકરીઓમાં પ્રતિનિધિત્વ

૨૦૩. દેશમાં વધતી જતી રાજકીય અસ્મિતાથી ચેતી ગયેલી અંગ્રેજ સરકારે લઘુમતી કોમોને સરકારી નોકરીઓમાં પ્રતિનિધિત્વ



આપી રાષ્ટ્રવાદી બળોને ક્ષીણ બનાવવા પ્રયાસ કર્યો હતો. આમ લઘુમતી કોમો અને જૂથો, જેવાં કે મુસલમાનો, ખ્રિસ્તીઓ, શીખો અને અનુસૂચિત જ્ઞાતિઓના લાભમાં અમુક ટકા બેઠકો અનામત રાખવાનું સ્વીકારાયું અને અમલી બનાવાયું હતું. તેમ છતાં લાંબા સમય સુધી હિંદીઓનો પોતાના દેશના કારોબારમાં ફાળો નહીં જેવો જ રહ્યો હતો.

### શરૂઆત

૨૦૪. છેક ઈ. સ. ૧૯૩૪માં હિંદ સરકારે દલિત વર્ગોના લાયક ઉમેદવારોને સરકારી નોકરીઓમાં પ્રતિનિધિત્વ આપવા અંગેની સૂચનાઓ બહાર પાડી હતી. એ પછી વખતોવખત આ બાબતની નીતિની ફેરવિચારણા થઈ છે, અને અનુસૂચિત જ્ઞાતિઓ અને જાતિઓ તેમ જ અન્ય પછાતવર્ગોના માણસોને યોગ્ય પ્રતિનિધિત્વ આપવા બાબત કેન્દ્રમાં તેમ જ જુદાં જુદાં રાજ્યોમાં ઘટિત સુધારાવધારા થયા છે.

### અલ્પ લાભ

૨૦૫. પછાતવર્ગોને સરકારી નોકરીઓમાં પ્રતિનિધિત્વ આપવાની આટલાં વર્ષોની સરકારી નીતિનો લાભ એ વર્ગોને નહીં જેવો જ મળ્યો છે. દાખલા તરીકે, ખુલ્લી હરીફાઈથી ભરતી કરવાની હિંદી સરકારની અખિલ હિંદ નોકરીઓમાં અનુસૂચિત જ્ઞાતિઓ માટે ૧૨$\frac{1}{2}$ ટકા અને અનુસૂચિત જનજાતિઓ માટે ૫ ટકા જગાઓ અનામત રાખવાનું ઠરેલું હતું. તદનુસાર એ બંને વર્ગોએ તા. ૧લી જાન્યુઆરી, ૧૯૫૩ સુધીમાં અનુક્રમે ૧.૯ ટકા અને ૦.૧ ટકા જગાઓ મેળવી હતી. હિંદ સરકારની બીજી નોકરીઓમાં અનુસૂચિત જ્ઞાતિઓ માટે ૧૬$\frac{2}{3}$ ટકા અને અનુસૂચિત જનજાતિઓ માટે ૫ ટકા જગાઓ અનામત રખાઈ હતી. તદનુસાર તા. ૩૦મી જૂન, ૧૯૫૩ સુધીમાં એમને મળેલી જગાઓની વિગત જોડેના કોઠામાં આપી છે તે આંખ ઉઘાડે એવી છે.

| જગાનો વર્ગ | કુલ જગાઓની સંખ્યા | અનુસૂચિત જ્ઞાતિઓ ભરવાની જગાઓની સંખ્યા | અનુસૂચિત જ્ઞાતિઓ મળતા ઉમેદવારોની સંખ્યા | અનુસૂચિત જ્ઞાતિઓ ભરાયેલી જગાઓની સંખ્યા | અનુસૂચિત જનજાતિઓ ભરવાની જગાઓની સંખ્યા | અનુસૂચિત જનજાતિઓ મળતા ઉમેદવારોની સંખ્યા | અનુસૂચિત જનજાતિઓ ભરાયેલી જગાઓની સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|
| વર્ગ ૧ | ૫,૭૫૧ | ૯૫૮ | | ૨૦ | ૨૮૭ | | ૬ |
| વર્ગ ૨ | ૫,૬૫૩ | ૯૪૨ | | ૫૦ | ૨૮૨ | | ૧૮ |
| ગુ. રાજ્યપત્રિત | | | —માહિતી મળતી નથી— | | | —માહિતી મળતી નથી— | |
| વર્ગ ૨ | ૩,૧૦૩ | ૫૧૭ | | ૬૩ | ૧૫૫ | | ૩ |
| ગુ. બિનરાજ્યપત્રિત | | | | | | | |
| વર્ગ ૩ | ૫,૪૯,૩૦૦ | ૯૧,૫૫૦ | | ૨૪,૮૧૯ | ૨૭,૪૬૫ | | ૨,૫૪૮ |
| વર્ગ ૪ | ૭,૮૯,૦૨૭ | ૧,૩૧,૫૦૪ | | ૧,૬૧,૯૫૮ | ૩૯,૪૫૧ | | ૧૪,૫૧૨ |



વિવિધ રાજ્યોમાં આ અંગેની પ્રગતિ દક્ષિણ સિવાય અન્યત્ર તદ્દન કંગાળ છે.

## નીકળતો સાર

૨૦૬. આમાંથી એક સાર એવો નીકળે છે કે આ કોમોને શૈક્ષણિક સગવડો અને તકો વધારે મળે તે માટે સર્વગ્રાહી પ્રયાસો કરવા જોઈએ. તદુપરાંત, ભરતી અંગેના નિયમોનું કંઈ પણ ઉલ્લંઘન થાય તે સામે કડક હાથે કામ લેવું જોઈએ અને ન્યાયી વર્તાવને બાજુએ મૂકે એવી નિયમોમાં જે કંઈ છટકબારીઓ હોય તે શક્ય હોય ત્યાં સુધી બંધ કરી દેવી જોઈએ.

## કાર્યક્ષમતાની દલીલ

૨૦૭. કાર્યક્ષમતા અબાધિત રહેવી જોઈએ, એ દલીલથી અન્ય પછાતવર્ગોને કેવી રીતે અને કેટલે અંશે નુકસાન થાય છે તેની ઝીણવટથી તપાસ થવી જોઈએ. એક વખત એવું માનવામાં આવતું હતું કે ઉચ્ચ શૈક્ષણિક લાયકાત એ કાર્યક્ષમતાનો સિક્કો છે અને અધિકારી તરીકેના જીવનમાં સફળતા મેળવવા માટે તે જરૂરી છે. આ એકપક્ષી દૃષ્ટિબિંદુના નિવારણાર્થે, બિન-બ્રાહ્મણ તત્ત્વને મદદ કરવા, વ્યક્તિત્વ કસોટી દાખલ કરવામાં આવી હતી. પરંતુ આ કસોટીનો જે રીતે ઉપયોગ થાય છે તે સામે અસંતોષ હોવાનું જણાય છે. આ વ્યક્તિત્વ કસોટીનું મૂલ્ય ઘણું છે, પરંતુ તે વડે વ્યક્તિત્વ સહેલાઈથી માપી શકાતું નથી. પરીક્ષક એના પક્ષપાતને કારણે, ખોટા નિર્ણયો કરી બેસે એવો એમાં પૂરેપૂરો સંભવ રહે છે. આથી ઉત્તમ રસ્તો એ છે કે વ્યક્તિત્વ કસોટી રાખવી ખરી, પણ એને વધારે પડતું વજન ન આપવું. આ અંગેના નિયમો ઘડનારાઓના લક્ષમાં આ બંને બાબતો હોવી જોઈએ અને સારામાં સારાં પરિણામો નીપજાવવા તેમ જ ટીકા અને કડવાશ ટાળવા આ નિયમોને વારે વારે સુધારવા જોઈએ.

## નવો માપદંડ

૨૦૮. ભૂતકાળમાં ગમે તેમ થયું હોય, પણ કલ્યાણ રાજ્યમાં તો નોકરીઓની ભરતીનો માપદંડ તદ્દન જુદો જ હોવો જોઈએ. આજે જે પ્રકારના અધિકારીની જરૂર છે તે સાવ જુદા ઘાટનો હોવો જોઈએ. એનામાં જરૂરી શૈક્ષણિક લાયકાત ઉપરાંત જીવનદૃષ્ટિ વિશાળ હોવી જોઈએ, અને વસ્તીના નબળા વર્ગોને સામાજિક ન્યાય આપવા કરતાંયે કશુંક વિશેષ આપવા માટે અંતરનો ઉમળકો જોઈએ. પોતે જેમની સેવા કરે છે તે આમપ્રજા સાથે છૂટથી હળીભળી જવાની તેનામાં હોંશ જોઈએ, જેથી વિશિષ્ટ વર્ગો અને આમવર્ગો વચ્ચેનું અંતર દૂર થઈ શકે.

## પછાતવર્ગો નોકરીમાં હોવાથી કાર્યક્ષમતા ઘટતી નથી

૨૦૯. મદ્રાસ, આંધ્ર, ત્રાવણકોર-કોચીન અને મૈસૂર રાજ્યો, જ્યાં અમુક અનામત પ્રમાણની બેઠકો માટે પછાતવર્ગોમાંથી ઉમેદવારો ભરતી કરવાની પદ્ધતિ છેલ્લા કેટલાક દાયકાથી અમલમાં છે ત્યાં સરકારી કચેરીઓમાં કાર્યક્ષમતા ઓછી હોવાની કોઈ ફરિયાદ ઉપલા વર્ગો તરફથી થઈ નહોતી. એ રાજ્યોમાં ઘણી બધી અગત્યની જગાઓ પર અન્ય પછાતવર્ગોના માણસો હતા, અને વહીવટી તંત્ર અને લોકો વચ્ચે સારો એવો મેળ જોવા મળ્યો હતો. તેમ છતાં એ સ્વીકારવું પડશે કે પછાત કોમોની આસપાસનું વાતાવરણ એમનામાં શુદ્ધ પાંડિત્યના શિક્ષણ માટેની કોઈ વિશિષ્ટ યોગ્યતા ખીલવે એવું પોષક નથી. આ બાબતમાં કેટલાક પ્રશસ્ય અપવાદો હશે. પરંતુ એકંદરે આ વર્ગોના સામાન્ય સમૂહને જાહેર પરીક્ષાની, ખાસ કરીને શુદ્ધ પાંડિત્યના પ્રકારની હરીફાઈમાં ઊતરવાનું હજી ઘણાં વર્ષો સુધી અઘરું લાગશે. અલબત્ત, શિક્ષણની પૂરતી સગવડો અને ભરતી થયા પછી યોગ્ય તાલીમ આપવામાં આવશે તો તેઓ સરકારી નોકરી સારી સફળતાપૂર્વક બજાવી શકશે.



## કાર્યક્ષમતાની દલીલ પાછળનો ભય

૨૧૦. કાર્યક્ષમતાની દલીલ પાછળ એવો ભય છુપાયેલો હશે કે પછાત કોમોના ઉમેદવારો મોટી સંખ્યામાં ભરાઈ જશે તો સરકારનાં જુદાં જુદાં ખાતાંમાં સુધરેલા વર્ગો હાલ જે ઇજારો ભોગવે છે તે ઘટી જશે. આખરે આ ભય સ્થાપિત હિતોનો છે. માણસને તાલીમ, શિસ્ત અને સહકાર મળે તોપણ તે પ્રગતિ ના કરી શકે એ માન્યતા અશાસ્ત્રીય છે. આધુનિક માનસશાસ્ત્ર ભરતીમાં રખાતા ભેદભાવને કોઈ રીતે વાજબી ગણતું નથી.

## બ્રિટિશ રાજ્ય અને સ્વરાજ્યનો તફાવત

૨૧૧. અંગ્રેજ રાજકર્તાઓની શૈક્ષણિક નીતિ મુખ્યત્વે હિંદીઓને વહીવટી તંત્રની નીચલી પાયરીની જગાઓ પૂરવા માટે તૈયાર કરવાની હતી. ચડિયાતો સામાજિક દરજ્જો ભોગવતા ઉપલા વર્ગોએ અંગ્રેજો તરફથી અપાયેલી સગવડોનો સ્વાભાવિક જ લાભ ઉઠાવ્યો. તદુપરાંત, લગભગ બધી જ શિક્ષણસંસ્થાઓ શહેરો અને કસબાઓમાં સ્થાપવામાં આવી હતી. ગામડાંની વિશાળ વસ્તીના લાભાર્થે કોઈ સગવડો ઊભી કરવામાં કે વિચારવામાં આવી નહોતી. અંગ્રેજોને મુખ્યત્વે કરવેરા ઉઘરાવવામાં અને કાયદો ને વ્યવસ્થા જાળવવામાં રસ હતો. આથી વહીવટી તંત્રની આ શાખાઓ માટે લાયક નીવડે એવા લોકોની જ એમને જરૂર હતી. હકીકતમાં, તે વખતના તંત્રવાહકોએ ખાસ કરીને સરકાર અને રૈયત વચ્ચે કોઈ ખાસ ગાઢ સંપર્ક સ્થાપવા કશુંય ઉત્તેજન આપ્યું નહોતું. આ દૃષ્ટિએ અધિકારીઓ પણ શ્રમિક વર્ગથી તદ્દન અલગ એવા મધ્યમ વર્ગમાંથી લેવામાં આવ્યા હતા. પરિણામે વહીવટી વર્ગ અને આમવર્ગ વચ્ચે એક ખાઈ પેદા થઈ હતી. આ સ્થિતિ વિદેશી અમલકર્તાઓને ખૂબ માફક આવી હતી, અને તેમણે એ નીતિ લાંબા વખત સુધી જારી રાખી હતી. રાજકીય જાગૃતિ વધવાથી

અને લોકોએ રાજકારભારમાં હિસ્સો મેળવવા આંદોલન શરૂ કરવાથી, મુસલમાનો, શીખો, ખ્રિસ્તીઓ, આંગ્લ-હિંદીઓ અને અનુસૂચિત જ્ઞાતિઓને નોકરીઓમાં પ્રતિનિધિત્વ આપીને તેમણે સલામતી સાધી હતી. દક્ષિણ હિંદમાં પછાતવર્ગના ઉત્કર્ષ માટેની ચળવળને પરિણામે સરકારી નોકરીઓમાં એ વર્ગોની ખાસ ભરતી કરવામાં આવી હતી.

આઝાદી આવ્યા પછી પરિસ્થિતિ સાવ બદલાઈ ગઈ છે. ભારત આત્મનિર્ભર થયું છે અને પ્રજાના તમામ વર્ગોને સામાજિક ન્યાય આપવાની તત્પરતા હવે આવી છે. વળી દેશે કલ્યાણરાજ્યનું પદ ધારણ કર્યું હોવાથી, વહીવટી તંત્રનું કાર્યક્ષેત્ર પણ પહેલાં કરતાં વિશાળ બન્યું છે. આ ક્ષેત્ર એટલું વ્યાપક બન્યું છે કે જીવનનું એક પણ પાસું એવું નથી કે જેની સાથે વહીવટી તંત્રને એક યા બીજી રીતે સંપર્ક ન હોય. વિકાસપ્રવૃત્તિનો વેગ વધવા સાથે વહીવટી તંત્રમાં નોકરોની સંખ્યા પણ વધારવી પડી છે. આને લીધે, રાજ્યના નવા સ્વરૂપમાં બંધ બેસે એવા વિવિધ પ્રકારના લોકોની ભરતી કરવાનું પણ જરૂરી બન્યું છે.

## પછાતવર્ગોને સ્થાન આપવું અનિવાર્ય છે

૨૧૨. ભારતના બંધારણમાં પ્રજાના નબળા વિભાગોને ખાસ રક્ષણની ખાતરી આપવાની અને સામાજિક તથા શૈક્ષણિક રીતે પછાત એવા વર્ગો માટે અનામત જગાઓ રાખવાની જોગવાઈઓ છે. વિવિધ કોમોને સામાજિક ન્યાય આપવાની જરૂરિયાત વિશે પણ બંધારણમાં ભાર મૂકવામાં આવ્યો છે. તે ઉપરાંત, અનુસૂચિત જ્ઞાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ માટે અનામતપણાનો સિદ્ધાંત ક્યારનોયે સ્વીકારવામાં આવ્યો છે અને ભારતભરમાં એનો અમલ થઈ રહ્યો છે. દક્ષિણ હિંદનાં કેટલાંક રાજ્યોમાં અને મુંબઈમાં પછાતવર્ગો માટે અનામતપણું ઘણાં વર્ષોથી અમલમાં છે. આથી અન્ય પછાતવર્ગો



પણ દેશના કારભારમાં પોતાને યોગ્ય હિસ્સો મળે એવી આકાંક્ષા સેવે એ કેવળ સ્વાભાવિક છે. પ્રતિનિધિત્વનો એમનો દાવો ઉત્તર હિંદનાં ઘણાંખરાં રાજ્યોમાં ક્યારનોયે પાકી ગયો છે. એટલે સરકારી નોકરીઓમાં પછાતવર્ગોના ઉમેદવારોને સારી સંખ્યામાં દાખલ નહીં કરવામાં આવે તો એ નોકરીઓમાં વિશ્વાસ પેદા નહીં થાય. રાજ્યે સ્વીકારેલી નવી કર્તવ્યભૂમિકામાં આમવર્ગનો વિશ્વાસ મેળવવાનું એટલું બધું જરૂરી છે કે જો એમ નહીં કરવામાં આવે તો વહીવટી તંત્ર કલ્યાણરાજ્યની નીતિને અમલમાં મૂકવાનું સાધન બની શકશે નહીં. એટલે પછાતવર્ગોની તમામ કોમોના પૂરતા પ્રતિનિધિત્વ માટેના દાવાની લાંબા વખત સુધી ઉપેક્ષા કરવાનું હવે શક્ય નથી.

## ઉપલા વર્ગોની દહેશત

૨૧૩. પછાતવર્ગો માટે મોટા પ્રમાણમાં બેઠકો અનામત રાખવાથી પોતાની હસ્તી મટી જશે એવી દહેશત કેટલાક સુધરેલા વર્ગો મનમાં રાખે છે તે ખરેખર વજૂદ વગરની છે. પછાતવર્ગોના ઉમેદવારોની ભરતી કરવાની દૃષ્ટિથી કોઈએ ક્યારે પણ એવી દરખાસ્ત કરી નથી કે હાલના અધિકારીવર્ગને વિખેરી નાખવો જોઈએ અથવા બદલી કાઢવો જોઈએ. માગણી એ છે કે હવે પછી જે જગાઓ ખાલી પડે તેમાંથી અમુક સંખ્યા અન્ય પછાતવર્ગો માટે અનામત રાખવી, કેમ કે એ વર્ગોને ખુલ્લી હરીફાઈનાં પરિણામ બાબત આત્મશ્રદ્ધા નથી. એ યાદ રાખવું જોઈએ કે ઉપલા વર્ગોથી જે મોટી સંખ્યામાં જગાઓ ભરાઈ ગઈ છે એની સરખામણીમાં વખતોવખત નીકળનારી જગાઓ ઘણી થોડી હોય છે. અહીં પણ અમુક ટકા જેટલી જગાઓ હંમેશાં જાહેર પરીક્ષા દ્વારા પૂરવાની હોય છે. વળી હાલ જે લોકો નોકરીમાં છે તેઓ નિવૃત્તિના સમય સુધી ચાલુ રહેવાના છે. આમ પછાત કોમોને સારી સંખ્યામાં નોકરીઓમાં ખેંચવાની ક્રિયા સ્વભાવે જ ધીમી છે.

મૈસૂર સરકારે આપેલા આંકડા દર્શાવે છે કે બ્રાહ્મણોની ટકાવારી ૬૯ ટકાથી ઘટાડીને આશરે ૩૯ ટકા સુધી લાવતાં ૩૦ વર્ષ જેટલો સમય વીત્યો હતો. રોજગારીનો વિસ્તાર વધવાથી, સુધરેલા વર્ગો સમેત સૌ કોઈ ને માટે, નક્કી કરેલી જગાઓ વાસ્તે સ્પર્ધામાં ઊતરવાનો અવકાશ પણ સાથે સાથે વધે છે. આથી એમની કુલ સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો થવાનો નજીકના ભવિષ્યમાં કોઈ ભય નથી.

## જ્ઞાતિવાદ કાયમ બનશે?

૨૧૪. ઉત્તર હિંદનાં રાજ્યોના કેટલાક પ્રતિનિધિઓએ એવો ભય વ્યક્ત કર્યો હતો કે પછાતવર્ગો માટે અનામત જગાઓ રાખવાથી જ્ઞાતિવાદ કાયમ બનશે અને એક વખત આપેલો વિશિષ્ટ હક પાછો નહીં ખેંચી શકાય. પણ કમનસીબે હકીકત એથી તદ્દન ઊલટી છે. આ પછાતવર્ગોને વહીવટી તંત્રમાં ભાગ લેતાં જ્ઞાતિવાદ જ અટકાવે છે. શ્રી જવાહરલાલ નેહરુએ તા. ૨જી ડિસેમ્બર, ૧૯૫૪ને રોજ કોંગ્રેસ સંસદીય પક્ષની બેઠકને સંબોધતાં નીચે મુજબના શબ્દો ઉચ્ચાર્યા હતા :

"ભૂતકાળમાં આપણે ક્યારે પણ સાચા અર્થમાં એક રાષ્ટ્ર તરીકે એકત્રિત નહોતા. હજી સુધી આપણે એક રાષ્ટ્રની જીવનદષ્ટિ કેળવી નથી. આપણને લાગે છે કે આપણે મંજિલે પહોંચી ગયા છીએ અને વિચ્છેદક બળોને ચાલુ રાખી શકીએ એમ છીએ. પરંતુ આપણે તો પ્રાંતવાદ, કોમવાદ કે જ્ઞાતિવાદ જે કંઈ હોય તેનો મુકાબલો કરવાનો છે. હું જ્ઞાતિવાદ પર ખાસ ભાર મૂકીશ, કારણ કે એ સૌથી વધારે ભયંકર મનોવૃત્તિ છે. આપણે જ્ઞાતિવાદની વાત કરીએ છીએ અને એને યોગ્ય રીતે જ વખોડીએ છીએ. બાકી એ હકીકત છે કે અર્ધો ડઝન અથવા દશ જેટલી કહેવાતી ઉપલી હિંદુ જ્ઞાતિઓનું દેશમાં વર્ચસ્વ છે. એ વિશે કોઈ શંકા નથી. અને જો હું જ્ઞાતિવાદ



દૂર કરવાની વાત કરું તો એથી એમ ન સમજતા કે થોડા લોકો ટોચે અને બીજા તળિયે એવું હાલનું વર્ગીકરણ હું કાયમ રાખવા ઇચ્છું છું. જો આપણે સમાનતા નહીં લાવીએ અથવા સમાન બનવાની વૃત્તિ નહીં રાખીએ તો જ્ઞાતિવાદ બહુ જ ભયંકર રીતે ફૂલશે-ફાલશે એમાં કોઈ શંકા નથી. એ જ્ઞાતિવાદ ખરેખર જૂની ઢબનો નહીં, પણ નવી ઢબનો હશે."

આ અર્થગર્ભ શબ્દો ઉપર દરેક દેશભક્તે વિચાર કરવો જોઈએ. જ્ઞાતિની લાગણી હજુ કેટલાંક વર્ષો સુધી ચાલુ રહેશે. પરંતુ જેમ જેમ અન્ય પછાત વર્ગોમાંથી શિક્ષિત માણસો વધારે મોટી સંખ્યામાં મળતા થશે તેમ તેમ ખુદ એમની અંદર પણ સ્પર્ધાની ભાવના સ્વાભાવિક રીતે જાગશે, અને આખરે તીવ્ર કોમી લાગણી ઘસાઈ જશે. બીજી બાજુ, જો આ નવી જાગૃતિને માન્ય રાખવાનો ઇનકાર થશે તો તેથી માત્ર જ્ઞાતિની લાગણીઓ પ્રબળ બનશે અને પછાત કોમોના મનમાં કડવાશની લાગણી રહી જશે. દક્ષિણમાં ચાલેલી ચળવળ મૂળમાં કોમવાદી હતી, પરંતુ રાષ્ટ્રવાદના વિશાળ આંદોલનમાં એનો કોમી રંગ ઊતરી ગયો. માટે સમયરંગ પારખી લઈ કડવાશનાં તમામ કારણો દૂર કરવામાં સલામતી છે. થોડાં વર્ષોમાં આ કોમો પોતે જ પોતાનું દૃષ્ટિબિંદુ વિશાળ કરવાની જરૂર સમજશે. એવી છાપ ન ઊઠવી જોઈએ કે ઉપલી જ્ઞાતિઓના હાથમાંથી હકો છીનવી લેવામાં આવ્યા છે. ઊલટું એવું સ્પષ્ટ કરવું જોઈએ કે અત્યંત શુભેચ્છાપૂર્વક આ હકોમાં બીજાઓની ભાગીદારી ઊભી કરવામાં આવી છે.

## સરકારી નોકરી અનાકર્ષક બનાવો

૨૧૫. સરકારી નોકરીમાં પગારનું ધોરણ, નોકરી ચાલુ રહેવાની ખાતરી, અધિકાર અને મોભો, તથા બીજા ઉપર ઉપકાર કરી શકવાનો અવકાશ — આ બધાં કારણોએ સરકારી નોકરીને અત્યંત

આકર્ષક બનાવી છે અને તેથી લોકો તે માટે ઝંખે છે. પુખ્તવયમતાધિકાર દાખલ થવાથી ખરું જોતાં સત્તા આમપ્રજાના હાથમાં આવી છે. આથી દેશના રાજ્યતંત્રમાં સ્થાન મેળવવાની આમવર્ગની મહેચ્છા દરેક રીતે વાજબી છે. સરકારી નોકરીઓ માટેની તીવ્ર ઇચ્છા ઓછી કરવાનો એક માર્ગ એ છે કે પગારમાં ઘટાડો કરીએ. નોકરીઓને બને એટલી અનાકર્ષક બનાવવી. સામાજિક ન્યાય અને કોમી એખલાસ બંને માગે છે કે સૌથી નીચી અને સૌથી ઊંચી પાયરીઓનાં પગારધોરણો વચ્ચે હાલ પ્રવર્તતી ચોંકાવનારી અસમાનતા ઘટાડવી જોઈએ. તાત્કાલિક નમ્ર શરૂઆત તરીકે સૌથી ઓછા અને સૌથી વધારે પગાર મેળવતા માણસોના પગારનું પરિમાણ ઘટાડીને ૧:૨૦ નું રાખવું જોઈએ. પરંતુ છેવટે આ પરિમાણ ૧:૧૦ સુધી નીચું લાવી દેવું જોઈએ. એમ થશે ત્યારે જ સરકારી નોકરીઓ પ્રત્યેનું આકર્ષણ ઓછું થવા માંડશે.

## કેટલા પ્રમાણમાં પ્રતિનિધિત્વ આપવું?

૨૧૬. અત્યારના સંજોગો ચાલુ રહે ત્યાં સુધી અન્ય પછાતવર્ગોના સરકારી નોકરીઓમાં પ્રતિનિધિત્વ માટેના દાવા મંજૂર રાખવા જ જોઈએ. એ પછીનો પ્રશ્ન નોકરીઓની કાર્યક્ષમતાને ખલેલ પહોંચાડ્યા વગર અન્ય પછાતવર્ગોને કેટલા પ્રમાણમાં પ્રતિનિધિત્વ આપવું તે છે. કાર્યક્ષમતાને આંચ આવે એવું અમે કોઈ પણ રીતે ઇચ્છતા નથી. પરંતુ કાર્યક્ષમતા જળવાય તે સાથે પ્રજાના તમામ વિભાગોને સામાજિક ન્યાય મળવો જોઈએ. આથી અમારો મત એવો છે કે જ્ઞાતિની કશી પણ ગણતરી વગર ઉત્તમ ઉમેદવારો માટે જાહેર પરીક્ષા રાખવી એવો નિયમ થવો જોઈએ. અનામત વિભાગોમાં પણ પછાત વર્ગોના લાયક ઉમેદવારોમાંથી જે ઉત્તમ હોય તેમને જ ભરતી કરવા જોઈએ.



પ્રતિનિધિત્વ કેટલા પ્રમાણમાં રાખવું તે વિશે વિવિધ દૃષ્ટિબિંદુઓ રજૂ થયાં હતાં. તે બધાનો વિચાર કરી નિર્ણય ઉપર આવવામાં અમે રાજ્યનું હિત, વહીવટી તંત્રનું કાર્યક્ષમ સંચાલન અને દેશની આમપ્રજાના કલ્યાણ માટે વહીવટી તંત્રની વધતી જતી કામગીરીનો ખ્યાલ કર્યો છે. વળી આ કોમો માટે ન્યાયી પ્રતિનિધિત્વ મેળવતાં લાંબો સમય જોઈશે એ પણ અમે ધ્યાનમાં રાખ્યું છે. આથી અમે ભલામણ કરીએ છીએ કે અન્ય પછાત વર્ગોની જે કોમોમાં શિક્ષણ પૂરતા પ્રમાણમાં ઊંચું હોય ત્યાં અનામત જગાઓ એ કોમોની વસ્તીના પ્રમાણમાં રાખવી. અમને ખબર છે કે આ પ્રમાણ રાજ્યે રાજ્યે વત્તું-ઓછું છે. અને કેટલાંક રાજ્યોમાં પછાત કોમોની વસ્તી ભેગી કરીએ તો ઘણી બધી વધી જાય છે. વસ્તીના પ્રમાણમાં જગાઓ અનામત રાખવાનો સિદ્ધાંત અનુસૂચિત જ્ઞાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ પ્રત્યે સ્વીકારાયો છે જ. જે કિસ્સાઓમાં ઉચ્ચ લાયકાતવાળા ઉમેદવારોને નોકરીઓમાં જવાનો પૂરતો અવકાશ રહેતો નથી તે સંબંધમાં અનામતપણાનું પ્રમાણ ઘટાડવાનું અમે વાજબી માન્યું છે. આ બધી બાબતો ધ્યાનમાં લઈને, બહુમતીએ લીધેલા નિર્ણય અનુસાર, અમે એવી ભલામણ કરીએ છીએ કે સરકારી અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની તમામ જગાઓ માટે અન્ય પછાત વર્ગોના પ્રતિનિધિત્વનું ઓછામાં ઓછું ધોરણ નીચે પ્રમાણે રહેશે :—

વર્ગ ૧ — ખાલી જગાઓના ૨૫ ટકા
વર્ગ ૨ — ખાલી જગાઓના ૩૩⅓ ટકા
વર્ગ ૩ }
વર્ગ ૪ } —ખાલી જગાઓના ૪૦ ટકા

અન્ય પછાત વર્ગોના પ્રતિનિધિત્વના પૂરતા પ્રમાણ અંગેની સમગ્ર પરિસ્થિતિની સમીક્ષા દશ વર્ષને અંતે, પંચે, અન્ય પછાતવર્ગોના જૂથમાં ગણાવેલી કોમોની વસ્તીના, ૧૯૬૧ની અથવા એથી વહેલી થયેલી વસ્તી ગણતરી દ્વારા મળતા, આંકડાને આધારે કરવી જોઈએ.

## ભરતી કરવાની પદ્ધતિ

૨૧૭. અનામત જગાઓ માટે ભરતી કરવાની પદ્ધતિ વિશે પણ જુદા જુદા મત પ્રવર્તતા હતા. હંગામી કે કાયમી, કોઈ પણ પ્રકારની નિમણૂક માટે ભરતીની પદ્ધતિ ગમે તે હોય, — જાહેર પરીક્ષા, પસંદગી કે રૂબરૂ મુલાકાત — પરંતુ ઉપર સૂચવાયેલી અનામત જગાઓ અન્ય પછાતવર્ગોના ઉમેદવારોને મેળવી આપવી જોઈએ. ભરતીના નિયમોને ચુસ્તપણે વળગી રહેવું અને નિયમના ભંગ બદલ સખત સજા ફરમાવવી એ જ ઉત્તમ ઉપાય છે.

## અનામત જગાઓની વહેંચણી

૨૧૮. આ સંબંધમાં વિચારવાનો બીજો અગત્યનો પ્રશ્ન એ છે કે અનામત રખાયેલી જગાઓ અન્ય પછાત વર્ગોની બનેલી તમામ કોમોમાં સરખે ભાગે વહેંચી આપવી જોઈએ. આ બાબતમાં પણ ભિન્ન ભિન્ન મંતવ્યો રજૂ કરવામાં આવ્યાં હતાં. ઘણા પ્રતિનિધિઓએ અમને ચેતવણી આપી હતી કે આવી કોઈ પદ્ધતિ નહીં યોજવામાં આવે તો સંભવ છે કે પછાત વર્ગોના આગળ પડતા સભ્યો બધું જ પ્રતિનિધિત્વ પડાવી જશે અને જે વધારે પછાત હશે તે રહી જશે. આ બાબતમાં બધાં રાજ્યો માટે અમે એકસરખો નિયમ સૂચવતા નથી. પરંતુ દેશમાં પ્રવર્તતા સંજોગો અને સામાજિક પરિસ્થિતિ જોતાં આ જૂથની બહુ પછાત અને પ્રતિનિધિત્વ નહીં પામેલી કોમો પર વધારે ધ્યાન આપવાની જરૂર છે. જુદાં જુદાં રાજ્યોમાં પ્રવર્તતી પરિસ્થિતિ અનુસાર વારાપદ્ધતિ જેવું કંઈક યોજવાથી જ આ થઈ શકે એમ છે. તેમ છતાં અમારી ભલામણ છે કે દરેક રાજ્યમાં પછાત જ્ઞાતિઓનું તેમની પ્રગતિના પ્રમાણ પ્રમાણે જૂથ બનાવી, જે જ્ઞાતિઓનું પ્રતિનિધિત્વ સૌથી ઓછું હોય તેમને અનામત બેઠકો પ્રથમ



આપવાનું રાખવું જોઈએ. આ પદ્ધતિને બધો વખત વળગી રહેવાની જરૂર નથી. દસ વર્ષ પછી આ પ્રશ્ન નવેસર વિચારાવો જોઈએ.

## ઉત્તમ ઉમેદવારો જ લેવા

૨૧૯. અમે સ્વીકારીએ છીએ કે માત્ર ઉત્તમ લાયકાતવાળા ઉમેદવારોને ટેકનિકલ જગાઓ માટે લેવા જોઈએ. અન્ય પછાતવર્ગોમાં હાલ તો આવા ઉમેદવારોની અછત છે. અમે અન્યત્ર ભલામણ કરી છે કે શૈક્ષણિક અને વિશેષ કરીને ટેકનિકલ સંસ્થાઓમાં અન્ય પછાતવર્ગોના વિદ્યાર્થીઓને વધુ ને વધુ સવલતો આપવી જોઈએ. વધારામાં, ઘણાં વર્ષો સુધી એક નીતિ નક્કી હોવી જોઈએ કે મહદંશે લાયકાત સરખી જ હોય ત્યારે પછાતવર્ગોના ઉમેદવારોને પહેલી પસંદગી આપવી.

## તાલીમનો પ્રબંધ

૨૨૦. અમે ભલામણ કરીએ છીએ કે જુદી જુદી જગાઓ માટે પસંદ કરાયેલા ઉમેદવારોની કાર્યક્ષમતા સુધારવા તાલીમની જરૂર લાગે તો એમને ઉમેદવારીના ગાળા દરમ્યાન વર્ષ યા બે વર્ષ માટે તાલીમ આપવી જોઈએ.

## જાહેર સેવા પંચમાં પછાત વર્ગોને અનામત જગા આપવા બાબત

૨૨૧. અનુસૂચિત જ્ઞાતિઓ અને જનજાતિઓ તેમ જ અન્ય પછાતવર્ગોના પ્રતિનિધિઓએ જાહેર સેવા પંચમાં પછાત વર્ગોને પ્રતિનિધિત્વ આપવાની માગણી કરી હતી. અમે આ સૂચનનો કાળજીપૂર્વક તલસ્પર્શી વિચાર કરી જોયો હતો.

અમે સ્વીકારીએ છીએ કે આ બાબતમાં પછાતવર્ગોના મનમાં

રહેલી દહેશત સરકારે હંમેશાં દૂર કરવાની હોય છે. અને તે છતાં અમારો છેવટનો મત એવો છે કે જાહેર સેવા પંચના સભ્યોની નિમણૂક કરતી વખતે જ્ઞાતિ કે કોમની ગણતરીને કોઈ અવકાશ ના હોવો જોઈએ અને સભ્યોની પસંદગી કેવળ લાયકાતને ધોરણે જ કરવી જોઈએ.

## ભરતી કરવાની નીતિનો અમલ કરવા પંચની નિમણૂક

૨૨૨. સરકારી નોકરીમાં ભરતી કરવાની નીતિનો યથાર્થ અમલ કરવા માટેનું તંત્ર ઊભું કરવા સંબંધમાં અનેક સૂચનો થયાં હતાં. આમાંનું સૌથી મહત્ત્વનું સૂચન, ઉપરના ફકરાઓમાં અમે જગાઓ અનામત રાખવાની નીતીની જે ભલામણ કરી છે તેનો યોગ્ય અને સંપૂર્ણ અમલ કરવા માટેની પૂરતી સત્તાઓ ધરાવતા એક પંચની નિમણૂક કરવા અંગેનું હતું. વળી સરકારી નોકરીઓમાં બિન-અનામત ભાગના બિન-પછાતવર્ગોની ફરિયાદો હોય તો તેના પર ધ્યાન આપવાની સત્તા આ પંચને આપવી એવું પણ સૂચન થયું હતું.

૨૨૩. આથી આ હેતુસર પૂરતી સત્તાઓ સહિતનું આવું પંચ નીમવાની અમે ભલામણ કરીએ છીએ. આ પંચમાં થોડા કસાયેલા અને અનુભવી વહીવટકર્તાઓ તથા સામાજિક કાર્યકરોનો સમાવેશ થવો જોઈએ. ઉપરની નીતિનો યથાયોગ્ય અમલ થાય તે માટે પંચની ચોક્કસ સત્તા અને કામગીરી કાળજીપૂર્વક નક્કી કરવી જોઈશે.



# પ્રકરણ સાતમું

## પછાતવર્ગોની પ્રગતિ માટે પ્રધાનની નિમણૂક

### પછાતવર્ગોની પ્રગતિ: એક તાકીદનો પ્રશ્ન

૧. પછાતવર્ગોમાં જાગૃતિ આવેલી છે. તેમને જીવનનાં તમામ ક્ષેત્રોમાં આગળ વધવા માટે સગવડો નહીં મળતી હોવાથી તેમનામાં બેચેની જણાય છે. એમના પ્રશ્નો હાલના કરતાં વિશાળ પાયા પર અને તાકીદને ધોરણે જો હાથ ધરવામાં નહિ આવે તો સમાજવિરોધી તત્ત્વો તેમના અસંતોષનો ગેરલાભ ઉઠાવી તેમનામાં કલહનું વલણ પ્રેરે એવો સંભવ છે. તેથી આ પ્રશ્ન વધારે અસરકારક રીતે અને સંકલિત સ્વરૂપે ઉકેલાય તે માટે ભારત સરકાર અને રાજ્ય સરકારો બંનેએ તમામ શક્તિ કામે લગાડવાની જરૂર છે.

### અલગ પ્રધાન કચેરી: તેની કામગીરી

૨. આ હેતુથી અમે ભલામણ કરીએ છીએ કે જેમ જરૂર પડ્યે પુનર્વસવાટ માટે પ્રધાનની નિમણૂક કરવામાં આવી હતી, તેમ તમામ પછાતવર્ગોની પ્રગતિ માટે કેન્દ્રમાં તેમ જ તમામ રાજ્યોમાં પ્રધાન કચેરી યોજવી જોઈએ. આ પ્રધાન કચેરીનું કામ વિવિધ સાધનો દ્વારા દલિતોદ્ધારનાં ચાલી રહેલાં કાર્યોનું સંકલન કરવાનું રહેશે. દલિતોની પ્રગતિ માટે ચોક્કસ યોજનાઓ ઘડાય, અને તેના અમલ માટે પૂરતાં નાણાંની જોગવાઈ થાય તે પણ એ કચેરી ધ્યાન રાખશે.

યોજનાઓ મંજૂર કરવી, નાણાં ફાળવવાં, કાર્યનું સંકલન કરવું, કાર્યકરોને તાલીમ આપવી વગેરે તમામ પ્રવૃત્તિઓ ઉપર આ કચેરીમાં એક અલગ ખાતું દેખરેખ રાખે એ જરૂરી છે. હાલનો લોકમત જોતાં, અમે એમ પણ સૂચવીએ છીએ કે આ ખાતામાં અનુસૂચિત જ્ઞાતિઓ, અનુસૂચિત જનજાતિઓ અને અન્ય પછાતવર્ગો એ દરેકના પ્રશ્નોનો વહીવટ અલગ અલગ થાય તે માટે તદ્દન જુદા જુદા વિભાગો હોવા જોઈએ. ફાળવેલાં નાણાં પ્રથમ તો જે તે વર્ગનું નામ પાડીને અલગ રખાવાં જોઈએ, અને ખર્ચ પણ જે તે વર્ગને નામે ઉધારવું જોઈએ. કારણ કે એક વર્ગની કલ્યાણની યોજનાઓ બીજા કરતાં ભિન્ન હોય છે, અને નાણાંની રકમ અનુસૂચિત જ્ઞાતિઓ, અનુસૂચિત જનજાતિઓ અને અન્ય પછાતવર્ગોની તારાંકિત જ્ઞાતિઓ માટે વધારે જોઈશે. તેમ છતાં અંતિમ ધ્યેય તો આ બધાં જૂથોનું એક સામાન્ય સમાજરૂપે એકીકરણ કરવાનું છે. અને જ્યારે બધા વર્ગોની સામાન્ય પ્રગતિ પૂરતા પ્રમાણમાં થશે ત્યારે એ બધા અંગેનાં કામોનો વહીવટ એક એકમ તરીકે થઈ શકશે. હવે થનાર ચૂંટણી પછી એ ત્રણે વર્ગો એકબીજાની વધુ નજીક આવશે.

### સલાહકાર સમિતિ

૩. ઉપર નિર્દેશેલી પ્રધાન કચેરી અને તેમાં ખોલવાનું અલગ ખાતું — એ બંનેના કામ માટે લોકનેતાઓ, અનુભવી સમાજસેવકો અને પછાતવર્ગોના કેટલાક પ્રતિનિધિઓ સાથે સતત મસલત કરવાની જરૂર રહેશે. તેથી કેન્દ્રમાં તેમ જ રાજ્યોમાં પ્રધાન કચેરીને પછાત-વર્ગોના કલ્યાણનાં કાર્યોમાં મદદ કરવા એક સલાહકાર સમિતિ નીમવાની અમે ભલામણ કરીએ છીએ. વહીવટી નીતિના મુખ્ય પ્રશ્નો અને દલિતોદ્ધારની ચોક્કસ યોજનાઓ આ સમિતિ સમક્ષ અભિપ્રાય માટે રજૂ કરવી જોઈએ. સમિતિનું કર્તવ્ય માત્ર સલાહ આપવાનું રહે. એની વિગતો હિંદી સરકાર નક્કી કરે.



## પ્રકરણ આઠમું

## અનુદાન

### વાર્ષિક રૂ. ૨૦૦ કરોડનો અંદાજ

૧. હાલના સંજોગોમાં, અને ખાસ કરીને જ્ઞાતિપ્રથાને લીધે, લોકોદ્ધારની કેટલીક સામાન્ય યોજનાઓનો લાભ વસ્તીના નબળા વર્ગો સુધી પહોંચતો નથી અને જ્યાં તે નીચલા થર સુધી પહોંચે છે ત્યાં પણ તે અલ્પ પ્રમાણમાં હોય છે. તેથી તદ્દન પછાત જ્ઞાતિઓ માટે એમનું નામ પાડીને ખાસ જોગવાઈઓ કરવાનું જરૂરી છે. અમારા ધ્યાનમાં આવ્યું છે કે પહેલી જ વાર હિંદ સરકારે ૧૯૫૫–૫૬ના અંદાજપત્રકમાં અન્ય પછાત વર્ગો માટે માત્ર રૂ. ૧૬૦ લાખની અલગ જોગવાઈ કરી છે. પરંતુ અમારો અભિપ્રાય એવો છે કે આ પ્રશ્ન ઘણો વિશાળ હોવાથી અને ભૂતકાળમાં તેની ઉપેક્ષા થયેલી હોવાથી, હવે પછીનાં વર્ષોમાં આનાથી ઘણી વધારે મોટી રકમની જોગવાઈ કરવી જોઈશે, જેથી પછાતપણું ઝડપથી નાબૂદ થાય. અમારી ગણતરી પ્રમાણે, પાંચ વર્ષના ગાળાને હિસાબે, આ કામ માટે ઓછામાં ઓછી રૂ. ૨૦૦ કરોડની રકમ જોઈએ.

૨. આગલાં પ્રકરણમાં અમે ચર્ચેલા ઉપાયો સામાન્ય સ્વરૂપના છે. તેનાથી અન્ય પછાત વર્ગોને લાભ થશે, એટલું જ નહીં, પણ તે દેશના સામાન્ય અર્થતંત્રને પણ મજબૂત બનાવશે. આમ છતાં પછાત વર્ગો માટે નીચેની બાબતોની અમે ખાસ ભલામણ કરીએ છીએ.

## બુનિયાદી શાળાઓ

(૧) ગ્રામ વિસ્તારોમાં શાળાઓ સ્થાપવી અને હાલની પ્રાથમિક શાળાઓને બુનિયાદી પ્રકારમાં ફેરવી નાખવી — એને તાકીદના કાર્ય તરીકે સ્વીકારવું જોઈએ. આ શાળાઓમાં પછાત વર્ગનાં બાળકોને આકર્ષવા ખાસ પ્રયત્નો કરવા જોઈએ. તેઓ અત્યંત ગરીબ હોવાથી, તેમને પુસ્તકો, લેખનસામગ્રી અને કપડાં માટે ખાસ અનુદાનની જરૂર રહે છે. બુનિયાદી શિક્ષણનાં સાધનોનું ખર્ચ પણ ઘણાને આપવું જોઈએ.

કેળવણી ખાતાએ આપેલા આંકડા પ્રમાણે, ૬થી ૧૪ વર્ષનાં શાળાએ જવાની ઉંમરનાં બાળકોની કુલ વસ્તી ૪½ કરોડ છે. તે પૈકી ૧૯૫૨–૫૩માં ૧૯૨ લાખ છોકરા-છોકરીઓ શાળાઓનાં દફતરે નોંધાયેલાં હતાં. આ પ્રાથમિક શાળાઓમાં ૧૯૫૧માં ભણનાર પછાત વર્ગોનાં છોકરા-છોકરીઓની સંખ્યા ૫૭ લાખ હતી. તે પછી સગવડો વધી છે અને અમારી ભલામણોને પરિણામે વધારે બાળકો શાળામાં જતાં થશે. એટલે એ સંખ્યા હવે પછી આશરે ૧૦૦ લાખ તમામ પછાત વર્ગોની અને ૭૦ લાખ અન્ય પછાત વર્ગોની થશે, એમ અંદાજ બાંધી શકાય. આ પૈકી લગભગ ૫૦ ટકાને ચોપડીઓ અને કપડાંની મદદ આપવી પડે. બુનિયાદી શાળાઓ થોડી હોવાથી, એમાં ભણનારની સંખ્યા નાની હશે એમ માન્યું છે. તે પૈકી ૨૫ ટકાને શિક્ષણનાં સાધનોની જરૂર પડશે. આ માટે રૂ. ૬) ચોપડીઓના, રૂ. ૨૦) કપડાંના અને રૂ. ૧૦) સાધનોના દર વર્ષે દર વિદ્યાર્થી દીઠ ખર્ચવા પડે એવી અમારી ગણતરી છે.

## ઉચ્ચ બુનિયાદી શિક્ષણ

(૨) ૧૯૫૨–૫૩ના આંકડાને આધારે અમે બાંધેલા અંદાજ



પ્રમાણે, આ કક્ષાના શિક્ષણ માટે આશરે ૨.૮ લાખ વિદ્યાર્થીઓને નીચેની વિગતે મદદ આપવી પડે:

(૧) દરેકને વાર્ષિક રૂ. ૫૦) લેખે છોકરા-છોકરીઓને પુસ્તકોની મદદ.

(૨) દરેકને વાર્ષિક રૂ. ૨૫) લેખે ફીમાં મદદ.

(૩) શિષ્યવૃત્તિઓ (દરેકને વાર્ષિક રૂ. ૨૦૦ લેખે) ૧.૪ લાખ છોકરા-છોકરીઓને માધ્યમિક શાળાઓનાં છાત્રાલયોના ખર્ચ માટે.

## ઉત્તર બુનિયાદી અથવા મેટ્રિક પછીનું શિક્ષણ

(૩) આ કક્ષાના શિક્ષણમાં સામાન્ય, વૈજ્ઞાનિક અને ઔદ્યોગિક શિક્ષણનો સમાવેશ થાય છે. તેમાં ઓછામાં ઓછા ૯૦,૦૦૦ વિદ્યાર્થીઓને આર્થિક મદદ આપવી પડે એવો અંદાજ છે. તે માટે વિદ્યાર્થી દીઠ વાર્ષિક રૂ. ૬૦૦ની સરેરાશ ગણતરી અમે કરેલી છે.

એ રીતે ૫૦૦ વિદ્યાર્થીઓ ભારતમાં અનુસ્નાતક અને સંશોધનના અભ્યાસક્રમો લે એવો અંદાજ છે. તેમને માટે આખા અભ્યાસક્રમ ખાતે વિદ્યાર્થી દીઠ વાર્ષિક રૂ. ૫૦૦૦ની ગણતરી કરેલી છે.

પરદેશોમાં ઉચ્ચ કક્ષાના અભ્યાસક્રમોમાં ૧૫૦ વિદ્યાર્થીઓ જોડાય, એ અંદાજે વિદ્યાર્થી દીઠ આખા અભ્યાસક્રમ ખાતે રૂ. ૨૦,૦૦૦ ગણ્યા છે.

## સમતા આશ્રમો

(૪) જ્ઞાતિભેદ દૂર કરવા અને સામાજિક સુમેળ સ્થાપવા આ આશ્રમો સ્થાપવાની અમે ભલામણ કરેલી છે. તે માટે નીચેના ખર્ચની ગણતરી કરેલી છે :

(અ) સમતા આશ્રમોને અનુદાન — વિદ્યાર્થી દીઠ વાર્ષિક રૂ. ૬૦) લેખે અન્ય પછાત વર્ગોના આશરે ૨.૩ લાખ વિદ્યાર્થીઓને રહેવા માટે.

(આ) ગ્રામ વિસ્તારોમાં ૨ લાખ વિદ્યાર્થીઓ સારુ નવા સમતા આશ્રમો સ્થાપવા માટે. એક આશ્રમમાં ૫૦ છોકરાઓ રહે, એ હિસાબે ચારસો આશ્રમો, એકના રૂ. ૨૫૦૦૦) લેખે સ્થાપવાના.

**સ્ત્રીઓ**

(૫) ગ્રામ વિસ્તારોમાં અને ખાસ કરીને અન્ય પછાત વર્ગોમાં સ્ત્રીઓ ઘણી પછાત હોવાથી, તેમને ગૃહઉદ્યોગો અને ગૃહવિજ્ઞાનનું શિક્ષણ આપવાની ખાસ જોગવાઈ થવી જોઈએ. જેમને આવી મદદની જરૂર છે તેમની સંખ્યા નક્કી ન થઈ શકી હોવાથી તેમનું નીચે મુજબ વર્ગીકરણ કરી અંદાજી રકમો ફાળવવામાં આવી છે:

(૧) પ્રૌઢ સ્ત્રીઓ (કળાઓ, ગૃહઉદ્યોગો અને ગૃહવિજ્ઞાન)

(૨) ૧૦થી ૧૪ વર્ષની કન્યાઓ (ઉપર પ્રમાણે વિષયો)

(૩) સ્ત્રીઓ માટે શિક્ષણ, નર્સિંગ અને સમાજસેવાનું શિક્ષણ.

**પતિત સ્ત્રીઓ વગેરે**

(૬) પતિત સ્ત્રીઓ, રખડતાં બાળકો, રખડતી જાતિઓ, ધંધાદારી ભિખારીઓ અને વિમુક્ત જાતિઓ — આ સર્વની સંભાળ અને ઉદ્ધાર માટે તાકીદે યોજનાઓ કરવાની જરૂર છે. આ માટે અમે ગણતરી કરેલી છે.

**સંસ્થાઓ**

(૭) સમાજસેવાનાં કામો કરનારી સંસ્થાઓ બિનરાજકીય



અને બિનકોમી હોવી જોઈએ. તેમણે સામાજિક સુમેળ અને સંગઠન માટે કામ કરવું જોઈએ. આવી સંસ્થાઓને અનુદાન આપવાની અમે ગણતરી કરેલી છે.

**મકાનો**

(૮) ગ્રામવિસ્તારોમાં રહેઠાણોની તીવ્ર તંગી પ્રવર્તે છે. તેથી અમે પછાત વર્ગોનાં રહેઠાણો માટે યોજના રજૂ કરી છે. અમે સૂચવ્યું છે કે આવતાં દસ વર્ષમાં ૫૦ લાખ મકાનો બાંધવાં જોઈએ. આ પૈકી ૫ ટકાને એક મકાન દીઠ ૭૫ ટકા સુધી નાણાંની મદદ, અને બાકીનાને સહેલા હપતાથી ભરપાઈ થઈ શકે તેવું કરજ ધીરવાની અમે ભલામણ કરી છે. આ કાર્યક્રમ મુજબ વાર્ષિક રૂ. ૫૦ કરોડ કરજે ધીરવા જોઈશે. આ કરજ ગરીબોને વગર વ્યાજે આપવાનું હોવાથી તેના વ્યાજની અમે અમારા અંદાજમાં ગણતરી કરેલી છે.

**ગૃહઉદ્યોગો અને ગ્રામઉદ્યોગો**

(૯) આને માટે નાણાં કરજે ધીરવાની અમે ભલામણ કરેલી છે. આ માટે રૂ. ૧૦૦ કરોડની ગણતરી અમે કરેલી છે. એ રકમ સામાન્ય પદ્ધતિએ કરજે આપવાની ભલામણ છે.

**અનુદાનની શરતો**

(૧) અનુસૂચિત જ્ઞાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ અન્ય પછાત વર્ગોની કક્ષાએ પહોંચે તેવી પ્રગતિ થાય ત્યાં સુધી આ ત્રણે જૂથોને માટે અલગ અલગ અનુદાનની રકમો ફાળવવી જોઈએ, એવો અમારો અભિપ્રાય છે.

(૨) અન્ય પછાત વર્ગોની સ્થિતિ સુધારવા માટે જે નાણાં

ફાળવવામાં આવે તે અત્રે સૂચવેલા કેન્દ્ર તેમ જ રાજ્યોના આ વિષયના અલગ ખાતાએ મંજૂર કરેલી યોજનાઓને ધોરણે હોવાં જોઈએ.

(૩) વિવિધ યોજનાઓ માટે ફાળવેલાં નાણાં સામાન્ય રીતે વસ્તીને ધોરણે દરેક રાજ્યને વહેંચી આપવાં જોઈએ. એક બીજી વાત પણ ધ્યાનમાં લેવી જોઈએ. તે એ કે કેટલાંક રાજ્યો પોતે એટલાં પછાત છે કે તેમને છૂટથી નાણાં ખર્ચવાની સગવડ આપવામાં આવે તોપણ તેઓ પ્રગતિ માટે જરૂરી સંજોગો પૂરા પાડી શકે તેમ નથી. એવાં રાજ્યોને ખાસ વધારે અનુદાન આપવાં પડશે. રાજ્યો જે યોજનાઓ ઘડે અને જેને કેન્દ્ર મંજૂર રાખે તે કેન્દ્રમાં આ માટે ખોલેલા અલગ ખાતાની નીતિ અનુસાર હોવી જોઈએ. રાજ્યોમાં ફાળવેલી રકમો — શક્ય હોય ત્યાં સુધી અન્ય પછાત જ્ઞાતિઓની વસ્તીને ધોરણે — વિગતથી વહેંચાવી જોઈએ. એમ કરવામાં અન્ય પછાત જ્ઞાતિઓ પૈકી તારાંકિત જ્ઞાતિઓને પ્રથમ પસંદગી આપવી જોઈએ.



## યાદીઓ

૧. મુંબઈ રાજ્ય (ગુજરાત સહિત)

૨. કચ્છ

૩. સૌરાષ્ટ્ર

# યાદીઓ

સરકારના આદેશ અનુસાર આ પંચે અન્ય પછાત વર્ગોની યાદીઓ તૈયાર કરવાની હતી. તે ઉપરાંત અનુસૂચિત જ્ઞાતિઓ અને અનુસૂચિત જનજાતિઓની સરકારે અગાઉ પ્રસિદ્ધ કરેલી યાદીઓ તપાસી જઈ તેમાં સુધારાવધારા સૂચવવાનું કામ આ પંચને રાષ્ટ્રપ્રમુખે સોંપ્યું હતું. તે મુજબ તૈયાર કરેલી યાદીઓ અલગ પુસ્તક રૂપે — આ અહેવાલના બીજા ભાગ રૂપે — અંગ્રેજીમાં પ્રગટ થયેલી છે. તેમાંથી ભૂતપૂર્વ મુંબઈ રાજ્ય (ગુજરાત સહિત), સૌરાષ્ટ્ર અને કચ્છની યાદીઓ અત્રે આપવામાં આવે છે.

**૧. મુંબઈ રાજ્ય** (ગુજરાત સહિત)

(અ) પછાત વર્ગ પંચે ભલામણ કર્યા મુજબ અન્ય પછાત વર્ગોની યાદી (નોંધ: જેની સામે તારાની નિશાની ( * ) કરી છે તે સૌથી પછાત જ્ઞાતિ સૂચવે છે).

| ક્રમાંક | જ્ઞાતિનું હિંદી નામ * | પરંપરાગત ધંધો | અંદાજે વસ્તી, ૧૯૫૧ની ગણતરી પ્રમાણે |
|---|---|---|---|
| ૧ | * અગસ | લિંગાયત જ્ઞાતિના ધોબી | (અપ્રાપ્ય) |
| ૨ | * આગ્રી | મીઠું બનાવનાર | ૩,૬૮,૩૬૦ |
| ૩ | અહીર | ભરવાડ, ખેડૂત | ૮૪,૨૦૩ |
| | અહીર સોનાર | સોની | (અપ્રાપ્ય) |

* આ ખાનામાં નામોની જોડણી મૂળ હિંદી પ્રમાણે છે.

| | | | |
|---|---|---|---|
| ૪ | (અક્કાસાલીગ સોનાર) | સોની | ૨,૬૨,૩૮૯ |
| ૫ | અલિટકર | ચમાર અને વેપારી | (અપ્રાપ્ય) |
| ૬ | * અલકારી | અલ્તા નામના છોડમાંથી લાલ રંગ બનાવનાર | ,, |
| ૭ | * અમ્બીગારૂ | હોડીઓ ચલાવનાર | ,, |
| ૮ | આરેર | — | ,, |
| ૯ | અતારી | અત્તર બનાવનાર | ,, |
| ૧૦ | * અટ્ટે વક્કલ | જંગલનાં લાકડાં બાળી રાખ બનાવી ખેતી કરનાર અને નેતરની ખેતી કરનાર | ,, |
| ૧૧ | બાબરીઆ | જમીનદાર | ,, |
| ૧૨ | બદાણી | — | ,, |
| ૧૩ | બઢાઈ | સુથાર | ,, |
| ૧૪ | બડગી | સુથાર માટે વપરાતો કાનડી શબ્દ | ,, |
| ૧૫ | વડગુજર | સૂતર કાંતનાર; ખેતમજૂર | ,, |
| ૧૬ | * બાગડી | કામળા વણનાર | ,, |
| ૧૭ | બાગ્રી<br>ગુજરાત બાઓરી<br>મારવાડ બાઓરી<br>મારવાડ વાઘરી<br>સલાટ વાઘરી | ભીખ માગનાર | ,, |
| ૧૮ | * બહુરૂપી | ફરતા નટ | ૧૫૭ |



| | | | |
|---|---|---|---|
| ૧૯ | વૈરાગી, બાવા, ગોસાવી, ગોસાઈ | સાધુઓ | અપ્રાપ્ય |
| ૨૦ | * વજાણિયા | ઢોલ વગાડનાર | ૮,૯૮૨ |
| ૨૧ | વાજીર | — | અપ્રાપ્ય |
| ૨૨ | * વાલસંતોષી | ભિખારી સાધુ | ૫૧ |
| ૨૩ | બાંદેકર, કોમ્તી, કુડાલે, મરાઠાવાણી, પેડણેકર, સંગમેશ્વરી, માર્વેકર, પટણે | વેપારીઓ | અપ્રાપ્ય |
| ૨૪ | બંધારા | રંગારા | અપ્રાપ્ય |
| ૨૫ | બાન્દી | વેશ્યાઓ અને ઘરકામ કરનાર | ,, |
| ૨૬ | * વટ્ટાલ | ટોપલી બનાવનાર | ,, |
| ૨૭ | બારથા | — | ,, |
| ૨૮ | બારી | નાગરવેલનાં પાન ઉગાડી વેચનાર | ,, |
| ૨૯ | બારિઆ, કોલી બારીઆ | ખેડૂત | ૧,૪૭,૮૧૧ |
| ૩૦ | * બારકર | ખેડૂત અને ઘરકામ કરનાર | અપ્રાપ્ય |
| ૩૧ | બારમેરા | — | ,, |
| | બાવા (જુઓ ક્રમાંક ૧૯) | સાધુઓ | ૭૧,૯૨૬ |

| | | | |
|---|---|---|---|
| ૩૨ | * બાજીગર | દોરડા ઉપર નૃત્યનો ખેલ કરનાર નટ | અપ્રાપ્ય |
| ૩૩ | * વેડર, બેરડ,<br>નાયક મક્કાલુ<br>નાયકવાડી, નાયકારુ<br>તલવાર, વાલ્મીકિ | ખેડૂત, ધાડ પાડનાર, મજૂર<br>ગ્રામ નોકરો | ૨,૯૨,૮૯૭ |
| ૩૪ | * બેલદાર | માટી ખોદનાર, પથ્થર ફોડનાર | ૧૬,૩૫૮ |
| | * બેરડ (જુઓ ક્રમાંક ૩૩) | ચોરી અને લૂંટ | અપ્રાપ્ય |
| ૩૫ | બેરિઆ<br>છારા, દાસ<br>ગુજરાતી કોલ્હાટી<br>કંજાર ભાટ<br>કંજારી, કંજર<br>સાંસીઆ | ચોર, ભિખારી, નકલ કરનાર | ,, |
| ૩૬ | બેસ્તર | માછીમાર | અપ્રાપ્ય |
| ૩૭ | ભાડભુંજા | ચણા શેકનાર | ૫૮૪ |
| ૩૮ | ભગિયા | — | અપ્રાપ્ય |
| ૩૯ | ભાટિયા | — | ,, |
| ૪૦ | ભાલ | — | ,, |
| ૪૧ | * ભાલ્યા | ઢોલ પીટનાર | ,, |



| | | | |
|---|---|---|---|
| ૪૨ | * ભામટા<br>ભામટા (રાજપૂત)<br>ડોંગ-દાસર<br>ઘંટીચોર, ઉચલ્યા | ખિસ્સા કાતરુ અને ચોર | ,, |
| | ભામટા (રાજપૂત)<br>(જુઓ ક્રમાંક ૪૨) | ચોરી કરનાર | ૩,૭૫૨ |
| ૪૩ | * ભાંડ | નટ, ખાણુ ખોદનાર | અપ્રાપ્ય |
| ૪૪ | ભંડારી, ભંડારા<br>(ગુજરાતમાં) | તાડી કાઢનાર અને ગાળનાર | ૩૭૭ |
| | ભંડારા (ગુજરાતમાં)<br>(જુઓ ક્રમાંક ૪૪) | ,, ,, | અપ્રાપ્ય |
| ૪૫ | ભરાડી | ભીખ માગનાર, નાચનાર | ૬,૦૮૫ |
| ૪૬ | ભરવાડ, રબારી | ઘેટાં ચારનાર | ૧૩,૫૨,૭૭૫ |
| ૪૭ | ભાટ | વંશાવળીઓ રાખનાર | ૩૩,૨૬૩ |
| ૪૮ | * ભાવૈયા, તરગાળા | ધાર્મિક નાટકો (ભવાઈ) કરનાર | ૧,૮૫૦ |
| ૪૯ | ભાવિણ | વેશ્યાઓ, મંદિરની પરિચારિકાઓ, નટીઓ | ૩,૪૯૮ |
| ૫૦ | ભાવસાર | કાપડ રંગનાર અને છાપનાર | ૩૨,૦૬૨ |
| ૫૧ | * ભિસ્તી, પખાલી | પાણી ભરનાર | ૧૪૪ |
| ૫૨ | * ભોઈ | માછીમાર, હોડી હાંકનાર, પાલખી ઊંચકનાર | ૯૬,૮૩૬ |
| ૫૩ | ભુક | — | અપ્રાપ્ય |

| | | | |
|---|---|---|---|
| ૫૪ | ભુપાર | — | અપ્રાપ્ય |
| ૫૫ | * ભુતે | ભિખારી | ૧૭૧ |
| ૫૬ | બિકાક | — | અપ્રાપ્ય |
| ૫૭ | બિલાસ નાયક | — | ,, |
| ૫૮ | * વિન્જારા, વંજારી, વંજારા | ખેડૂત | ,, |
| ૫૯ | બુગરી | કાચની બંગડી વેચનાર | ,, |
| ૬૦ | * બુડબુડકિ | રખડતા નસીબ જોનાર | ,, |
| ૬૧ | * બુગડી | રમકડાં બનાવનાર | ,, |
| ૬૨ | બુકકટીગર | — | ,, |
| ૬૩ | * બુરૂડ, મેદાર | સાદડી અને ટોપલી બનાવનાર | ૧૭,૮૨૬ |
| ૬૪ | * ચામડિયા | ચામડાં કમાવનાર અને તેનું કામ કરનાર | અપ્રાપ્ય |
| ૬૫ | * ચામઠા | ઘંટીના પથ્થર વેચનાર | ,, |
| ૬૬ | * ચંડલગાર | ચામડાનું કામ કરનાર | ,, |
| ૬૭ | * છપ્પરબન્દ | છાપરાં છાનાર, સિક્કા પાડનાર | ૨,૦૨૪ |
| ૬૮ | ચારણ, ધડવી | ઢોર ચરાવનાર, પ્રશસ્તિઓ ગાનાર અને ખેડૂત | ૧૯,૧૦૪ |
| ૬૯ | ચારોડી | — | અપ્રાપ્ય |
| | * છારા (જુઓ ક્રમાંક ૩૫) | ચોર, ભિખારી, નકલ કરનાર | ૨૭૬ |
| ૭૦ | ચતુર્થ | — | અપ્રાપ્ય |
| ૭૧ | ચૌકલશી | — | અપ્રાપ્ય |
| ૭૨ | ચિગરી બેટેગાર | શિકારીઓ | ,, |
| ૭૩ | છીપા (ગુજરાતમાં) | કાપડ છાપનાર | ,, |
| ૭૪ | * ચિત્રકથી | ચિત્રો બતાવનાર અને ભિખારી | ૭૭૨ |
| ૭૫ | * ચુનારી, લોનારી | ગધેડાં રાખનાર, ચૂનાની ભઠ્ઠી પર કામ કરનાર | અપ્રાપ્ય |
| ૭૬ | * ડબગર | ચામડાં કમાવનાર | ૧,૩૬૯ |
| ૭૭ | દરજી, શિમ્પી | દરજી | ૧,૯૦,૨૯૫ |
| | * દાસ (જુઓ ક્રમાંક ૩૫) | ભિખારી સાધુ | ૩૪ |
| ૭૮ | * ડવરી, ડવરી ગોસાવી, નાથ પાંથી | રખડતા નસીબ જોનાર | અપ્રાપ્ય |
*આ યાદી મૂળ પ્રકરણમાં આપેલી છે. અહીં તે આપી નથી.

## અન્ય પછાત વર્ગોની યાદી જ્ઞાતિને ધોરણે બનાવવી કે નહીં?

૨૭. આપણું ધ્યેય જ્ઞાતિહીન સમાજ રચવાનું છે, ત્યારે અત્યારે જ્ઞાતિવાદ અગાઉ કરતાં વધારે ફાલતો જણાય છે. એને અટકાવવા કોઈ જલદ પગલાં નહીં લેવામાં આવે તો તે પોતાની મેળે શમી જશે નહીં. જો 'અન્ય પછાત વર્ગો'ની યાદી જ્ઞાતિવાર બનાવવામાં આવશે તો તેનાથી એ વર્ગોને કંઈ પણ લાભ થવાને બદલે તે જ્ઞાતિવાદને મજબૂત કરવાનું અને કાયમ કરવાનું કામ કરશે.

૨૮. બીજું સંજોગો એવા છે કે આ પછાત વર્ગોની સંપૂર્ણ યાદી આપી શકાય તેમ નથી, કેમ કે માત્ર આગળ પડતી જ્ઞાતિઓ જ આ પંચ સમક્ષ પોતાની હકીકત રજૂ કરવા આવી હતી. જે સૌથી પછાત અને મૂંગો આમવર્ગ છે તેમની હકીકત તેમની વતી કોઈએ રજૂ કરી નથી. દરેક જ્ઞાતિ એમ માનતી જણાઈ હતી કે પછાત વર્ગોમાં જેમ વધારે જ્ઞાતિઓ સામેલ થશે તેમ પોતાને સરકાર તરફથી મળનાર લાભો ઓછા થશે.

બીજી બાજુ, દરેક રાજ્યમાં બિનપછાત અથવા સુધરેલી જ્ઞાતિઓની સંખ્યા ઘણી નાની હોવાથી તેમની યાદી બનાવવાનું કામ સહેલું છે.

૨૯. આથી મારો અભિપ્રાય એવો છે કે દરેક રાજ્યની બિન-પછાત અથવા સુધરેલી જ્ઞાતિઓની યાદી બનાવવી. તે કામ સહેલું છે અને તેમાં કોઈ જ્ઞાતિ રહી જવાનો ડર નથી. પછી આપણે કહી શકીશું કે આ યાદીમાંની જ્ઞાતિઓ, અનુસૂચિત જ્ઞાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ — એ ત્રણ જૂથ સિવાયના તમામ લોકોને પછાત ગણવા.

૩૦. હવે પ્રશ્ન એ થાય છે કે જો પછાત વર્ગોની યાદી જ્ઞાતિ-વાર નહીં બનાવતાં ઉપર સૂચવ્યા પ્રમાણે બનાવીએ તો એ વર્ગોમાંના



વધારે આગળ પડતા અને ચબરાક લોકો બધો લાભ ન ઉઠાવી જાય તે માટે શું કરવું? આને માટે નીચેની સૂચનાઓ કરવામાં આવી છે:

(૧) અન્ય પછાત વર્ગોની યાદી ઉપર સૂચવ્યા પ્રમાણે જ્ઞાતિ જણાવ્યા સિવાય બનાવ્યા પછી દરેક વ્યક્તિનો પ્રશ્ન અલગ રીતે તપાસી તેને શિક્ષણ કે નોકરીનો લાભ આપવો.

(૨) વ્યક્તિ ગમે તે જ્ઞાતિની હોય, પણ અમુક આર્થિક ધોરણ ઠરાવી તેથી ઉપરના કોઈને કશી સવલત આપવી નહીં. આ બાબતમાં પંચે સૂચવેલાં ધોરણો ઠરાવવાં.

(૩) મદદ માટે અરજી કરનાર નીચેની માહિતી પૂરી પાડે એવી તેમને સૂચના આપવી. આ માહિતી ખરી છે એવું પ્રમાણપત્ર જે તે સ્થળના કોઈ જવાબદાર માણસ આપે એવી પદ્ધતિ યોજવી. ખોટું પ્રમાણપત્ર આપનારને સખત શિક્ષા થશે એમ અરજી ઉપર લાલ શાહીથી છાપવું.

(અ) અરજદારના કુટુંબની આવક. જો કુટુંબના કોઈ સભ્ય સારી આવકની નોકરી કરતા હોય તો તેમના પગારની વિગત.

(આ) કુટુંબનાં જે બાળકો ભણતાં હોય તેમની સંખ્યા, તેમની ફીની રકમ અને જે વર્ગમાં તે ભણતાં હોય તેની વિગત.

(ઇ) કુટુંબમાં સ્નાતક અને પૂર્વસ્નાતકની સંખ્યા.

(ઈ) કુટુંબમાં સરકારી નોકરોની સંખ્યા.

(ઉ) અરજદારની જ્ઞાતિની અંદાજે વસ્તી.

૩૧. આ વિગતો ઉપરથી બાદબાકીની પદ્ધતિએ દરેક અરજદારની મદદ માટેની લાયકાત નક્કી થઈ શકે. દાખલા તરીકે, એક કુટુંબમાં

ઘણા સ્નાતક અને પૂર્વસ્નાતક હોય, તો જે કુટુંબમાં તે ઓછા હોય તેને પહેલી પસંદગી અપાય. એ જ રીતે આજ સુધી જે કુટુંબમાં વધારે સરકારી નોકરો હોય તેની સરકારી નોકરી માટે વધારે લાયકાત ગણાતી. હવે એથી ઊલટું ગણાવું જોઈએ. એટલે જે કુટુંબમાં સરકારી નોકરો વધારે હોય તેને કોઈ સવલતો ન આપવી જોઈએ.

## સરકારી નોકરીઓ

૩૨. દેખીતી રીતે જ સરકારી નોકરીઓ અમર્યાદિત નથી અને તે દરેકને સમાવી શકે નહીં. તેમ છતાં તમામ સરકારી નોકરીઓમાં લોકોના બધા વર્ગોને પ્રમાણસર સ્થાન આપવામાં આવે એ ઇષ્ટ છે. બીજા વર્ગોને ભોગે કોઈ એક વર્ગને સરકારી નોકરીઓના લાભ ભોગવવા દેવા જોઈએ નહીં. કમનસીબે સમાજના અમુક વર્ગને શોષિત અને દુઃખી રાખવામાં જ્ઞાતિભેદ મુખ્ય કારણ રહેલું છે. તેથી નીચલા થરના લોકોને સરકારી નોકરીઓમાં ન્યાયપુરઃસર સ્થાન આપવામાં આવશે તો તેથી હાલની સામાજિક, આર્થિક અને શૈક્ષણિક અસમાનતાઓ દૂર કરવામાં મોટી મદદ થશે.

પછાત વર્ગોને સરકારી નોકરીઓમાં અમુક જગાઓ અનામત આપવાની નીતિ બ્રિટિશ સમયથી અમલમાં છે. તેમ છતાં તેમને તેનો પૂરેપૂરો લાભ મળતો નથી. સૌથી વધુ આશ્ચર્યની વાત તો એ છે કે અનુસૂચિત જ્ઞાતિઓ અને અનુસૂચિત જનજાતિઓને મળેલા રાજકીય હકોની રૂએ તેમના પ્રતિનિધિઓ ધારાસભાઓમાં અને લોકસભામાં બેસે છે અને તેમના પ્રધાનો પણ દરેક સ્થળે છે. તેમ છતાં તેમને સરકારી નોકરીઓમાં મળેલા અનામત અધિકારોનો પૂરતો લાભ મળતો નથી. આ વિષયના સરકારી અહેવાલો વાંચતાં એમ સ્પષ્ટ થાય છે કે સરકારી નીતિનો અમલ કરવામાં અમલદારો બેદરકાર રહે છે, એટલું જ નહીં પણ સરકારની આ બાબતની આજ્ઞાઓનો અનાદર પણ કરે છે.



કારણ એ છે કે સરકારનાં તમામ ખાતાંમાં અગત્યની જગાઓએ ઉચ્ચ વર્ણના હિંદુઓ હોય છે. તેઓ માને છે કે જ્યાં સુધી આ જગાઓનો ઇજારો પોતાનો રહેશે ત્યાં સુધી જ તેમની નોકરી સલામત રહેશે. અને નીચલા વર્ગો બહુમતીમાં હોવાથી તેઓ ઉચ્ચ વર્ણના હિંદુઓને ગમે ત્યારે ઉથલાવી નાખશે. આથી મને એમ લાગે છે કે અન્ય પછાત વર્ગો માટે સરકારી નોકરીઓ અનામત રાખવાની જે ભલામણો પંચે કરી છે તે કાગળ ઉપર જ રહેશે ને તેમનો બરાબર અમલ થશે નહીં.

આનો ઉપાય એક જ જણાય છે કે જ્યાં સુધી ઉચ્ચનીચના જ્ઞાતિભેદો નાબૂદ નહીં થાય ત્યાં સુધી તમામ રાજકીય સત્તા કહેવાતા શૂદ્રોના — એટલે અનુસૂચિત જ્ઞાતિઓ, અનુસૂચિત જનજાતિઓ અને અન્ય પછાત વર્ગોના — હાથમાં સોંપી દેવી જોઈએ. મહાત્મા ગાંધીને પણ એમ જ લાગતું હતું.

આ દિશામાં શરૂઆત તરીકે નીચેના ચાર મુખ્ય વર્ગોના રાજકીય હકો તેમની વસ્તીના પ્રમાણમાં અનામત રાખવા જોઈએ :

૧ સુધરેલા અથવા બિનપછાત વર્ગો

૨ અન્ય પછાત વર્ગો

૩ અનુસૂચિત જ્ઞાતિઓ

૪ અનુસૂચિત જનજાતિઓ

જો આ વ્યવસ્થા બંધારણ સુધારીને કાયદાથી ન થઈ શકે તો કોંગ્રેસ પક્ષ તેને એક પ્રથા તરીકે અપનાવે અને લોકોને ખાતરી આપે કે ચૂંટણી માટે આ વર્ગોમાંથી સૌથી વધુ લાયક માણસોને પસંદ

કરવામાં આવશે. હાલના સંજોગોમાં ઓછામાં ઓછું આટલું તો કરવું જ જોઈએ.

## રાજકીય હકો: ચૂંટણીની નવી પદ્ધતિનું સૂચન

૩૩. જો ઉપરની સૂચના ન સ્વીકારાય તો તેને બદલે ચૂંટણીની એક નવી પદ્ધતિ છે જેને પરિણામે ગરીબ આમવર્ગ જે દેશની બહુમતી છે તે જ્ઞાતિ, ધર્મ કે અનામત વ્યવસ્થાના કોઈ ભેદ વિના પણ સત્તા મેળવી શકે તેમ છે. આ નવી પદ્ધતિ આર્થિક — પ્રાદેશિક સિદ્ધાંત ઉપર યોજવામાં આવી છે. તે જરા વિસ્તારથી સમજાવવી પડશે.

હાલની ચૂંટણીપદ્ધતિમાં દરેક ઉમેદવારે અનામત રકમ આપવી પડે છે, પોસ્ટરો અને જાહેરાતો છપાવવાં પડે છે અને તે વહેંચવા માણસો ભાડે લાવવા પડે છે; સભાસ્થાનો ગોઠવવાં પડે છે અને લોકોનો ટેકો મેળવવા વક્તાઓ રોકવા પડે છે; આ બધાને ખવડાવવું પડે છે અને તેમને માટે વાહનની વ્યવસ્થા કરવી પડે છે. આ બધું કાયદેસર ગણાય છે. પરંતુ તે ઉપરાંત, ચૂંટણીમાં જીત મેળવવા માટે ચૂંટણીની આગલી રાતે ગેરકાયદે નાણું છૂટથી વેરવાં પડે છે. જો કોઈ પણ માણસને ચૂંટણીમાં ઊભા રહેવું હોય તો તેનામાં આ બધું કરવાની શક્તિ જોઈએ. મધ્યમ વર્ગ, નીચલો મધ્યમ વર્ગ કે ખરેખર ગરીબ વર્ગને માટે આ અશક્ય છે. એટલે જે લોકો ધારાસભાઓમાં અને લોકસભાઓમાં ચૂંટાય છે અને જેઓ સરકાર બને છે તે ખરેખર તો વસ્તીના ૧૦ ટકા વર્ગમાંથી આવે છે. આને કોઈ રીતે લોકશાહી કહી શકાય? આમાં લોકશાહીનો સદંતર અભાવ નથી? અને તે હિંદના બંધારણમાં રહેલી ભાવનાનો નાશ કરતું નથી?

ગાંધીજીએ પોતાના મૃત્યુના એક દિવસ પહેલાં જ એક પ્રાર્થનાસભામાં કહ્યું હતું કે "જો મારા હાથમાં હોય તો હું એક કિસાનને વડો પ્રધાન



બનાવું, ગવર્નર જનરલ બનાવું અને બીજું બધું બનાવું, કેમ કે આ ભૂમિ કિસાનની છે અને તે લોકો એના બાદશાહ છે, પણ આપણે એમને આજે ગુલામ બનાવ્યા છે."

આજે શું બની રહ્યું છે? આજે તો પૈસાદારો અને પૈસાની થેલીઓ બધો પાઠ ભજવે છે અને કિસાનવર્ગના વિશાળ આમવર્ગની પ્રગતિ અને આબાદીની આડે આવે છે. હાલની ચૂંટણીપદ્ધતિ એક અસમાન સંગ્રામ રચે છે. એ એક અધર્મ-યુદ્ધ છે. એમાં નિર્બળને બળવાન સાથે લડવાનું કહેવામાં આવે છે. જે બંધારણ આવી અસમાન સ્પર્ધા ઊભી કરે તેમાં કંઈક મૂળગત રીતે ખોટું હોવું જોઈએ. તેથી સરકારે તાત્કાલિક એવાં પગલાં લેવાં જોઈએ કે જેથી દેશના વિરાટ આમવર્ગને ન્યાયી પ્રતિનિધિત્વ મળી રહે. આને માટે મારું સૂચન નીચે મુજબ છે:

ભારતનું પ્રજાસત્તાક અમલમાં આવ્યા પછી ભારત સરકારે બે પંચો નીમેલાં છે. એક મતદાર મંડળો નક્કી કરવા અને બીજું રાજ્યોની પુનર્રચના કરવા. એ રીતે એક ત્રીજું પંચ નીમવાની જરૂર છે. તેનું નામ 'પ્રતિનિધિત્વની પદ્ધતિઓ યોજનારું પંચ' એવું હોઈ શકે. તેનું કાર્ય લોકોના તમામ વર્ગોને ન્યાયી પ્રતિનિધિત્વ મળે એવી ચૂંટણીપદ્ધતિઓ શોધી કાઢવાનું હોય.

મને ખાતરી થઈ છે કે પ્રતિનિધિત્વની પદ્ધતિઓ જ્ઞાતિ, ધર્મ કે પછાત-બિનપછાતના ધોરણે નહીં પણ આવકને ધોરણે યોજેલી હોવી જોઈએ. આને માટે દરેક કુટુંબની આવક વસ્તીગણતરી મારફતે નક્કી થવી જોઈએ. એ માટે વસ્તીગણતરીનાં પત્રકોમાં એક ખાતું મતદારનું આવકજૂથ દર્શાવતું હોવું જોઈએ. આ રીતે પાંચ કે સાત આવકજૂથો પાડી શકાય — જેની વાર્ષિક આવક (૧) રૂ. ૫૦૦ કે તેથી ઓછી હોય; (૨) રૂ. ૫૦૦થી રૂ. ૧,૫૦૦ હોય; (૩) રૂ. ૧,૫૦૦થી

રૂ. ૨,૫૦૦ હોય; (૪) રૂ. ૨,૫૦૦થી રૂ. ૫,૦૦૦ હોય; (૫) રૂ. ૫,૦૦૦થી રૂ. ૧૨,૦૦૦ હોય; (૬) રૂ. ૧૨,૦૦૦થી રૂ. ૨૪,૦૦૦ હોય અને (૭) રૂ. ૨૪,૦૦૦, અને તેથી ઉપર હોય; એવાં કુટુંબો.

અત્યારે મતદાર મંડળો પ્રાદેશિક ધોરણે યોજેલાં છે. જે તે પ્રદેશમાંથી કોઈ પણ પ્રૌઢ વ્યક્તિ ચૂંટણી માટે ઉમેદવારી કરી શકે છે. આ પદ્ધતિએ જે માણસો ચૂંટણીમાં ઊભા રહે છે અને ચૂંટાઈ આવે છે તે પૈસાદાર હોય છે અથવા જેમને જરૂરી સાધનો મળી શકે તેવા હોય છે. પરંતુ ઉપર દર્શાવેલી આવક તથા પ્રાદેશિક મતદાર પદ્ધતિમાં જુદી જુદી આવકોવાળાને ચૂંટણી લડવાનું ક્ષેત્ર પોતપોતાના આવકજૂથ પૂરતું જ મર્યાદિત બનશે.

આનો અર્થ એ થાય કે રૂ. ૫૦૦ અને તેથી ઓછી આવક-જૂથનો મતદાર તે જ આવકજૂથમાંથી ઉમેદવારી કરી શકે. એ જ રીતે બીજાં મતદાર મંડળોનું સમજવું. ધારો કે દરેક મતદાર મંડળ એક લાખથી પંચોતર હજાર લોકોનું બનેલું છે અને તેમાંથી એક સભ્ય ચૂંટવાનો છે. આવા મતદાર મંડળમાં ૫૦ ટકા લોકો પ્રથમ આવકજૂથના — રૂ. ૫૦૦ અને તેથી ઓછી આવકના — હોય એમ મનાય છે. તેથી આવાં બે મતદાર મંડળો એકઠાં કરવામાં આવે તો તે આવકજૂથ માટે એક મતદાર મંડળ બને. આ રીતે બનેલા મતદાર મંડળની આવક જેમ વધારે તેમ તેનો પ્રાદેશિક વિસ્તાર વધતો જવાનો. એટલે કે, જેમ માણસ પૈસાદાર વધારે તેમ તેણે ચૂંટણી લડવા વધારે વિસ્તાર ખેડવો પડવાનો. અને એ યોગ્ય અને ન્યાયી પણ ગણાય. હું એથી આગળ જઈને એવું પણ સૂચન કરું છું કે પ્રથમ આવક-જૂથ માટે લાઉડસ્પીકરો, તંબૂઓ, શમિયાનાઓ, પોસ્ટરો, જાહેરાતો વગેરે પ્રકારનું ચૂંટણીખર્ચ સરકારે આપવું જોઈએ.

આ રીતે આવકજૂથોમાં આવતા લોકો અને એને આધારે



ધારાસભા કે લોકસભામાં ચૂંટાઈ આવેલા લોકોનો નીચલો પ્રથમ વર્ગ, મધ્યમ વર્ગ, ઉપલો મધ્યમ વર્ગ અને પૈસાદાર — એવા વર્ગો પાડી શકાય. આ પદ્ધતિએ સામ્યવાદ અને કોમવાદ બંનેનાં દૂષણો ટાળી શકાશે.

આ રીતે આવક તથા પ્રાદેશિક ધોરણે ચૂંટણીઓ થઈ શકે તે માટે બંધારણમાં જરૂરી ફેરફારો કરવા જોઈએ.

## પછાત વર્ગો માટે કેળવણીની સવલતો

૩૪. જે જ્ઞાતિઓ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત હોય તે પછાત વર્ગ ગણાય છે. કેટલીક જ્ઞાતિઓ એવી હોય છે કે જે શૈક્ષણિક રીતે પછાત હોય પણ સામાજિક રીતે પછાત ન હોય. પરંતુ એથી ઊલટું સાચું નથી — અલબત્ત, થોડા અપવાદ જતાં. એવા અપવાદોમાં શૈક્ષણિક લાભોને લીધે સામાજિક દરજ્જો આપો-આપ ઊંચો થાય છે. એટલે આપણે એમ કહીએ તો ચાલે કે જેઓ હજુ પણ સામાજિક રીતે નીચા હોય તેઓ અચૂક શૈક્ષણિક રીતે પણ નીચા હશે જ. એટલે જ્ઞાતિઓનું પછાતપણું ઠરાવવામાં સામાજિક સ્થિતિ એ વધુ અગત્યનું તત્ત્વ છે. ઘણા લોકો માને છે કે સામાજિક પછાતપણાનું મૂળ કારણ આર્થિક પછાતપણું છે. પરંતુ કંઈ નહીં તો હિંદ માટે તો આ સાચું નથી. આપણા વિદ્વાન અધ્યક્ષ પણ આ જ મતના છે. ઇતિહાસ પણ કહે છે કે તમામ કહેવાતા શૂદ્રો જેઓ આજે મોટે ભાગે પછાત વર્ગમાં છે તેમને મૂળ સામાજિક રીતે નીચા રાખવામાં આવ્યા હતા અને તેમને કંઈ પણ શિક્ષણ ન મળે એવું શાસ્ત્રનું ફરમાન હતું.

બધી હકીકતો જોતાં એટલું સ્પષ્ટ થાય છે કે કોઈ પણ જ્ઞાતિનું પછાતપણું દૂર કરવા માટે કેળવણીની સૌથી વધુ જરૂર છે.

હવે પ્રશ્ન એ છે કે પછાત વર્ગોની સામાજિક સ્થિતિ ઊંચે લાવવા માટે તેમને કયા પ્રકારના શિક્ષણની જરૂર છે? પ્રાથમિકની કે ઉચ્ચ શિક્ષણની? લોકો પોતાના નાગરિકત્વના હકો અને ફરજો સમજે તે હેતુથી તમામને માટે પ્રાથમિક શિક્ષણ જરૂરી છે. પરંતુ કોઈ પણ જ્ઞાતિનો સામાજિક દરજ્જો ઊંચો ચડાવવા માટે તો ઉચ્ચ કેળવણીની જરૂર છે.

માટે બંધારણમાં જણાવ્યા પ્રમાણે પ્રાથમિક અથવા ઉચ્ચતર માધ્યમિક કક્ષા સુધીનું શિક્ષણ આખા દેશ માટે મફત બનાવવું જોઈએ. ઉચ્ચ શિક્ષણ માટે પછાત વર્ગોને ખાસ સવલતો આપવી જોઈએ, જેથી કરીને તેઓ સુધરેલા વર્ગોની કક્ષાએ પહોંચી શકે.

પરંતુ પછાત વર્ગોના લોકો એટલા ગરીબ હોય છે કે બાળકોએ નાની ઉંમરથી કમાવાનું શરૂ કરવું પડે છે. તેઓ કેળવણીની કિંમત સમજતા નથી, તેથી બાળકોને ભાગ્યે જ શાળામાં મોકલે છે. તેથી પ્રાથમિક કક્ષાએ પણ શિષ્યવૃત્તિઓ અથવા બપોરના ભોજન જેવી લાલચો આપવાથી સારાં પરિણામો લાવી શકાશે.

ડૉ. આંબેડકરના અભિપ્રાય મુજબ, પછાત વર્ગોને માત્ર પ્રાથમિક શિક્ષણ જ આપવું જોઈએ એમ નહીં, પણ તેમનામાંથી તેજસ્વી વિદ્યાર્થીઓ પસંદ કરી તેમને પરદેશોમાં ઉચ્ચ શિક્ષણ લેવા મોકલવા જોઈએ. એ રીતે ઉચ્ચ શિક્ષણ પામેલા યુવાનોને અગત્યની જગાઓએ નોકરીઓ આપવી જોઈએ, જેથી કરીને તેઓ પોતાના હકનું રક્ષણ કરી શકે અને બીજાઓને તેમનું શોષણ કરતા અટકાવી શકે. હું આ વિચાર સાથે સંમત છું.

તેથી પંચ જે કંઈ સવલતોની ભલામણ કરે તે ઉપરાંત મારી સૂચના છે કે અનુસૂચિત જ્ઞાતિઓ, અનુસૂચિત જનજાતિઓ અને



અન્ય પછાત વર્ગો — એમ ત્રણે પ્રકારના પછાત વર્ગોના ઉચ્ચ શિક્ષણ માટે દર વર્ષે ત્રણ કરોડ રૂપિયા દસ વર્ષ માટે અનામત રાખવા જોઈએ. અને એ વર્ગોમાંથી ઉત્તમ વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે પરદેશ મોકલવા જોઈએ. તેઓ પાછા આવે ત્યારે તેમને સરકારી નોકરીઓમાં અપનાવી લેવા જોઈએ. એમની પાછળ શિક્ષણ માટે કરેલું ખર્ચ તેમના પગારમાંથી સરળ હપતા દ્વારા વસૂલ કરવું જોઈએ.

જો આ વર્ગોમાંથી એક વર્ષે પૂરતી સંખ્યામાં વિદ્યાર્થીઓ ન મળે તો વધેલા પૈસા સરકારને નહીં સોંપતાં એ રકમનો લાભ અન્ય વર્ગોના વિદ્યાર્થીઓને આપવો જોઈએ અને તેમાં નીચલા વર્ગને પ્રથમ પસંદગી આપવી જોઈએ.

આ શિષ્યવૃત્તિઓ ત્રણે પ્રકારના પછાત વર્ગોમાં વસ્તીને ધોરણે વહેંચવી જોઈએ.

## ગરીબો અને પછાત વર્ગોને કાયદાની મદદ આપવા બાબત

૩૫. આપણા દેશમાં જ્ઞાતિભેદ અને ગરીબાઈને લીધે ઉપલા વર્ગના લોકો નીચલા વર્ગનું શોષણ કરે છે. ગરીબોને કાયદાનું જ્ઞાન નહીં હોવાથી અથવા તેમને કાયદાની મદદ નહીં મળવાથી ઘણી વાર આ શોષણ શક્ય બને છે. આથી આ દેશમાં ગરીબોને અને ખાસ કરીને પછાત વર્ગોને કાયદાની મદદ મળે એવી વ્યવસ્થા કરવાની ખાસ જરૂર છે.

આ બાબતમાં કેટલાક સેવાભાવી વકીલોના પ્રયાસથી સરકાર તરફે કેટલોક વિચાર થયેલો છે. પરંતુ નાણાની તંગીને લીધે સરકાર આ બાબતમાં તાત્કાલીક કંઈ કરી શકે એમ લાગતું નથી. તેથી જ્યાં સુધી સરકાર કંઈ કરે નહીં ત્યાં સુધી નીચેની રૂપરેખા મુજબ કાયદાની મદદ આપનારાં મંડળો સ્થાપવાની મારી ભલામણ છે :

૧. કાનૂની મદદ આપનાર એક મધ્યસ્થ મંડળ સ્થાપવું. તેમાં વકીલો અને સામાન્ય માણસો સભ્ય હોય અને કેન્દ્ર સરકારના કાયદા-સભ્ય અધ્યક્ષ હોય. એમાં વકીલો માટે સભ્યફી ન રાખવી. પરંતુ જે વકીલો સભ્ય થાય તેમણે એવું જાહેર કરવું જોઈએ કે ઓછામાં ઓછા મહિને ચાર અથવા અઠવાડિયે એક લેખે તેઓ આ મંડળ વતી મફત મુકદ્દમા લેશે.

૨. સભ્ય થનાર તમામ સામાન્ય માણસો ઓછામાં ઓછા વાર્ષિક રૂ. ૫૦ અથવા માસિક રૂ. ૫ ફી આપે.

૩. આ મંડળના જે વકીલ સભ્યોએ ઓછામાં ઓછાં બે વર્ષ આ મંડળની સેવા બજાવી હોય તેમનામાંથી પબ્લિક પ્રૉસિક્યૂટર અથવા સરકારી વકીલની જગાએ નિમણૂકો કરવી. અને જે વકીલે આ મંડળ મારફતે ગરીબો અને પછાત વર્ગોના સૌથી વધુ મુકદ્દમા મફત ચલાવ્યા હોય તેને આ નિમણૂકો માટે પહેલી પસંદગી આપવી.

૪. આ મંડળની શાખાઓ તમામ રાજ્યોમાં રાખવી, જે તે રાજ્યના કાયદા પ્રધાન એના પ્રમુખ રહે. એ જ રીતે જે તે રાજ્યના દરેક જિલ્લામાં પણ આ મંડળની શાખા સ્થપાય. અને જિલ્લાના કલેક્ટર અને સેશન્સ જજ એના અધ્યક્ષ બને.

૫. આ મંડળના જે સભ્યો સામાન્ય માણસો હોય તેમનું એક અલગ જૂથ બને. તેમાંથી જ માનદ મૅજિસ્ટ્રેટો અને મુનસફો પસંદ થાય. અને તેમાં જેમણે આ મંડળ પાસે આવેલા સૌથી વધુ મુકદ્દમા ચલાવવામાં કે તેનું સમાધાન કરાવવામાં ફાળો આપ્યો હોય તેમને પ્રથમ પસંદગી મળે.

૬. ઉપર પ્રમાણે માનદ મૅજિસ્ટ્રેટો અને મુનસફો નીમવા ઉપરાંત ગ્રામવિસ્તારોમાં ન્યાય પંચાયતો યોજવી અને તેની હકૂમત



પંચાયતના કાયદા મુજબ ગામડાંમાં સ્થપાનાર ગ્રામપંચાયતો જેવી રાખવી.

૭. 'કાનૂની મદદ નિધિ' નામનો એક નિધિ સ્થાપવો. તેમાં નીચેની રીતે નાણાં મળે :

(૧) રાજ્ય અથવા કેન્દ્ર સરકારનો ફાળો.

(૨) સરકાર સિવાય અન્ય દાતાઓનો ફાળો.

(૩) હારેલા પ્રતિવાદી પાસેથી વસૂલ કરેલું ખર્ચ.

(૪) સામાન્ય માણસો સભ્ય થાય તેમની ફી.

(૫) મંડળ કરાવે તે ફી દરેક મદદ માગનાર અરજદાર આપે.

આ નિધિ કેન્દ્ર અથવા રાજ્યના કાનૂની મંડળના કબજામાં રહે. તે ઠરેલા નિયમો પ્રમાણે તેનો વહીવટ કરે.

૮. કેન્દ્ર તેમ જ રાજ્ય કક્ષાનાં આવાં મંડળો માટે પગારદાર મંત્રીઓ રાખવા.

૯. અન્ય વિગતો જરૂર પ્રમાણે યોજી શકાય.

## જાહેર સેવા પંચ

૩૬. દેશમાં પ્રવર્તતું હાલનું વાતાવરણ જોતાં, મારે ભલામણ કરવી પડે છે કે ઓછામાં ઓછાં પંદર વર્ષ માટે અથવા જ્યાં સુધી જ્ઞાતિપ્રથા નાબૂદ ન થાય ત્યાં સુધી, ત્રણે પ્રકારના પછાત વર્ગોમાંથી એક એક સભ્ય રાજ્ય તેમ જ કેન્દ્રના સેવા પંચમાં નીમવો જોઈએ.

## પછાત વર્ગ માટે પ્રધાન કચેરી

૩૭. તમામ રાજ્યોમાં અને કેન્દ્રમાં પછાત વર્ગો માટે પ્રધાન કચેરી સ્થાપવાની આ પંચને જરૂર લાગી છે. પણ તે માટે પ્રધાન

કોણ બને તે વિશે તેમણે કંઈ કહ્યું નથી. સંજોગો જોતાં મને લાગે છે કે જ્યાં સુધી જ્ઞાતિવાદ હયાત છે ત્યાં સુધી આ પ્રધાન કચેરીનો પ્રધાન હંમેશાં પછાત વર્ગોમાંથી હોવો જોઈએ. આવી નિમણૂક પછાત વર્ગોના લોકોમાં વિશ્વાસ પ્રેરશે, કેમ કે તેમને લાગશે કે તેમની ઉપેક્ષા થતી નથી. અને તેમનો જ માણસ તેમનું હિત જોવા બેઠો છે. બીજી બાજુ, આવી નિમણૂક સુધરેલી જ્ઞાતિઓને એક ચેતવણીરૂપ બની રહેશે કે જો તેઓ આ પછાત લોકોનું શોષણ બંધ કરશે નહીં અને તેમના વિચારો બદલશે નહીં તો તેમના પ્રત્યેનો પછાત વર્ગોનો વિશ્વાસ તેઓ ગુમાવશે.

## ઉપસંહાર

૩૮. પછાત વર્ગો તેમ જ સુધરેલા વર્ગો બંનેએ સમજવું જોઈએ કે તેમણે સાથે રહેવાનું છે અને સાથે મળીને સહકાર અને સહ-અસ્તિત્વના પાયા ઉપર એક વ્યવસ્થિત સમાજ રચવાનો છે. આમાં મુશ્કેલીઓ છે. અસમાનતાઓ આપણને વારસામાં મળેલી છે અને અત્યારે તે તીવ્ર સ્વરૂપમાં છે તેમ છતાં બંને વર્ગે સાથે ચાલવું જોઈશે. એમ થશે તો જ વર્ગહીન અને જ્ઞાતિહીન સમાજ સ્થાપવાનું અને અખંડ હિંદ સિદ્ધ કરવાનું ધ્યેય સાધી શકાશે.

વ્યક્તિસ્વાતંત્ર્ય અને પ્રજાઓની સ્વાધીનતાના આદર્શોનો એટલો પ્રચાર થયો છે કે પછાત વર્ગોમાં ખૂબ જાગૃતિ આવી છે અને તેઓ પોતાના હકો સિદ્ધ કરવા કટિબદ્ધ થયેલા છે. આ સંજોગો જોતાં, એ વર્ગોને ક્રમશઃ વધારે ને વધારે પ્રમાણમાં દેશના કારભારમાં હિસ્સો મળે તેવી નીતિ અપનાવવી જોઈએ. એમ કરતાં અન્યોન્ય લાગણી દુભાય નહીં તેની કાળજી રાખવી જોઈએ. અને અનિવાર્ય વિલંબ થાય તે પ્રત્યે ખામોશી રાખવી જોઈએ. આમ કરવા જતાં એક વર્ગે પોતાની જ્ઞાતિસહજ ઉચ્ચતાની ભાવના ત્યજવી પડશે, અને બીજા



વર્ગે સમજવું જોઈશે કે ભારતના રાજ્યબંધારણમાં મૂર્તિમંત થયેલા અને તેમના હૃદયનાં ઊંડાણમાં અંકિત થયેલા ભ્રાતૃભાવ અને સમાનતાના આદર્શો હાલના લોકશાહી માળખામાં કોઈ જાદુઈ લાકડીથી એકદમ વાસ્તવિક બની શકતા નથી.

પછાત વર્ગો અતિશય મોટી બહુમતીમાં હોવાથી સુધરેલા વર્ગો પાસેથી લોકશાહીને લીધે એક દિવસ સત્તા ઝૂંટવી લેશે. અને તેને લીધે બંને વર્ગો વચ્ચે કડવાશ થાય એ અનિવાર્ય છે. તેથી આવું બને તે પહેલાં જ સુધરેલા વર્ગે પછાત વર્ગો સાથે રાજકીય તેમ જ વહીવટી માળખામાં સહઅસ્તિત્વના સિદ્ધાન્ત ઉપર શાંતિથી સત્તાની વહેંચણી કરી લેવી જોઈએ. અંગ્રેજોએ આ રીતે જ, બ્રિટન અને હિંદ વચ્ચે મૈત્રી જાળવી રાખવાના હેતુથી જ હિંદીઓને સત્તા સોંપી હતી.

# મનન - ૨

## બક્ષીપંચની ભલામણો

# બક્ષીપંચની ભલામણો

અત્યાર સુધી આપણે ૧૯૫૩માં નિયુક્ત થયેલા પછાતવર્ગ પંચે રજૂ કરેલ અહેવાલનો અભ્યાસ કર્યો. આ અહેવાલ તા. ૩૦મી માર્ચ, ૧૯૫૫ના રોજ રાષ્ટ્રપતિ સમક્ષ અને તા. ૩જી સપ્ટેમ્બર, ૧૯૫૬ના રોજ બંને ગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો. બહુમતી સભ્યોએ એવી ભલામણ કરી હતી કે હિંદુ સમાજના પરંપરાગત વર્ણમાળખામાં કોઈ પણ જૂથનો નીચો સામાજિક દરજ્જો પછાતપણું નક્કી કરવા માટેનો મુખ્ય માપદંડ હોવો જોઈએ. પરંતુ સાથે એમ પણ સૂચવ્યું હતું કે પછાતપણાની વ્યાખ્યા નક્કી કરવા રાજ્ય સરકારોને પોતાનો આગવો માપદંડ પસંદ કરવાનો વિશેષાધિકાર હોવો જોઈએ.

ફેબ્રુઆરી ૧૯૫૩માં, તે વખતની સૌરાષ્ટ્ર સરકારે, સૌરાષ્ટ્રના પછાત વર્ગોની તપાસ કરીને તેની એક યાદી તૈયાર કરવા સારુ શ્રી પરીક્ષિતલાલ મજમુદારના અધ્યક્ષપદે 'પછાત વર્ગ તપાસ સમિતિ' નીમી હતી. આ સમિતિએ તેનો અહેવાલ ડિસેમ્બર ૧૯૫૩માં આપ્યો હતો. તેણે પછાત વર્ગોને (૧) અનુસૂચિત જ્ઞાતિઓ (૨) અનુસૂચિત જનજાતિઓ (૩) અન્ય પછાત વર્ગો — એ ત્રણ વિભાગોમાં વહેંચતી યાદી તૈયાર કરી હતી. અન્ય પછાત વર્ગોની યાદી તૈયાર કરતી વખતે સમિતિને સહાય માટે એકસરખા ઢાંચાની ભલામણ કરવાનું યોગ્ય ન લાગતાં ક, ખ, અને ગ એમ ત્રણ કક્ષામાં વિભાજિત કરી હતી.

અન્ય પછાત વર્ગોની કક્ષા 'ક'ની જાતિઓ અથવા જૂથો વધુ પછાત, કક્ષા 'ખ'ની જાતિઓ ઓછી પછાત અને કક્ષા 'ગ'ની જાતિઓ એથી પણ ઓછી પછાત ગણાતી હતી.

ભૂતપૂર્વ મુંબઈ રાજ્યનું મહારાષ્ટ્ર અને ગુજરાતમાં દ્વિભાજન થયા પછી મહારાષ્ટ્ર સરકારે નવેમ્બર, ૧૯૬૧માં "નોકરીઓમાં પછાત વર્ગો માટે અનામત જગ્યાઓ" અંગે અહેવાલ તૈયાર કરવા માટે શ્રી બી. ડી. દેશમુખના અધ્યક્ષપદે એક સમિતિની નિમણૂક કરી હતી. આ સમિતિએ એનો અહેવાલ સરકાર સમક્ષ જાન્યુઆરી ૧૯૬૪માં રજૂ કર્યો હતો.

કેરળમાં "શિક્ષણ-સંસ્થાઓમાં જગ્યાઓ અનામત રાખવા માટે કેરળ સરકારે ૮મી જુલાઈ ૧૯૬૪ના સરકારી ઠરાવથી શ્રી જી. કુમાર પિલ્લાઈના અધ્યક્ષપદે પંચની નિમણૂક કરી હતી. પંચને લોકોની સામાજિક અને શૈક્ષણિક પરિસ્થિતિ અંગે તપાસ કરવાનું અને કેરળ રાજ્યની અનુસૂચિત જ્ઞાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ સિવાયના કયા વિભાગોને સામાજિક અને શૈક્ષણિક દૃષ્ટિએ પછાત ગણવા અને એમ કરીને શિક્ષણ સંસ્થાઓમાં જગ્યાઓ અનામત રાખીને ખાસ સવલતોને પાત્ર ગણવા તે અંગે અહેવાલ આપવાનું જણાવવામાં આવ્યું હતું. આ પંચે એનો અહેવાલ નવેમ્બર ૧૯૭૦માં આપ્યો હતો. કર્ણાટક, આંધ્ર અને તામિલનાડુ રાજ્યોમાં પણ આ પ્રકારનાં પંચો રચાયાં હતાં. આ પ્રશ્નનું મહત્ત્વ ગુજરાત રાજ્યમાં પણ સમજાયું હતું અને અન્ય પછાત વર્ગોનાં હિતોના રક્ષણ માટે સ્વતંત્ર બોર્ડની નિમણૂક કરવા સારુ ૧૯૭૨માં વિધાનસભામાં હિલચાલ થઈ હતી. એને પરિણામે, શિક્ષણ અને મજૂરવિભાગના સરકારી ઠરાવ નં. એમ. બી. સી. ૧૫૭૨–૬૭૫૦૮–જના અન્વયે તા. ૮મી ઑગસ્ટ, ૧૯૭૨ના રોજ પંચની રચના કરવામાં આવી હતી. પંચની નિમણૂક કરતી વખતે



સરકાર શું વિચારતી હતી અને પંચે કઈ ભૂમિકા પર કામ કરવાનું હતું એના મુખ્ય મુદ્દા નીચે પ્રમાણે હતા :

(૧) પંચ રાજ્યમાં લોકો, જ્ઞાતિઓ, જાતિઓ કે આદિજાતિઓ અથવા જ્ઞાતિઓ કે જાતિઓ કે આદિજાતિઓમાંના ભાગો કે જૂથોની સામાજિક, શૈક્ષણિક અને અન્ય સંબંધિત પરિસ્થિતિ અંગે તપાસ કરશે અને એમાંના (અનુસૂચિત જ્ઞાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ સિવાયના બીજા) કયા વિભાગ/વિભાગોને સામાજિક દૃષ્ટિએ, શિક્ષણની દૃષ્ટિએ અને બીજી કોઈ રીતે પછાત ગણવા અને તેથી ભારતના સંવિધાનની જુદી જુદી કલમોની જોગવાઈઓને અનુલક્ષીને રાજ્યમાં અનુસૂચિત જ્ઞાતિઓ અને અનુસૂચિત જનજાતિઓને અપાય છે તેવી અગ્રપસંદગી અને ખાસ છૂટછાટો આપવા માટે લાયક છે તે અંગે જણાવશે.

(૨) પંચ એમને આપવાની આવી છૂટછાટ અને સહાયનું પ્રમાણ અને તેની મર્યાદા કેટલાં હોવાં જોઈએ અને કેટલી મુદત સુધી એ અમલમાં રહેવા જોઈએ એ અંગે પણ ભલામણ કરશે; અને

(૩) પંચને જરૂરી લાગે તે પ્રમાણે વિચારવાના મુખ્ય મુદ્દા સાથે સંબંધિત બીજી કોઈ ભલામણ કરશે.

પંચના મૂળ નિમાયેલા સભ્યો નીચે પ્રમાણે હતા :

(૧) શ્રી એ. આર બક્ષી — હાઈકોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ; પંચના અધ્યક્ષ

(૨) પ્રો. સી. એન. વકીલ — **સભ્ય**

(૩) ડૉ. તારાબહેન પટેલ — **સભ્ય**

(૪) નિયામક, સમાજ કલ્યાણ ખાતું, ગુજરાત રાજય — સભ્ય સચિવ

આગળ આપણે જોઈ ગયા કે ૧૯૫૩માં નિયુક્ત કરેલા પંચે કયા વર્ગો પછાત હતા એ નક્કી કરવા માટે જરૂરી હોય એવા અનેક માપદંડ ધ્યાનમાં લઈને આખરે જ્ઞાતિના સામાજિક મોભાને, અગત્યના અંગ તરીકે ગણવાનું નક્કી કરી અને તેના આધારે પછાત કોમોની યાદી કરી. આ યાદીમાં સમગ્ર દેશની ૨૩૯૯ કોમોને પછાતવર્ગની યાદીમાં સામેલ કરવામાં આવી હતી. પણ પંચે અપનાવેલ માપદંડથી — ખાસ કરીને, કલમ ૧૫ (૪) હેઠળ દર્શાવેલ માર્ગથી – ભારત સરકારને સંતોષ થયો ન હતો. તમામ રાજ્યોમાં એક વર્ગ અથવા કોમની સરખી અથવા એક જ પ્રકારની પરિસ્થિતિ ન હોઈ શકે, રાજ્યના જુદા જુદા વિસ્તારોની સ્થિતિ ભિન્ન ભિન્ન હોઈ શકે. સ્થાનિક વાતાવરણ, ભૌગોલિક પરિસ્થિતિ તેમ જ તે વિસ્તારમાં અનેક સામાજિક અને સાંસ્કૃતિક પરિબળોની અસરને કારણે પછાતપણાના સંજોગો રાજ્યે રાજ્યે જુદા રહેવાના એ નિ:શંક છે. તેથી માપદંડ નક્કી કરવા માટેનું એકમાત્ર ધોરણ જ્ઞાતિ બની શકે નહીં. આમ, વાજબી રીતે વ્યવહારુ માપદંડ શોધી કાઢવા માટે રાજ્યમાં રહેતા લોકોની સામાજિક અને અન્ય પરિસ્થિતિ ધ્યાનમાં રાખવાનું આવશ્યક બનશે અને આ પરિસ્થિતિની સુધારણા માટેના ઉપાયો વિચારતી વેળા આ બાબત ધ્યાનમાં રાખવી પડશે. પછાતપણા અંગેનો માપદંડ, પછાતપણું નિશ્ચિત કરવામાં જ નહીં પણ તેની સુધારણાના ઉપાયમાં પણ મદદરૂપ થાય એવો હોવો જોઈએ.

બક્ષીપંચના મત મુજબ પછાતપણાના સામાન્ય ખ્યાલની મુખ્ય વિગતોનું યોગ્ય શીર્ષક હેઠળ વિભાજન કરવું હોય તો તે નીચે પ્રમાણે કરી શકાય :

(૧) સામાજિક દૃષ્ટિએ પછાતપણું



(૨) શૈક્ષણિક દૃષ્ટિએ પછાતપણું

(૩) આર્થિક રીતે પછાતપણું

(૪) જ્ઞાતિ

(૫) બીજાં એવાં અથવા સંબંધિત પરિબળો

"બક્ષીપંચે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત" મુદ્દાને આવરી લેતા, સર્વોચ્ચ અદાલતના બે કેસ — "એમ. આર. બાલાજી વિરુદ્ધ મૈસૂર રાજ્ય" અને "ચિત્રલેખા વિરુદ્ધ મૈસૂર રાજ્ય"ની વિગતવાર ચર્ચા કરી છે અને ખાસ નોંધ્યું છે કે રાજ્ય દ્વારા પછાત જાતિઓ કે જ્ઞાતિઓના સભ્યો માટે કોઈ ખાસ જોગવાઈ કરવામાં આવી હોય, તો આવી કોઈ જોગવાઈ ભેદભાવ પાડનારી હતી તે કારણસર પડકારી શકાશે નહીં.

## સામાજિક પછાતપણું

સામાજિક પછાતપણામાં સંખ્યાબંધ પરિબળો ભાગ ભજવે છે. સામાજિક પછાતપણું, ખામીભરી સમાજવ્યવસ્થા, કથળેલી અથવા જડ અપ્રગતિશીલ સમાજપ્રથાઓ, જૂના રિવાજોને ચીટકી રહેવું, જીવનના પ્રણાલીગત તરીકા અને વ્યવસાય તથા અન્ય પ્રકારની સામાજિક રહેણીકરણીને કારણે છે. દા. ત એક જૂથ અથવા કોમને, વારંવાર વસવાટ બદલવો પડે. એવા વ્યવસાયને કારણે ભટકતું જીવન જીવવા ટેવાઈ ગયેલ હોવાને પરિણામે કેટલીક સાંસ્કૃતિક અસરો ઝીલવાનો અવકાશ ઓછો રહે છે. ઉદાહરણ તરીકે વણજારાનો ઉલ્લેખ કરી શકાય. એઓ એક સ્થળેથી બીજે સ્થળે ભટકતા હોઈ એમની જરૂરિયાત સ્વાભાવિકપણે ઘણી ઓછી રહેવાની. એક જ સ્થળે કાયમી વસવાટના અભાવે એમનાં બાળકોને શિક્ષણની કોઈ તક મળી શકે નહિ. ભટકતા

રહેવાની એમની ટેવોને કારણે એમણે પોતે અમુક પ્રકારનો અપ્રગતિશીલ તરીકો અપનાવ્યો છે, જે સ્થાયી ઢાંચામાં જડાઈ ગયો છે. પરિણામે તે જૂથ અથવા કોમમાં સામાજિક પછાતપણું ઊતરી આવે છે.

સંવિધાનની કલમ ૧૫(૪)માં સામાજિક પછાતપણા અંગેનો ખાસ ઉલ્લેખ હોવા છતાં, સંવિધાનમાં આ શબ્દની કોઈ વ્યાખ્યા આપવામાં આવી નથી. "સામાજિક પછાતપણું" શબ્દનો વિસ્તૃત અર્થ થાય છે અને તેમાં સામાજિક જીવનને સ્પર્શતાં અનેકવિધ પાસાંનો સમાવેશ થઈ શકે. પણ સગવડ ખાતર વ્યાવસાયિક, શૈક્ષણિક વગેરે પાસાંની અલગ તારવણી કરી છે.

## શૈક્ષણિક પછાતપણું

સામાજિક પછાતપણાનું એક નિર્ણાયક પરિબળ નિરક્ષરતા છે. શૈક્ષણિક હકોની અપ્રાપ્યતા અને બાળકોમાં શિક્ષણ પ્રત્યે, કોમના પ્રતિકૂળ માનસિક વલણને કારણે એક જ પ્રકારના જીવનને તે કોમ વળગી રહે છે. આમ આ વિષચક્ર શરૂ થાય છે, અને સામાજિક પછાતપણું કાયમી બનાવવા તરફ આગળ ધપે છે.

સામાન્ય રીતે બીજા વિકસિત દેશોના અક્ષરજ્ઞાનના ધોરણની તુલના કરીએ ત્યારે ભારતમાં અક્ષરજ્ઞાનની ટકાવારી ઓછી છે. કોમ અથવા જૂથમાં પ્રવર્તતા અક્ષરજ્ઞાનની ટકાવારીથી શૈક્ષણિક દૃષ્ટિએ પછાતપણાનું માપ નીકળી શકે.

પછાત વર્ગોમાં અલ્પ પ્રમાણમાં અક્ષરજ્ઞાન હોવા માટેનાં ઘણાં કારણો છે. મુખ્ય કારણો ટૂંકમાં નીચે પ્રમાણે ગણી શકાય:

(૧) પરંપરાગત વ્યવસાય કે જેમાં કોઈ પ્રકારના ખાસ શિક્ષણની જરૂર પડતી નથી.



(૨) સામાજિક પરિસ્થિતિને કારણે શિક્ષણ માટેની પરંપરાગત ઉદાસીનતા.

(૩) પેઢીગત વ્યવસાયના કૌશલ્યની પ્રાપ્તિ.

(૪) ગરીબી તેમ જ કુટુંબની ઉપાર્જનશક્તિમાં બાળકોના ફાળાની જરૂરિયાત.

(૫) વ્યવસાયનો પ્રકાર.

(૬) માતાપિતાની નિરક્ષરતા.

એ પછીનો પ્રશ્ન એ છે કે શૈક્ષણિક પછાતપણું નક્કી કરવામાં કયું ધોરણ અપનાવવું જોઈએ. સામાન્ય રીતે જોતાં આ માટે ધ્યાનમાં લેવા જેવી હકીકતો નીચે પ્રમાણે છે:

(૧) રાજ્યમાં અક્ષરજ્ઞાનનું સામાન્ય ધોરણ.

(૨) રાજ્યમાં અનુસૂચિત જ્ઞાતિઓ અને અનુસૂચિત જનજાતિઓમાં અક્ષરજ્ઞાનનાં ધોરણ અને ટકાવારી.

(૩) વિચારણા હેઠળના ચોક્કસ વર્ગ/જ્ઞાતિ/જૂથમાં અક્ષરજ્ઞાનનાં ધોરણ અને ટકાવારી.

(૪) વિચારણા હેઠળનાં ચોક્કસ વર્ગ/જ્ઞાતિ/જૂથમાં માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણ સંબંધી શૈક્ષણિક ધોરણ.

(૫) વિચારણા હેઠળનાં ચોક્કસ વર્ગ/જ્ઞાતિ/જૂથની મહિલાઓમાં અક્ષરજ્ઞાન અને શિક્ષણ સંબંધી સ્થિતિ.

## આર્થિક રીતે પછાતપણું

પછાતપણા તરફ ઘસડી જવામાં આર્થિક પરિબળો મહત્ત્વનો ભાગ ભજવે છે. માબાપની ગરીબ સ્થિતિને લીધે એ કુટુંબનું બાળક નાનપણથી જ આવક-ઉત્પાદનનું સાધન થઈ જાય છે. તેથી પ્રાથમિક તબક્કે જ એને શાળા છોડવી પડે છે બાલાજી કેસમાં* ટાંકવામાં આવેલ અભિપ્રાય આ મુજબ છે : "આખરી પૃથક્કરણ પરથી જણાય છે કે સામાજિક પછાતપણું મહદ અંશે ગરીબીનું પરિણામ છે. નાગરિકોના જે વર્ગો દુઃખદ રીતે ગરીબ છે તેઓ આપોઆપ સામાજિક રીતે પછાત થઈ જાય છે. એઓ સમાજમાં મોભો ભોગવી શકતા નથી અને તેથી પછાતમાં સ્થાન મેળવીને સંતોષ મેળવવાનો રહે છે."

વંશપરંપરાગત વ્યવસાય અને સમૂહમાં વ્યવસાય કરવાના વલણને વળગી રહેતાં કેટલાંક જૂથો અથવા કોમોનો ઉલ્લેખ કરી કહી શકાય કે મોટા ભાગે તેઓ ચીલાચાલુ પદ્ધતિને વળગી રહે છે. પરિણામે એમનાં કામનાં સાધનો કે ટેકનિકમાં કોઈ સુધારણા થતી નથી અને તેથી તેમની કમાણીમાં પણ કોઈ વધારો થતો નથી. જીવનનિર્વાહનાં પૂરતાં સાધનો પૂરાં પાડવાની શક્તિ ધ્યાનમાં લીધા સિવાય જૂથના સભ્યો એક જ વ્યવસાયમાં ઝંપલાવે છે. દા. ત., રબારી અથવા ભરવાડ, પશુઉછેર અને દૂધ વેચવાનો વ્યવસાય કરે છે પણ તેઓ તેમાં કદી આધુનિક પદ્ધતિ દાખલ કરવાનું વિચારતા નથી. છરી-ચપ્પાની ધાર કાઢીને જીવનનિર્વાહ કરતા સરાણિયાનું પણ ઉદાહરણ આપી શકાય. આ પરંપરાગત વ્યવસાયથી તેઓ ગરીબી કક્ષાની આવક કરતાં પણ ઓછી આવક મેળવે છે છતાં પણ વધુ કાર્યક્ષમ અને વધુ વળતર આપે એવી પદ્ધતિ અપનાવવાનું વિચારતા નથી.

ઘણા લાંબા સમયથી કેટલાક વ્યવસાયોએ સમાજમાં ઉતરતો

* ઓલ ઇન્ડિયા રિપોર્ટર – ૧૯૬૩ – સર્વોચ્ચ અદાલત, પા. ૬૪૯.



મોભો પ્રાપ્ત કર્યો છે. કસાઈ, ખાટકી, મોચી, ડબગર, વાળંદ વગેરે વ્યવસાયોને ઉદાહરણ તરીકે ટાંકી શકાય. આ કોમોને સમાજમાં નીચું સ્થાન આપવામાં આવ્યું છે અને આવા કુટુંબમાં જન્મેલો કોઈ સભ્ય આ વ્યવસાય કરે કે નહિ પણ એના પ્રત્યે એક જાતનું પૂર્વગ્રહયુક્ત કાયમી વલણ રાખવામાં આવે છે. આવું અક્કડ વલણ તે કોમને તેના નીચલા સામાજિક સ્થાનમાંથી મુક્ત કરાવવા માટે અથાક પ્રયત્ન માગી લે છે.

શિક્ષણના અભાવે અથવા પછાતપણા માટેનાં અન્ય પરિબળોને કારણે ભારતમાં જે કમાણી કરવા માટે એક અગત્યનો વ્યવસાય લેખાય છે એ જાહેર સેવાઓમાં પછાત કોમોનું ઘણું ઓછું પ્રતિનિધિત્વ છે. સાંસ્કૃતિક ભૂમિકા અને પર્યાપ્ત વાતાવરણના અભાવે આ કોમો વિકાસ માટેની તકોથી વંચિત રહી ગઈ છે અને ઉચ્ચ કામગીરી મેળવવામાં બીજી સુધરેલી ગણાતી કોમો સાથે સ્પર્ધા કરી શકતી નથી.

## જ્ઞાતિ :

જ્ઞાતિપ્રથા ભારતના સામાજિક માળખાનું અનન્ય લક્ષણ છે. જરૂરિયાત અનુસાર ચાર વર્ણોમાં વહેંચાયેલો સમાજ ઐતિહાસિક પરિબળોને પરિણામે સ્થિર અને અપ્રગતિશીલ વ્યવસ્થામાં પરિણમ્યો. તેમાં સામાજિક નિષેધ અને કોટિક્રમ પ્રવેશ્યા. આ સામાજિક કોટિક્રમના કારણે અરસપરસના સંબંધોની મોકળાશ અને ગતિશીલતા લગભગ નહીંવત્ થઈ ગયાં અને તેને લીધે સામાજિક સ્તરરચના પરિણમી. પરન્તુ માત્ર જ્ઞાતિ પરથી પછાતપણું નક્કી થઈ શકે નહીં. જ્ઞાતિ એ પછાતપણું નક્કી કરવામાં સંબંધિત પરિબળ હોઈ શકે, પણ તે બાબત પર કદાપિ વધુ ભાર મૂકવો ન જોઈએ.

આખરે પછાતપણું એ કેટલાંય કારણોનું પરિણામ છે. જડ રિવાજો, પરંપરા, વર્ગપ્રણાલિકા વગેરેનાં પરિણામરૂપ આ સાપેક્ષ

શબ્દપ્રયોગ છે. સંવૈધાનિક દૃષ્ટિએ જોતાં જ્ઞાતિ, જાતિ, ધર્મ વગેરે પર આધારિત ભેદભાવ સંવિધાનના ઉદ્દેશની તેમ જ કલમ ૧૪, ૧૫ અને ૧૬માં જાહેર કરેલ સિદ્ધાંતોની વિરુદ્ધ છે. જ્ઞાતિ શબ્દ પછાત વર્ગો માટે ખાસ છૂટછાટના ઉદ્દેશથી નિર્દિષ્ટ કરેલ કોઈ પણ કલમોમાં જોવા મળતો નથી તેમ જ 'જ્ઞાતિ' ને 'વર્ગ' સરખાવી શકાય નહીં. આથી પછાતપણાનો પ્રશ્ન હાથ ધરતી વખતે કોઈ જૂથની જ્ઞાતિ વિચારણામાં લેવાનું વિસંગત ન હોઈ શકે, તેમ જ જૂથની જ્ઞાતિ એક સુસંગત પરિબળ હોઈ શકે એમ છતાં, પછાતપણું નક્કી કરવામાં તેની અગત્યને વધુ પડતું મહત્ત્વ કદી અપાવું ન જોઈએ.

જ્ઞાતિનો માપદંડ અપનાવવામાં રહેલો ભય સ્પષ્ટ છે. દા. ત. મુસ્લિમોની બાબતમાં આ માપદંડ નિષ્ફળ નીવડશે. વળી હિંદુ સમાજનો જ દાખલો લઈએ તો બાવા કોમનું ઉદાહરણ આપી શકાય. પ્રારંભમાં તેઓ જુદી જુદી કોમમાંથી આવતા હતા. પરન્તુ ધીમે ધીમે તેમના એક જ પ્રકારના વ્યવસાયને કારણે તેઓની એક જ્ઞાતિ 'બાવા' તરીકે ઓળખાવા લાગી. સમાજમાં સામાજિક, શૈક્ષણિક અને આર્થિક માળખું એક સબળ અંગ છે અને શક્ય છે કે સમયના પ્રવાહ સાથે જ્ઞાતિ પર આધારિત ન હોય એવાં નવાં જૂથો અસ્તિત્વમાં આવ્યાં હશે.

## અન્ય પરિબળો

પછાતપણામાં ઉપરનાં નિર્ણાયક પરિબળો ઉપરાંત બીજાં કેટલાંયે પરિબળો છે જે વર્ગ અથવા કોમની રહેણીકરણી અને ટેવોને લગતાં છે. અલ્પતમ આરોગ્યલક્ષી સ્વચ્છતાની સવલતોરહિત એવા એમના ગંદા વસવાટો, એમની અસંતોષકારક શારીરિક સ્થિતિ અને વાતાવરણ, લગ્ન અને લગ્નવિચ્છેદ વગેરેને લગતા જડ રિવાજો અને મુખ્યત્વે મંત્રો, મેલી વિદ્યા અથવા વિવિધ પ્રકારની ઇલમી વિદ્યામાં અંધશ્રદ્ધા પેદા કરતા



વહેમો પર આધારિત બાહ્ય વિધિઓનો સમાવેશ કરતી એમની ધાર્મિક માન્યતાઓ — આ બધાંની એકત્રિત અસરનું પરિણામ સામાજિક પછાતપણું છે. પેઢીદરપેઢીથી એક જૂથ અથવા કોમ જ્યારે રિવાજોને જડમૂળથી વળગી રહીને આવો પરંપરાગત જીવનતરીકો અપનાવે છે ત્યારે સામાજિક પછાતપણાનું નિર્માણ કરે છે, જે આધુનિક સભ્ય ખ્યાલો સાથે અસંગત છે અને સંસ્કારી જીવન પ્રત્યેની પ્રગતિને અવરોધે છે.

આમ પછાતપણામાં પરિણમતી અંતિમ સ્થિતિ મૂળભૂત કારણો સાથે એટલી બધી વણાઈ જાય છે કે પછાતપણાનાં સ્વતંત્ર કારણો તરીકે તેમને શોધી કાઢવાનું મુશ્કેલ બને છે. સમગ્ર રીતે જોતાં એમ જણાય છે કે કોઈ પણ એક પરિબળથી પછાતપણાનું માપ કાઢી શકાય નહીં. કારણ કે પછાતપણું એ સાપેક્ષ શબ્દપ્રયોગ છે અને તે આસપાસની સામાજિક, શૈક્ષણિક, આર્થિક, સાંસ્કૃતિક સ્થિતિ અને પ્રણાલિકા વગેરે જેવાં સંખ્યાબંધ સંકુલ પરિબળોને કારણે હોઈ શકે. સામાજિક જીવનમાં તમામ પાસાં ઉપયોગમાં લેવાયાં હોય એવો સર્વગ્રાહી માર્ગ સંભવતઃ વાજબીપણે સાચો ઉકેલ દર્શાવી શકે.

## પદ્ધતિ વિજ્ઞાન

પછાતપણાની સમસ્યા ઘણી જ જટિલ છે. ભારતના બંધારણનું ધ્યેય સામાજિક, આર્થિક અને રાજનૈતિક ન્યાય આપવાનું છે. ભારતની સામાજિક સ્થિતિને લક્ષમાં લેતાં જણાય છે કે લોકોના જે વિભાગોને શૈક્ષણિક અને સામાજિક દૃષ્ટિએ વિકાસ સાધવાની તક મળી ન હતી અને તેને પરિણામે પછાત રહ્યા છે એમને સહાય કરવાની જરૂર છે. અત્યારની પ્રવર્તમાન સમાજવ્યવસ્થામાં પરિવર્તન લાવવું ખૂબ જરૂરી છે. પછાતપણાની પરિસ્થિતિને નાબૂદ કરીને અથવા એમાં સુધારો કરીને સમાનતા લાવવાની પ્રક્રિયામાં, બેશક, ઘણી મુશ્કેલીઓ રહેલી છે. સૌથી

પહેલી સમસ્યા તો એ જ છે કે જેના ઉત્કર્ષ માટે સહાયની જરૂર છે એવા લોકોનું પછાતપણું કઈ રીતે નિશ્ચિત કરી શકાય. પછાતપણાનાં પરિબળોનું અન્વેષણ એ પદ્ધતિસરનું આયોજન માગી લે છે. પંચે એના આયોજનમાં પ્રથમથી જ ખૂબ કાળજી રાખવા પ્રયત્ન કર્યો છે. સૌ પ્રથમ આ તપાસ માટેના અભિગમો નક્કી કરાયા હતા અને આ અભિગમો કેટલે અંશે એકબીજાને પૂરક છે એની પણ કાળજીપૂર્વક વિચારણા કરવામાં આવી હતી. આ માટે નિષ્ણાતોની સલાહકાર સમિતિની અને પેટા સમિતિની રચના કરવામાં આવી હતી.

પંચના પદ્ધતિ વિજ્ઞાન વિષયક મુખ્ય અભિગમો નીચે પ્રમાણે ગણાવી શકાય:

(૧) આધારસામગ્રીનાં ગૌણપ્રાપ્તિ સ્થાનોનો (પ્રસિદ્ધ થયેલાં તેમ જ અન્યનો) અભ્યાસ.

(૨) સામાજિક કાર્યકરોએ અને/અથવા જ્ઞાતિએ/વર્ગો/જૂથો/વિભાગો/કોમોના આગેવાનો/પ્રતિનિધિઓએ કરેલી રજૂઆતો.

(૩) જિલ્લા કક્ષાના અધિકારીઓ પાસેથી મેળવેલી માહિતી અને મંતવ્યો.

(૪) શૈક્ષણિક અને સામાજિક પછાતપણું નિશ્ચિત કરવા માટેના અનુભવસિદ્ધ માપદંડ તેમ જ મિશ્ર સૂચિ તૈયાર કરવા-અનુસરવાની પરિણામલક્ષી પદ્ધતિ વિશે સમાજશાસ્ત્રીઓનાં મંતવ્યો.

(૫) સંસદ સભ્યો, ધારાસભ્યો, સામાજિક કાર્યકરો અને અન્ય જાણકાર વ્યક્તિઓનાં મંતવ્યો.

(૬) શિક્ષણની પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ સંસ્થાઓમાં અનુસૂચિત જ્ઞાતિઓ, અનુસૂચિત જનજાતિઓ અને બીજી પછાત જ્ઞાતિઓ/કોમોના વિદ્યાર્થીઓના પ્રવેશને લગતી આધારસામગ્રી.



(૭) પંચે લીધેલ મૌખિક પુરાવા અને રાજ્યના જુદા જુદા ભાગોની સ્થળવિષયક મુલાકાતો.

(૮) સમગ્ર રાજ્યની સામાજિક-આર્થિક કુટુંબ નમૂના મોજણી.

આ અભિગમો ઉપર આધારિત વિવિધ પ્રશ્નાવલિઓ તૈયાર કરવામાં આવી હતી તેમ જ જ્યાં જરૂર લાગી ત્યાં સ્થાનિક તપાસ તેમ જ મુલાકાતો પણ લીધી હતી. માહિતી એકત્રિત કરવામાં સુગમતા ખાતર રાજ્યને ચાર વિભાગમાં વહેંચી નાખવામાં આવ્યું હતું. માહિતી એકત્ર કર્યા બાદ તમામ પ્રશ્નાવલિઓ અમદાવાદ ખાતે એકઠી કરીને તેનું સંકેત વર્ગીકરણ કરવામાં આવ્યું હતું.

તપાસ દરમ્યાન પંચે નોંધ્યું છે કે આ ક્ષેત્ર સરખામણીમાં નવું છે. તેથી તેમાં શિક્ષણ, અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર વગેરે જેવી અનેક વિદ્યાશાખાનું જ્ઞાન હોવુ જરૂરી છે. બીજું એ કે આ ક્ષેત્રના ઘણા વિસ્તારોમાં પરિમાણમૂલક આધારસામગ્રીની અલ્પતા છે; ત્રીજું એ કે છેલ્લા દાયકાથી અને ખાસ કરીને છેલ્લાં થોડાં વર્ષોમાં સાધનો તેમ જ જીવનધોરણોમાં ફેરફાર થતા રહ્યા છે. એક બાજુ તેમને પછાતપણા અંગે અતિશયોક્તિભર્યું વલણ જોવા મળ્યું હતું, જ્યારે બીજી બાજુ ઉપેક્ષાવૃત્તિ પણ જોવા મળી હતી. બંને જાતનાં વલણો તપાસની વૈજ્ઞાનિકતામાં અવરોધરૂપ હોઈ તેમાં ઊંડા ઊતરીને સાચી હકીકત મેળવવા પંચે પૂરતો પ્રયત્ન કર્યો હતો, અને એવા કેસમાં પુનરવલોકન માટે વધારાના પ્રયાસો યોજવામાં આવ્યા હતા. પુરાવાની નોંધ, ઘરોની મુલાકાત, લત્તાઓનું નિરીક્ષણ, પ્રશ્નાવલિમાંથી મળેલી માહિતી વર્તમાન સાહિત્યસામગ્રીનો અભ્યાસ, નમૂના મોજણીનાં પરિણામો વગેરે પર આધાર રાખી પંચે તેનો અહેવાલ તૈયાર કર્યો હતો.

પંચે સામાજિક, શૈક્ષણિક અને બીજા કોઈ પણ પ્રકારનું પછાતપણું નક્કી કરતી વખતે નીચેનાં પરિબળો વિચારણામાં લીધાં હતાં:

(૧) એકંદરે સામાજિક પછાતપણું.

(૨) ગરીબી અને આર્થિક પછાતપણું.

(૩) નિરક્ષરતા અને શૈક્ષણિક પછાતપણું.

(૪) વ્યાવસાયિક અને પરિસ્થિતિવિષયક પરિબળો.

(૫) રાજ્યસેવામાં અલ્પ પ્રતિનિધિત્વ.

(૬) સામાજિક મોભો.

(૭) જીવનપદ્ધતિ, રિવાજો અને માન્યતાઓ.

(૮) જ્ઞાતિ કેવળ પ્રસ્તુત પરિબળ તરીકે.

(૯) જીવનની અસ્થાયી પદ્ધતિ અને ગુનાવૃત્તિ.

(૧૦) બીજા પ્રકારનું પછાતપણું.

પંચને મળેલી બધી જ પ્રસ્તુત સામગ્રીને યોગ્ય રીતે ધ્યાનમાં લીધા બાદ કેટલીક જ્ઞાતિઓ/વર્ગો/જૂથોના પછાતપણા અંગે પંચે અમુક નિર્ણયો કર્યા છે અને દરેકને પૂરો ન્યાય આપી શકાય તે સારુ ઉપલબ્ધ બધી જ માહિતીને પૂરતું વજન આપવા પ્રયાસ કર્યો છે. પછાત ગણવામાં આવેલ જ્ઞાતિઓ/વર્ગો/જૂથોનાં પ્રમુખ લક્ષણોનો સંક્ષિપ્ત વૃતાંત પણ તૈયાર કરવામાં આવ્યો છે. જેમનો એમાં સમાવેશ કરવામાં આવ્યો નથી એમની બાબતમાં તેમને પછાત ગણવા માટે પુરાવો મળ્યો ન હતો. નીચે આપવામાં આવેલ યાદી અંગેના નિર્ણયો પંચના સભ્યો દ્વારા એકમતે લેવાયા હતા. પંચે વિચારવાના મુદ્દાના કાર્યક્ષેત્રમાં નીચે જણાવેલ જ્ઞાતિઓ/વર્ગો/જૂથો સામાજિક અને શૈક્ષણિક દૃષ્ટિએ પછાત ગણવામાં આવેલ છે.



## સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત ગણવામાં આવેલ જૂથો

૧. આગ્રી

૨. આહીર, આયર-બોરીચા

૩. બાફણ (મુસ્લિમ)

૪. બારોટ, વહીવંચા-ચારણ-ગઢવી

૫. બાવચા

૬. બાવરી

૭. બાવા (અતીત, બાવા, ગોસ્વામી, વૈરાગી બાવા, ગોસાઈ, દશનામ ગોસ્વામી, રામાનંદી, પુરી, ભારતી, કાપડી, નાથબાવા, ભરથરી, માગી, ગંગાજલીઆ)

૮. ભાલીઆ

૯. ભામટા

૧૦. ભરવાડ

૧૧. ભૂતપૂર્વ સૌરાષ્ટ્ર રાજ્યના રાજકોટ વિભાગના ભીલ

૧૨. ભોઈ

૧૩. ચારણ ગઢવી

૧૪. છારા, આડોડીઆ, સાંસી

૧૫. ચુનારા

૧૬. ચૂંવાળીઆ કોળી

૧૭. ડબગર

૧૮. દિવેચા કોળી

૧૯. ડફેર (હિન્દુ અને મુસ્લિમ)

૨૦. ધોબી

૨૧. ફકીર (મુસ્લિમ)

૨૨. ગધઈ (મુસ્લિમ)

૨૩. ગાડલીઆ અથવા ગાડી લુહારિયા

૨૪. ગળીઆરા (મુસ્લિમ)

૨૫. ઘાંચી (મુસ્લિમ)

૨૬. ઘેડીઆ કોળી

૨૭. ગોલા-રાણા

૨૮. હિંગોરા (મુસ્લિમ)

૨૯. જુલાયા, ગરાણા (મુસ્લિમ)

૩૦. જત (મુસ્લિમ)

૩૧. કેકાડી

૩૨. કાંબડીઆ ભગત

૩૩. કાંગસીઆ

૩૪. ખાટકી અથવા કસાઈ

૩૫. ખટીક

૩૬. ખાંટ

૩૭. ખારવા-ભાડેલા



૩૮. ખ્રિસ્તી, ગુજરાતી-ક્રિશ્ચિયન (ફક્ત અનુસૂચિત જાતિઓમાંથી ધર્મ-પરિવર્તન કરનાર)

૩૯. કોળી, ઇડરીઆ કોળી, ખારવા-કોળી, રાઠવા-કોળી, બારીઆ-કોળી, ઢેબરીઆ-કોળી

૪૦. લબાના

૪૧. લોધા

૪૨. મીર, ઢાઢી, લંઘા (મુસ્લિમ)

૪૩. માછી (હિંદુ), ખારવા, ખલાસ, ઢીમર, ઢીવર, બિતના, ટંડેલ, માંગેલા, ખલાસી, સારંગ

૪૪. મદારી, નાથ, ભરથરી

૪૫. માજોઠી કુંભાર, દરબાન અથવા દરબાન માજોઠી (મુસ્લિમ)

૪૬. મકરાણી (મુસ્લિમ)

૪૭. મતવા અથવા મતવા કુરેશી (મુસ્લિમ); ગવલી (હિંદુ)

૪૮. મે

૪૯. મેણા

૫૦. મેર

૫૧. મિયાણા (મુસ્લિમ)

૫૨. મોચી

૫૩. નટ, નટ-બજાણીઆ, બાજીગર

૫૪. ઓડ

૫૫. પઢાર

૫૬. પદ્મસાલી (પદ્દ્રશાલી)

૫૭. પિંજારા (મુસ્લિમ)

૫૮. રબારી, ભોપા–કોડીઆતર

૫૯. રાઠોડીઆ

૬૦. રાવળ, રાવળિયા, જતી અથવા રાવળ–યોગી

૬૧. સલાટ (સોમપુરા સલાટ સિવાયના) સલાટઘેરા

૬૨. સંધી (મુસ્લિમ)

૬૩. સરાણીઆ

૬૪. સરગરા

૬૫. શ્રવણ, સરવણ

૬૬. શિકલીગર

૬૭. સિદ્દી

૬૮. સિપાઈ (મુસ્લિમ), પટણી–જમાત, અથવા તુર્ક–જમાત

૬૯. તળપદા કોળી

૭૦. તનકર

૭૧. તરગાળા, ભવૈયા

૭૨. ઠાકરડા, ઠાકોર, પાટણવાડીઆ, ધારાળા બારૈયા



૭૩. ડેબા

૭૪. વાદી

૭૫. હરિજન વણકર અને ચમારના વહીવંચા ચારણ–ગઢવી

૭૬. વાળંદ, નાયી અને બાબર (હિન્દુ) હજામ, ખલીફા (મુસ્લિમ)

૭૭. વણકર–સાધુ

૭૮. વાંસફોડા, વાંસફોડીઆ અથવા વાંઝા

૭૯. વણજારા

૮૦. વાઘરી

૮૧. વાઘેર (હિન્દુ અને મુસ્લિમ)

૮૨. વાંઢારા

અન્ય પછાતવર્ગના ઉત્કર્ષ માટેની અત્યાર સુધીની વિગતવાર ચર્ચાનો સૂર તો એ જ નીકળે છે કે સમાજમાં અસમાનતા અને પછાતપણાને દૂર કરવાનું કાર્ય લોકશાહીમાં સતત ધ્યાન અને એક-ધારો પ્રયાસ માગી લે છે. બક્ષીપંચના અભિપ્રાય મુજબ પછાત-વર્ગોના ઉત્કર્ષનાં પગલાં યોજવા પાછળનો મુખ્ય અને અંતિમ ઉદ્દેશ આ પ્રમાણે હોવો જોઈએ :

(૧) આ પછાત વર્ગોમાં પ્રગતિ માટેની પ્રેરણા જન્માવવી અને એઓ સમાજમાં કાયદેસરનું સ્થાન પ્રાપ્ત કરે એ માટે સમાનતાની ભાવના અને ઉત્સાહ પ્રગટાવવાં.

(૨) તેઓ રાષ્ટ્રની સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક આગે-કૂચમાં સૌની સાથોસાથ પોતાનો બરાબર ફાળો આપે એ માટે તેઓને તૈયાર કરવા.

આ પગલાં એવાં ન હોવાં જોઈએ કે જેના પરિણામે તેઓ બાહ્ય આશ્રય પર કાયમને માટે આધાર રાખતા બની જાય અને પેઢીઓ સુધી પરાધીન અને પરાવલંબી સ્થિતિમાં રહે.

આ વર્ગોએ પછાતપણું વેઠયું છે, એ તેમને તક નહિ મળવાને કારણે. તેઓમાં સ્વાશ્રયની ભાવના જન્મે અને સામાજિક અનિષ્ટોથી મુક્ત બને નહિ ત્યાં સુધી તેમને તકો પૂરી પાડવી જોઈએ. આ સિદ્ધ થાય પછી તેઓને બાહ્ય આશ્રયથી ધીમે ધીમે મુક્ત કરવા જોઈએ.

બક્ષીપંચે પછાતવર્ગના ઉત્કર્ષ માટે જે ભલામણો કરી છે એની રૂપરેખા નીચે પ્રમાણે છે :

(૧) સામાન્ય રીતે અનુસૂચિત જ્ઞાતિઓ અને અનુસૂચિત જનજાતિઓના ઉત્કર્ષ માટે લેવાતાં હોય એવાં જ પગલાં પછાત-વર્ગોની બાબતમાં લાગુ પાડવાનું પ્રમાણ અપનાવતી વેળા અનુસૂચિત જ્ઞાતિ અને જનજાતિઓના ઉત્કર્ષ માટે લેવાતાં પગલાં ધ્યાનમાં રાખવાં જોઈએ.

ઉપરોક્ત જાતિઓ માટે લેવાતાં પગલાં વારંવાર બદલાતાં રહ્યાં છે. આમ છતાં લેવામાં આવતાં પગલાંને વ્યાપક રીતે નીચેનાં શીર્ષકોમાં વિભાજિત કરી શકાય :

(૧) શિક્ષણ ક્ષેત્રમાં

ક. પ્રાથમિક.

ખ. માધ્યમિક.

ગ. ટેકનિકલ.

ઘ. વ્યાવસાયિક.



ચ. ઉચ્ચતર.

(૨) રાજ્ય સેવાના ક્ષેત્રમાં.

(૩) જમીનની વહેંચણી.

ખેતીવિષયક.

ઘરથાળની જમીન.

(૪) નાણાકીય સહાય.

(૫) પુનઃ સ્થાપન.

(૬) મફત કાનૂની સહાય.

(૭) પાણી-પુરવઠો, કૂવા, સ્વચ્છતાવિષયક સવલતો.

(૮) રહેઠાણ–સહકારી મંડળીઓ.

(૯) લઘુઉદ્યોગ–સહાય–લોન.

(૨) સરકારે જેમને અસ્થાયી જાતિઓ અને વિમુક્ત જાતિઓ તરીકે દર્શાવીને માન્ય કરી છે એવી અસ્થાયી જાતિઓના કિસ્સામાં તેઓને અનુસૂચિત-જ્ઞાતિ-જનજાતિઓ જેવા જ ધોરણે કેટલીક બાબતમાં સહાય મળે છે એ કારણે અને (બ) એમને રહેવાનું કોઈ નિયત સ્થાન નથી. તેઓ નિરક્ષર છે તેઓનો કોઈ કાયમી વસવાટ નથી અને અપૂરતા મહેનતાણાવાળા વ્યવસાયોમાં રોકાયેલ છે અથવા અમુક બાબતોમાં ગુનાવૃત્તિ ધરાવે છે એ કારણે ઉકેલ માટે અલગ રીતે વિચારવાનું રહેશે.

(૩) સૂચવવામાં આવેલ પગલામાંથી જડતા ખંખેરી નાખવી જોઈએ. સંજોગો અને આધારસામગ્રી બદલાય એ પ્રમાણે એ પગલાં-માં ફેરફાર કરવો જોઈએ.

(૪) રાજ્યને ઉપલભ્ય નાણાકીય સાધનો અને ઉત્કર્ષનાં પગલાં માટે દર વર્ષે અંકિત કરાતાં નાણાં — આ બે બાબતોને આધારે દરેક ક્ષેત્રમાં સહાયની રકમ અને એનું પ્રમાણ નક્કી કરવામાં આવે.

આમ ભલામણોની રૂપરેખાનો સામાન્ય ખ્યાલ લક્ષમાં રાખી પંચે નીચે પ્રમાણે પગલાં સૂચવ્યાં હતાં :

(૧) ફરજિયાત પ્રાથમિક શિક્ષણનો અમલ કરવા માટેનાં પગલાં કડક બનાવવાં.

(૨) ધોરણ ૫થી ૭માં અભ્યાસ કરતા અને આગલા ધોરણમાં વાર્ષિક પરીક્ષામાં ૫૦% ગુણ મેળવતા બાળકને વાર્ષિક રૂ. ૩૦ની શિષ્યવૃત્તિ આપવી.

(૩) ખાનગી શાળાઓમાં ધોરણ ૫થી ૭ માં અભ્યાસ કરતા અને આગલા ધોરણમાં વાર્ષિક પરીક્ષામાં ૬૦ ટકા ગુણ મેળવતા બાળકને ૫મા ધોરણમાં વાર્ષિક રૂ. ૬૦ની, ૬ઠ્ઠા ધોરણમાં રૂ. ૭૫ની અને ૭મા ધોરણમાં રૂ. ૯૦ની વાર્ષિક શિષ્યવૃત્તિ આપવી.

(૪) ધોરણ ૮થી ૧૧માં અભ્યાસ કરતા અને આગલા ધોરણમા વાર્ષિક પરીક્ષામાં ૫૦% ગુણ મેળવતા વિદ્યાર્થીને રૂ. ૭૫ની વાર્ષિક શિષ્યવૃત્તિ આપવી.

(૫) ટેકનિકલ અભ્યાસક્રમમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને, જો તેઓ લાયકાત પરીક્ષામાં ૪૫% ગુણ મેળવે તો વાર્ષિક રૂ. ૧૧૫ની શિષ્યવૃત્તિ આપવી.

(૬) લાયકાત પરીક્ષામાં ૪૫% ગુણ મેળવતા વિદ્યાર્થીઓને વ્યાવસાયિક તાલીમ માટે વાર્ષિક રૂ. ૪૦ની શિષ્યવૃત્તિ આપવી.

(૭) ૨, ૩, ૪, ૫, અને ૬માં ઉલ્લેખેલ ઉપરની બધી શિષ્યવૃત્તિઓ રૂપિયા ૪,૮૦૦ની આવક કસોટીને આધીન રહીને આપવી,



એટલે કે એ શિષ્યવૃત્તિઓ, જેમનાં માતપિતા અથવા વાલીની બધાં સાધનોમાંથી થતી આવક વાર્ષિક રૂ. ૪,૮૦૦થી વધુ ન હોય એવા વિદ્યાર્થીઓને ચૂકવવી.

(૮) અનુસૂચિત જાતિ અને જનજાતિઓને ચૂકવવાપાત્ર શિષ્યવૃત્તિઓની રકમમાં વધારો થાય યા અન્ય કોઈ ફેરફાર કરવામાં આવે ત્યારે અન્ય પછાત વર્ગોના વિદ્યાર્થીઓની બાબતમાં પણ તદનુરૂપ ફેરફાર કરવા.

(૯) અસ્થાયી જાતિઓ અને વિમુક્ત જાતિઓની બાબતમાં, સરકારે શિષ્યવૃત્તિઓ માટેની પાત્રતા અંગે નિયત કરેલ ગુણની હાલની ટકાવારી અને વાર્ષિક રૂ. ૭૨૦૦ની હાલની આવક કસોટીની મર્યાદાને ચાલુ રાખવી.

(૧૦) તબીબી, ઇજનેરી, દંતવિજ્ઞાન, પૂર્વતબીબી, ટેકનિકલ, ખેતી અને પશુચિકિત્સા કૉલેજોમાં ૧૦ ટકા બેઠકો અનામત રાખવી. વિદ્યાર્થીએ લાયકાત પરીક્ષામાં મેળવેલા ઓછામાં ઓછા ગુણ ૫૫% કરતાં ઓછા ન હોવા જોઈએ અને જ્યાં બિનઅનામત બેઠકોમાં પ્રવેશ આપવાનું બંધ કરવામાં આવ્યું હોય ત્યાં, જેમણે ગુણની ટકાવારી કરતાં ૫ ટકા ઓછા ગુણ મેળવ્યા હોય એવા વિદ્યાર્થીઓને જ અનામત બેઠકોમાં પ્રવેશ મળી શકે.

(૧૧) પ્રાથમિક શિક્ષણ માટે પ્રાયોગિક શાળાઓ શરૂ કરવી.

(૧૨) આશ્રમશાળાઓ અને પછાત વર્ગ છાત્રાલયોમાં ૨૦ ટકા ટકા બેઠકો અનામત રાખવી.

(૧૩) અસ્થાયી જાતિઓ અને વિમુક્ત જાતિઓ સહિત પછાત વર્ગો માટે વર્ગ-૩ અને વર્ગ-૪ની સરકારી નોકરીમાં ૧૦ ટકા જગ્યાઓ અનામત રાખવી.

(૧૪) અસ્થાયી જાતિઓ અને વિમુક્ત જાતિઓ સહિત પછાત વર્ગો માટે વર્ગ–૧ અને વર્ગ–૨ની સરકારી નોકરીમાં ૫ ટકા જગ્યાઓ અનામત રાખવી.

(૧૫) વૈધાનિક મંડળો અને જાહેર ઉપક્રમોની બાબતમાં પણ આવા જ સિદ્ધાંતો લાગુ પાડી શકાય.

(૧૬) પૂર્વ રોજગાર તાલીમ આપવી.

(૧૭) છૂટછાટના દરે જમીનની વહેંચણી કરવી.

(૧૮) ઘરથાળની જમીનની બાબતમાં છૂટછાટ આપવી.

(૧૯) સબસિડીરૂપે નાણાકીય સહાય, વ્યાજુકી અને બિન-વ્યાજુકી લોન, તાલીમ માટે સહાય, ખરીદવેચાણ, અને સહકારી મંડળીઓ માટે સહાય તથા લોન આપવી.

(૨૦) તાલીમ-ઉત્પાદન કેન્દ્રમાં ૧૦ ટકા બેઠકો અનામત રાખવી.

(૨૧) પુનઃ સ્થાપન–નાના ઉદ્યોગો અનેલોન માટે જરૂરી પગલાં લેવાં.

(૨૨) શક્ય હોય ત્યાં પરંપરાગત વ્યવસાયનું આધુનિકીકરણ કરવું અને નવા વ્યવસાયો તરફ વળવું.

(૨૩) સહકારી મંડળીઓ રચવી.

(૨૪) ગૃહનિર્માણ માટે પૂરતી સહાય આપવી.

(૨૫) મફત કાનૂની સહાય.

(૨૬) ઉપરની છૂટછાટો આપવા, જગ્યાઓ અનામત રાખવા અને બીજાં પગલાં લેવા માટેની મુદત ૧૦ વર્ષ સુધી રાખવી.



આ સુધારણાલક્ષી પગલાંના અમલ પરત્વે પણ બક્ષીપંચે કેટલાંક સૂચનો કર્યાં હતાં. તેમણે સૂચવેલાં પગલાં સતત દેખરેખ માગી લે છે અને તેથી તેમણે રાજ્યમાં પછાતવર્ગના બોર્ડની રચનાની ભલામણ કરી હતી. આ બોર્ડનું નીચે પ્રમાણે પેટા વિભાજન કર્યું હતું :

### (૧) પછાતવર્ગ એકમ

એકમનાં મુખ્ય કર્તવ્ય :

(૧) કરેલા કામની પ્રગતિનો અભ્યાસ.

(૨) સહાય છૂટછાટ અનામત જગ્યાઓ વગેરેના પ્રમાણ અંગે આંકડાવિષયક માહિતી એકત્ર કરવી.

(૩) પ્રગતિનું પરિણામદર્શી અને ગુણવત્તાદર્શી મૂલ્યાંકન; હાથ ધરેલાં પગલાંની સંપૂર્ણ/અંશતઃ સફળતા. નિષ્ફળતાનાં કારણો.

(૪) પછાતવર્ગોની સામાજિક સ્થિતિ, રિવાજો, અનિષ્ટ પ્રથાઓ-નું અસ્તિત્વ અને એ માટેનાં કારણો, તેમાં સુધારા અંગેનાં સૂચનો, આરોગ્ય અને સ્વચ્છતા અંગેનો અભ્યાસ કરવો અને એમનામાં સાંસ્કૃતિક અને સંલગ્ન પ્રવૃત્તિઓ વિકસાવવા માટે સામાજિક અને સામાન્ય કલ્યાણ વિભાગનો નિભાવ.

### (૨) અમલ બજવણી એકમ

(૧) સુધારણાનાં સાધનોપાય યોજવા અને વખતોવખત એમાં સુધારા કરવા.

(૨) પુનર્વસવાટ અને સહાય અંગેની યોજનાઓ ઘડવી અને અમલમાં મૂકવી.

(૩) પ્રૌઢશિક્ષણ અને સાતત્ય ધરાવતા શિક્ષણના કાર્યક્રમો સહિત અક્ષરજ્ઞાન અને શિક્ષણ વિકસાવવા યોજનાઓ ઘડવી અને અમલમાં મૂકવી.

## (૩) ફેરતપાસ સમિતિનાં કર્તવ્ય

(૧) પછાતવર્ગોની યાદીની ફેરતપાસ અને એમાં ઉમેરા-બાદબાકી.

(૨) સુધારાત્મક પગલાં અંગેની સમય-મર્યાદાની વિચારણા અને સુધારણા.

પછાતપણું એ સામાજિક સ્થિતિ છે અને એ નાબૂદ કરવા અંગેની કામગીરી રક્ષણાત્મક અને ઉપચારાત્મક એમ બંને પ્રકારની છે. પછાતપણાને લીધે નીપજતાં અનિષ્ટો એ વારસાગત નથી પણ માનવ-સર્જિત છે. પ્રત્યેક માનવીમાં રહેલી પ્રગતિની અંતર્ગત ચેતનાને જાગ્રત કરવાના હેતુ માટે જ ઉત્કર્ષનાં પગલાં જરૂરી છે.